
પહિલઉ પણમું પ્રથમ જિણ, આદીસર અરિહંત,
નાભિ નરેસર કુલતિલઉ, વિમલાચલિ જયવંત. ૧
સંતિકરણ જિણ સોલમઉ, સંતીસર સુખકાર,
મૃગલંછણ મહિમાનિલઉ, કરુણારસભંડાર. ૨
બ્રહ્મચારિ સિરિ મુકુટમણિ, જાદવવંસ જિણંદ,
નેમીસર રેવઇગિરઇ, નમતાં નિતુ આણંદ. ૩
સિરિ ફલવિધપુરમંડણઉ, પુરિસાદાણી પાસ,
નીલકમલદલ સામલઉ, પૂરઉ વંછિત આસ. ૪
સિદ્ધારથ-કુલદિનકરૂ, ચરમ જિણેસર વીર,
સાસણનાયક સમરીયઇ, કંચણકંતિ સરીર. ૫
ગૌતમ ગણધર પવર, પણમું લબધિનિધાન,
કેવલ કરકમલઇ વસઇ, ચરણ કરણ સુપ્રધાન. ૬
ધરમ ચિહું પરિ ઉપદિસઇ, શ્રી જિનવર હિતકાજિ,
તિહાં ધુરિ દાન પ્રસંસીયઉ, જિણ સીઝઇ સિવકાજ. ૭
રતનપાલ કુમરઇ દિયઉ, પૂરવ ભવિ જલદાન.
તિણિ પુણ્યઇ રસ તુંબડઉ, પામ્યઉ રાજ પ્રધાન. ૮
રતનપાલની ચઉપઇ, કહિસ્યું શ્રુત અનુસારિ,
સાનિધિ કરેયો સારદા, લહિયઇ વચનવિચાર. ૯

**અંત** – ઢાલ ધન્યાસિરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિગુણ ગાઇયઇ **રતનપાલ** રિષિરાય,
ગુણ અનંત છઇ સાધુના, કેતા મુખિ કહવાઇ. મુ.
સહસ જીભ જઉ મુખિ હવઇ, તઉ પિણ પૂર્ણ ન થાઇ. મુ. ૪૯૨
**સોલહ સઇ છા[આ]સઠિ સમયઇ, મહિમાવતિ** પુર માહિ. મુ.
દીપોત્સવિ પૂરણ થયઉ, એહ પ્રબંધ ઊમાહિ. મુ. ૪૯૩
**સીતલનાથ** પસાઉલઇ, પ્રબંધ રચ્યઉ મનરંગિ. મુ.
ભણતાં ગુણતાં સંપજઇ, નવ નિધિ સુખ અભંગ. મુ. ૪૯૪
**ખરતરગચ્છિ** ગુરૂ પરગડઉ, તેજઇ જીપઇ સૂર, મુ.
મહિમાવંત મુણીસરૂ, શ્રી **જિનમાણિક્યસૂરિ**. મુ. ૪૯૫
શિષ્ય વિનયગુણ શોભતા, **વિનયસમુદ્ર** ગણીસ, મુ.
વાદી-ગજમદ ગંજતા, પ્રતપઇ છઇ તસુ સીસ. મુ. ૪૯૬
વાચક વાદિસિરોમણી, શ્રી **ગુણરતન** મુણિંદ, મુ.
તાસુ સીસ ગણિ ઇમ ભણઇ, **રતનવિલાસ** આણંદિ. મુ. ૪૯૭
શ્રી **ખરતરગચ્છ** રાજીયઉ, યુગપ્રધાન **જિણચંદ**, મુ.
જસોવાદ ભાગઇ ભર્યઉ, પ્રતપઉ જાં રવિ ચંદ. મુ. ૪૯૮
તાસુ રાજિ મઇ ઇમ ભણ્યઉ, મુનિવરચરિત પ્રકાસ, મુ.
એહ પ્રબંધ સુણતાં હવઇ, અંગઇ અધિક ઉલ્હાસ. મુ. ૪૯૯

(૧) તત્કાલીન પ્રતિ, પ.સં.૧૯, ભુવન. પો.૧૨.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૯૪-૯૫.]

## ૬૩૨. ઋષભદાસ (શ્રાવક)

કવિ ખંભાતના શ્રાવક હતા. પોતાના વતન ખંભાતનું વર્ણન થોડા વિસ્તારથી પોતાની કૃતિઓને અંતે આપેલું છે તે પરથી સંવત સત્તરમી સદીમાં તેની રચના, ત્યાંની જનસ્થિતિ, રાજસ્થિતિ, લોકોનો પહેરવેશ કેવાં પ્રકારનાં હતાં તે જણાઈ આવે છે. આ નગરનાં ખંભનગર, ઋષભ-નગર, ત્રંબાવતી, ભોગાવતી, લીલાવતી, કર્ણાવતી એ જુદાંજુદાં નામ કવિએ કહ્યાં છે તે વાત પણ તેની ઐતિહાસિક બીનામાં વધારો કરે છે. આપણે ત્રંબાવતી નગરી અને તેમાંના માણેકચોક વિશેની લોકવાર્તાઓ ઘણી સાંભળી છે તો તે જનકથાનું વર્ણન કદાચ આ ખંભાત નગરની અપેક્ષાએ હોય. કવિ પોતે વીસા પ્રાગ્વંશીય (પોરવાડ) વણિક હતા. તેમનો જન્મ ખંભાતમાં માતા સરૂપાદે અને પિતા સાંગણથી થયો હતો. તેમના પિતામહનું નામ મહિરાજ હતું. મહિરાજ વિસલનગર કે જે રાજા

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com જૈન સાઈટ

વિસલદેવે વસાવ્યું હતું ત્યાંના મૂલ વતની હતા. અને પછી તેના પુત્ર સાંગણ ખંભાતમાં વસ્યા અને સમૃદ્ધિ પામ્યા. મહિરાજે સંઘ કાઢી શત્રુંજયની જાત્રા કરી હતી અને સાંગણે પણ તે જ પ્રમાણે 'સંઘવી' (સંઘપતિ) તરીકે ખ્યાતિ મેળવી હતી. કવિ પોતે શ્રાવકના જે આચાર જૈન શાસ્ત્રમાં જણાવેલા છે તે ઘણી દૃઢતાથી પાળતા, મુનિઓની શુશ્રૂષા કરી તેમની પાસેથી બોધ લેતા અને જિનની પૂજા મંદિરમાં જઈ હંમેશ કરતા. તેમણે શત્રુંજય, ગિરનાર, શંખેશ્વરની યાત્રા કરી હતી અને ઘણા વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. આ પરથી જણાય છે કે તેઓ ધર્મચુસ્ત, સંસ્કારી, બહુશ્રુત અને શાસ્ત્રાભ્યાસી હતા. પોતે 'સંઘવી' એ વિશેષણ પોતાને આપે છે તે પરથી તેમણે પણ સંઘ કાઢ્યો હોય એમ જણાય છે. પોતાને સુલક્ષણી પત્ની, બહેન, બાંધવ, અને એકથી વધારે બાળકો હતાં. ઘેર ગાયભેંસ દૂઝતી હતી અને લક્ષ્મી પણ પ્રસન્ન હતી. કવિ તરીકે ગૂર્જર પ્રાચીન કવિશિરોમણિ તરીકે પ્રસિદ્ધ થયેલ પ્રેમાનંદ, શામળ અને અખાના પૂર્વગામી પોતે છે અને પોતાની વર્ણનશૈલી, શબ્દચમત્કૃતિ, ભાષાગૌરવ તે કવિઓની સરખામણીમાં ઊતરતાં હોઈ શકે તેમ નથી. સરસ્વતીદેવી પ્રત્યે સંપૂર્ણ ભક્તિ હોઈ તેમની હંમેશાં સ્તુતિ કરી પોતાની કૃતિઓનો પ્રારંભ કરેલ છે અને જનશ્રુતિ પ્રમાણે તેમણે તે દેવીને આરાધન કરી પ્રસન્ન કરી હતી અને દેવીનો પ્રસાદ મેળવ્યો હતો. પોતે શ્વેતામ્બર તપગચ્છના હતા અને પોતાના ગુરુ તરીકે પ્રસિદ્ધ વિજયસેનસૂરિને અંગીકૃત કર્યા હતા, અને તેમની પછી વિજયદેવસૂરિને થોડો સમય સ્વીકાર્યા પછી વિજયતિલકસૂરિને અને તેમની પછી વિજયાણંદસૂરિને સ્વગુરુ તરીકે લેખ્યા હતા. તેમના સમયમાં જ પ્રખ્યાત ધર્મસાગરજીના ગ્રંથનો ઝઘડો થયો. દેવ અને અણસુર–આણંદ પક્ષો થયા કે જે ઝઘડાનું સ્વરૂપ 'ઐતિહાસિક રાસમાળા' ભાગ ચોથામાં આપેલ 'વિજયતિલકસૂરિ રાસ' પરથી સ્પષ્ટ જણાશે. કવિએ ઘણી કૃતિઓ રચી છે તેમાં કેટલીક સંસ્કૃત ચરિત્રો પરથી પોતાની કવિ-કેળવણીથી સુંદર અને અલંકૃત બનાવી છે, અને કેટલીક સ્વતંત્ર છે. કવિએ રાસાઓ ઉપરાંત અનેક સ્તવન-સ્તુતિ-સ્વાધ્યાય રચેલ છે અને એમની સર્વ કૃતિઓ પ્રસિદ્ધ થવા યોગ્ય છે.

આના સંબંધી વિસ્તૃત વિવેચન 'શ્રાવક કવિ ઋષભદાસ' એ નામથી નિબંધ સુરતની ગુજરાતી સાહિત્યપરિષદમાં મેં લખી મોકલેલો તે તે પરિષદના રિપોર્ટમાં પ્રકટ થયેલ છે, તેમજ 'જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હેરલ્ડ'ના ઇતિહાસ-અંકમાં—૧૯૧૫ના ૭-૯ અંકમાં પણ પ્રસિદ્ધિ પામ્યો છે.

**(૧૩૯૦) ઋષભદેવનો રાસ** ૧૧૮ ઢાળ ૧૨૭૧ કડી ર.સં.૧૬૬૨

**આદિ** – (શુભ કરૂ સહી)

**સરસતિ** ભગવતી ભારતી, બ્રહ્માણી કરિ સાર,
વાઘેસ્વરી વદનિં રમિ, જિમ હુઇ જયજયકાર. ૧
શુભદેવી સૂપરિં નમૂં, હંસાગમની માય
દેવિ કુમારી મનિ ધરૂ, જ્યમ મતિ નિર્મલ થાઇ. ૨
**બ્રહ્માસુતા** તું **સારદા**, બ્રહ્મવાહિની નામ,
વાણી વચન દીઉં અસ્યાં, જ્યમ હોઇ વંછ્યું કામ. ૩
ભાષા તૂં બ્રહ્મચારણી, હંસવાહિની માય,
સકલ મનોરથ તુ ફલઇ, જો તૂસઇ ત્રિપૂરાય. ૪
હઇડઇ હર્ષ ધરી ઘણો, કરજે કવિજન સાર,
**ઋષભ** રાસ રંગિ રચું, સફલ કરૂં અવતાર. ૫

**અંત** – (**સોલ** સંવત્સર) **બયાસઠઈ** ચીત્રા, વદીઅ ગુરવાર સદીઉ પવિત્રા. ૫૯
નગર **ત્રંબાવતી** અત્ય હઇ છઈ સારી, ઈંદ્ર જસ્યા નર, પદ્મની
નારી. ૬૦
વાહણ વખાર્ય નર બહુ વ્યાપારી, સાયર લહેર સોભત જલ
વારી. ૬૧
તપનત્તર પોલીઉં કોટ દરવાજા, સાહા **જાહંગીર** જસ નગરનો
રાજા. ૬૨
પ્રાસાદ પચ્યાસીઅ અતિહિં ઘંટાલાં, જ્યાંહાં બિતાલીસ પોષધ-
**શાલા**. ૬૩
અસ્યું **ત્રંબાવતી** બહુઅ જનવાસો, ત્યાંહાં મિં જોડીઓ
**રીષભ**નો રાસો. ૬૪
સંઘવી શ્રીઅ **મહઈરાજ** વખાણું, **પ્રાગવંસીઅ વીસોઅ** તે જાણું.
૬૪
**સંઘવી સાંગણ** સૂત તન સારો, દ્વાદશ વરતનો તેહ ધરનારો. ૬૬
દાન નઇં સીલ તપ ભાવના ભાવઇ, અરીહંત પૂજઇ ગુણ સાધુના
ગાવે. ૬૭
**સાંગણ** સૂત પૂરિ મન તણી આસોં, રાસ રચતો કવી **રીષભદાસો**.
૬૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઋષભચરીત** કીઉં મુની **હેમિં**, નરખીઅ રાસ રચીઓ બહુ પ્રેમિં. ૬૯

રાસ રચતાં હૂઓ હર્ષ અપારો, જેહ માંહાં ઢાલ એકસો અઢારો.૭૦

પુનરિપી ઢાલ તીહાં નવી દીસઇ, નવીનવી દેસીઅ સુણત મન હીસઇ. ૭૧

રાસ માહિં ભલ દૂહડા જાણું, એકસો સડસઠી સોઅ વખાણું. ૭૨

બારસઈ એકોતરિ માનગ થાઇ, કદાંચીત ઓછીઅ અદિકીઅ થાઇ. ૭૩

વીવધ્ય રાગિં કરી રાસ નીપાયો, પ્રથમ તીર્થંકર બહુ પરિં ગાયો. ૭૪

વાંચતાં ગુંથતાં ગોખતાં નાંમ, **ઋષભ** કહઇ હોઇ વંછીત કામ. ૭૫

(૧) સં.૧૬(?) માગસીર વદિ ૧૧ બુધે લખીતં શ્રી **ખંભાઇ** બંદિરે લખાપિ. પ.સં.૬૪-૧૧ (૧, ૨, ૬૪ એ ત્રણ પાનાં જ છે), ખેડા નં.૩.

**(૧૩૯૧) વ્રતવિચાર રાસ** [અથવા **દ્વાદશ વ્રતવિચાર રાસ**] ૮૧ ઢાળ ૮૬૨ કડી ર.સં.૧૬૬૬ કાર્તિક વદિ ૦)) (દિવાલી) ત્રંબાવતી (ખંભાત)માં

**આદિ** – શ્રી વિતરાગાય નમઃ

દૂહા – **પાસ** જિનેસ્વર પૂજીઇ, ધ્યાઇઈ તે જિનધર્મ્મ,
નવપદ ધુરિ આરાધીઈ, તો કીજઇ સ્વુભ કર્મ્મ. ૧
દેવ અરીહંત નમું સદા, સીદ્ધ નમું ત્રણી કાલ,
શ્રી આચારય તુઝ નમું, શાશનનો ભુપાલ. ૨
પુણ્યપદવી ઉવઝાયની, સોય નમું નસદીસ,
સાધ સવેનિં નીત નમું, ધર્મ વિસા યાંહા વીસ. ૩
ક્રોધ માન માયા નહી, લોભ નહી લવલેસ,
વીષઇ-વીષથી વેગલા, ભવીજન દઇ ઉપદેસ. ૪
ઊપદેશિ જન રંજવઈ, મહિમા **સરસતિ** દેવ,
તેણઇ કારર્ય તુઝનિં નમું, **સાર્દા** સારૂ સેવ. ૫
સમરૂ **સરસતિ** ભગવતી, સમર્યા કરજે સાર,
હું મુરખષ મતી કેલવું, તે તાહારો આધાર. ૬
પીંગલભેદ ન ઊલખું, વિગતિ નહી વ્યાકર્ણ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુરખમંડણ માનવી, હું સેવું તુઝ ચર્ણ. ૭
કવીત છંદ ગુણ ગીતનો, જે નવી જાણઇ ભેદ,
તુ તૂઠી મુષ્ય તેહનિં, વચન વદઇ તે વેદ. ૮
મુરખ મોટો ટાલીઉ, કવી કીધો **કાલિદાસ**,
જી વીખ્યાતા તેહવો, જો મુષ્ય કીધો વાસ. ૯
કીત્તિ કરૂ તુઝ કેટલી, મૂઝ મુષ્ય રસના એક,
કોડય જિહ્વાઈ ગુણ સ્તવું, પાર ન પામું રેષ. ૧૦
તોહઈ તુજ ગુણ વર્ણવુ, મૂઝ મતી સારૂ માંય,
નષ મુષ વેણી શીર ભગઇ, કવી તાહારા ગુણ ગાય. ૧૧

**અંત** – બાર વરત શ્રાવક તણાં, મિં ગાયાં મતિસાર,
કવી કો દોષ મ દેષજ્યુ, હું છુ મુઢ ગમાર. ૩૨
આગઇના કવી આગલિં, હું નર સહી અગ્યનાન,
સાયર આગલિ બ્યંદુઉ, સ્યુ કરસઇ અભીમાંન. ૩૩
માતતાત જિમ આગલિં, બોલઈ બાલિક કોય,
તેહમાં સાચુ સ્યુ હસઈ, પણિ સાંષેવુ સોય. ૩૪
ભણતાં ગુણતાં વાચતાં, કવી જોયુ વલી દોષ,
નીરમલ ચ્યંતિં ચરચજ્યો, દોષ મ દેજ્યુ ફોક. ૩૫

ઢાલ–૭૮–ચોપાઇ.

ફોકટ દોષ મ દેજ્યુ કોય, નરનારી તે સુણજ્યુ સોય,
કુડ કલંક તણું ફલ જોય, વસુમતી તે વેશા હોય. ૩૬
શાહાસ્ત્રઈ પૂર્ષ કહ્યા છઈ હોય, **ઋષભ** કહઈ તે સુણજ્યુ સોય,
એક હંસ બીજો જલજલુ, જિમ મશરૂં જોડિં કાંબલો. ૩૭
હંસ સરીષા જે નર હોય, તેહના પગ પૂજો સહુ કોય,
સ્યન જનુનીઈ તે જગી જણ્યુ, કવીજન લોકે લેષઇ ગણ્યુ. ૩૮
હંસ દુધ જલ માંહાથી પીઇ, નીરબ્યંદુઓ મુષ્ય નવી દીઇ,
તિમ સુપરસ ગુણ કાઢી વહઇ, પર અવગુણ તે મુષ્ય નવી કહઇ. ૩૯
જલ સરીષા જે નર હોય, તેહનું નાંમ મ લેસ્યુ કોય,
સકલ લોકમ્હાં તે અવગણ્યુ **ઋષભ** કહઈ નર તે કાં ચણ્યુ. ૪૦
જલુ તણી છઇ પરગતી અસી, વંઠું રગત પીઈ ઉહોલસી,
સષરૂ લોહી મુષ્ય નવી દીઇ, તિમ માઠો નર ગુણ નવી લીઇ. ૪૧
જલુ સરીષા જગમ્હા જેહ, અતી અધમાધમ કહીઇ તેહ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર અવગુણ મુખ્ય બોલઇ સદા, ગુણ નવી ભાષઈ તે મુખ્ય કદા. ૪૨

દૂહા — ગુણ ગ્યરૂઆ ગુણવંતના, જે નવિ બોલઈ રંગિ,
પરભવિ દૂષીઆ તે થસઇ, સરજઇ દૂબલ અંગ્ય. ૪૩
ગુણ ગાઈ ગુણવંતના, તે સુખીઆ સંસારય,
પરભવિ સૂરસૂપ ભોગવઇ, જિહા બહુ અપછર નારય. ૪૪
જો હીત વંછઇ આતમા, તો પરનંદા ટાલિ,
મુખ્યથી મીઠું બોલીઇ, ભટક ન દીજઇ ગાલિ. ૪૫
સુગુરૂવચન સંભારયુ, કરજ્યુ પર-ઊપગાર,
જઇન ધર્મ આરાધજ્યુ, વ્રત વહઇજ્યુ સિરિ બાર. ૪૬

ઢાલ ૭૯ દેશી—મેગલ માતો રે વન માંહિ વસઇ. રાગ મેવાડો.
બાર વરત રે જે નર સિર વહઇ, તે ઘરિ જઇજઇ રે કાર,
મનહ મનોર્થ તે વલી તસ ફલઇ, મંદિર મંગલ ચ્યાર. ૪૭
બાર વરતનિં રે નર સિર વહઈ, આંચલી.
ભણતાં ગુણતાં રે સંપઇ સુખ મલઈ, પોહોચઈ મન તણી આસ,
હિંવર હાથી રે પાયક પાલખી, લહીઇ ઊચ આવાસ. બાર. ૪૮
સુંદર ઘર્ણા રે દીસઈ સોભતા, બહઇની બાંધવ જોડય,
બાલિક દીસઇ રે રમતાં બારણુંઈ, કુટુંબ તણી કઇ કોડય. બા. ૪૯
ગ્યવરી મઈહઇષી રે દીસઈ દૂઝતાં, સુરતરૂ ફલીઉ રે બાર્ય,
સકલ પદારથ મુઝ ઘરિ મિંલ્યા, થિર થઈ લછી રે નાર્ય.
બા. ૫૦
મનહ મનોર્થ માહારઇ જે હતો, તે ફલિઉ સહી આજ,
શ્રી જિનધર્મ નિં પાસ પસાઉંલઈ, મુઝ સીધાં સહી કાજ. બા. ૫૧

દૂહા — કાજ સકલ સીધાં સહી, કરતાં વરત વિચાર,
શ્રી ગુરૂનામ પસાઉલઇ, મુઝ ફલીઉ સહઇકાર. ૫૨

ઢાલ ૮૦ દેશી—ફઇઇગી કર્ણી. રાગ ધ્યન્યાસી.
મૂઝ આંગણિ સહઈકાર જ ફલીઉં, શ્રી ગુરૂનાંમ પસાઇજી,
જે રષિ મુનીવરમાં અતી મોટો, વીજઇસેન સુરિરાયજી. ૫૩
મુઝ અંગણિ સહિકાર જ ફલીઉં, શ્રીગુરૂચર્ણ પસાઇજી. આંચલી.
જેણઇ અકબર નૃપ તણી શભામાં, જીત્યુ વાદ વીચારીજી,
શઇવ શન્યાસી પંડીત પોઢા, સોવ ગયા ત્યાહાં હારીજી. ૫૪ મૂઝ.
જઈજઇકાર હુઉ જિનશાશન, સુરી નાંમ સવાઇજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાહી **અકબર** મુષ્ય એ થાપ્યુ, તો જગ માહિ વડાઇજી. ૫૫ મૂઝ.
તાસ પટિ ઊગ્યુ એક દીનકર, સીલવંતમ્હાં સુરોજી,
**વીજયદેવ**સુરી નાંમ કહાવઈ, ગુણ છત્રેસે પુરોજી. ૫૬ મૂઝ.
**તપા** તણો જેણઈ ગછ અજુઆલુ, લુધવઇમ્હાં સોભાગીજી,
જસ સિરિ ગુરૂ એહેવા જયવંતા, પૂણ્યપરાશ તસ જાગીજી. ૫૭ મૂઝ.
ઢાલ—૮૧ દેસી. હીચ્ચ રે હીચ્ચ રે હઇઇ હીડોલડે. રાગ ધ્યન્યાસી.
પૂણ્ય પ્રગટ ભયુ ર, તો મન્ય મુઝ મત્ય એહ આવી,
રાસ રંગિં કર્યું, સકલ ભવ હું તર્યું, પૂણ્યની કોડડી મુઝહ ફાવી-૫૮
—પૂણ્ય પ્રગટ ભયુ. ર આંચલી.
**સોલ** સંવછરિં જાણિ વર્ષ **છાસઠિં**, કાતિઅ વદિ દિપક દાઢો,
રાસ તવ નીપનો આગમિં ઊપનો, સોય સુણતાં તુમ પૂણ્ય ગાઢો.
પૂણ્ય. ૫૯
દીપ **જંબુઅ** માહાષેત્ર**ભરતિ** ભલુ, દેસ **ગુચરાતિ**મ્હા સોય ગાસ્યુ,
રાય **વીસલ** વડો ચ્યતુર જે **ચાવડો**, નગર **વિસલ** તિણઇ
વેગી વાસ્યુ. પૂણ્ય. ૬૦
સોય નગરિં વસઇ **પ્રાગવંસિં** વડો, **મઇહઈરાજ**નો સૂત તે
સીહ સરીષો,
તેહ **ત્રંબાવતિ** નગરવાશિં રહ્યું, નામ તસ **સંઘવી સાંગણ**
પેષો. પૂણ્ય. ૬૧
તેહનિં નંદનિં **ઋષભદાસિ** કવ્યુ, નગર **ત્રંબાવતી** માહિં ગાયુ,
**પૂણ્ય** પૂર્ણ ભયુ કાજ સઘરો થયુ, સકલ પદાર્થસાર પાયુ. પૂણ્ય. ૬૨

(૧) સં.૧૬૮૦ માહા વ.૮ સોમ ગા.૮૬૨ ઢાલ ૮૧, પ.સં.૪૩–૧૩, સ.ભ. (૨) સં.૧૭૮૫ કા.શુ.૧૧ શુક્રે. પ.સં.૨૯–૧૩, દા.૨૨ નં. ૧૬. સીમંધર. (૩) અતી શ્રી વરતવીચાર રાસ સંપૂર્ણ. સંવત ૧૬૭૯ વર્ષે ચઈત્ર વદિ ૧૩ ગુરૂવારે લષીતં. **સંઘવી ઋષભદાસ સાંગણ**. ગાથા. ૮૬૨ (સ્વલિખિત). પ.સં.૫૪–૧૧, વિ.ધ.ભં. ચોપડો નાનો પૃ.૬૦–૧૧૯. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૦).]

**(૧૩૯૨) સુમિત્ર રાજર્ષિ રાસ** ૪૨૫ કડી ર.સં.૧૬૬૮ પોષ શુદ ૨
ગુરુવાર, ખંભાતમાં

**આદિ –** દુહા.

શ્રી જિનધરમ પ્રકાસીઓ, સ્વામી **ઋષભ** જિણંદ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાન શીલ તપ ભાવના, સુણતાં અતિ આણંદ. ૧
સકલ ધરમ મુખ્ય મંડીઇ, જગમાં ઉત્તમ દાન,
દેતાં નવનિધિ પામિઇં, પરભવ અમર વિમાન. ૨
એક દાન તસ પંચ ભેદ, સૂણુયો સહૂ નરનારિ,
અભયદાન સુપાત્રથી, વસિઇં મુગતિ મઝાર. ૩
ઉચિત અનુકંપા કિતિંથી, જિન કહેં ભોગ લહંત,
રાજરિદ્ધિ સુખસંપદા, પામે સુખ અનંત. ૪
દાન સુપત્તે દેઅતાં, કિણિ પામ્યો સુખવાસ,
રાજા **સુમિત્ર** સુખીઓ થયો, સુણુયો તેહનો રાસ. ૫
સોય **સુમિત્ર** કહો કિહાં હુઓ, સિદ્ધ દેવ કિમ રાજ,
**બ્રહ્મ**સુતા ચરણે નમી, ચરિત્ર પ્રકાસું આજ. ૬

અંત – ચોપઈ.

**રિષભ** કવિ ગુણ તાહરાં ગાય, હીયડે હરખ ઘણેરો થાય,
સકલ કવિનિં લાગી પાય, મિં ગાયો મુનીવર રિષીરાય. ૧૬
ગાતાં ગુણતાં કવતાં કાંઇ, દૂષણ જે દીસિં મતિ માહઇં,
તે પંડિત ટાલિજ્યો તુમો, એણિં વાત સુખ લહસ્યું અમો. ૧૭
આગિં મોટા જે કવિરાય, તાસ ચરણરજ કવિ **રિષભાય**,
મુરખ-મુગટ-શિરોમણી સહી, ગુરૂસેવાઇ એ બુદ્ધિ લહી. ૧૮
તે ગુરૂ જગમાં મોટો ધીર, સીલેં જેહવો ગંગાનીર,
**વિજયસેન**સૂરિ તેહનું નામ, જેણિં વસિ કીધો વિરૂઓ કામ. ૧૯
**જંબૂ પ્રભવો વયરકુમાર, સાલિભદ્ર ધનો** અણગાર,
સૂરિ **સુધર્મા** જસ ગુણ કોડિ, **વિજયસેનસૂરિ** તેહની જોડી. ૨૦
તાસ પાટ ઉદયો એ ભાણ, **વિજયદેવ(તિલક)**સૂરિ ચતુર સુજાણ,
લઘૂવય મહા વયરાગી જેહ, સકલ મુનિ સિર મોટો તેહ. ૨૧
તેહ તણિં ચરણિં અનુસરી, રાજઋષિ ગુણમાલા કરી,
સંવત **સોલ અડસઠયો** જસિં, પોસ સુદિ દિન બીજહ તસિં. ૨૨
ગુરૂવારિ કીધો અભ્યાસ, **ત્રંબાવતી**માં ગાયો રાસ,
**પ્રાગવંશ** વડો જે ખાસ, **સાંગણ**સુત (કવિ) **રિષભદાસ**. ૨૩

કલસ.

કવિ **રિષભ** ગાયો **સુમિત્ર** ધ્યાયો, સુખ સુભાયો શુભ પરિં,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રિષિ તણા ગુણ અભિરામ ગાતાં, મંગલમાલા નિત ઘરિં. ૨૪
તપગચ્છ ગાજી ગુણ વિરાજી, અતિહિં દિવાસિં જગગુરૂ,
શ્રી વિજયસેન સૂરિંદ સેવો, સકલ સંઘ મંગલકરૂ. ૪૨૫

(૧) સં.૧૭૬૧ વૈ.વ.૭ શનિ આસાલપુર વાસ્તવ્ય ગણિ પદ્મવિજય લ. પ.સં.૧૨-૧૮, પુ.મં. (૨) સં.૧૭૭૩ જ્યે.શુ.૪ શુક્રે લ. રામસાગર પોસાલ વડી. પ.સં.૧૦, પ્ર.કા.ભં. નં.૪૫૩. (૩) પ.સં.૨૬-૧૩, ખેડા ભં. દા.૬ નં.૩૪. (૪) મહો. હીરાચંદ્રગણિ શિ. રવિચંદેણ લિ. પ.સં. ૧૧-૨૬, રત્ન ભં. દા.૪૩ નં.૬. (૫) ઇતિશ્રી સુમિત્રરાજરિષી રાસ સંપૂર્ણ. સકલપંડિતશિરોમણી પંડિત શ્રી ૧૦૮ શ્રી ૫ શ્રી રતનવિજયજી ગ. તત્‌શિષ્ય પં. જ્યોતિવિજયગણી લિખિતં સ્વવાચનકૃતે મંગલં ભૂયાત્. લેખકપાઠકયો શુભં ભવતુ. ચિરં નંદતુ ૪યં પુસ્તિકા, શ્રી નવસારીનગરેઃ કલ્યાણમ્. ભાં.ઇ. ૧૮૯૨-૧૮૯૫ નં.૯૦૦. (૬) ઇતિશ્રી દાનોપરિ સુમિત્ર રાજઋષિ રાસ સંપૂર્ણ. સંવત ૧૭૭૦ વર્ષે આસો સુદ ૭ ભોમે. પંડિતશ્રી ૫ શ્રી વિમલવિજયગણિ તત્‌શિષ્ય મુનિ વિનીતવિજયેન લિખિતં જાબાલ નગરે. પ.સં.૧૫-૧૫, ધો.ભં.

**(૧૩૯૩) સ્થૂલિભદ્ર રાસ** ૭૩૨ કડી ર.સં.૧૬૬૮ દિવાળી (કારતક અમાસ) ગુરુ ખંભાતમાં

જૈનમ્ જયતિ શાસનમ્

**આદિ-** ચોપઈ ઢાલ

બ્રહ્મસુતાની પૂજા કરૂં, સારદ નામ ઋદે માંહાં ધરૂં,
ગુણ ગાઉં માતા તુમ તણા, બોલ આપે મૂઝ સોહામણા. ૧
જ્ઞાન ગોષ્ટ તૂં ગુણની ખાંણ્ય, તૂં તૂઠી મુખ આપે વાંણ્ય,
તૂઝ વિણ અક્ષર એક નવિ લહૂં, તુઝ વિણ મૂરિખ નાંમ જ કહુ. ૨
સુરનર કિંનર સબલ નિધાન, તુઝ વિના કોય ન પામે માન,
તૂં તૂંઠિ રંજિ નરનાથ, તાહરી કીર્ત્તિ જગવિખ્યાત. ૩
તેણિ કારણિ મેં સમરી તૂઝ, સાર વચન તું આપે મૂઝ,
થૂલિભદ્રનો ગાસ્યું રાસ, તેણિ માતા મુખ પૂરે વાસ. ૪
થૂલિભદ્ર તે કહો કયાહાં હવો, કવણ પિતા તેહના ગુણ સ્તવો,
કવણ માત કુંણ તેહનો ઠાંમ, કવણ દેસ કુંણ તેહનું ગામ. ૫

**અંત -** ઢાલ - રામ ભણઇ હરી ઉઠીઈ રાગ રામગ્રરી.

થુલિભદ્ર ગુણ ગાઇઇ, શ્રી ગુરૂચર્ણ પસાયે રે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શ્રી વિજઇસેન** સુરીસ્વરૂ, તે ગ્યરૂઉ ગરૂરાય રે.
સુર જેહના ગુણ ગાય રે, નાંમિ નવનીધ્ય થાય રે,
સમરિં પાત્યગ જાયે રે, હું વંદૂ તસ પાય રે.
ગુરૂ ગ્યરૂઉ ગુરૂરાજીઓ. ૧૭
**સાલિ થુલિભદ્ર** જોડલી, વઈરાંગઇ વઇહરઈ કુમાર રે,
ત્યે મધિ **ગઉતમ** અવતર્યો, જસ ગુણ અંત ન પાર રે.
સંયમ ષંડાની ધાર રે, કરતો ઉગ્ર વિહાર રે,
લ્યઇ મુની સ્યુધ તે આહાર રે. ગુરૂ. ૧૮
ઉપશમરસ માહિં ઝીલતાં, ટાલઈ કુમત અંધાર,
મધુર વચન દીઈ દેસના, વાણી સુધારસસાર રે.
આગમ-અર્થ-ભંડાર રે, પંચમહાવ્રતધાર રે,
ટાલઈ કામવિકાર રે, શાસન રાષણહાર. ગુરૂ. ૧૯
તેહનિં પાટિં પ્રગટીઓ, શ્રી **વીજઈદેવ** સુરચંદ રે,
કુમતતિમરનિ રે ટાલવા, ઉદયો પુન્યમચંદ રે,
મોહનવલીનો કંદ રે, પેષઈ પરમ આનંદ રે,
સેવઇ સકલ સુરચંદ રે. ગુરૂ. ૨૦
**તપગચ્છઇ** નાયક ગુણનીલો, સાગર સરીષો ગંભીર રે,
વઇરાગી લ્યઘુ વઈપણઇ, કાંમવીડારણ વીર રે.
સીલિ ગંગાનું નીર રે, સોવનવાન શરીર રે,
ફરી આવ્યો ગુરૂ **હીર** રે, જાણે **ગઉતમ** વીર રે. ગુરૂ. ૨૧

દૂહા.

**વીર** તણે ચર્ણે નમી, ગાયા ગુણ અભીરાંમ,
કુણ વર્ષે માસિં એ કવ્યા, **થુલિભદ્ર** ગુણગ્રામ. ૨૨

ઢાલ – કહઇણી કરણી તુઝ વ્યણ સાચો. રાગ ધન્યાસી.

સંવત **સોલ અડસઠયા** વરસે, કાતી વદ્ય તાહાં સાર રે,
દીપક દિન દીવાલી કેરો, સ્યુકર મલ્યો ત્યાહા વાર રે. ૨૩
રાસ રચ્યો મિં રંગિ રીઝી, સકલ કવી સિરિ નામી રે,
**થુલિભદ્ર** મુનીના ગુણ ગાતા, વિવધ્યવસ્ત મિં પામી રે,
રાસ રચ્યો મિં રંગિ રીઝી, સકલ કવી સિરિનામી રે—આંચલી.
રાસ રચ્યો. ૨૪
જંબુદ્વીપ અનોપમ કહીઇ, ભરતષેત્ર ત્યાહા જાણ રે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેસ ગુજર ત્યમાહિ અતિ સારૂં, નગર વીસલ વષાંણું રે. રાસ. ૨૫
સોય નગર માંહિ વીવહારી, નામ ભલુ મહિરાજ રે,
પ્રાગવંશ વડો તે વીસો, કરતા ઉત્યમ કાજ રે. રાસ. ૨૬
તેહના સુત છિ સીહ સરીષા, સાંગણ સંઘવી નામ રે,
પૂન તણી કથરણી તે કરતા, ધરતા જીનવરધ્યાન રે. રાસ. ૨૭
અનુકરમિ સંઘવી જે સાંગણ, ત્રંબાવતીમ્હા વાસ રે,
તેહનો સુત એ રાસ નીપાઈ, કવીતા ઋષભદાસ રે. રાસ. ૨૮
રાસ નીપાતા બહુ સુષ પામ્યો, સુરતરૂ અંગણ્ય ફલીઉ,
થુલિભદ્ર મુનીના ગુણ ગાંતિં, ધર્મ વૃષભ મુઝ મ્યલીઉ રે. રાસ. ૨૯
નવનીધ્ય ચઉદ રયણ મણિં મોતી, સકલ પદારથ પામ્યો રે,
ઋષભ કહઇ નીત્ય ઉગમવાકા, થુલીભદ્ર શર નામો રે. રાસ. ૩૦

(૧) સં.૧૬૮૦ પો.વદિ ૪ બુધે લ. ગાથા ૭૩૨, પ.સં.૩૬–૧૧, રત્ન ભં. દા.૪૩ નં.૮૮. (૨) ગુ.વિ.ભં.

(૧૩૯૪) + નેમિનાથ નવરસો અથવા સ્તવન [અથવા ઢાળ] ૭૨ કડી
૨.સં.૧૬૬૭ [૬૦,૬૨,૬૪] પો.શુ.૨ ઋષભનગર–ખંભાતમાં

આદિ – રાગ ધન્યાશ્રી.
સરસતિ સામિની પાય નમીજી, ગાસ્યું નેમ જિણંદ,
સમુદ્રવિજયકુલ (પા. જાદવકુલમંડણ) દીપનોજી, પ્રગટયો પુનિમચંદ
સુણો નર નેમ સમો નહિ કોય. ૧

અંત – એહવા જિનવર વંદો સદા, જેહથી લહઇ નર ન આપદા,
રાજુલ તારી જિણ જિણરાજ, આપ તર્યાં સાર્યાં સવી કાજ. ૭૦
સંવત સોલ સડસઠા માંહિ પોસ માસ સુદ બીજ ઉચ્છાહ,
ખંભનયર ગુરૂરાજ પસાઉ, જિન સંથવિઉ મનઉલ્લાસ. ૭૧
(પા.) વંદો વંદો રે, નેમિનાથ બાવીસમા, જેહણે કીધો રે સંઘ ઉદ્ધાર,
એ નરનારી શુભમતિ રે, પોતા મુગતિ મઝાર.
વંદો વંદો, નેમનાથ બાવીસમો રે, સંવત સોલ ચોસઠે
(પા. સોલસો સઠ) એ મેં થુણ્યો રે,
પોસ માસ શુદ બીજ ગુરુ ગણો રે, રિખભનગર મેં સંથુણ્યો રે.

કલસ.

ઇય નેમ જિનવર પુણ્યદિનકર, સકલગુણમણિસાગરો



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જસ નામ જપીવઇ કરમ ખપિયેં છુટે ભવસાગરે,
**તપગચ્છ** મુનિવર સયલ સુખકર શ્રી **વિજયસેન** સુરીસરે
તસ તણો શ્રાવક **ઋષભ** બોલે, થુણ્યો **નેમિ** જિનેશ્વરો. ૭૨

(૧) લિ. શ્રી હર્ષરત્નજી શ્રીં બુર્હાણપુર મધ્યે. ૫.સં.૫-૧૨, પ્ર.કા.ભં. નં.૨૫૩. (૨) સં.૧૭૫૪ જસવિજયેન. પત્ર ૧૨ની પ્રતમાં પત્ર ૩, હા.ભં. દા.૮૨ નં.૧૧. (આમાં રચ્યા સં.૧૬૬૨ આપેલ છે.) (૩) કાને માતે અધૂ અદકૂ લખ્યૂ હોએ તે મછામ દોકડો છે. ૫.ક્ર.૪૬-૫૨, ઉનાના વકીલ મોરારજીનો ચોપડો. (૪) જૈ.એ.ઇ.ભં. (૫) ઉદયપુર ભં. (૬) સં.૧૭૯૯ માહ વ.૨ લિ. સંઘવી ફતેચંદ સૂરસંઘ. ૫.સં.૪-૧૨, મો. મો. સાગર ઉ. પાટણ. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૨, ૨૪૯, ૨૭૨, ૪૪૫).]

પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૩ પૃ.૧૫૧-૫૭.

**(૧૩૯૫) અજાકુમાર રાસ** ૫૫૭ કડી ર.સં.૧૬૭૦ ચૈ.શુ.૨ ગુરુ ખંભાતમાં

**આદિ** – વસ્તુ

સકલ જિનવર સકલ જિનવર પાય પ્રણમેવ
વાધેસરી વેગેં નમું સકલ કવીની જેહ માય
તું મુખ મારે આવજે સયલ કામ જિમ સિદ્ધ થાય
**ચંદ્રપ્રભ** જિનવર તણો, ગણધર **અજાકુમાર**,
રાસ રચ્યું વર તેહનો, સુણતાં જયજયકાર. ૧

**અંત** – ભણે ગુણે જે સાંભલે, **અજાપુત્ર**નો રાસ
રાજ્ય ઋદ્ધિ સુખ સંપદા, પોહચેં તેહની આસ. ૫૩૫
પવિત્ર નામ જગિં જેહનું, હું વંદું તસ પાય
કર જોડી નિત પ્રેમ સું, **ઋષભ** કવિ ગુણ ગાય. ૩૬

ચોપાઈ

**ઋષભ** કવિ તાહરા ગુણ ગાય, હીઅડેં હરખ ઘણેરો થાય,
સકલ કવિને લાગો પાય, મિં ગાયો મુનિવર ઋષિરાય. ૩૭

કલસ

કવિ **ઋષભ** ગાયો કુમર ધ્યાયો સુખ સ્યું ગાયો શુભ પરિ,
મુનિ તણા ગુણ અભિરામ ગાતાં મંગલમાલા નિત્ય ઘરિ,
**તપગચ્છ** ગાજે ગુણ નિરાજેં અતિ દિવાજેં જગગુરૂ
શ્રી **વિજયસેન** સૂરિંદ સેવો સકલ સંઘ મંગલ કરો. ૫૩૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કવિની સ્વહસ્તલિખિત (અપૂર્ણ) પ્રત મારી પાસે છે તેમાં ઉપર ૫૩૭મી કડી છે. તેનો નં.૫૫૧ છે, પછી નીચે પ્રમાણે છે :

ચોપઇ

**ઋષભ** કવી ગુણ તાહારા ગાય, હઇડઇ હરષ ઘણેરો થાય,
સકલ કવીનિં લાગી પાય, મિં ગાયુ મુનીવર ઋષિરાય. ૫૫૨
ગાતાં ગુણતાં કવતાં ક્યાહિ, દૂષણ જે દિસે મતિ માંહિ,
તે પંડીત ટાલેજ્યુ તુમ્યુ, એણી વાતિં સુષ લહસ્યૂ અમ્યુ. ૫૩
આગઇ જે મોટા કવિરાય, તાસ ચર્ણરજ કવિ **ઋષભાય,**
સુરિષ મૂહઋરોમણિ સહી, ગુરુસેવાઈ એ બુધિ લહી. ૫૪
તે ગુરુ જતિ માંહિ મોટા ધીર, સીલિ જેહવો ગંગાનીર,
**વીજઇસેનસૂરી** તેહનું નામ, જેણઇ વશ કીધો બ્યરૂઓ કામ. ૫૫
તેહ તણઈ ચરણિ અનુંસરિ, રાજરષી ગુંણમાલા કરી,
સંવત **સોલ સીતેયુ** જસઇ, ચૈત્રી શુદિ દિન બીજહ તસિં. ૫૬
ગુરૂવારિ કીધો અભ્યાસ, **ત્રંબાવતી**મ્હા ગાયુ રાસ,
**પ્રાગવંશ** વડો જે ખાસ, **સાંગણસૂત** કવી **ઋષભદાસ.** ૫૭

(૧) પ.સં.૩૨, પ્રથમનાં ૧૭ અને ૨૮મું પત્ર નથી, મારી પાસે. (૨) લિ. અમદાવાદ નગરે પં. **મોહનદજી** વાચનાર્થં. સં.૧૭૯૦ વૈ.વદિ ૩ દિને **સામલાની** પોલિ મધ્યે. પ.સં.૧૦-૨૩, રત્ન.ભં. દા.૪૩ નં.૬૬.

**(૧૩૯૬)** [+] **કુમારપાલ રાસ** ૪૬૯૯ કડી ર.સં.૧૬૭૦ ભા.સુ.૨ ગુરુ ત્રંબાવતી(ખંભાત)માં

**આદિ–** સકલ સિદ્ધ ચરણે નમું, નમું તે શ્રી ભગવંત,
નમું તે ગણધર કેવલી, નમું તે મુનિવર સંત. ૧
નમું તે શ્રી જિનબિંબને, નમું તે સૂત્રસિદ્ધાંત,
નમું તે ચતુરવિધ સંઘને, નમું તે નર મહંત. ૨
નમું તે કિરિયાપાત્રને, નમું તે તપીઆ-પાય,
નમું તે નર શિલવંતને, જયમ સુખશાતા થાય. ૩
નમું તે ગુરૂ ગચ્છનો ધણી, નિર્મલ જસ આચાર,
મધુર વચન દિયે દેશના, વાણી સુધારસ સાર. ૪
વાણીએ જન રીઝવે, મહીમા **સરસતી** દેવ,
તેણે તુજને નમું, **શારદા** સારો સેવ. ૫
સમરૂં **સરસતી** ભગવતી, સમરાં કરે જે સાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હું મુરખ મતિ કેલવું, તે તાહારે આધાર. ૬

**અંત** – આગિં જે મોટા કવિરાય, તાસ ચરણરજ **ઋષભાય**,
**લાવણ્ય**, **લીંબો**, **ખીમો**, ખરો, **સકલ** કવિની કીરતિં કરો.
**હંસરાજ**, **વાછો**, **દેપાલ**, **માલ**, હેમની બુદ્ધિ વિશાલ,
**સુસાધુહંસ**, **સમરો**, **સુરચંદ**, શીતલ વચન જિમ શારદચંદ.
એ કવિ મોટા બુદ્ધિવિશાલ, તે આગલિં હું મુરખ બાલ;
સાયર આગલિ સરોવરનીર, કશી તોડી આજણુ નિં નીર. ૫૫

*

પૂર્વંઇ જે મહા પંડિત હવો, સૂરિ **સોમ** પંડિત અભિનવો,
પંચાસમિં પાટિ તે કહ્યો, **તપાગચ્છ** સિરિ કીટો થયો. ૫૮
**કુમારપાલ** પ્રબંધ જ કર્યો, સુણતાં નરનારી ચિત વર્યો,
શાસ્ત્રઈ સંખ્યા અડત્રીસ, ગ્રંથ કર્યો ગુરૂ નાંમી સીસ,
સંવત **ચઉદ બાણું**ઉ ભલો, **કુમારપાલ** ગાયો ગુણનીલો. ૬૦
કાવ્યશ્લોક ગદ્ય જૂનાં જેહ, કેતાએક માંહિ આણ્યા તેહ;
કેતાએક ભાવ ગુરૂમુખથી લહ્યા, તે મિં જોડિં વીવરી કહ્યા. ૬૧
સોય ગ્રંથ હવડાં વંચાય, મનમ્હાં મત રાખો શંકાય,
તે પ્રબંધ માંહિં છેં જસ્યું, **ઋષભ** કહે મેં આણ્યું તસ્યું. ૬૨

*

હીચ્ય રે હીચ્ય રે હીઈ હીંડોલડા–એ દેશી.

પુણ્ય પ્રગટ ભયો, પુણ્ય પ્રગટ ભયો, તો મુઝ મનિ મતિ એહ આવી,
રાસ રંગઇ કર્યો, સંસારસાગર તર્યો, પુણ્યની કોટડી મુઝ ફાવી—૫
**સોલ** સંવત્સરિ જાણુ વર્ષ **સીત્યરી**, ભાદ્રવા સુદિ સુભ બિજ સારી,
વાર ગુરૂ ગુણ ભર્યો, રાશિ **ઋષભઈ** કર્યો, શ્રી ગુરૂ સાથઇ બહુ બુદ્ધિ વિચારી. ૬ પુ.
દીપ જંબૂઅ મહિં ષેત્ર ભરતિં ભલો, દેશ **ગુજરાતિ**માં સોય ગાસ્યું,
રાય **વીસલ** વડો ચતુર જે **ચાવડો**, નગર **વીસલ** તિણઈ વેગ વાસ્યું. ૭. પુ.
સોય નગરિ વસઇ, **પ્રાગવંશિ** વડો, **મહરાજ**નો સુત તે સીહ સરિષો,
તેહ **ત્રંબાવતી** નગરઈ વાસો વસઈ, નામ તસ **સંઘવી સાંગણ** પેષો. ૮ પુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેહનઈ નંદનઈ **ઋષભદાસે** કહ્યો, નગર **ત્રંબાવતી** માહિ ગાયો,
કુમર નરેસરૂ, રાજઋષિ બિરદધરૂ, નામથી નવઇં નિધાન પાયો.
૯ પુ.

(૧) સં.૧૬૯૨ ચૈ.સુ.૧૩ **તાજગ્રામે** સા **પ્રેમજી** રૂપચંદ પઠનાર્થં. લ. ઠા. **મનજી વાસણ ભાટ**. પ.સં.૨૯૫–૧૦, ઘોઘા ભં. દા.૧૬ નં.૧. (૨) દેવવિજયગણિ શિ. પં. દર્શનવિજય શિ. પં. **ભાણુવિજય** લિ. સં.૧૭૯૧ કા.શુ.૨ ગુરૂ **સૂરાચંદ** નગરે **પદ્મપ્રભ** પ્રસાદાત્. પ.સં.૧૯૫–૧૩, ઈડર ભં. નં.૧૨૧. (૩) સં.૧૮૧૫ ભા.વદિ ૨ ભોમે **પાટણનગરે**. પ.સં.૧૪૦–૧૬, હા.ભં. દા.૭૯ નં.૨૬. (૪) સં.૧૮૧૬ માગશિર શુદિ ૧૩ સોમે **પાટણનગરે** લિ. પં. **માનવિજયજી** શિ. **લાભવિજયજી** વાચનાર્થં લષાવીતં. પ.સં.૧૪૧–૧૭, વી.ઉ.ભં. દા.૧૯ નં.૩. (૫) અપૂર્ણ, પ.સં.૧૧૬–૧૩, તિલક. ભં. મહુવા. (૬) પ.સં.૧૩૭–૧૪, ગોડીજી પાર્શ્વનાથ ઉ. મુંબઈ નં.૧૦૩૩. (૭) સં.૧૭૫૧ **જ્યેષ્ઠ તપાપક્ષે** ઉ. **જયમંદિર** શિ. ઉ. **જયપ્રભ** શિ. ઉ. **વિદ્યારત્ન** શિ. પં. **જયસુંદર** શિ. પં. **માનસુંદર** શિ. **વિવેકસુંદર** પઠનાર્થં **જહાંગીરપર** મધ્યે પં. **રત્નસુંદર** લિ. પદ્મસાગર ભં. જૈનશાળા અમ. (૮) સં.૧૭૫૮ કા.વ.૯ **તપાગચ્છે** શ્રી **વિજયદેવસૂરિ** સમવાય સાહા શ્રી **વેલજી સોમકરણનો** ચોપડો. પ.સં.૧૪૧, ગુ. (૯) સં.૧૯૦૫ માગ.વ.૧૦, પ.સં.૨૮૪, ફાર્બસ સભા, મુંબઈ નં.૩૬. (૧૦) પ.સં.૧૯૩–૧૩, હા.ભં. દા.૭૮ નં.૬. (૧૧) ગા.૪૫૯૨ શ્લો.૫૮૦૦ સં.૧૮૨૯ કા.શુ.૧૩ રવિ લિ. **પાહલણપુર** મધ્યે શ્રી **પાલહવીહાર પાર્શ્વ**પ્રસાદાત્. પ.સં.૧૫૨–૧૩, ગો.ના. (૧૨) સં.૧૮૩૦ કા.શુ.૧૫ પં. **રામવિજયગણિ** શિ. પં.**હંસવિજયગણિ** લિ. **સોરઠ** દેશે **વાલુકડ** ગ્રામે માં. **હરજી માનાણી** તથા **ગાંધી વસતાની** સાહજે લિખ્યો છે. શ્રી ગોડીરાયજીની સાહાય્યેં (બીજા અક્ષરમાં) તે રાસ પં. **કસ્તુરવિમલજી** શ્રી **તલાજાના** ચોમાસીનો છે. ચેલા **દયાવિમલને** ચરથે લષા છે. તે રાસની પ્રત વેચાતી લીધી છે. તેના રૂપીયા ૮ રોકડા પં. ગુમાનવીજેજીને દીધા છે. શ્રી **ભાવનગર** મધ્યે સં.૧૮૮૦ના માહા સુદની ૧૧સે ને વાર સનીને દિવસે તેની સાષ **સંઘવી વધુસાની** તથા **મેતા નથુની** તથા **પારેષ હેમરાજની** એની સાષે લીધો છે. તેનો દાવો ધકો કોય કરે તો તે રાસના રૂપીયા ૨૫ વીસ આપીને મર લે. લષીતં પં. ગુમાનવીજેજી. (ત્રીજા અક્ષરમાં) પં. **અમીવીમલજીની** પરત છે. મુની **અમીવિમલજીના** પાના છે ૧૭૭ તે છે સહી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ.સં.૧૭૭-૧૬, ઝીં. પો.૩૧ નં.૧૫૨. (૧૩) ઇતિ શ્રી કુમારપાલ ઋષિ-રાસ સંપૂર્ણ. સર્વગાથા ૪૬૯૯ ગ્રંથાગ્રંથ શ્લોક ૫૮૦૦ સં.૧૮૪૫ વર્ષે મહા વદિ ૨ દિને બુધવાસરે પ.સં.૧૫૪-૧૫, આ.ક.ભં. (૧૪) પંડિતશિરોમણિ પંડિતશ્રી ૫ શ્રી સુરકુશલગણિ શિ. ચરણપંકજમધુવ્રતાયમાનેન ગણિ. વિબુધકુશલેન લિપીકૃતં. સં.૧૭૦૪ વર્ષે ફાગુણ વદિ ૩ ગુરૌ. શ્રી કચ્છદેશે ધમડકા નગરે મહારાય શ્રી ખિંગારજી વિજયરાજ્યે. પ.સં.૧૫૮-૧૫, માં. ભં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૦, ૫૬૮).]

[પ્રકાશિત : ૧. આનંદ કાવ્ય મહોદધિ મૌ.૮.]

**(૧૩૯૭) જીવવિચાર રાસ** ૫૦૨ કડી ર.સં.૧૬૭૬ આસો શુદ ૧૫ ખંભાતમાં

**આદિ** – દૂહા.

સરસ વચન દી શારદા, તું કવીઅણુની માય,
તું આવી મુઝ મુખ્ય રમેય, મમ ચિંત્યું થાય. ૧
વાણી વાહન કવણ આહાર, તાસ પિતા કુંણ હોય,
તાસ સુતા સ્વામી ભલો, તેહનો બાલક જોય. ૨
તેહનું વાહન કવણ છે, તે વાહન જગી જેહ,
તે લંછણ નર જેહને, હું સમરૂ નિત્ય તેહ. ૩
સમરિ સુખ બહુ ઉપજે, પ્રણમે પરમાણંદ,
કનકવર્ણ જસ દેહમાં, પુજું ઋષભ જિણંદ. ૪
પ્રથમ જિનેશ્વર એ સહી, મહીઅલિ પહિલો રાટ્,
પ્રગટ કરી જેણઈ વલી, મુગતિનયરીની વાટ. ૫
પઢમ મુનીશ્વર એહવો, પ્રથમે કેવલજ્ઞાન,
ઋષભ કહે રંગે ધરૂં, ઋષભદેવનું ધ્યાન. ૬
જિણેં ધ્યાને મતિ નિર્મલી, સફલ હુઇ અવતાર,
આદિનાથ ચરણે નમી, કહિસ્યું જીવવિચાર. ૭

**અંત** – રાગ ધન્યાસી.

વીરવચન હઇઆ માંહીં ધરતાં, મુઝ મનિ અતિ આનંદોજી,
જીવવિચાર કહ્યો મિં વિવરી, ફલીઉ સુરતરૂકંદજી. વીર. ૪૮૪
ભણતાં ગુણતાં સુણતાં, સપદિ ઉછવ અંગણયે આજજી,
જીવવિચાર સુણી જીઉં રાષઇ, તેહનિં શિવપુર રાજજી. વીર. ૪૮૫
સકલ ધર્મ માંહિ મુખ્ય મંડે, જીવદયા તે સારીજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેણે પરપ્રાણી નિજ સંતોષ્યા, સોય તર્યા નરનારીજી. ૮૬
જીવદયા પાલતાં જાણો, નિર્મલ ઇન્દ્રિય પંચજી,
દીર્ઘ આય તસ રોગ ન આવે, રૂપ ભલું મુષ સંચ. ૮૭
છેદન ભેદન તે નવી પામે તે કહીઈ નહી દુષીઓ,
જાતે પંચેંદ્રિય સુષ વિલસે, તે નર સઘલે સુખીઓ. ૮૮
હૂં સુખીઓ સૂષ પામ્યો, હૂં સમજ્યો જીવવિચારજી,
પહનો પાંચમા ગુરુ આધારજી. ૮૯
શ્રી **વિજયાનંદ** સૂરીશ્વર સમર્યો, **તપગચ્છ**ઠાકુર વારૂજી,
**હીરપટોધર** હાથેં દીક્ષા, ભવિક લોકનો તારૂજી. ૯૦
જનમ તણો જે છે ભૂમિચારી, પરણ્યો સંયમનારીજી,
ક્રોધ માંન માયા નહિ મનમાં, આગમ અર્થ વિચારીજી. ૯૧
તૂઝ ચરણે શિરિ નાંમે કવિતા, તત્ત્વભેદ લહે સારજી,
ગુરૂ-આધારે ગ્યાન લહીને કીધો **જીવવિચાર**જી. ૯૨
સંવત **સોલ છયોત્યેર્યા** વરષે, આસો પૂર્નિમી સારજી,
**ષંભ** નયર માહિં નીપાઉ, રચીઓ **જીવવિચાર**. ૯૩
**સંઘવી** શ્રી **મહિરાજ** વષાંણું, **પ્રાગવંશ** વડ **વીસો**જી,
સમકીત સીલ સદાશ કહીઇં, પૂણ્ય કરે નિસદીસોજી. ૯૪
પડીકમણું પૂજા પરભાવન પોષધ પરઉપગારીજી,
વીવહાર શુદ્ધ ચૂંકે નહી ચતુરા શાસ્ત્ર સુ અર્થ વિચારીજી. ૯૫
**મહેરાજ**નો સૂત સંઘવી **સાંગણ**, **વીસલ** નગરનો વાસીજી,
જૈન ધર્મ માંહિં તે ધોરી, ન કરે વિકથા હાસીજી. ૯૬
વ્રત બાર ભણાવે જઇન રે, જીન પૂજે ત્રણિ કાલજી,
પરરમણી પરધનથી અલગા, ન દીએ પરને આલજી. ૯૭
તપજપ કીરિયા કહીને ન ચૂંકે, મૃષા ન બોલે પાંહિજી,
કર્મયોગેં આવ્યા ઉંતઉહોરા, નગર **ત્રંબાવતી** માંહેજી. ૯૮
**ઋષભદાસ** સંઘવી સુત તેહનો, જૈન ધર્મનો રાગીજી,
જાંણુ હુઓ મુનિવર મહિસાયે, કરે કવિત બુદ્ધિ જાગીજી. ૯૯
સકલ મુનીશ્વરને શરિ નાંમી, પ્રણમી કવિતા-પાયજી,
અરિહંતદેવ ભણે આરાધી, સમરી **બ્રહ્મ**સૂતાયજી. ૫૦૦
જીવવિચાર મેં કર્યો, વિવેકે પહોતી મનની આસજી,
ભણતાં ગુણતાં ગાજૂં, હઇંડઇ અતિઉલ્હાસજી. વીર.૫૦૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઋષભદાસ** કહે જે નર સુણસે, તે ઘરિ રિદ્ધિ ભરાસેજી.
સૂષસાતા સુધ ગુરૂની સેવા, દિનદિન ઉછવ થાશેજી. વીર. ૫૦૨
(૧) ગ્રંથાગ્ર ૭૧૪, લીંભં. [લીંહસૂચી.]

**(૧૩૯૮) નવતત્ત્વ રાસ** ૮૧૧ કડી ર.સં.૧૬૭૬ દિવાળી (કા. વદ) રવિવાર ખંભાતમાં

આદિ– દૂહા.

આદિ ધર્મ જિણઇ ઉધર્યો, **નાભિરાય**સુત જેહ,
**મરૂદેવી**પૂત જ ભલો, સહી સંભારૂં તેહ. ૧
**ઋષભ** જ નામ જગ રૂઅડું, કનકવર્ણ જસ કાય,
પૂર્વ લાખ ચઉરાસીઆં, આદીશ્વરનું આય. ૨
દેહિ લક્ષણ જસ દીપતાં એક સહસ નઈં આઠ,
ત્રતી આરઈ દેખાડતો, મુગતિનયરની વાટ. ૩
**અષ્ટાપદ** ગિરિ ઉપરિ, સહસ દસ પરિવાર,
**ઋષભદેવ** મુગતિં ગયા, ધનિ તેહનો અવતાર. ૪
સહસ ચુરાસી મુનિવરૂ, ચોરાસી ગણધાર,
ત્રિણ્ય લાખ અજીઆ નમું, **ઋષભ** તણો પરિવાર.

અંત – ઢાલ–ચૈત્રી પુનિમ દિન.

એ રાસ રચતા સુખશાતા હુઈ અંગિ, મનવાંછ્યો પામ્યો ફલ્યાં મનોરથ રંગિ,
તે નર પૂન્યવંતા હોઇ મનોરથ પૂરા, મન વાંછ્યૂં થાઇ જાણે પુણ્ય અંકુરા. ૮૮
જિનમંદિર મોટું કરીનઈ કલશ ચઢાવઇ, સંઘતિલક ધરાવી કરી યાત્ર ઘરિ આવઈ,
દાન વેલા જ્યારિં તેણી વેલા મલિ પાત્ર, તે નર પુણ્યવંતા નિરમલ તેહનાં ગાત્ર. ૮૯
કરી શાસ્ત્ર પીઠિકા ઉપરિ કલસ ચઢાવ્યો, ઇહિભવિ પરભવિ તે ભવહ ભવાંતર ફાવ્યો,
પુન્ય પસરઇ જાઝૂં જિમ જલ માંહિ તેલ, રૂધિ રમણી સુરસુખ સૂભ બંધવની વેલિ. ૯૦
ઇન્દ્રી તસ નિર્મલ અતિ પોઢું તસ આય, ફલઇ સુરતરૂ અંગણિ કામધેનુ ઘરિ ગાય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંડપ ધરિ તોરણુ હાથા કુંકમ કેરા, એ રાસ રચંતાં ફલ્યાં
મનોરથ મેરા. ૯૧

નવતત્વ રચ્યા મિં કવિજન-ચરણુ પસાયઇં, કાંઇ દૂષણુ દેખો
ટાલેજ્યો તુમ ત્યાંહિ;

હું બાલિક વાછો તુમ હસ્તી કવિરાય, તુઝ તુઝ ગલિ ઘંટા
તેણુઈં કાંઇ તોડિ ન થાય. ૯૨

હંસ ગરૂડ પંખી આંબ મર પંખિયા જોય, નામઈં સહુ સરીખા
અંતર સબલો હોઇ,

આગઈં જે કવિતા હું પણિ કવિતા નામ, ઇહાં અંતર જોજો
જિસ્યો નેસડો ગામ. ૯૩

વલિ સરિખો જોજે પીત હાટિકનો રંગ, પણિ અંતર બહુ છઈ
જિમ સેઢી નઈ ગંગ,

વલિ એણુઇ દષ્ટાંતઈં હું મુરિખ તુમ આગઈં, કાંઈક બુદ્ધિ પામ્યો
ચરણ તુમારઈં લાગિં. ૯૪

ઢાલ—હીંચ રે હીંચ રે એ દેસી.

સકલ કવિ મનિ ધરૂં ભગતી ગુરૂની કરૂં જેહથી જ્ઞાનના બિંદુ પામુ,
વર તપાગચ્છ પાટિં ગુરૂ હીરનઈં શ્રી વિજયસેનસૂરિ શીશ
નામું. ૯૫ સ.

જેહનઇં પાટ દીધા પછી વાધીઉ, ગચ્છ ગંગજલ પ્રવાહ પરિં,
શિષ્ય બહુ શિષ્યણી, શ્રાવક શ્રાવિકા, લીલલક્ષ્મી બહુ તેહ ઘરઈં.
૯૬. સ.

ભુવન મોટાં થયાં બિંબ ઝાઝાં કહ્યાં જ્ઞાન વૈરાગ્ય કીરિયા જ વાધી,
સોઇ ગુરૂ શિરિ ધર્યો રાસ ઋષભઈં કર્યો, રત્નની ખાંણિ મુઝ
આજ લાધી. ૯૭. સકલ.

તેહનઇ પાટિ શ્રી વિજયતિલકસૂરિ શીલ નઇ જ્ઞાન બે પક્ષ પૂરો,
અસત્ય બોલઇ નહિ અઈબ બોલઇ નહિ ઈંદ્રીઅ પાંચ દમવા
જ સૂરો. ૯૮. સ.

તેહનઈં પાટિ એક પુરૂષ પણિ પ્રગટીઉ, નહીં જ નંઘા તસ
ખિમા પૂરી

મધૂર વાણી ભલિ ગાજતી ગોહરી, નામ શ્રી વિજયાનંદસૂરી.૯૯ સ.

શ્રાવક તેહનો પ્રાગવંસિં વડો નામ મહિરાજ સંઘવી જ કહીઇ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાન નઈં શીલ તપ ભાવના ભાવતાં, સમકિત શીલવ્રતધાર લહીઇ. ૧૦૦
તેહનો પુત્ર ભલ **સંઘવી સાંગણ**, દ્વાદસવ્રત સમકિત સાથિં,
પોષધ પૂન્ય ઉપવાસ બહુ આદરઇ, અરિહંત પૂજઇ નિત આપ હાથઈં. ૧. સ.
તેહનઈં નંદનઈં **ઋષભદાસઈં** કર્યો સંવત **સોલ છોહોત્તર** જ્યારિ,
માસ કાર્તિક ભલો દિવસ દીપક તણો, વાર આદિત્ય ભાખું જ ત્યારિં. ૨
**રાસ નવતત્ત્વ**નો એહ સુહામણો નગર **ત્રંબાવતી** માંહિ કીધો,
સાસ્ત્ર બહુ સાંભલી અરથ લીધા વલી, વચન જિહ્‌વા તણો ફલહી લીધો. ૩
જોડતાં સુખ બહુ સુણુત શાતા સહૂ, વાંચતાં વંછિત વસ્તુ લહીઈ,
રાસ **ઋષભિં** કીઉ **ઋષભજિન** નામથી, ખેમકલ્યાણ ચિરંજીવ કહીઈ. ૪
સકલ કવિ મનિ ધરૂં ભગતિ ગુરૂની કરૂં.

(૧) સંવત ૧૭૬૬ વર્ષે ચૈત્ર વદિ ૧૫ રવૌ. પ.સં.૩૮–૧૪, પ્ર.કા.ભં. નં.૮૨૩. (૨) પ.સં.૩૩–૧૫, ઝીંઝુવાડા ભંડાર. (૩) સં.૧૭૧૬ ભા.વ.૩ ભૃગુવારે. પ.સં.૩૮–૧૧, હા.ભં. દા.૮૨ નં.૧૯૭. (૪) પ.સં.૪૬–૧૧, રત્ન ભં. દા.૪૨ નં.૩૭. (૩) ઝીં. પો.૩૮ નં.૧૭૯. [આલિસ્ટઑઇ ભા.૨.]

**(૧૩૯૯) + ભરત બાહુબલિ [ભરતેશ્વર] રાસ** ૧૧૧૬ કડી ૮૪ ઢાળ ર.સં.૧૬૭૮ પોષ શુ.૧૦ ગુરુ.

આદિ– દૂહા.

સાર વચન દ્યો **સરસ્વતી**, તું છે **બ્રહ્મ**સુતાય,
તું મુજ મુખ આવી રમે, જિમ મતિ નિર્મળ થાય. ૧
તું ભગવતી તું ભારતી, તાહરાં નામ અનેક,
હંસગામિની **શારદા**, તુજમાં ઘણો વિવેક. ૨
બ્રહ્માણી બ્રહ્મચારિણી, દેવકુમારી નામ,
ષટ્‌દર્શનમાં તું સહી, સહુ બોલે ગુણગ્રામ. ૩
વિદ્ગુષોની માતા સહી, વાગેશ્વરી તું હોય,
તું **ત્રિપુરા** બ્રહ્મવાદિની, નામ જપે સહુ કોય. ૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હંસવાહિની તું સહી, વાણી ભાષા નામ,
તું આવી મુજ મુખ વસે, જિમ હોય વાંછિત કામ. ૫.

ઢાલ ૧.

કરજો માતા વાંછ્યું કામ, પ્રથમ જપું હું તાહરૂં નામ,
તું મુજ માતા રાખે મામ, બોલું **ભરત** તણા ગુણગ્રામ.

**અંત** – ઢાલ ૮૪મી. દેશી–હીંડો હીંડો વાંમાકો. રાગ ધન્યાસી.
કીધો કીધો રે મેં રાસ અનૂપમ કીધો,
**મહીરાજનો** સુત **સંઘવી સાંગણ, પ્રાગ્વંશીય** પ્રસિધ્ધો રે. કી.૧
દાન શીલ તપ ભાવના ભાવે, શ્રી જિનના ગુણ ગાવે,
સાધુ પુરૂષને શીષ નમાવે, જિનવચને ચિત્ત ભાવે રે. કી. ૨
દ્વાદશ વ્રત તણાં તે ધારી, જિન પૂજે ત્રણ કાળ,
પોષધ પડિક્કમણાં પુન્ય કરતા, જીવદયાપ્રતિપાળ રે. કી. ૩
સંઘવી **સાંગણનો** સુત કવિ છે, નામ તસ **ઋષભ** જ દાસ,
જનની **સરૂપાદેને** શિર નામી, જોડયો **ભરતનો** રાસ રે. કી. ૪
સંવત **સોળ અઠયોતરે** આખું, પ્રગટયો પોસ જ માસ,
દશમિ તણો દાહડો અતિ ઉજ્વળ, પહોતી મન તણી આશ રે. કી.૫
ગુરૂવારે મેં રાસ નિપાયો, અશ્વિની તિહાં નક્ષત્ર,
**સંઘવી ઋષભદાસ** એમ ભાખે, **ભરતનું** નામ પવિત્ર રે. કી. ૬

(૧) સં.૧૬૭૯ કા.વદિ ૯ રવૌ અંબાવતી મધ્યે લ. પ.સં.૩૮–૧૫, જિનદત્તસૂરિ ભંડાર મુંબઈ પો.૧૦ નં.૧૦.

પ્રકાશિત: ૧. આનંદ કાવ્ય મહોદધિ મૌ.૩.

**(૧૪૦૦) ક્ષેત્રપ્રકાશ રાસ** ૫૮૨ કડી ર.સં. ૧૬૭૮ માધવમાસ શુદ ૩ ગુરુવાર ખંભાતમાં.

**આદિ** – ઢાલ–રત્નસારકુમારના રાસનો પહિલો.
**સરસતી** ભગવતી ભારતી ભાષા, તુઝ નામિ સુખશાતા રે,
તું પંડિત કવિજનની માતા, ત્હારા ગુણ વિખ્યાતા રે. ૧
પંડિત ગણધર ને આચાર્ય, મુનિ મોટા ઉવઝાય રે,
સુરનર કિન્નર ને વિદ્યાધર, સકલ લોક તુઝ ધ્યાય રે. ૨
ષટ્ દરિસણમાં તુઝને માંને, તુઝ વિણ કયાંહિ ન ચાલે રે,
અક્ષર એક કવે (એ કહિઈ) તુ કવીતા, જો તું વાણી આલે રે. ૩
તુઝ વિણ પંથ કુપંથ ન લહીઇ, ન લહે સાર અસાર રે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી દેવ ગુરૂ જિન ધર્મ ઓલખીઉ, તે તાહરો આધાર રે. ૪
એહવુ **પાસ** જિનેસ્વર સ્વામી, સ્તવીઓ મસ્તગ નામી રે,
તુઝ ધ્યાનિ ચિત ઠારૂં મ્હારૂં, વિવિધ વસ્ત મિં પામી રે. ૧૬
ઇચ્છા એક હુઇ મુંઝ હવડાં, સ્વાંમી પૂરો આસ રે,
સાર કરે નિજ સેવક કેરી, કહીઇસ્યૂં **ક્ષેત્રપ્રકાસ** રે. ૧૭

**અંત** – શાસ્ત્ર સુણતાં હૂં સુખ પામ્યો, પોહતી મનની આસોજી,
શ્રી ગુરૂ કવીનિં ચરણ પસાઇ, રચિઉ **ખિત્તપ્રકાશ**જી.
હું તો મૂરિખ કાંઈ ન જાંણું, લહૂં અક્ષર બેચ્યારજી
મોટી વાત જે ચઢી શરાડે, તે તો ગુરૂ-આધારજી. ૫૭૪
**વિજયાનંદ** સૂરીસ્વર સાચો, **તપાગચ્છ** શિરિ ટીલોજી,
સકલ ગુણે સંપૂર્ણ દીસે, જિમ સુરતરૂંઅર નીલોજી. ૭૫ કર્મ.
બાલપણે જે સંયમ ધારી, **હીર** તણો સિરિ હાથજી
તે ગચ્છનાયક જગિ જયવંતો, સેકલ મુનિનો નાથજી. ૭૬ કર્મ.
ગુણ છત્રીસે સૂરિ બિરાજે, રાગદ્વેષ મદ ટાલેજી
મીઠી મધૂરી દીએ દેશના, કુપથ પડતાં વાલેજી. ૭૭
તે ગચ્છનાયકનેં સિરિ નામી, કીધો **ક્ષેત્રપ્રકાશ**જી,
**ત્રંબાવતી** માંહિ જિન સાખિં, કવતાં પુહુતી આસજી. ૫૭૮
કર્મ અનંતાં તે નર ટાલે, જે નર શાસ્ત્ર નિહાલેજી.

રાગ ધન્યાશ્રી, ઢાલ દેસી હીંચ રે.

આજ આશા ફલી ર જેહ મિં **ક્ષેત્રપ્રકાશ** કીધો
સંવત **સિધિ સુનિ અંગ વિધુંભરા,** માંન બહુ માંન સ્યું સોએ પ્રસીધો. ૭૯ આ.
માધવ માસ માહિં પણિં નીપનુ, નીરમલી બીજ નિં ગુરૂહ વારે
રાસ વર **ક્ષેત્રપ્રકાશ** મિં જોડીઓ, નગર **ત્રંબાવતી** સોય મઝારિ. ૮૦ આ.
**પ્રાગવંસિં** વડો સાહ **મહીરાજ** જે, **સંઘવી** તિલક શિરિ સોય ધરતો.
શ્રી **શેત્રુંજય ગીરનારે** ગિરે **આબૂએ,** પુણ્ય જાણી બહૂ યાત્રા કરતો. ૮૧ આ.
પુત્ર ભલ તેહનો **સંઘવી સાંગણ,** સમકીતધારીઅ વિરતધારી (અવરહિતધારી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાંન ને શીલ તપ ભાવના ભાવતાં, જેહની મતિ છે સદાય
(સહીય) ગોરી. ૫૮૨ આજ.
(પા.) **સંઘવી સાંગણ**નો સુત વીનવે, નામ તસ સંગવી **ઋષભદાસો**
**સરસ્વતી** ભગવતી **પાસ**ના નામથી, આજ પોહતી મન તણીજ આશ,
આજ આશા ફલી.

(૧) પ.સં.૪૬-૧૧, રત્ન ભં. દા.૪૨ નં.૪૬. (૨) સં.૧૭૪૮ માહ શુદિ ૧૨ બુધવાસરે મહો. દેવવિજયગણિ શિ. પં. **માન**વિજયગણિ શિ. પં. **પ્રીતિ**વિજયગણિ પં. કેશરવિજયેન લિ. ખંભાયત બિંદિરે. પ.સં. ૨૧-૧૬, ગોડીજી ઉપાશ્રય ભં. મુંબઈ નં.૧૦૩૨.

**(૧૪૦૧) સમકિતસાર રાસ** ૮૭૯ કડી ર.સં.૧૬૭૮ જેઠ શુદ ૨ ગુરુ ત્રંબાવતી(ખંભાત)માં

**અંત –** ઢાલ-દેસી. કહણી કરણી તુજ વણ દુજો.
આશા પોહોતી મુઝ મન કેરી, રચીઉં **સમકીતસાર**જી,
અક્ષર પદ ગાથા જે જાણૂં, તે કવીનો આધારજી.
આશા પોહોતી મુઝ મન કેરી. ૫૮
આગિ જે કવી હૂંઆ વડેરા, હું તસ પગલે દાસજી,
તેહના નામ તણા મહીમાથી, કીઓ **સમકીતરાસ**જી. આશા. ૫૯
રાસ રચંતા દૂષણ દીસઈ, તે મતિ માહારી થોડીજી,
પૂરા ભેદ નવિ સમજૂં સુધા, પદ નવી જાણૂં જોડીજી. આશા. ૬૦
તુંમ આધારિ બુદ્ધિ વિન બોલુ, સૌમ્યદષ્ટિ તૂંમ કરયોજી,
વિબુધપણઈ સોજી સૂધ કરજ્યો, દૂષણ તુમ કાં ધરજ્યોજી. આશા. ૬૧
મિં માહારી મતિ સારૂ કીધો, સેવી પંડીતપાઇજી,
ગુરૂમહિમાથી ફલો મનોરથ, રચ્યંતું કારય થાઇજી. આશા. ૬૨
ગુરૂથી સુખીઓ ગુરૂથી શુભ ગતિ, ગુરૂથી નીજ ગુણ વાધઇજી,
ગુરૂથી ગ્યાની ગુરૂથી દાની, આગમ અર્થ બહુ લાધઇ જી. આશા. ૬૩
ગુરૂથી કચરીઆ, નર નિસ્તરીઆ, અંતરિ ઊપશમ ભરીઆજી,
ગુરૂથી ગાજઇ કચાહાં નરી ભાજઇ, ગુરૂનામિં બહુ તરીઆજી.
આશા. ૬૪
તેણઈ કારણિં નર ગુરૂનિં સેવો, નમિં **વિજયાનંદ**જી,
ગ્યાનવંત નામ જપંતાં, ઓછવ બહુ આનંદજી. આશા. ૬૫
બાલપણઇ જે સંયમધારી, જનમ તણા બ્રહ્મચારીજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગમ દરીઓ ઉપશમ ભરીઓ, ન કરિ તાતિ પીઆરીજી.
આશા. ૬૬
હીરપયોધર હાથિં દીષ્યા, દોષરહીત લઈ ભીક્ષાજી,
મધુરૂં બોલઇ ઇષુરસ તોલઇ, સુપરિં દઈ નર સીક્ષાજી. આશા. ૬૭
જેહ નીરોગી સુધો જોગી, વઇર વિરોધ સમાવઇજી,
વીજયાનંદસુરીનિં સેવઈ, તે સુખશાતા પામઇજી. આશા. ૬૮
તપગછધોરી કીરતિગોરી, રૂપવંત આચારીજી,
ગુણ છત્રીસે જે નર પુરો, જેણુઇ તાર્યાં નરનારીજી. આશા. ૬૯
તે સહિગુરૂના ચર્ણ પખાલી, સેવી સરસતિપાઈજી,
ચોવીસઇ જિન ગણધર નામિં, સમકીતસાર રચાઈજી. આશા. ૭૦
વારણ વાડવ રસ સસી સંખ્યા, સંવછરની કહીઇજી,
શ્રીપતિ વૃધ સહોદર સગપણિ, માસ મનોહર લહીઇજી. આશા. ૭૧
પ્રથમ પક્ષ ચંદ્રોદઇ દુતીઆ, ગુરૂવારિં મંડાણુજી,
ત્રંબાવતી માહિં નીપાઓ, વિબુધ કરઈ પરમાણુજી. આશા. ૭૨
શ્રી સંઘવી મહઈરાજ વખાણું, વીસલનગરના વાસીજી,
વડા વીચારી સમકીતધારી, મિથ્યા મતિ ગઈ ન્હાસીજી. આશા. ૭૩
તાસ પૂત્ર છઈ નયન ભલેરા, સાંગણ સંઘ ગછધોરીજી,
સંઘપતિ તીલક ધરાવ્યાં તેણુઈ, વાધી પૂજ્યની દોરીજી. આશા. ૭૪
બાર વરતના જે અધિકારી, દાન શીલ તપ ધારીજી,
ભાવિં ભગતિ કરઇ જિન કેરી, નવિ નરખઇ પરનારીજી. આશા. ૭૫
અનુંકરમિં સંઘવી જે સાંગણ, ત્રંબાવતી માહ આવેજી,
પોષધ પૂણ્ય પડીકમણૂં કરતા, દ્વાદશ ભાવના ભાવઈજી. આશા. ૭૬
શ્રી સંઘવી સાંગણસુત પેખો, ઋષભદાસ ગુણ ગાયજી,
પ્રાગવંશ વીસો વીસ્તાર્યો, રીડી મા તું પસાઇજી. આશા. ૭૭
ચોવીસઇ જિનનામ પસાયિ, સારદાનો આધારજી,
રીષભદાસ કવી રચના કરતો, કવીઓ સમકીતસારજી. આશા. ૭૮
ભણઇ ગુણઇ વાંચઇ વંચાવઈ, તે ઘરિ ઋદ્ધિ ભરાઇજી,
ઋષભ કહઈ એ રાસ સુણંતાં, સમકીત નીર્મલ થાઇજી. આશા. ૭૯

(૧) ઇતિ શ્રી સમકીતસાર રાસ સમાપ્તઃ ગામ ત્રંબાવતી મધે લખીતં સંવત્ ૧૬૭૯ વર્ષે વૈશાખ શુદિ ૩ ભુંમે.

યાદશં પુસ્તકં દૃષ્ટા તાદશં લિખિતં મયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યદિ શુદ્ધમશુદ્ધં વા મમ દોષો ન દીયતે
ભગ્ના પૃષ્ઠી કટી ગ્રીવા નેત્રસ્પ્યાયધોમુખં
કષ્ટેન લખિતં શાસ્ત્રં યત્નેન પરિપાલયેત્
જલાત્ રક્ષેત્ તૈલાત રક્ષેત્, રક્ષેત્ સ્થલબંધનાત્
પરહસ્તગતા રક્ષેત્ એવં વદતિ પુસ્તિકા. ૧૩

શ્વેતાંબરે લઘુશાખાયાં લેખક કાન્હજી લખીતં. ભાં.ઇ. સને ૧૮૮૭-૯૧ નં.૧૪૯૪.

**(૧૪૦૨) + બાર આરા સ્તવન અથવા ગૌતમ પ્રશ્નોત્તર સ્ત.** ૭૬ કડી ૨.સં.૧૬૭૮ ભાદ્રપદ શુ.૨ ત્રંબાવતી(ખંભાત)માં

આમાં દેશીઓ આ છેઃ ઢાલ ૨ મનોહર હીરજી રે, ઢાલ ૩ સુરસુંદરી કહી શિર નામી, ૪ ભાવિ પયોધર વીરનો, ૫ કાન્હ વજાડિ વાંસલી, ૬ સીહ તણી પરિએ બોલો, ૭ પાટકુસુમ જિનપૂજ પલૂપઈ, ૮ સાલિભદ્ર મોહ્યો રે શિવરમણી રસિ રે, ૯ રામ ભણઇ હરિ ઉઠીઇએ, ૧૦ પ્રણમી તુમ સીમંધરૂજી, ૧૧ મગધ દેસકો રાજ રાજેસર, ૧૨ ચંદાયણની.

આદિ – દૂહા.

સરસતિ ભગવતિ ભારતી, બ્રહ્માણી કરિ સાર,
આરા બાર તણો વલી, કહિસ્યું સોય વિચાર. ૧
વરધમાન જિનવર નમૂં, જસ અતિસય ચોતીસ,
સમોસરણિ બેઠા પ્રભુ, વાણી ગુણ પાંત્રીસ. ૨
ગોતમ પૂછિ વીરનિ, પરઉપગારાં કામિ
અનેક બોલ વિવરી કરી, ભાષિ ત્રિભોવનસ્વામિ. ૩

અંત – પૂછ્યાં વચન કહ્યાં તે વીરિ, ચિત્તમાં ધરીયાં ગૌતમ ધીરિ,
ભણતાં ગુણતાં સુષ શરીરિ, ઋદ્ધિ ઘણી ઘર ભરીયા ચીરિ. ૭૪

કલશ.

ભલ સ્તવન કીધૂં નામ લીધૂં ગૌતમ પ્રસ્નોત્તર સહી,
સંવત સિદ્ધિ મુનિ અંગ ચંદિ ભાદવ સુદિ દ્વિતયા તહી. ૭૫
તપગછતિલક સમાન સહગુરૂ શ્રી વિજયાણંદ સૂરીસરો,
સાંગણતો સુત ઋષભ બોલિ, કહિ ગછ મંગલ કરો. ૭૬

(૧) સં.૧૭૮૬ કા.વ.૧૦ સાકરબાઇ પઠનાર્થે. પ.સં.૫-૧૦, સીમંધર. દા.૨૦ નં.૭૮. (૨) પ.સં.૪-૧૩, જશ. સં. (૩) પ.સં.૧૧-૧૨, તેમાં પ્રથમનાં ૪ પત્ર, મો. મો. સાગર ઉ. પાટણ દા.૭ નં.૩૫. (૪) પ.સં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫–૧૧, વડા ચૌટા ઉ. પો.૯. (૫) સં.૧૮૮૮ માગ.શુ.૧૦ બુધે એટકપુરે રસુલપુરા મધે શ્રી રીષભદેવ પ્રભુ પ્રસાદાત્ પંન્યાસ રાજરત્ન શિ. હીરરત્ન કૃતબાઇ પઠનાર્થં. પ.સં.૪–૧૩, ખેડા ભં.૩. (૬) સંવત ૧૬૯૦ વર્ષે પોસ સુદિ ૨ રવૌ લખિતં. પ.સં.૪–૧૪, વિ.ધ.ભં. (૭) સં.૧૭૨૨ આશો શુ.૧૫ ભોમે લિ. પ.સં.૬–૧૦, આ.ક.ભં. (૮) પ.સં.૫–૧૨, આ.ક.ભં. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી (ભૂલથી 'પાર્શ્વનાથ પ્રશ્નોત્તર' એ નામથી), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૪, ૨૬૯, ૨૭૨, ૨૮૫, ૪૦૧, ૪૩૫, ૪૯૪, ૫૦૭).]

પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૩ પૃ.૧૧૭–૨૫. [તથા અન્યત્ર.]

(૧૪૦૩) **ઉપદેશમાલા રાસ** ૬૩ ઢાળ ૭૧૨ કડી ર.સં.૧૬૮૦ માહા સુદ ૧૦ ગુરુવાર

**આદિ** – દૂહા.

વેણા વંશ વજાવતી, ધરતી પુસ્તગ હાથિ;
બ્રહ્મસુતા હંસિ ચઢી, બહુ દેવી તુમ સાથ. ૧

**અંત** – ઢાલ ૬૨. દેશી–હીચ્યે હીચ્યે રે. રાગ ધન્યાસી.

એણી પરિ બોલિયા ગણિ **ધરમદાસ** જે, ગ્રંથ **ઉપદેશમાલા** જ કીધો.
તેહનો રાસ રચિઉ બહુ ભાંતિ સ્યું, તેહ ભણિ વિબુધ જન માંહિ પ્રસિદ્ધો રા.
રાસ રંગે કર્યો રાસ રંગે કર્યો સૂરિ **વિજયાનંદ** સીસ નામિ.
એહ **ઉપદેશમાલા** ગ્રંથ જોડતાં, વસ્ત વિવધિ વારૂ વાનીઅ પામી. રા. ૯૪
સરસ વલી **વીર**ના નામથી નીપનો, એહ રહો જીહાં રવિ ચંદ ધરતી;
ચંદ્રવિમાન જગતિલગિ જાણજ્યો, ધર્મ સમૂલ હુઇ જેહ કરતી. રા. ૯૫
કવણ દેશિ થયો કવણ ગામઇ કહ્યો, કવણ રાયિં લહ્યો એહ રાસો.
કવણ પુત્રેં કવ્યો કવણ કવિતા ભયો, કવણ સંવચ્છર કવણ માસો. રા. ૯૬
કવણ દિન નીપનો, કવણ વારઇ હુઓ, કરિઅ સમસ્યા સહુ બોલ આણુઇ.
મૂઢ અણઅખ્યરી સોય શું સમજસઇ, નિપુણ પંડિતવરા તેહ જાણુઇ. રા.

ઢાલ ૬૩ ચોપઇ

પાટણ માંહિ હુઓ નર જેહ, નાતી ચોરાસી પોષણ તેહ;
મોટા પુરૂષ જગિં તેહ કહેશ, તેહનિં ન્યાતનિં નામિં દેશ.
[ગુર્જર દેશ] ૬૯૮
આદિ અખ્યર વિણ બીબઇ જોય, મધિ વિના સહુ કોનઇ હોય.
અંતિ અખ્યર વિણ ભુવન મઝારિ, દેશિ નગરિં નામ વિચારી.
[ખંભાત] ૬૯૯
નલવટિ લાગો પદવી દેહ, પરનસહ્યાની ભગતિ કરેહ.
તેહનું મંડણ ગુણ ખંચતો, તેણઇ નામિ પૃથિવીપતિ છતો. [?] ૭૦૦
નિસાંણુ તણો ગુરૂ અખ્યર લેહ, લઘુ દોય ગણપતિનાં જેહ,
જિભિં નાભ ભલું જે થાય, તે કવિ કેરો કહુ પિતાય.
(સાંગણ) ૭૦૧
ચંદ અખ્યર ઋષિ ધુરથી લેઉ, મેષલા તણોય નયનમો જેહ,
અખ્યર ભુવનમો શાલિભદ્ર તણોય, કુસુમદામનો વેદમો ભણો. ૭૦૨
વિમલ-વસઇ અખ્યર બાણુમો, જોડી નામ કરો કાં ભમો?
[ઋષભદાસ]
શ્રાવક સોય એ રાસ નિર્માતા, પ્રાગવંસ વીસા વિખ્યાત. ૭૦૩
દિગ આગલિ લઇ બિંદુ ધરો, કલા સોય તે પાછળ કરો,
કવણ સંવચ્છર થાઈ વલિં? ત્યારઇ રાસ કર્યો મનરલી.
(સં. ૧૬૮૦) ૭૦૪
ગુરૂ અખ્યર લેઇ કરી કુમાર, એક લઈ ભારે દેખી હાર,
બેહુ મલી નીપાયો નામ, તેણઇ માસઇ કીધું શુભ કામ. [માહા] ૭૦૫
આદિ અખ્યર વિણુ કો મમ કરો, મધિ વિના સહુઇ આદરો,
અંત વિના શિર રાવણ જોય, અજુઆલી તિથિ તે પણિ હોય.
[દશમી] ૭૦૬
સકલ દેવ તણો ગુરૂ જેહ, ઘણા પુરૂષનિં વલ્લભ તેહ,
ધરિ આવ્યો કરઇ જયકાર, તેણઇ વારિ કીધો વિસ્તાર. [ગુરુવાર]
૭૦૭

સાંભરિયા ગુણ ગાવા મુજ મનિ હીરના એ દેશી. રાગ ધન્યાસી.
વલિ વિસ્તાર કર્યો મેંઇ રંગઇ રાસનો રે, આતમહિતનિં કાજી.
વરનિ રે નરની રે તરવા કાજી બેડિલી રે. ૭૦૮



जैन साहित्य
JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુગતિનગરનો દીવો એ સહી રે, ટાલઇ પાપ-અંધાર,
રાસો રે વાસો રે સુખ અનંતનો આપતો રે. ૭૦૯
મંગલિક સકલમાં પઇહઇલો એ સહી રે, ભણતાં જઇજઇકાર,
સુણતાં રે ગુણતાં રે સકલ સંઘ મંગલ કરૂં રે. ૭૧૦
જે નરનારી શુભ ગતિ બારી ઇચ્છતા રે, સોય સુણો એ રાસ.
આસો રે તાસો રે પહોંચઇ સઘલી મન તણી રે. ૭૧૧
કામગવી ન ચિંતામણી શુભ સુરતરૂ રે, તે હું પામ્યો આજ,
માહારા રે મનનો રે સકલ મનોરથ સહી ફલ્યો રે. ૭૧૨

(૧) સં.૧૭૧૫ વર્ષે ચૈત્ર વદિ ૯ સોમે લિખિતં. પ.સં.૩૪, અમર. ભં.

**(૧૪૦૪) + હિતશિક્ષા રાસ** ૧૮૬૨ કડી ર.સં.૧૬૮૨ માધવ માસ સુદ ૫ ગુરુ ખંભાતમાં

આ 'હિતશિક્ષા રાસ'નું રહસ્ય 'જૈન ધર્મપ્રકાશ'માં સાર રૂપે શેઠ કુંવરજી આણંદજીએ લખી કટકેકટકે પ્રકટ કર્યું હતું અને તે જુદું પુસ્તકાકારે પણ જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રકટ થયું છે. આમાં સોરઠા, દુહા, છપ્પા એ છંદો ઉપરાંત નયસુંદરના 'સુરસુંદરી રાસ'ની ઢાળો નામે 'સુરસુંદરી કહે શિર નામી' તેમજ 'છાનો રે છૂપીને કંતા કિહાં રહ્યો રે' (આનંદ કાવ્ય મહોદધિ મૌ. ૩જું પૃષ્ઠ ૨૭૩), સમયસુંદર કવિની 'પ્રત્યેકબુદ્ધ રાસ' પૈકી પ્રસિદ્ધ ઢાળ નામે 'હવે રાણી પદમાવતી' વગેરે તેમજ વિનયપ્રભના 'ગૌતમ રાસ'ની 'જિમ સહકારે કોયલ ટહુકે' એમ પોતાના પૂર્વગામી કવિઓની ઢાળો લઈ પોતે ઢાળો-દેશીઓ કરી છે. આ રાસમાં પુષ્કળ સુભાષિતો મળી આવે છે.

**આદિ** – **કાસમીર** મુખમંડણી, ભગવતિ **બ્રહ્મ**સુતાય,
તું **ત્રિપુરા** તું ભારતી, તું કવીજનની માય. ૧
તું **સરસતિ** તું **શારદા**, તું બ્રહ્માણી સાર,
વિદુષી માતા તું કહી, તુઝ ગુણનો નહિં પાર. ૨
હંસગામિની તું સહી, વાઘેશ્વરી તું હોય,
દેવિ કુમારી તું સહી, તુઝ સમ અવર ન કોય. ૩
ભાષા તું બ્રહ્મચારિણી, તું વાણી દે વાણી,
હંસવાહિની તું સહી, ગુણ સઘલાની ખાણિ. ૪
બ્રહ્મવાદિની તું સહી, તું માતા મતિ દેહ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તું રમજે મુખ માહરે, ચિંત્યું કાજ કરેહ. ૫

ઢાલ ચોપાઇની દેશી.

ચિંત્યું કાજ કરેશું આજ, તુઝ નામે સવિ સરિયાં કાજ,
તુઝ નામે બુદ્ધિ પામું સાર, જ્ઞાન વિના જીવિત ધિક્કાર. ૧
તે દારિદ્રી જગમાં ભલા, જ્ઞાનસહિત દીસે ગુણનિલા,
અર્થસહિત ને શાસ્ત્રરહિત, તે નર નાવે મ્હારે ચિત્ત. ૨
જ્ઞાની કાપડી આગલ કર્યો, મૂરખ મહોટો ભૂષણ ભર્યો,
બહુ આભરણે શોભે નહિં, જ્ઞાન ભલો તો શોભે તહીં. ૩
જ્ઞાની નર સઘલે પૂજાય, નરપતિ નિજ નગરે જ મનાય,
જ્ઞાની ભલો નર જેહુ કુરૂપ, કોણ જુવે કોયલનું રૂપ. ૪
કોયલરૂપ સ્વર મધુરો જેહ, તપસ્વીરૂપ ક્ષમા જ કહેહ,
પતિવ્રતા નારીનું રૂપ, કુરૂપને વિદ્યા જ સુરૂપ. ૫
અધિકું રૂપ તે વિદ્યા કહી, ગુપ્ત ધન તે વિદ્યા સહી,
યશ-સુખની દેનારી એહ, વાટે બાંધવ સરિખી જેહ. ૬
વિદ્યા રાજભવને પૂજાય, વિદ્યાહીન અજ પશુઆ માય,
લક્ષ્મી પણ જુગતી શોભતી, જો ઉપર બેઠી **સરસ્વતી.** ૭
નાણાં ઉપર અક્ષર નહિં, તે નાણું નવિ ચાલે કહિં,
જિહાં અક્ષર તિહાં મહત્ત્વ તે બહુ, ઉત્તમ અંગ તે પૂજે સહુ. ૮
તિણુ કારણ અધિકી **સરસ્વતી,** જેહથી ગણધર હુઆ યતી,
આચારિજ મહોટા ઉવઝાય, પંડિત પદ તે તુઝથી થાય. ૯
મુગતિ તણી પદવી પણ હોય, જ્ઞાન સમું નહિં દૂજું કોય,
જેહથી સકલ ભેદ જન લહે, સ્વર્ગનરગની વાતો કહે. ૧૦
કહે પૃથિવીસાયરનાં માન, નદી ડુંગર ને નગર નિધાન,
જીવ-અજીવના ભાખે ભેદ, ભાખે વિવરી ત્રણ્યે વેદ. ૧૧
જાણે પુણ્યપાપની વાત, સાધુધર્મ શ્રાવક અવદાત,
ભવ્ય-અભવ્ય જ્ઞાની ઓલખે, મૂરખ અણુસમજુ સહુ ભખે. ૧૨
તેણે જ્ઞાન અધિક કહેવાય, લહે શારદ તણે પસાય,
વેદપુરાણ પિંગલ તો થયું, પ્રથમ નામ શારદનું ગ્રહ્યું. ૧૩
કવિત કાવ્ય ને ગાથા માંહિ, ભાષા વિણુ નવિ ચાલે ક્યાંહિ,
આગમ ચરિત્ત રાસ ને ભાસ, સચરાચર જગ તારો વાસ. ૧૪
તું પુત્રી છો બ્રહ્મા તણી, તાહરી શોભા દીસે ઘણી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સખરૂં રૂપ સુકોમલ અંગ, તું માતા મુઝ રાખે રંગ. ૧૫
ગુણ તાહારા નવિ લાધે પાર, તું કરજે કવિજનની સાર,
આજ હુઓ હૈડે ઉલ્લાસ, નીપાઉ **હિતશિક્ષા રાસ.** ૧૬

**અંત** – ઢાલ ઉલાલાની દેશી ૨.ગ ધન્યાશ્રી.

કહ્યો હિતશિક્ષાનો રાસ, પહોતી મનડા તણી આશ,
મંદિર કમલાનો વાસ, ઉત્સવ હોયે બારે માસ. ૧
સુણતાં સુખ બહુ થાય, માને મહોટા એ રાય,
સંપ બહુ મંદિરમાંય, લહે હયગય વૃષભો ને ગાય. ૨
પુત્ર વિનીત ઘરે બહુય, શીલવંતી ભલી વહૂય,
શકટ ઘણાં ઘરેં બહૂઅ, કીરતિ કરે જગ સહુઅ. ૩
એ હિતશિક્ષાનો રાસ, સુણતાં સબલ ઉલ્લાસ,
કર્યો **ખંભાયત**માં તાસ, જિહાં બહુ માનવવાસ. ૪

સર્વ ગાથા ૧૮૨૬.

ઢાલ ચોપાઈની દેશી

ઘણાં લોક વસે છે ત્યાંહિ, રાસ રચ્યો **ત્રંબાવતી** માંહિં,
સકલ નગરને નગરી જોય, **ત્રંબાવતી** તે અધિકી હોય. ૧

પછી જેમ 'હીરવિજયસૂરિ રાસ'માં છે (જુઓ હવે પછી) તેમ ખંભાતનું વર્ણન છે, પછી

પુણ્યવંત પોષધ ધરતા ત્યાંહિ, સાહમ્મીવાત્સલ્ય હોએ પ્રાહિં,
એ નગરીની ઉપમા ઘણી, **જાહાંગીર** પાદશાહ જેહનો ધણી,
તે **ત્રંબાવતી** માંહે રાસ, જોડંતાં મુઝ પહોતી **આશ.** ૧૬
**યુગલ સિદ્ધિ અને ઋતુ ચંદ ૧૬૮૨,** જુઓ સંવત્સર ધરી આનંદ,
માધવ માસ ઉજ્વલ પંચમી, ગુરૂવારેં મતિ હોયે સમી. ૧૭
મેં ગાયો **હિતશિક્ષા રાસ, બ્રહ્મ**સુતાયેં પૂરી આશ,
શ્રી ગુરૂનામેં અતિ આનંદ, વંદૂં **વિજયસેન** સૂરીંદ. ૧૮

ઢાલ આરતીની દેશીમાં રાગ ધન્યાશ્રી

વંદિયે **વિજયસેન** સૂરિરાય, નામેં જપંતાં સુખ સબલ થાય,
વંદિયે **વિજયસેન** સૂરિરાય.
**તપગચ્છનાયક ગુણ નહિં પારો, ઓસવંશે હુઆ પુરૂષ અપારો.** ૨

આ પછી 'હીરવિજયસૂરિ રાસ'માં પ્રશસ્તિમાં છે તે પ્રમાણે છે. તેમાં વિજયસેનને બદલે વિજયાણંદ મૂક્યું છે, અને થોડો વિશેષ વધારો

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. જે કંઈ ફેરફાર છે તે અત્ર આપેલ છે.

**સંઘવી સાંગણનો** સુત વારૂ, ધર્મ આરાધતો શક્તિ જ સારૂ. ૧૨
**ઋષભ** કવિ તસ નામ કહાવે, પ્રત ઊઠી ગુણ **વીરના** ગાવે. ૧૩
સમજ્યો શાસ્ત્ર તણા જ વિચારો, સમકિત શું વ્રત પાલતો બારો. ૧૪
પ્રહ ઉઠી પડિક્કમણું કરતો, બે-આસણું વ્રત તે અંગે ધરતો. ૧૫
ચઉદે નિયમ સંભારી સંક્ષેપું, **વીરવચનરસેં** અંગે મુઝ લેપું. ૧૬
નિત્ય દશ દેરાં જિન તણાં જૂહારૂં, અક્ષત મૂકી નિજ આતમ તારૂં. ૧૭
આઠમ પાખી પોષધ માંહિ, દિવસરાતિ સઝ્ઝાય કરૂં ત્યાંહિ. ૧૮
**વીરવચન** સુણી મનમાં ભેદું, પ્રાયેં વનસ્પતિ નવિ ચુંટું. ૧૯
મૃષા અદત્ત પ્રાય નહિં પાપ, શીલ પાલું મનવચકાય આપ. ૨૦
પાપ પરિગ્રહેં ન મિલું માંહિ, દિક્ષિ તણું માન ધરૂં મન માંહિ. ૨૧
અભક્ષ્ય બાવીશને કર્માદાન, પ્રાયેં ન જાયે ત્યાં મુઝ ધ્યાન. ૨૨
અનરથદંડ ટાલું હું આપ, શસ્ત્રાદિકનાં નહિ મુઝ પાપ. ૨૩
સામાયિક દિશિમાન પણ કરિયેં, પૌષધ અતિથિસંવિભાગવ્રત ધરિયેં. ૨૪
સાત ક્ષેત્ર પોષી પુણ્ય લેઉં, જીવ કાજે ધન થોડુંક દેઉં. ૨૫
ઇમ પાલું શ્રાવક આચારો, કહેતાં લઘુતા હોયે અપારો. ૨૬
પણ મુઝ મન તણો એહ પરિણામ, કોઇક સુણિ કરે આતમકામ. ૨૭
પુણ્યવિભાગ હોયે તિહાં મહારે, ઇસ્યુંઅ **ઋષભ** કવિ આપ વિચારે. ૨૮
પરઉપકાર કાજ કહિ વાત, ધર્મ કરે તે હોયે સનાથ. ૨૯
**ઋષભદાસેં** એ જોડિયો રાસો, સંઘ સકલ તણી પહોતી આશો. વંદિયેં. ૩૦

(૧) પ.સં.૭૩-૧૬, રત્ન ભં. દા.૪૧ નં.૬. (૨) લિ. પં. વિનયપ્રભુના સં.૧૭૬૮ આસો શુ.૧૩ ગુરૂ. પ.સં.૧૦૧-૧૧, હા.ભં. દા.૮૨ નં.૨૨૦. (૩) પ.સં.૬૧-૧૨, વટા ચોટા ઉ. પો.૧૬. (૪) સં.૧૮૨૭ કા.વ.૧ બુધે લ. પટેલ વરજલાલ બેણીદાસ આત્માર્થે શ્રી બેટકપૂરે શ્રી ભીડભંજનજી શ્રી અમીઝરાજી પાર્શ્વનાથ પ્રસાદાત્. પ.સં.૬૪-૧૮, ખેડા ભં. દા.૮ નં.૧૧૩. (૫) પ.સં.૧૦૮-૧૦, સુ.લા. ખેડા. (૬) સં.૧૭૮૪ માગ.શુ.૧૩, નીચે તપા પદ્મવિજયાદિનો ઇતિહાસ છે, પ.સં.૩૨, કૃપા. પો.૪૪ નં.૭૭૩. (૭) ઇતિ શ્રી સંઘવી ઋષભદાસકૃત હિતશિખ્યા સંપૂર્ણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાથા ૧૮૬૨ ગ્રંથાગ્રં ૨૩૨૫ સંવત ૧૮૫૬ વર્ષે આસુ માસે કૃષ્ણપક્ષે તૃતીયા તીથૌ નિશાપતિ વાસરે લિપીકૃતમ્ સંવિજ્ઞ: પં. શ્રી ૫ ન્યાનચંદ્રેણ લિષિતમ્ શ્રી ભાવનગર બંદરે શ્રીરસ્તુ. ભદ્રં ભૂયાત્ કલ્યાણમસ્તુ. શ્રી ઋષભદેવપ્રશાદાત્ લેખકપાઠકયો: ચિરંજીયાત. પ.સં.૬૯–૧૩, આ.ક. ભં. (પછી ગ્રંથની ટીપ છે.) [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમસિંહ માણક.

**(૧૪૦૫) જીવત સ્વામીનો રાસ** ૨૨૩ કડી ર.સં.૧૬૮૨ વૈશાખ વદ ૧૧ ગુરુ ખંભાતમાં

**અંત –** ઢાલ દેસી ચંદ્રગણી, રાગ કેદારૂ ગુડી

પૂજા પ્રતિમાનિ છઇ, જુઉં **રાયપસેણી** માહિં,
હૂઉ **ભગવતિસૂત્ર ઊવાઈ** માંહિં, જોજે **જીવા ભવવઇ** જ્યાંહિં.૨૧૩
**પંચમ અંગ અને ઠાણુંગ**, જો પૂજા શ્રાવક મનરંગ,
છઠિં અંગિં **દ્રુપદી** ધ્યાઇ, જિન પૂજંતાં બહુ સૂખ થાય. ૨૧૪
પૂજો **જીવતસ્વામિ** જિણંદો, જિમ ઘર હોઇ અતિ આણંદો,
ધ્યાન ધરંતા નવહી નિધાનો, રૂપ કાંતિ પામિં શુભ ગાનો. ૨૧૫
**ઋષભ** કહઇ મુઝ પહુતિ આસો, **જીવતસ્વામિ**નો ગાયો રાસો,
ભણતાં ગુણતાં સુણતાં સારો, સકલ સંઘનઈ જયકારો. ૨૧૬
માત **સારદા** તણેં પસાઇ, રચ્યો રાસ **ત્રંબાવતિ** માંહિં;
**બાહુ દિગ દરિસણ** નિં **ચંદિ**, જૂઓ સંવછર માન આનંદિ. ૨૧૭

*

માસ ભલો વૈશાખ વખાણું, વદિ અગ્યારસ નિરમલ જાણું,
ગુરૂવારિ કીધો અભ્યાસો, **જીવતસ્વામિ**નો જોડયો રાસો. ૨૧૯
ગછ **તપા** સુવિહિત મુનિરાઇ, **વિજયદેવ**સૂરિ પ્રણમું પાઇ,
શીલવંત સંયમનો ધારી, જનમ લગઇ છે તે બ્રમચારી. ૨૨૦
શ્રાવક તેહનો સબલ વિચારી, **સંઘવી સાંગણ** બારવ્રતધારી,
**ઋષભદાસ** સુત તેહનો જેહો, રચિં રાસ સુપરિં એહો. ૨૨૧
વંદો **વિજયાનંદ**સૂરી રાજા, રચિઓ રાસ અનોપમ આજ;
**વીર** જિણેશ્વર ચરમ તીર્થંકર, ગુણતાં સીઝઇ કાજ, રચિ. ૨૨૨
**જીવિતસ્વામિ** જિનવર મનોહર, પ્રણમેં જસ સુરરાજ
**ઋષભ** કહિ એ રાસ સુણંતા, વાધિ લખ્યમીં લાજ
રચીઉ રાસ અનોપમ આજ. ૨૨૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) મુનિ ભાણુવિજયેન લિ. શકંદરપુર મધ્યે. પ.સં.૧૩-૧૨, પ્રથમ પત્ર નથી, ડાયરા અપાસરા ભં. પાલણપુર. (૨) સં.૧૬૮૨ વૈ.વ.૧૧ ગુરૂ ખંભાત. [ભં.?]

(૧૪૦૬) **પૂજાવિધિ રાસ** ૫૬૬ કડી ૨.સં.૧૬૮૨ વૈશાખ સુદ ૫ ગુરૂ ખંભાતમાં

**આદિ –** દૂહા.

સરસ વચન દિઉં **સરસ્વતી**, સમરયાં કરજે સાર,
તુ તુઠિ સુષિ આપજે, વાણિનો વિસ્તાર. ૧
પદ પૂર્ણ અષ્યર સમા શબ્દ સાર ગુણ પરમ
આપે સુગણિ સાર દાન લહું પુરો ભરમ. ૨
ભેદભાવ ભલ ઊપજઇ, તુસઈ જો તુ પરાય,
**બ્રહ્મ**સુતા કમલિ વસઇ, તો મનિ ચ્યંત્યુ થાય. ૩
વાઘેસ્વરિ વાણિ વિના વચન હોઇ કિમ તંત,
સોમ્ય દષ્ટિ હોઇ **સારદા**, વચન વાણિ દીપંત. ૪
ષ્યોભ ન પામઇ બોલતો, પૂછ્યાં ઉતર દેહ,
સકલ શભા રંજઈ ઘણુ, ચ્યંત્યું કાજ કરેહ. ૫

**અંત –** મિ મનસ્યુધિં રચીયો રાસ, ફલ્યો મનોરથ પોહોતી આસ,
**ત્રંબાવતિ**મા જોજ્યો સહિ, સુણી પુરૂષ સહુ ગહગહઇ. ૫૯
સંવત **બાહુ સિદ્ધિ અંગ ચંદ**, શબ્દ આણુતાં રંગ,
વહઇસ્યાષ શુદિઇ જલ પંચમી, ગુરૂવારિ મતિ હુઈ સમી. ૬૦
જોડયો મિં **પૂજાવિધિ રાસ**, **બ્રહ્મ**સુતાઇ પૂરી આસ,
ભાષઇ કવિતા **ઋષભદાસ**, સુણતા ઘરિ કમલાનો વાસ. ૬૧

ઢાલ. કહરણી કહરણી તુઝ વિણુ સાચો. રાગ ધન્યાસી.

ઘરિ કમલા કંતા નિ ભ્રાતા, માત તાત સુત સારોજી,
હઇ ગઇ રથ ચ્યવરિ ગુણવંતી, અતિ પોઢો પરિવારોજી. ઘરિ. ૬૨
સાર વસી સઘલી ઘરિ લહિઇ, ગુરૂનામિં ગહગહીઈજી,
**શ્રી વિજયાણુંદ**સુરી શિરોમણી, નામઇ નવનિધિ સહીઇજી. ઘરિ.૬૩
**તપગચ્છ**નાયક સ્યુભ સુષદાયક ઉપશમરસનો દરિઓજી,
તેહ તણા પદપંકજ પુજી, રાસ પૂજાવિધિ કરિઓજી. ઘ. ૬૪
**પ્રાગવંશ**હ્માં **સંઘવિ સાંગણ**, બાર વરતનો ધર્મીજી,
દાન પૂણ્ય પડીકમણા કરતા પૂજા કરઇ નીત્ય સર્મીજી. ઘ. ૬૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સંઘવિ સાંગણ**નો સુત શ્રાવક, **ઋષભદાસ** ગુણ ગાવઈજી,
જે જિનની પૂજા આદરતો, અનંત સુષ તે પાવઈજી. ધરિ. ૬૬
(૧) છમણ્ણાં ૧૯૭૫માં લખેલી, પ.સં.૧૯-૧૫, વિ.ધ.ભં.

**(૧૪૦૭) શ્રેણિક રાસ** ૭ ખંડ ૧૮૫૧ કડી ૨.સં.૧૬૮૨ આસો સુદ ૫ ગુરુ ખંભાતમાં

**આદિ** – આદિ અનાદેઈ **સરસતી**, સદા જગિં તુઝ માન,
સહુકો સેવિ **સારદા**, બાલ કરિ તુઝ ધ્યાંન. ૧
ષટ્ દરસણમાંત્ત સહી, તહારો સઘલિ વાસ,
કરો કૃપા તો ગાઈએ, નર **શ્રેણિક**નુ રાસ. ૨
સમરૂં **સરસતિ** ભગવતી, ધ્યાંન ધરૂં નવકાર,
આદિ અનાદ અરહંત જપૂં, જંમ પાંમૂં ભવિપાર. ૩
સકલ સિધિ સમસ્ત સહી, ગણધર કરૂં પ્રણામ,
આરાધૂં ઊવઝાયનિ, જેમ સીઝિ મૂઝ કામ. ૪
સકલ સાધ સુપરિ નમૂં, કેવલગ્નાની સાધ,
સીયલવંત મૂંનીનઈ નમૂં, ન કરઈ કોહનઈ બાધ. ૫
ત્રવધિ તપીયા મૂની નમૂં, જંન પદમાનો જાપ,
આગલ મોટા કવિ નમૂં, નાસઈ પૂરવ પાપ. ૬
એણંઈ ધ્યાંનઈ મત નરમલી, મુખ **સરસત**નો વાસ,
પહેમ તીરથંકર એહ સંઈ, કહુ **શ્રેણિક**નો રાસ. ૭

ચોપઇ.

નૃપ **શ્રેણિક**નો ગાસૂં રાસ, ભણતાં ગુણતાં પોહુચઈ આસ,
કવણ દીપ કોણ ખેત્રે વાસ, કેહેસૂં દેસ નગર વલી તાસ. ૮

**અંત** – રાસ રચ્યો રંગિ કરી, નામી કવિજન સીસ,
હું બાલક છુ તુમ તણો, તુમથી લહુ જગીસ. ૧૮૦૭

ઢાલ. ચંદનભરી રે તલાવડી. રાગ મેવાડુ.

તુમ નામિં સુખ પામીઇ રે, ગુરુનામિ ગુણ હોઇ, સોભાગી,
શ્રી **વિજઆનંદ**નિ નમું રે, **તપગચ્છ**નાયક સુય, સો. કરિ કરિ સેવા ગુરુ તણી.
તપતેજિં કરી દીપતુ રે, વઈરાગી લઘુવેશ, સો.
ભવિજન લોકનિ તારવા રે, વીચરઈ દેશવિદેશ. સો. કરિ.
માહા ભાએગ નર એહનુ રે, સહુકો નમિઉ પાય, સો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઋષભિં રાસ રચ્યો સહી રે, શ્રી ગુરુચરણ પસાય. સે. ૧

દૂહા.

ગુરુનાંમિં જસ પામીઉ, બ્રમાણી આધાર;
શ્રી નવકારમહીમા થકી, વરત્યો જઈજઈકાર. ૧૧

ઢાલ. હીચો રે હીચો.

કામ સીધાં સહી, કામ સીધાં સહી, શ્રીઅ શ્રેણિકનૃપ રાસ કીધો,
એહ ત્રંબાવતી માંહિ ગાયો સહી, નગર સઘલાં માંહિ જે પ્રસીધો,
કોટ ત્રંબા તણો દિવ્ય કીધો, કાંમ સીધાં સહી. કામ. ૧૨
તપન તરપોલીઉં, કોટ બરજિં ભજ્યો, સાયરલહઇરિં બહુ વહાંણ આવઇ;
વસત વિવહારીઆ, કનકકોડે ભર્યાં, ઉઠિ પરભાતિ જિનમંદિર જાવઈ;
શ્રીઅ દેવગુરુ તણા ગુણહી ગાવઈ. કાંમ. ૧
પ્રવર પ્રાસાદ પંચ્યાસીઅ પ્રણમીઈ, જ્યાંહા પોશાલ બહઈતાલીસ દીસઇ,
ગોચરી સગમ તે સાધનિં અહીકણિં, અહીઅ રહતાં મુની મનહી હીસઈ;
તેહ જાંણો તુમ્હો વિસા જ વીસઇ. કામ. ૧૪
પોષધ પ્રાસાદ વ્યાપાર પાસઇ સહી, શાક પાસઇ લીઇ સ્વાદ રસીઆ,
ઋષભ કહઈ તેહ જગમાહ ધના સહી, જેઅ ત્રંબાવતી માહિં વસીઆ;
શાસ્ત્ર સુણવા નર જેઅ રસીઆ. કામ. ૧૫

દૂહા.

સકલ કામ સીધાં સહી, રચીઉ શ્રેણિક રાસ;
મેર મહી સુર ભુવન જિહાં, તવ લગિં એહનુ વાસ. ૧૬

ઢાલ. ઉતારે રે આરતી અરિહંતદેવા. રાગ ધન્યાસી.

સંભલાંવો રે નિશદિન રાસ રુડા, સાંભલી બાંધજ્યો પુન્યમૂંડા. સંભલાવો રે. ૧૭
સંવત બાહુ દીગ દરિસણ ચંદઈ માસ આસો તરપો જ આનંદિં. સં. ૧૮
ઉજલી પાંચમનિં ગુરુવારો, શ્રેણિક રાસનુ કીધ વિસ્તારો. સં. ૧૭

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સાતઈ ખંડ સંપૂરણ કીધા, આજ મનોરથ સઘલા સીધા. ૨૦
સાતઈ ખંડ સુણઇ નર જેહો, સાતઈ નરગ નિવારતા તેહો. સં. ૨૧
સાતઈ ખંડ સુણઈ નરનાર્યો, સાત ભઈ નુહઇ તસ ઘરિબાર્યો. સં. ૨૨
સાતઈ ખંડ સુણી જાગ્યો, સપત મુખી પ્રભવઇ નહી આગ્યો. સં. ૨૩
સાતઈ ખંડ ઉપરિ દિ ચીંતો, તસ ઘરિ નુહઇ સાતઇ ઈત્યો. સં. ૨૪
સાતઈ ખંડ રચઇ નર જેનિં, સાતઈ સમુદ્ર ન પ્રભવઇ તેનિં. સં. ૨૫
સાતઈ ખંડની સુણતાં વાતો, પુણ્ય પ્રગટઈ તસ સાતઈ ધાતો. સં. ૨૬
સાતઇ ખંડ લખી ગુણ ગાઇ, સાત કટિક તણો સ્વામી થાઇ. સં. ૨૭
સાતઈ ખંડ સુણિઇ નરરાયો, સપ્ત ઘોડા તણો નાયક થાયો. સં.
સાતઈ ખંડ સુણઇ નર જેહો, સપ્ત હાથી નર પામઈ દેહો. સં. ૨૮
સુણતાં ભણતાં ઇમ ગુણ થાઈ, લખાવતાં પુણ્ય કહિઉં ન જાઇ. સં.
પરત્ય લખાવી સાધનિં આલઇ, કાલ ઘણો પુણ્ય તે પણિ ચાલઈ. સં.
દેસ-પરદેસમ્હાં વિસ્તરઇ જ્ઞાનો, સગમ હોઇ તસ કેવલન્યાનો. સં.
જેહ જોડી ગુણ જિન તણા ગાઈ, તેહનુ પુણ્ય કાઇ લખ્યું ન જાઈ. સં.
જોડી **વીર** તણા ગુણ ગાવઈ, તીર્થંકર ગણધર પદ પાવઈ. સં.
ઈંદ ચક્રી ઈભપણું અજે કહીઇ, તિહની રિદ્ધ તો હાથમ્હાં લહીઇ. સં.
તેણઇ કારણિ **શ્રેણિક**નો રાસો, જોડી ગાઇ કવી **ઋષભદાસોં**. સં.
**પ્રાગવંસિ સંઘવી** જ **મઈહઈરાજો**, તેહ કરતા બહુ ધર્મનાં કાજો,
સંઘવી**સાંગણ**સુત વલી તાસો, અરિહંત પૂજઇ જિન **વીર**ના દાસો;
**સાંગણ**સુત કવિ **ઋષભ** જ **દાસો**, કરત **શ્રેણિક** નરરાયનો રાસો
ગણુતાં ભણતાં સુણતાં સારો, સકલ સંઘનિ જઈજઇકારો. ૧૮૩૯

(૧) સં.૧૭૦૧ વર્ષે, પ.સં.૫૯-૧૫, વી.ઉ.ભં. દા.૧૯ પો.૩. (૨) સં.૧૭૦૭ ચૈ.શુ.૧૪ ભોમે, પ.સં.૮૦-૧૩, પદ્મસાગર ભં. જૈ.શા. અમદાવાદ દા.૧૩ નં.૬. (૩) સં.૧૭૬૬ ભા.શુ.૩ બુધે લિ. મહો. **હીરચંદ્રગણિ** શિ. પં. **માનચંદ્રગણિ** શિ. પં. **ખીમચંદગણિ** શિ. પં. **કેસરચંદ્રેણ** લિ. **લાડુઆ શ્રીમાલી** જ્ઞાતીય **વૃદ્ધશાખાય** સા **નારાયણ** સુત સો **કીસન** તત્ સુપુત્ર સા **ભવાની** વાચનાર્થે સા. **મેઘરાજ**ના આગ્રહ થકી લખાપીત. **સુરતિ** મધ્યે લ. **સુરતિ** બંદિર વાસ્તવ્ય. ગ્રં. ગાથા ૧૮૫૧. સારાભાઈ પાસે. (૪) પ.સં.૮૩-૧૩, દે.લા. નં.૧૩૨૭-૪૯૧. (૫) સં.૧૭૫૮ કા.શુ.૧૪ ઈંદ્રવાસરે સંપૂર્ણ જાતઃ સં.૧૭૫૮ કા.વ.૯ શ્રી **તપાગચ્છીય વિજયદેવસૂરિ સમવાય** સાહ શ્રી **વેલજી સોમકરણ**નો ચોપડો તેહ મધ્યે. પ.સં.-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૮, ગુ. (૬) સં.૧૮૭૫ આસાઢ વ.૯ ગુરુ પં. કાંતિવિજય શિ. પં. રાજવિજયગણિ શિ. પં. કૃષ્ણવિજય શિ. વિબુધ રંગવિજયગણિ શિ. ઋષભવિજય ગ. લિ. અણહિલ્લપુર પત્તન નગરે પંચાસરા પાર્શ્વનાથ પ્રસાદાત્. પ.સં.૬૩-૧૭, જશ.સં. (૭) ઇતિશ્રી શ્રેણીકરાસ સંપૂર્ણ, શ્રીરસ્તુ સંઘવી ઋષભદાસ કૃત રાસની ટીપ લખીઇ છઈ. (ટીપ ઉતારી છે.) સંવત ૧૬૯૭ વર્ષે માઘ વદિ અષ્ટમી રવિવાસરે સા ચકા વીરાના પાના આંણીનિ ઉતારો છ. લખિતં ગાંધી માધવસુત વર્ધમાન પઠનાર્થં રામજી. [ભં.?] (૮) સં.૧૭૫૯ વર્ષે માહ વદિ ૧૩ બુધે ભટ્ટારક શ્રી વિજયપ્રભસૂરિ પટ્ટે સકલપુરંદર ભટ્ટારક શ્રી વિજયરત્નસૂરીશ્વરરાજ્યે મહોપાધ્યાય શ્રી વિમલવિજયગણિ શિષ્ય પંડિત શુભવિજય ગણિ તત્ શિષ્ય પં. રામવિજયેન લિપીકૃતં શ્રી સૂર્યપુર નગરે. પ.સં.૬૬-૧૫, પ્ર.કા.ભં. નં.૩૭૫. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૬).]

**(૧૪૦૮) કયવન્ના રાસ ૨૮૪ કડી ર.સં.૧૬૮૩**

**આદિ –** દૂહા.

પ્રથમ જિણેસર પાએ નમું મરૂદેવ્યા સુત જેહ,
સુખ પૂનિમનો ચંદલુ, કનકવરણ જ દેહ. ૧
નાભિરાય કુલિ દીપનો, જનમ હુઓ જેણી વાર,
મેરૂ શરિં નવરાવીઓ, સુરમનિ હરખ અપાર. ૨
ઋષભ નામ તસ થાપીઉં, પરણાંવ્યો બિ નારિ,
એકસુ પુત્ર હુઆ સહી, પૂત્રી બિ ઘરબારિ. ૩
વિપૂલ વંશ વાધ્યો સહી, પુહુતી મનની આસ,
જિનવર નામ જપી કરૂં, કઇવંનાનો રાસ. ૪

**અંત –** ઢાલ કહઇણી કણી.

ગુણ ગાયા કઇવના કેરા, ઋષભદેવ પસાઈજી,
(ભણતાં) ગુણતાં હુઇ સુખશાતા, સકલ ઋદ્ધિ........૨૭૮
ગુણ ગાયા..
વરતિ ભરતે..., એ જઇ તિહાં અધિકારાજી,
આ........હાં લહીઇ, કથાબંધ વિસ્તારાજી. ૨૭૯
તપગચ્છનાયક શુભ સુખદાયક,......સૂરીંદોજી,
સંયમધારી અતિ.................ચંદોજી. ૨૮૦
.................યો, કઇવનાનુ રાસજી,

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

..........................મનની આસજી. ૨૮૧
હરલોચન દી[ગ અં]ગ, અનોપમ, ચંદ સંવચ્છર જાણુંજી,
મા...ત્રીજ અજૂઆલી, વાર ગુરૂઅ વખાણુંજી. ૨૮૨
પૂષ્ય નક્ષત્રિં એ પણિં પ્રગટયો...જઇજઇકારોજી,
પ્રાગવંશ સંઘવી સાંગણ, અંગિ ધરઇ વ્રત બારોજી. ૨૮૩
(સંઘવી) સાંગણસુત શ્રાવક સ(ખ)રૂ, ઋષભદાસ ત...
રાસ રચ્યો કઈવના કેરૂ, ફલ્યુ (મનોરથ મારોજી). ૨૮૪

(૧) પ.સં.૨૩–૧૫, એક ગુટકો, દે.લા.પુ.લા.

**(૧૪૦૯) હીરવિજય સૂરિના બાર બોલનો રાસ** ૨૯૪ કડી ર.સં. ૧૬૮૪ શ્રા.વ.૨ ગુરુ.

"આ રાસ ૨૯૪ ટૂંકનો છે. ખરતરગચ્છ અને તપાગચ્છ વચ્ચે લાંબા વખતથી સ્પર્ધા અને વિખવાદ ચાલ્યા કરતાં હતાં. એ વિખવાદ સત્તરમા શતકમાં બહુ વધી પડચો હતો. શ્વેતામ્બરો અને દિગંબરો વચ્ચેનો વિરોધ તો બહુ જૂનો હતો, પણ સં.૧૧૭૬માં સિદ્ધરાજના દરબારમાં વાદિ દેવસૂરિ અને કુમુદચંદ્ર (દિગંબર) વચ્ચેના શાસ્ત્રાર્થમાં દિગંબરોને હરાવી ગુજરાતના રાજ્યની હદપાર કરાવ્યા તે પછી એમને બેઉને કામ કરવાનાં ક્ષેત્ર બહુધા જુદાં પડી ગયાં હતાં ને તેથી એમના વચ્ચેનો વિરોધ પણ મોળો પડી ગયો હતો. પણ સોળમા શતકમાં લુંકામત અને બીજા મત નીકળ્યા પછી એક ત્રીજા જ વિરોધીઓ સાથેનો વિરોધ પ્રબળ થઈ પડચો હતો. શ્વેતાંબર મતના ગચ્છો વચ્ચેની મતામતી પણ પ્રબળ થઈ પડી હતી. આવા અનેક વિરોધોને લીધે જૈનધર્મ માનનારા જુદાજુદા મતો વચ્ચે વેરવિરોધ એટલો પ્રબળ થઈ પડ્યો હતો કે જોખમદાર આચાર્યોને વચ્ચે પડચા વગર ચાલે નહીં. તપગચ્છના આચાર્ય વિજયદાનસૂરિએ ધર્મસાગર-કૃત 'કુમતિકંદકુદ્દાલ' ગ્રંથ સભા સમક્ષ પાણીમાં બોળાવી દીધો હતો અને તે ગ્રંથ કોઈની પણ પાસે હોય તો તે અપ્રમાણ ગ્રંથ છે, માટે તેમાંનું કથન કોઈએ પ્રમાણભૂત માનવું નહીં એવું જાહેર કર્યું હતું. એ ઉપરાંત તેમણે 'સાત બોલ' એ નામે સાત આજ્ઞાઓ જાહેર કરીને એક-બીજા મતવાળાને વાદવિવાદની અથડામણ કરતા અટકાવ્યા હતા. પણ આટલાથી વિરોધ જોઈએ તેવો શમ્યો નહીં એથી વિજયદાનસૂરિની પછી આચાર્ય-પદવી પામેલા હીરવિજયસૂરિએ સાત બોલ ઉપર વિવરણ કરીને 'બાર બોલ' એ નામે બાર આજ્ઞાઓ જાહેર કરી હતી. પ્રમાણ અને દૃષ્ટાંત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વડે એ બાર બોલનો હેતુ સ્પષ્ટ કરવાને ઋષભદાસે આ રાસ રચ્યો છે.” –મ.બ. આ ‘બાર બોલ’ માટે જુઓ જૈન શ્વે.કો.હેરેલ્ડનો ઐતિહાસિક અંક, ૧૯૧૫નો ભેળો ૭-૯ અંક.

**આદિ –** દૂહા

**ઉત્તમ** ગણધરગુણ સ્તવું, **સારદ** તુઝ **આધાર,**
બાર બોલ ગુરૂ **હીરના,** બ્યવરી કહું વીચાર. ૧
બાર બોલ કે **બાર** મેઘ, કઈ બારઇ આદીત્ત;
બાર ઉપાંગ એહનિ કહું, **હીરવચન** બહુ વીત. ૨
બાર વરત શ્રાવક તણાં, જ્યમ તારઈ નરનારિ;
બાર બોલના વાપરિં, ત્યમ તારઇ સંસારિ. ૩
બાર બોલ ગુરૂ **હીરના,** આરાધઇ નર જેહ;
બારઈ સરગનાં સુખ વલી, સહી પામઇ નર તેહ. ૪

**અંત –** કહિણુ વડાનિં ચાલઇ જેહ, બેહુ ભાવિં પૂજાઈ તેહ;
થોડા કાલમ્હા મુગતિ જાય, **રીષભદાસ** ગુણ તેહના ગાય. ૮૯
સંવત **વેદ(૪) દીગ(૮) અંગ(૬)** નિં **ચંદ(૧),** શ્રાવણ માસ હુઉ આણંદ;
કૃષ્ણ પખિ હુંઈ દૂતીઆ સાર, ઉતમ સુર જગમ્હા ગુરૂવાર. ૯૦
મઘા નખ્યત્ર વરસઇ જેણી વાર, બાર બોલ રચ્યા તવ સાર;
ભણતાં ગુણતાં જઇજઈકાર, હીરભગત ઘરિ મંગલ ચ્યાર. ૯૧

ઢાલ હીંચ્ય રે હીંચ્ય રે. રાગ ધ્યનાસી.

ચ્યાર મંગલ સહી, ચ્યાર મંગલ સહી, હીરના નામથી હંવર હાર્યો,
સોવન રથ પાલખી, સૂંદરીસુખ બહુ, ઝૂલતા હાથીઆ કોડિ બાર્યો;
ઉલગ કરઇ ઘરિ દેવ નાર્યો, ચ્યાર મંગલ સહી—૨ આંચલિ.
**હીરપાટિં વિજયસેન** સૂરીસ્વરૂં, શ્રી **વિજયતિલક**સૂરી તાસ પાટિં;
સૂરિ **વિજયાનંદ** તાસ પાટિં સહી, નામ જપતા સુખી વિષમ વાટિં;
નામ જપીઈ ગચ્છનાયક માટિં. ચ્યાર મંગલ. ૩
સૂરિ **વિજયાનંદ**મુનિ તણો **શ્રાવક,** સાહો **સાંગણ**સુત **રીષભદાસો;**
**પ્રાગવંસી** વડો **હીર** ગુણ ગાવતો, સંઘ સકલ તણી પૂરી આસો:
લચ્છી પૂરે મઝ ઘઈરિ વાસો, ચ્યાર મંગલ. ૪

—ઇતિ શ્રી **હીરવિજયસૂરિ બાર** બોલ સંપૂર્ણ. ગાથા ૨૯૪.

**(૧૪૧૦) મલ્લિનાથ રાસ** ૨૯૫ કડી ર.સં.૧૬૮૫ પોષ શુદિ ૧૩.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રવિવાર ખંભાતમાં

**આદિ** – દૂહા

સરસ સકોમલ **સુંદરી**, સુગણિ સારસ રૂપ,
સીંહલંકી તુ **સરસ્વતી**, સમરઇ તુઝ જિનભુપ. ૧
ગણધર ગુણ તુઝ ગાવતા, ત્હારો સઘલઇ વાસ
ગુણીઅણુ ગુણ તુઝ સમરતા, પુરઇ પૂરષની આસ. ૨
વચન દીઓ વાધેસ્વરી, દેવી પૂરે આસ
**મલ્લીનાથ** જિનવર તણો, રંગિ ગાસ્યુ રાસ. ૩

**અંત** – ફલો મનોરથ સઘલો આજ, શ્રી ગુરૂનામિં સીધા કાજ,
**વિજયાનંદ** સુરિસ્વર નામ, જેહના જગ બોલઈ ગુણગ્રામ. ૨૭૬
તેહ તણુઇ ચરણે અનુંસરિ, **મલ્લીનાથ** ગુણવેલી કરી,
સકલ કવીનિં નામી સીસ, મિં ગાયો જિનવર જગદીસ. ૨૭૭
**જ્ઞાતાધર્મ કથાંગ** સુસાર, છઠઇ અંગિં એહ વિચાર
સંમધ સોય ત્યાંહાથી મઈ ગ્રહી, રાસ રચ્યો હઇઅડઇ ગહઇગહી. ૨૭૮
**ત્રીબાવતી**મ્હા ગાયો રાસ, જ્યાહા છઇ અઢાર વરણનો વાસ,
જ્ઞાતિ ચોરાસી વણિગ વસઇ, દાન પૂણ્ય કરતા ઉહોલસઈ. ૨૭૯

(એક પ્રતમાં અહીં ખંભાતના તે વખતના ધોરી શ્રાવકોનો પરિચય આ પ્રમાણે આપ્યો છે :

**પારિખ વજીઓ** નિં **રાજીઓ**, જસ મહિમા જગમ્હા ગાજીઓ,
અઉઠ લાખ રૂપક પૂણ્યકામિ, અમારિ પળાવી ગામોગમિ. ૨૮૨
**ઓસવંસિ** સોની **તેજપાલ**, **શેત્રુંજ–ગીર** ઊધાર વીસાલ,
લ્હાહારી દોય લાખ ખરચેહ, **ત્રીંબાવતી**નો વાસી તેહ. ૨૮૩
**સોમકરણ સંઘવી ઉદઇકરણ**, અધલખ્ય રૂપક તે પુણ્યકરણ,
ઉસવંસિ રાજા **શ્રીમલ**, અધલખ્ય રૂપકિ ખરચઇ ભલ. ૨૮૪
**ઠકર જઈરાજ** અનિં **જસવીર**, અધલખ્ય રૂપક ખરચઇ ધીર,
**ઠકર કીકા વાધા** જેહ, અધલખ્ય રૂપક ખરચઇ તેહ. ૨૮૫)

અસ્યું નગર **ત્રંબાવતી** સાર, રત્ન હેમ રૂપક દાતાર,
ભોગી પૂરૂષ નિં કુરણાવંત, વણિગ છોડઇ બાંધ્યા જંતુ. ૨૮૪
પસુ પુરખની પીડા હરઇ, માંદા નરનિં સાજા કરી,
અજા-મહીષની કરઇ સંભાલ, શ્રાવક જીવદયાપ્રતિપાલ. ૨૮૫
પંચાસી જિનના પ્રાસાદ, ધ્વજ તોરણ તીહા ઘંટાનાદ,

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

બિહઇતાલીસ યાહા પોષધશાલ, કરઇ વખાણ મૂની વાચાલ. ૨૮૬
પોષધ પડિકમણું પૂજાય, પુણ્ય કરંતા દાહા જાય,
પ્રભાવના વાખ્યાનિ જ્યાહિં, શામીવાછિલ હોઇ પ્રાહિ. ૨૮૭
ઊપાશરો દહેરૂં નિં હાટ, અત્યંત દૂરિ નહી તે વાટ,
ઠંડિલ ગોચરિ સોહેલી આહિં, મુનિ રહિવા હીડઇ અહાં પ્રાહિ. ૨૮૮
અસ્યું નગર **ત્રંબાવતી** ખાસ, મિં જોડયો **મલિનાથ**નો રાસ,
કોણ સંવછર માસ દીન વાર, ગુહપણઇં કીજઇ વીસ્તાર. ૨૮૯
સંવત **બાણ સીધી ષટ ચંદ**, પોસ માસિ હુઉ આનંદ,
ઊજલ પાખી તેરસિ રવિવાર, રાસ તણો કીધો વીસ્તાર. ૨૯૦
**પ્રાગવંસિ વીસો** વીખ્યાત, **મિહઈરાજ સંઘવી** મુખ્ય કહઇ-હઇ વાત,
**સંઘવી સાંગણ**સુત તસ હોય, દ્વાદશ વરતનો ધારી સોય. ૨૯૧
તાસ પૂત્ર પૂરઇ મનઆસ, કવીતા શ્રાવક **રીષભદાસ**,
ગાયા **મલિનાથ**નો રાસ, સકલ સંઘની પોહોતી આસ. ૨૯૨
રાગ ધન્યાસી. **ઢાલ**–દીઠો રે વામાકો નંદન દીઠો.
આસો રે મુજ આજ ફલિ મન આસો
**બ્રહ્મ**સુતાચરણે નમિ કીધો, **મહિલનાથ**નો રાસો રે
મૂઝ પોહોતી મનની **આસો–આચલી.** ૨૯૩
મેર મહી સાયર સસી જ્યાંહિં, જબ લગ સુર પ્રકાસો,
જવ લગ સીદ્ધશલા સુરનાં ઘર, તવ લગ રિહઇજ્યો રાસો રે. ૨૯૪
સુણી સાંભલી જિનજિન ચેત્યા, છુટી ભવનો પાસો,
**રીષભ** કહઈ એ રાસ સૂણંતા, અનંત સુખમ્હા વાસો રે. ૨૯૫
મુઝ પોહોતી મનની આસો.

(૧) ગાથા ૨૯૫. પ.સં.૧૪–૧૪, લા.ભં. નં.૩૭૩. (૨) વિ.ધ.ભં. (પ્રત જોવા મળી નથી.)

**(૧૪૨૧) +હીરવિજયસૂરિ રાસ** સં.૧૬૮૫ આસો શુ.૧૦ ગુરુ ખંભાતમાં
**આદિ – સરસતી** ભાષા ભારતી, **ત્રિપુરા શારદ** માય,
હંસગામિની **બ્રહ્મ**સુતા, પ્રણમું તારા પાય. ૧
બ્રહ્માણી બ્રહ્મચારિણી, બ્રહ્મવાદિની માત,
દેવકુમારી ભગવતી, તું જગમાં વિખ્યાત. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હંસવાહની હરષતી, આપે વચનવિલાસ,
વાગેશ્વરી વદને રમે, પોહોચે મનની આશ. ૩
**કાશ્મીર** મુખમંડણી, કમળ કમંડળ પાણિ,
મુજ મુખ આવી તું રમે, ગુણ સઘળાની ખાણિ. ૪
આગમ વેદ પુરાણમાં, વાણી તુજ બંધાણ,
તું મુખ આવી જેહને, તે પંડિત તે જાણ. ૫
**પુંડરીક** પ્રમુખા વળી, ગણધર જે ગુણવંત,
તિણે ધુર સમરી **સરસ્વતી**, સમજ્યા ભેદ અનંત. ૬
સ્વામિ **સુધર્મા વીરનો**, રચતો અંગ સુ બાર,
શારદ ભાષા ભારતી, તે તાહરો આધાર. ૭
**સિદ્ધસેન દિવાકરૂ**, સમરિ તાહરૂં નામ,
**વિક્રમ નૃપ** પ્રતિબોધિયો, જિણે કીધાં બહુ કામ. ૮
**હેમસૂરિ** વદને વસિ, હવી વચનની સિદ્ધિ,
ગ્રંથ ત્રિકોટિ તિણે કીઓ, છસી ન કેહની બુદ્ધિ. ૯
શ્રી **હર્ષ** તુજને નમે, શારદ નામ જ સોળ,
**નૈષધ** ગ્રંથ તિણે કર્યો, બોલ્યો વચનકલ્લોલ. ૧૦
પંડિત **માઘ** મહિમા છસો, જશ કીરતિ **કાલિદાસ**,
તું તૂઠી ત્રિપુરા મુખે, પોહોતી તેહની આશ. ૧૧
**શોભન**બંધુ **ધનપાળ**ને, ઉપજાવ્યો આનંદ,
ધારાપતિ તિણે બૂઝવ્યો, વાંકો **ભોજ**નરિંદ. ૧૨
એહવી સુંદર **શારદા**, સમર્યે સીધાં કામ,
પઢમ જિનેસ્વર સુખકર, સમરૂં તેહનું નામ. ૧૩
પ્રથમ રાયરિષિ કેવળી, પ્રથમ ગોચરી જ્ઞાન,
યુગલાધર્મ નિવારીઓ, પ્રથમે દીધો દાન. ૧૪
દેશ નગર પુર વાસિયાં, પરણ્યા પ્રથમ જિણંદ,
કળા કરમ સહુ શીખવ્યું, સકળ લોક આણંદ. ૧૫
મુગતિ દીધી તેં માયને, ઉદ્ધરીઓ **શ્રેયાંસ**,
પુત્ર હુઆ સો કેવળી, ધનધન તાહરો વંશ. ૧૬
દશ હજાર મુનિ સું વળી, મુગતિ ગયા ભગવંત,
અનેક જનને ઉદ્ધર્યા, **ઋષભદેવ** ગુણવંત. ૧૭
સમરૂં તે ભગવંતને, ગણધર કરૂં પ્રણામ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવલજ્ઞાની મુનિ નમું, સમયે સીઝે કામ. ૧૮
શીલવંત તપીઆ મુનિ હું પણ તેહનો દાસ,
સકળ સિદ્ધ સમરી કરી, રચ્યું હીરનો રાસ. ૧૯

**અંત –** ઢાલ–હીચ્ય રે હીચ્ય રે હીયય હીંડોલડે–એ દેશી.

**સરસતી** શ્રીગુરૂ નામથી નીપનો, એ રહો જિહાં રવિચંદ ધરતી,
ઈંદ્ર વિમાન યુગ તાં લગિ જાણજો, દ્વીપ સમુદ્ર હુઇ જેહ ફરતી. સર. ૧
કવણ દેસે થયો કવણ ગામે કહ્યો, કવણ રાજ્યે લહ્યો એહ રાસો,
કવણ પુત્રે કર્યો કવણ કવિતા ભયો, કવણ સંવત્સરે કવણ માસો. સર. ૨
કવણ દિન નીપનો કવણ વારે ગુરે, કરીઅ સમસ્યા સહૂ બોલ આણે,
મૂઢ એણિ અક્ષર સોય સ્યું સમજસ્યે, નિપુણ પંડિત નરા તેહ જાણે. સર. ૩

ચોપઇ.

**પાટણ** માંહિ હુઓ નર જેહ, નાત ચોરાસી પોષે તેહ,
મોટો પુરૂષ જગે તેહ કહેસ, તેહની નાતને નામે દેસ. (ગૂજ્જર દેસ) ૧
આદિ અખ્યર વિન બીજે જોય, મધ્ય વિના સહુકોને હોય,
અંત્ય અક્ષર વિન ભુવન મઝારી, દેખી નગર નામ વિચાર. (ખંભાત) ૨
ખડગ તણો ધુરિ અક્ષર લેહ, અખ્યર ધરમનો બીજો જેહ,
ત્રીજો કુસુમ તણો તે અહી, નગરીનાયક કીજે સહી. (ખુરમ પાતશા) ૩
નિસાંણ તણો ગુરૂ અખ્યર લેહ, લઘુ દોય ગણપતિના જેહ,
ભેલી નામ ભલું જે થાય, કવિ કેરો તે કહું પિતાય. (સાંગણ) ૪
ચંદ અખ્યર ઋષિ ધરથી લેહ, મેષલા તણો નયણમો નેહ,
અખ્યર ભવનમો શાલિભદ્ર તણો, કુસુમદામનો વેદમો ભણો. ૫
વિમલવસહી અખ્યર બાણમો, જોડી નામ કરો કાં ભમો. (ઋષભદાસ)
શ્રાવક સોય એ રસ નીપાત, પ્રાગવંશ વીસો વિખ્યાત. ૬
**દિશિ** આગળ લેઇ ઇંદ્રહ ધરો, **કલા** સોય તે પાછળ કરો,
કવણ સંવત્સર થાયે વળી, ત્યારે રાસ કર્યો મન રલી. (૧૬૮૫) ૭



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૃક્ષ માંહિ વડો કહેવાય, જેણે છાંહિ નર દુષ્ટ પલાય,
તે તરૂવરને નામે માસ, કીધો પુણ્ય તણો અભ્યાસ. (આસો માસ) ૮
આદિ અખ્યર વિન કો મમ કરો, મધ્ય વિના સહુએ આદરો,
અંતિ વિના સિરિ **રાવણ** જોય, અજુઆલી તિથિ તે પણ હોય.
(દસમ) ૯
સકલ દેવ તણો ગુરૂ જેહ, ઘણા પુરૂષને વલ્લભ તેહ,
ઘરે આવ્યો કરી જયજયકાર, તેણે વારે કીધો વિસ્તાર. (ગુરૂવાર) ૧૦
દીવાલી પહેલું પરવ જ જેહ, ઉદાઇ કેડે નૃપ બેઠો તેહ,
એહુ મળી હોયે ગુરૂનું નામ, સમયે સીઝે સવળાં કામ. (**વિજયાણંદસૂરિ**) ૧૧
ગુરૂ નામે મુજ પોહોતી આસ, **ત્રંબાવતી**માં કીધો રાસ,
સકલ નગર નગરીમાં જોય, ત્રંબાવતી તે અધિકી હોય. ૧૨
સકલ દેસ તણો શિણગાર, **ગુજ્જર** દેસ નર પંડિત સાર,
**ગુજ્જર** દેસના પંડિત બહુ, **ખંભાયત** આગળ હારે સહુ. ૧૩
જિહાં વિવેક વિચાર અપાર, વસે લોક જિહાં વર્ણ અઢાર,
ઓળખાયે જિહાં વર્ણાવરણ, સાધુ પુરૂષનાં પૂજે ચરણ. ૧૪
વસે લોક વારૂ ધનવંત, પહેરે પટોળાં નર ગુણવંત,
કનક તણા કંદોરા જડ્યા, ત્રિણ્ય આંગળ તે પુહુળા ઘડ્યા. ૧૫
હીર તણો કંદોરા તળે, કનક તણાં માદળીયાં મળે,
રૂપકસાંકળી કુંચી ખરી, સોવનસાંકળી ગળે ઉતરી. ૧૬
વડા વાણીઆ જિહાં દાતાર, સાલુ પાઘડી બાંધે સાર,
લાંબી ગજ ભાખું પાંત્રીસ, બાંધતા હરખે કરને સીસ. ૧૭
ભઈરવની એગતાઇ જ્યાંહિ, ઝીણા અં(ઓ)ગા પહેર્યા તે માંહિ,
ટદી(છઠી) રેસમી કેહેડે ભજી, નવગજ લંબ સવા તે ગજી. ૧૮
ઉપર ફાળીયું બાંધે કોઇ, ચ્યાર રૂપૈયાનું તે જોઇ,
કોઇ પછેવડી કોઇ પામરી, સાઠિ(ત્રીશ) રૂપૈયાની તે ખરી. ૧૯
પહિરિ રેશમી જેહ કભાય, એક શત રૂપૈયા તે થાય,
હાથે બહેરખા બહુ મુદ્રિકા, આવ્યા નર જાણું સ્વર્ગ થકા. ૨૦
પગે વાણહિ અતિ સુકુમાલ, સ્યામ વર્ણ સબળી તે જાળ,
તેલ ફુલ સુગંધ ને સ્નાંન, અંગે વિલેપન તિલક ને પાન. ૨૧
એહવા પુરૂષ વસે જેણે ઠાહિ, સ્ત્રીની સોભા કહીય ન જાય,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપૈ રંભા બહુ શિણગાર, ફરી ઉત્તર નાપે ભરતાર.
(પા.) નિત્ય ઉઠી વંદે અણગાર. ૨૨
ઇસ્યું નગર તે **ત્રંબાવતી**, સાયરલહર જિહાં આવતી,
વાહાણુ વખાર તણો નહિ પાર, હાટે લોક કરે વ્યાપાર. ૨૩
નગર કોટ ને ત્રિપોલીઉં, માણુકચોકે બહુ માણુસ મિળ્યું,
વોહોરે કુંળી(કૂણી) ડોડી સેર, આલે દોકડા તેહના તેર. ૨૪
ભોગી લોક ઇસ્યા જિહા વસે, દાનવરે પાછા નવિ ખસે,
ભોગી પુરૂષ ને કરૂણાવંત, વાણિગ છોડિ બાંધ્યા જંત. ૨૫
પશુ પુરૂષની પીડા હરે, માંદા નરને સાજા કરે,
અજા મહીષની કરે સંભાલ, શ્રાવક જીવદયાપ્રતિપાળ. ૨૬
પંચ્યાસી જિનના પ્રાસાદ, ધ્વજ તોરણુ તિહાં ઘંટાનાદ,
(પા.) ઇંદ્રપુરી શું કરતા વાદ,
પસ્તાલીસ જિહાં પૌષધશાળ,
(પા.) પોષધશાલા જિહાં બહુ તાલ, કરે વખાણુ મુનિ વાચાળ. ૨૭
પડિક્કમણું પૌષધ પૂજાય, પુણ્ય કરંતા દાહા જાય,
પ્રભાવના વ્યાખ્યાને જ્યાંહિ, સાહામિવાચ્છલ્ય હોયે પ્રાહિ. ૨૮
ઉપાશરો દેહરૂં ને હાટ, અત્યંત દુર નહિ તે વાટ,
ઠંઢિલ ગોચરી સોહિલ્યા આંહિ, મુનિ અહિં રહેવા હીંડે પ્રાહિં. ૨૯
ઇસ્યું નગર **ત્રંબાવતી** વાસ, **હીર** તણો તિહાં જોડચો રાસ,
પાતશા **ખુરમ નગર**નો ધણી, ન્યાય નીતિ તેહનિ અતિ ઘણી. ૩૦
તાસ અમલે કીધો મેં રાસ, **સાંગણ**સુત કવિ **ઋષભદાસ**,
સંવત **સોળ પંચ્યાસીએ (૧૬૮૫)** જસેં, આસો માસ
દસમી દિન તસે. ૩૧
ગુરૂવારે મેં કીધો અભ્યાસ, મુઝ મન કેરી પુહુતી આસ,
શ્રી ગુરનામે અતિ આણુંદ, વંદું **વિજયાણુંદ** સૂરીંદ. ૩૨

ઢાલ—ઉતારો આરતી અરિહંતદેવ. રાગ ધન્યાસી.

વંદીયે **વિજયાણુંદ**સૂરિરાય, નામ જપંતા સુખ સબળું થાય.વં. ૧
**તપ**ગચ્છનાયક ગુણ નહિ પારો, **પ્રાગવંશે** હુઓ પુરૂષ તે સારો. વં. ૨
સાહ **શ્રીવંત**કુલે હંસ ગયંદો, ઉદ્યોતકારી જિમ દિનકર ચંદો. ૩
**લાલબાઈ**સુત સીંહસરિખો, ભવિક લોક મુખ ગુરૂનું નીરખો. ૪
ગુરૂનામે મુજ પોહોતી આસો, **હીરવિજય**સૂરિનો કર્યો રાસો. ૫

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રાગવંશે સંઘવી મહિરાજો**, તેહ કરતો જિનશાસન કાજો. ૬
સંઘપતિ તિલક ધરાવતો સારો, **શેત્રુંજ** પૂજી કરે સફળ અવતારો. ૭
સમકિતસાર વ્રત બારનો ધારી, જીનવર પૂજા કરે નીત સારી. ૮
દાન દયા દમ ઉપર રાગો, તેહ સાધે નર મુગતિનો માગો. ૯
**મહિરાજ** તણો સુત અતિ અભિરામ, સંઘવી **સાંગણ** તેહનું નામ. ૧૦
સમકિત સાર ને વ્રત જસ બારો, **પાસ** પૂજી કરે સફળ અવતારો. ૧૧
સંઘવી **સાંગણ**નો સુત વારૂ, રાસ જોડી હુઓ બહુ જન તારૂ. ૧૨
એક કહે કરૂં ખરો જબાપો, દે ઉપદેશ ચેતે કઇ આપો. ૧૩
**અંગારમર્દક** આચારજ હુઓ, અન્યતારી પોતે બુડતો જૂઓ. ૧૪
**નંદિષેણ** ગણિકા ઘરિ જ્યારે, આપ બૂડે અન્યને તારે. ૧૫
**ઋષભ** કહે ભલું પૂછયું પરમ, બિંદુઆ જેટલો સાધીયેં ધરમ. ૧૬
**આણંદ શંખ** ને **પુષ્કલી** જોય, બરાબરી તસ કુણે નવિ હોય. ૧૭
**ઉદયન બાહડ જાવડ** સાય, તેહના પગની રજ ન થવાય. ૧૮
**વીર**મારગ વહી કાંઇ પુણ્ય કીજે, ઉગતે સૂરે જિનનામ સહી લીજે. ૧૯
પ્રહિ ઉઠી પડિક્કમણું કરીયે, દોય આસણ વ્રત અંગે ધરીયે. ૨૦
વ્રત બાર ચોદ નિયમ સંભારો, દેસના દેઇને નરનારી તારો. ૨૧
ત્રિકાળ પૂજા જિન નિત્ય કરવી, દાન પાંચે દેઊં શક્તિ મુજ જેહવી. ૨૨
નિત્યેં દસ દેવળ જિન તણાં જોહારૂં, અક્ષત મુકી નિજ આતમ તારૂં. ૨૩
આઠમિ પાખી પૌષધ પ્રાહિં, દિવસરાત સિજ્ઝાય કરૂં ત્યાંહિ. ૨૪
**વીર**વચન સુણી મન માંહિ ભેદું, પ્રાહિ વનસ્પતિ નવિ છેદું. ૨૫
મૃષા અદત્ત પ્રાહિં નહિં પાપ, શીળ પાળું તન વચને આપ. ૨૬
નિત્ય નામું જિન સાધુને સીસો, થાનક આરાધ્યાં વળી વીસો. ૨૭
દોય આલોયણ ગુરૂ કન્હે લીધી, અઠમિ છઠિ સુદ્ધ આતમિ કીધી. ૨૮
**શેત્રુંજ ગિરિનાર શંખેસર** યાત્રો, રાસ લખી ભણાવ્યાં બહુ છાત્રો. ૨૯
સુખશાતા મનીલ ગણું દોય, એકપગે જિન આગળ સોય. ૩૦
નિત્યેં ગણવી વીસ નોકરવાળી, ઉભા રહી અરિહંત નિહાળી. ૩૧
તવન અઠાવન ચોત્રીસ રાસો, પુણ્ય પસર્યો દીયે બહુ સુખવાસો. ૩૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગીત થુઇ નમસ્કાર બહુ કીધા, પુણ્ય માટે લિખી સાધુને દીધા. ૩૩
કેટલાએક બોલની ઇચ્છા કીજે, દ્રવ્ય હોય તો દાન બહુ દીજે. ૩૪
શ્રી જિનમંદિર બિંબ ધરાવું, બિંબ પ્રતિષ્ઠા પોઢિ કરાવું. ૩૫
સંઘપતિ તિલક ભલું જ ધરાવું, દેસપરદેસ અમારિ કરાવું. ૩૬
પ્રથમ ગુણઠાણાને કરૂં જઇનો, કરૂં પુણ્ય સહિત નર જેહ છે હોનો. ૩૭
એમ પાલું હું જૈન આચારો, કહેતાં સુખ લઘુતા અપારો. ૩૮
પણ મુજ મન તણો એહ પ્રણામો કોએક સુણી કરે આતમકામો. ૩૯
પુણ્ય વિભાગ હોય તવ મ્હારે, ઇસ્યું **ઋષભ** કવિ આપ વિચારે. ૪૦
પરઉપગાર કાજે કહિ વાત, મન તણો પણ સંદેહ જાત. ૪૧

ઢાળ—હોંચ્ચ રે હીંચ્ચ રે હઈય હીંડોલડે. રાગ ધન્યાસી.

વંદ્ય રે વંદ્ય રે વંદ્ય ગુરૂ **હીરને**, મંત્ર સમાન છે **હીર** નામો,
જન્મ જ્યારેં હવો ઘેર આણંદ ભલો, કરત ઉદ્ધાર કરી આજ તામો. વંદ્ય રે. ૧
**હીરવિજયસૂરિ** દીખ દીધા પછી, ગછની જોતિ તે સબળ જાણું;
ગછનાયક વડો **રાજવિજયસૂરિ**, શ્રી **વિજયદાન**ને પાય લાગે. ૨
**હીર** પદવી લહે જામ જગમાં વળી, તામ **શેત્રુંજ** મુગતો જ થાય;
પરિવાર સ્યું પરિવર્યો તિલક મસ્તક ધરી, સાહ **ગલ્લો** **શેત્રુંજ** જાય. ૩
સાધુપૂજા સહિ વિહારવિધિ ભલ થઇ, ધર્મ ને કર્મ તે સુખેં જ ચાલે;
**હીર** રે **હીર** રે જપે જિકો માલાયે, તેહ જગે ઋદ્ધિરમણી સ્યું માલે. વંદ્ય રે. ૭
**ઋષભ** રંગે સ્તવે અંગ શાતા હવે, સંઘ સકળ તણે સુખ હોયે;
સુરનર નારીયાં પંખીયાં સુખ લહે, **હીરનું** નામ જપતાં જિ કોયે. વંદ્ય રે. ૮

(૧) સં.૧૭૨૯ માગ(સ)ર શુદિ ૨ સોમે. પ.સં.૧૧૯–૧૪, ખેડા ભં. દા.૬ નં.૧૦. (૨) સં.૧૭૬૫ કા.શુ.૧૧ ગુરૂ ગ્રં.૧૫૫૦ વી.ઉ.ભં. દા.૧૯ પો.૩. (૩) સં.૧૮૨૨ શાકે ૧૬૯૮ ચૈ.શુ.૮ ગુરૂ લ. પં. રત્નકુશલજી પાદલીપ્તપુરે. પ.સં.૧૧૬–૧૫, સંઘ ભં. પાલણપુર દા.૪૩ નં.૧૦. (૪) સં.૧૮૨૮ ફા.શુ.૧૫ હિમવાસરે લિ. ગોવિંદવિજય ફૂષ્ણ સત્ક લિ. અંકલેસર ગ્રામે. પ.સં.૧૧૦–૧૪, કોટ ઉ. પો.૬૨. (૫) સં.૧૭૮૭ આ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ.૧૦ ભોમે. પ.સં.૯૪-૧૩, વિ.ને.ભં. નં.૩૨૨૬. (૬) સં.૧૭૨૪ વર્ષે ભાદ્રવા શુદિ ૮ શુક્રે શ્રીમત્તપાગચ્છે ભટ્ટારક શ્રી. ૨૧ શ્રી વિજયરાજસૂરીશ્વર રાજ્યે સકલપંડિતસભાશૃંગારહાર ભાલસ્તલતિલકાયમાન પંડિત શ્રી ૭ શ્રી દેવવિજયગણિ શિષ્યઃ પંડિતોત્તમ પંડિતપ્રવર પંડિતશ્રી ૫ શ્રી તેજવિજયગણિ શિષ્યઃ પંડિતશ્રી ૩ શ્રી ષિમાવિજયગણિ શિષ્ય મુનિ સૂરવિજયેન લિખિતમ્. શ્રી સાદડી નગરે શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ પ્રસાદાત્. સ્વયં વાચનાર્થમિતિ શ્રેયઃ. [ભં.?] (૭) સંવત ૧૮૨૫ના વર્ષે માસોત્તમ માસે જ્યેષ્ઠ માસે શુક્લપક્ષે પૂર્ણિમાયાં હિમવાસરે લિખિતાશ્ચ પં. અમૃતવિજયેન, શ્રી મુનિસુવ્રત પ્રસાદાત્. પ.સં.૯૯-૧૪, ભ.ભં. (૮) ઇતિ હીરવિજય સૂરીશ્વર રાસ સંપૂર્ણમ્. સંવત ૧૭૫૯ વર્ષે અશ્વિન વદિ ૧૨ બુધવાસરે શ્રી વંભાએત્ય બંદિરે લેખકપાઠકયોઃ કલ્યાણમસ્તુ. શ્રીરસ્તુ. લેખકપાઠકયો ચિરંજીયાત્.

યાદશં પુસ્તકે દષ્ટા તાદશં લિખિતં મયા
યદિ શુદ્ધમશુદ્ધં વા મમ દોષો ન દીયતે. ૧
અદષ્ટિદોષાન્મતિવિભ્રમાદ્વા, યત્કિંચિદૂનં લિષિતં મયાત્ર
તત્સર્વમાર્યૈઃ પરિશોધનીયં કોપો ન કાર્યો ખલુ લેખકસ્ય. ૨
મંગલં લેખકાનાં ચ પાઠકાનાં ચ મંગલં
મંગલં સર્વલોકાનાં ભૂમો ભૂપતિ મંગલં. ૩
ભગ્ન પૃષ્ટિ કટિગ્રીવા ઉર્ધ્વદષ્ટિરધોમુખં
કષ્ટેન લિખિતં શાસ્ત્રં યત્નેન પરિપાલયેત્. ૪

પ.સં.૧૦૭-૧૫, આ.ક.ભં. [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. આનંદ કાવ્ય મહોદધિ મૌ.૫.

**(૧૪૧૨) અભયકુમાર રાસ** ૧૦૧૪ કડી ર.સં.૧૬૮૭ કા.વ.૯ ગુરુ ખંભાતમાં

**આદિ**– દૂહા.

ચંદકમલ ચંદન જસી, કહી મોતી ઘૃત ખીર
વાણી દ્યો વાગેશ્વરી, ઉજલ **ગંગાનીર**. ૧
હંસગામિની બ્રહ્મસુતા, બ્રહ્મવાદની નામ
બ્રહ્માણી બ્રહ્મચારણી, ત્રિપુરા કરજે કામ. ૨
દેવકુમારી **શારદા**, વદને પૂરે વાસ,
નિજ સુખ કારણિ જોડસ્યું, **અભયકુમાર**નો રાસ. ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંત** – રચ્યો રાસ **ત્રંબાવતી** માંહે, જિહાં બહુ જિનનો વાસોજી,
દૂરગ ભલો જિનમંદીર મોટાં, સાયર તીરઈ અવાસોજી—મુ.૧૦૦૦
પોષધશાલા સ્વાંમીવછલ, પૂજા મહોછવ થાઇજી,
તેણઇ થાનકિં એ રાસ રચ્યો મેં, સિંહ(સહિ)ગુરૂચરણ પસાઈજી
—મુ. ૧૦૦૧

**તપગછ**નાયક શુભસુખદાયક, **વિજયાનંદ** ગુણધારીજી,
મીઠી મધુરી જેહની વાંણી, જેણેં તાર્યા નરનારીજી—મુ. ૧૦૦૨
શ્રાવક તેહનો સમકીતધારી, પૂજે જિનવર-પાઇજી,
**પ્રાગવંશ સાંગણસુત** સોહે, **રીષભદાસ** ગુણ ગાઈજી—મુ. ૧૦૦૩
સંવત **૭ સાયર ૮ દિગ ૬ રસ ૧ ધરતી**, કાર્ત્તિક મહિનો સારોજી,
બહુલ પખ્ય દીન નવમિ ભલેરી, વાર ગુરૂ ચીત ધારોજી—મુ. ૧૦૦૪
**અભયકુમાર** મંત્રીસર કેરો, કીધો રાસ રસાલોજી,
**રીષભ** કહે રંગઇ જે સુણસે, તે સુખીઆ ચીરકાલોજી—મુ. ૧૦૦૫
સુગતિપૂરી માંહિ ઝીલેસિં.

(૧) સં.૧૭૩૬ શાકે ૧૬૦૧ ફા.શુ.૧૪ બુધે ચોપડો **ઢા.ભં.** નં.૯૮. (૨) સં.૧૭૫૩ આસો શુદિ ૯ શુક્રે પં. **દીપ્તિવિજયગણિ** શિ. પં. **ધીરવિજયેન** લિ. શ્રી **સૂરતિ** વાસ્તવ્ય... લિખાપિતો. પ.સં.૫૦–૧૩, રત્ન ભં. દા.૪૨ નં.૩૩. (૩) લ. વકીલ **વરજલાલ બેણીદાસ** સં.૧૯૨૮ ભા.વ.૧ બુધે. પ.સં.૪૦–૧૫, ખેડા ભં. દા.૮ નં.૧૦૫. (૪) ઇતિ શ્રી રિષભદાસ વિરચિતે અભયકુમાર રાસ સંપૂર્ણ. લેખક પાઠકયો ચિરંજીયાત. **બરહાંનપુરે.** સંવત ૧૭૭૧ વર્ષે અશ્વિન વદી ૨ ભૌમે. ભાં.ઇ. સને ૧૮૯૧–૯૫ નં.૧૫૭૭. (૫) કડી ૧૦૧૪, ભાવ. ભં. (૬) અમ.

**(૧૪૧૩) રોહણિયા મુનિ રાસ** ૩૪૫ કડી ૨.સં.૧૬૮૮ પોષ શુ.૭ ગુરુ ખંભાત

આની અંદર દેશીઓ આ પ્રમાણે છે : ૧ ચોપઇ, ૨ એક આલ્યો અણનો દાણો રે, ૩ ચંદાયણની, ૪ લંકામાં આવ્યા શ્રી રામ રે, ૫ ઉલાલાની, ૬ ચોપઈ, ૭ સૂરસુંદરિ કહઇ સિર નામી, ૮ ચાલ્ય ચતુર ચંદ્રાનની, ૯ તો ચઢી ઘનમાન ગજે, ૧૦ નાચતી જિનગુણ ગાય મંદોદરી, રાવણ વેણા વાહઇ–રાગ ગોડી, ૧૧ કાંહાન વજાડઇ વાંસલી, ૧૨ ચોપઇ, ૧૩ ત્રિપદીનો, ૧૪ વીજય કરી ઘરિ આવીઆ, ૧૪ ચોપઈ, ૧૫ ચોપઈ, ૧૬ મુકાવો રે મુઝ ઘરનારિ–રાગ મારૂણી, ૧૭ પૂણ્યવંતા જગી તે નરા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮ ચોપઈ, ૧૯ કહણી કરણી તુઝ વયણ સાચો.

આદિ – દુહા.

સરસ કોમલ બુદ્ધિ ભલી, આલે વચન પવીત્ર,
**સરસતિ** ભગવતી ભારતી, કરજે મુખ પવીત્ર. ૧
બ્રહ્માણિ બ્રહ્મવાદની, હું છું તાહારો દાસ,
તુઝ આધારઈ કવી કવઇ, **રોહણીઆનો** રાસ. ૨

અંત – ઢાલ કહિણી કરણી તુઝ વિણ સાચો.

ગુણ ગાઉં **રોહણિઆ** કેરા, **વીર** તણો શિષ્ય જેહોજી,
વ્યસન નિવારી સંયમધારી, શિવગતિગામી તેહોજી. ગુણ. ૩૦
ગુણતાં ભણતાં સુણતાં સુખ બહુ, નાંમિ નવનિધિ થાઈજી,
ઇસ્યા પુરૂષની કથા કરંતાં, ચિરકાલપાતિક જાયેજી. ૩૧
રિદ્ધિરમણી ઘરિ રૂપ ભલેરૂં, ઉત્તમ કુલ બહુ આયજી,
**રોહણિઆ**નું નામ જપંતા, સકલ સિદ્ધિ ઘરિ થાઇજી. ૩૨
ઇસ્યા પુરૂષની કથા સુણિનઈ, ચેતઇ નર ગુણવંતોજી,
પાપકરમથી પાછો ભાગઇ, તે જગિ ઉત્તમ જંતોજી. ૩૩
કર્ણરસિ કરી મુખ માંડતાં, પાતિક નવિ પરિહરતોજી,
શુકના પાઠ પરિ તસ પરઠો મછ પરિ નર નીરતોજી. ગુ. ૩૪
જલધોયો તે ન થયો ચોખો, બહુલ કરમ નર એહવોજી,
**વીરવચનજલ** માંહિ ઝીલંતા, રહ્યા તેહવાના તેહવાજી. ગુ. ૩૫
સૂડો રામનું નામ જપંતો, પણિ કાંઇ ભેદ ન જાંણઇજી,
કરણ વતી જિનવચન સુણંતો, મનિ વઈરાગ ન આંણઇજી. ગુ. ૩૬
સુણી સાંભલીનિં સર્યું સાધ્યું, ચેત્યા તે નર સારોજી,
**રોહણિઆ** પરિં સંયમ લેતા, કઈ શ્રાવક વ્રત બારોજી. ગુ. ૩૭
અનુક્રમિં સુરનાં સુષ પામઈ, પછઇ મુગતિ માંહિ જાઈજી,
**રોહણકુંઅર**નો રાસ રચતાં, સકલ સંઘ સુખ થાઇજી. ગુ. ૩૮
રચ્યો રાસ **ત્રંબાવતી** માંહિ, જિહાં બહુ જનનો વાસોજી,
કોટ ભલો જિનમંદિર મોટાં, સાયરતીરિં આવાસોજી. ગુ. ૩૯
પોષધશાલા મુનિ વાચાલા, પૂજામહોચ્છવ થાઈજી,
તેણિં થાનકિ એ રાસ રચ્યો મઇ, સહિગુરૂચરણ પસાઈજી. ૪૦
**તપગચ્છ**નાયક સવિસુષદાયક, **વિજયાણંદ** ગુણધારીજી,
મીઠી મધુરી જેહની વાણી, જેણિં તાર્યાં નરનારીજી. ૪૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રાવક જેહનો સમકિતધારી, પૂજઇ જિનવરપાયજી,
પ્રાગવંસ સાંગણસુત સોહઇ, રિષભદાસ ગુણ ગાઇજી. ૪૨
સંવત દિગ દિગ રસ ભૂ ભાષું ૧૬૮૮ પોસ માસ તિહાં સારોજી,
ઉજ્વલ સાતમિ દોષરહિત છઇ, પ્રગટ ઉદય ગુરૂવારોજી. ૪૩
ભલો સંવછર વિક્રમ ત્યારિં, વરસિં ઝાઝા મેહોજી,
સુલષ્ય સુગાલ હુઓ જગ માંહિ, દીપઈ પુરૂષનાં દેહોજી. ૪૪
શુભ લગનિં નઈ સાર નષ્યત્રિં, કીધો રાસ રસાલોજી,
રિષભ કહિ રોહણિઆનાંમિં, સુષ પામઈ ચિરકાલોજી. ૪૫

(૧) ગાથા ૩૪૫, સ્વલિખિત પ્રત, પ.સં.૧૭-૧૦, વિ.ધ.ભં. (૨) પ.સં.૨૦-૧૧, મો.મો.સાગર ભં. પાટણ દા.૭ નં.૧૯. (૩) પાટડી ભં. (વે. નં.૪.) [હિજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૪૧).]

**(૧૪૧૪) વીરસેનનો રાસ** ૪૪૫ કડી

**આદિ –** દૂહા.

**સરસતિ** ભગવતી ભારતી, બ્રહ્માણી કરિ સાર,
**વીરસેન** રાજા તણુ, કહું પ્રબંધ વિચાર. ૧
અ(નઇ **પંચ**)કંડ ઊંપરિ કથા, સુંણુયો નર ગુણવંત,
**વીરસેન** નર સમરતાં, લહીઇ સુખ અનંત. ૨

ચોપઇ.

સુષશાતા પુહુચઇ મન-આસ, ગાસ્યૂં **વીરસેન**જી રાસ,
**જંબૂદ્વીપ** અનોપમ લહું, **ભરતષ્યેત્ર** તે માંહિ કહું. ૩

*

નીદ્રા ભોયણ અલપ કમ, વચન સાર ધ્યનત્યાગ,
**રીષભ** કહઇ પૂંજી દયા, ઉત્તમ વલહુ રાગ. ૩૨

*

નવયૌવન સ્ત્રી દેષિ કરિ, નયન રહઇ જસ ઠાંમિં,
**રીષભ** કહઈ જન જઇ કરી, તસ ચરણે સિર નામિ. ૪૬

**અંત –** ઢાલ કહઇણી કરણી. રાગ ધન્યાસી.

મુગતિ પૂરી માંહિં ઝીલસઇ, **વીરસેન** નરનારીજી,
કર જોડી ગુણ તાહારા ગાતાં, શુભ ગતિ હુઇ મ્હારીજી. મુગતિ. ૪૧૩
ગણતાં ભણતાં સુણતાં સુખ બહુ, નાંમિં નવનધિ થાઇજી,
અશા પુરૂષની કથા કરતાં, ચિરકાલપાંતીગ જાઇજી. ૪૧૪

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીષ્યરમણી ઘર રૂપ ભલેરૂ, ઉત્તમ કુલ બહુ આઇજી,
**વીરસેન**નું નાંમ જપંતાં, સકલ સીધિ હરિ થાઇજી. ૪૧૫
અસ્યા પૂરષની કથા સૂણિનિ, ચેતિ નર ગુણવંતજી,
પાપ કરમથી પાછો ભાગઇ,.................

(૧) છેલ્લું પત્ર નથી. પ.ક્ર.૨૫થી ૬૦, દે.લા.પુ.લા. ગુટકો નં.૧૧૨૬.

**(૧૪૧૫) સમયસ્વરૂપ રાસ** ૭૯૧ કડી

**(૧૪૧૬) દેવગુરુ સ્વરૂપ રાસ** ૭૮૫ કડી

**(૧૪૧૭) શત્રુંજય [ઉદ્ધાર] રાસ**
[જૈહાપ્રોસ્ટા.]

**(૧૪૧૮) કુમારપાલનો નાનો રાસ** ૨૧૯૨ કડી

**(૧૪૧૯) શ્રાદ્ધવિધિ રાસ** ૧૬૨૪ કડી
[મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૧).]

**(૧૪૨૦) આર્દ્રકુમાર રાસ** ૯૭ કડી

**(૧૪૨૧) પુણ્યપ્રશંસા રાસ** ૩૨૮ કડી

હવે ટૂંકી કૃતિઓ જોઈએ :

**(૧૪૨૨) આદીશ્વર આલોયણ** [અથવા **વિજ્ઞપ્તિ**] **સ્ત.** ૫૭ કડી ર.
સં.૧૬૬૬ શ્રાવણ શુદ ૨ ખંભાતમાં

**આદિ–** ચાલ ચોપાઈ.

શ્રી **આદીસર** વંદૂં પાયે, **વીનતા** નગરી કેરો રાય.
પ્રથમ તીર્થંકર **રીખભ** જિણંદ, જસ મુખ દીઠે અતિ આણંદ. ૧
તેહ તણા પાય ઉણુસરી, પાપ આલોઉં પરગટ કરી,
ચઉગતિ માંહે ભમતો જેહ, કીધાં કરમ કૂકરમ તેહ. ૨

**અંત –** પુરવ પુણ્ય તણા અંકુરા, પ્રગટ થયા મુઝ આજ રે,
**શેત્રુંજ**સ્વામી નયણે નિહાળ્યો, સરિયાં મુઝ કાજ રે.
સંવત **૧૬ છાસઠા** વરસે, સાવણ સુદિ દિન બીજેજી,
**તંબાવટી** માંહે જન સાખે, પાપ પખાલી રીઝેજી. ૫૫

કલસ.

તું તરણતારણ દુરિતવારણ, સ્વામી **આદિ** જિણંદ એ,
પ્રભુ **નાભિનં**દન નયન નિરખી હુઓ અતિ આણંદ એ. ૫૬
**તપગચ્છ**ઠાકર વચન સાકર શ્રી **વિજયસેન**સૂરિ તણા,
**સાંગણ** તણો સુત **રીખભ** બોલે, પાપ આલોઉં આપણા. ૫૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પ.ક્ર.૬૪-૬૮, ઊનાવાળા મોરારજી વકીલનો ચોપડો. (૨) પ.સં.?-૧૩, હા.ભં. દા.૮૩ નં.૪૩. [ડિકૅટલૉગભાઈ વૉ.૧૮ ભા.૧ (ભૂલથી સાગરચંદને નામે), મુપુગૂહસૂચી, રાહસૂચી ભા.૧.]

**(૧૪૨૩) મહાવીર નમસ્કાર**

**આદિ** – વીર જિણંદ ચોવીસમો, **ત્રિશલા** જેની માય,
ભૂપ પિતા ભગવંતનો, નર **સિદ્ધારથ** રાય. ૧
**સિદ્ધારથ** કુલ ઉપનો, **વર્દ્ધમાન** જિન નામ,
તે જિણવરના ગુણ સ્તવૂં, પ્રેમે કરૂં પ્રણામ. ૨

**અંત** – સંજમ ચોખું પાલિઉં, નિરમલ ગંગાનીર,
સકલ પાપનો ક્ષય કરી, મોક્ષ ગયા **મહાવીર**,
અરિહંત દેવ જે સિદ્ધ હુવા, સોય નમૂં નિસદીસ,
**રીખભદાસ** જિનને નમે, શ્રી સંઘની પૂરો જગીસ.

(૧) પ.ક્ર.૭૧-૭૨, ઊનાના મોરારજી વકીલનો ચોપડો.

**(૧૪૨૪) આદીશ્વર** [અથવા **ઋષભદેવ**] **વિવાહલો** [અથવા **ગુણવેલી**]
૬૯ કડી

**આદિ** – **આદિ** ધર્મ જિન ઉદ્ધર્યો, અવનિપતિ આધાર,
જુગલા ધરમ નિવારીઓ, પ્રથમ ધર્મ (જિન) અવતાર. ૧
પ્રથમ મુનીશ્વર જે હૂવા, પ્રથમ તે કેવલજ્ઞાન,
પ્રથમ હૂઆ ભિખ્યારૂ, પ્રથમ દીયાં જેણે દાંન. ૨
**નાભિરાય** કુલિ ઉપનઉં, **મરૂદેવા** જસ માય
**ઋષભદેવ** સુત જનમિઉ, સુરગિરિ ઉચ્છવ થાય. ૩
અષ્ટપ્રકાર કલસા કીયા, સાઠિ લાખ એક કોડિ
નીર સુગંધઇ તે ભર્યાં, ન્હાવણ કરઇ કર જોડિ. ૪
પૂજી પ્રણમી સુર દીઈ, ચીવર કુંડલ સાર,
જિનવર જિનધરિ મૂંકીયા, હિયડઈ હરષ અપાર. ૫

**અંત** – વર **તપાગછ**પાટિઇ પ્રભુ પ્રગટીઓ, શ્રી **વિજયસેનસૂરિ** પૂરી આસો,
**ઋષભ**ના નામથી સકલ સુખ પામીએ, કહે તે કવિતા નર **રીખભદાસો**. ૬૯

(૧) શ્રી ઉંદેન મધે લખ્યો છે. સંવત ૧૭૫૨ માહ વદ ૧૩ દને. પ.ક્ર.૭૮-૮૩, ઊનાવાળા વકીલ મોરારજીભાઈનો ચોપડો. (૨) સુશ્રાવિકા પદમાં શ્રાવિકા હરબાઇ પઠનાર્થ. સં.૧૭૩૧ વર્ષે પોષ વદિ ૧૦ રવૌ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લિખિત. પ્ર.કા.ભં. પ.સં.૩-૧૭, સેં.લા. નં.૪૬૪. (૩) પ.સં.૪-૧૨, મુક્તિ. વડોદરા નં.૨૪૪૮. [આલિસ્ટઑાઇ ભા.૨, જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

**(૧૪૨૫) ૨૪ જિન નમસ્કાર** છપ્પયબદ્ધ

**આદિ** – **આદિદેવ** અરિહંત, ધનુષ પંચસિં કાયા,
ક્રોધ માન નહિ લોભ, કરમ નહી મૃષા ન માયા.
નહિ રાગ નહી દ્વેષ, નામ નિરંજન તાહરૂં,
દીઠું વદન વિશાલ, પાપ ગયું સવિ માહરૂં.
નામિં હું નિરમલ થયો, જપું જાપ જિનવર તણો,
કવિ **ઋષભ** ઇમ ઉચ્ચરઇ, **આદિદેવ** મહિમા ઘણો. ૧

**અંત** – વંદું **વીર** જિણંદ, મહીઈ જિણિ મેર નમાયો
હરી સમઝાયો રાય, દેવ ભિણિ પાય લગાયો,
**શૂલપાણિ** સમજિ આણિ, નાગ ગતિ સુરની સારી
**ચંદનબાલા** જેહ, લેઇ બાકુલા તારી,
**ઉદાયી અરજુન** અનેક નર, ગયો તિમ **મેઘકુમાર**
કવિ **ઋષભ** કહિ **વીર**વચનથી, બહુ જન પામ્યા પાર.

(૧) પ.સં.૪-૧૩, હા.ભં. દા.૮૨ નં.૧૩૭. (૨) પ.સં.૧-૧૪, અપૂર્ણ, જશ. સં. (૩) ગોડીજી ભં. ઉદયપુર. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૨૧, ૫૦૬).]

**(૧૪૨૬ ક) + શત્રુંજયમંડણ શ્રી ઋષભદેવ જિન સ્તુતિ**

**અંત** – શ્રી **વિજેસેન** સૂરીશ્વરરાય, શ્રી **વિજયદેવ** ગુરૂના પ્રણમું પાય,
**રીષભદાસ** ગુણ ગાય. ૪.

[મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. તીર્થમાળા (જૈ. એ. ઇ.). [૨. જૈન કાવ્યપ્રકાશ ભા.૧.]

**(૧૪૨૬ ખ) + સ્થૂલિભદ્ર સઝાય**

સ્થૂલિભદ્ર ને કોશાનો સંવાદ

**આદિ** – શ્રી **સ્થૂલિભદ્ર** મુનિગણમાં શિરદાર જો,
ચોમાસું આવ્યા **કોશ્યા** આગાર જો,
ચિત્રામણશાળીયે તપજપ આદર્યા જો. ૧

**અંત** – પૂરવી થઇને તાર્યા પ્રાણી થોક જો, ઉજ્જલ ધ્યાને તે ગયા દેવલોક જો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઋષભ કહે નિત્ય તેને કરીયે વંદના જો.

[લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૩ પૃ.૩૬૫. [તથા અન્યત્ર.]

**(૧૪૨૬ ગ) + ધૂલેવા શ્રી કેસરિયાજી સ્ત. (?)**

**આદિ** – **ધૂલેવા** નગર માંહિ **ઋષભ** જિનેશ્વર, જગભૂલો કાંઈ ભટકે છે.

**અંત** – પ્રત્યક્ષ દેવ પરમગુરૂ પાયો, **ઋષભદાસ** ગુણ રટકે છે. ધૂલેવા. ૪

**(૧૪૨૬ ઘ) + માન પર સઝાય ૧૬ કડી**

**આદિ** – માન ન કરશો રે માનવી, કાચી કાયાનો શો ગર્વ રે

સુરનર કિન્નર રાજીયા, અંતે મરી ગયા સર્વ રે. માન. ૧

**અંત** – અસ્થિર સંસાર જાણી કરી, મમતા ન કરો કોઈ રે

કવિ **ઋષભની** રે શીખડી, સાંભલજો સહુ કોઇ રે. માન. ૧૬

પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૩.

આણંદજી કલ્યાણજીના ભંડારની 'હિતશિક્ષા'ની પ્રતમાં છેવટે નીચેની ટીપ આપી છે :

સંઘવી ઋષભદાસ કૃત રાસની ટીપ લખીઈ છે.

૧ શ્રી ઋષભદેવનો રાસ ઢાલ ૧૧૮ ગાથા ૧૨૭૧ ગ્રંથા ૧૭૫૦ છે.

૨ શ્રી ભરતેસ્વર રાસ ઢાલ ૮૩ ગાથા ૧૧૧૬ ગ્રંથ ૧૫૦૦ છે.

૩ શ્રી જીવવિચાર રાસ ગાથા ૫૦૨ ગ્રંથ ૭૧૪ છે.

૪ શ્રી ક્ષેત્રપ્રકાશ રાસ ગાથા ૫૮૪ ગ્રંથ ૮૫૬ છે.

૫ શ્રી અજાપુત્રનો રાસ ગાથા ૫૬૯ ગ્રંથ ૭૭૫.

૬ શ્રી શેત્રુંજ રાસ ગાથા ૩૦૧ ઢાલ ૨૦ ગ્રંથ ૪૧૨ છે.

૭ શ્રી સમકિતસાર રાસ ગાથા ૮૭૯ ગ્રંથ ૧૧૮૨ છે.

૮ શ્રી સમયસ્વરૂપ રાસ ગાથા ૭૯૧ ગ્રંથ ૧૦૦૦ છે.

૯ શ્રી દેવગુરૂસરૂપ રાસ ગાથા ૭૮૫ ગ્રંથ ૧૦૫૮ છે.

૧૦ શ્રી નવતત્વ રાસ ગાથા ૮૧૧ ગ્રંથ ૧૧૨, છે.

૧૧ શ્રી થૂલિભદ્ર રાસ ગાથા ૭૨૮ ગ્રંથ ૧૦૦૦ છે.

૧૨ શ્રી વ્રતવિચાર રાસ ગાથા ૮૬૨ ગ્રંથ ૧૨૧૨.

૧૩ શ્રી સુમિત્ર રાજાનો રાસ ગાથા ૪૨૪ ગ્રંથ ૫૨૫ છે.

૧૪ શ્રી કુમારપાલ રાજાનો રાસ ગાથા ૪૫૦૬ ગ્રંથ ૫૮૦૦.

૧૫ શ્રી કુમારપાલનો નાહનો રાસ ગાથા ૨૧૯૨ ગ્રંથ ૨૭૫૦.

૧૬ શ્રી જીવત સ્વામીનો રાસ ગાથા ૨૨૩ ગ્રંથ ૨૮૫ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭ શ્રી ઉપદેશમાલા રાસ ગાથા ૭૧૨ ગ્રંથ ૧૦૧૮.
૧૮ શ્રી શ્રાદ્ધવિદ્ધિ રાસ ગાથા ૧૬૨૪ ગ્રંથ ૨૨૫૦.
૧૯ શ્રી હિતશિષ્યા રાસ ગાથા ૧૮૬૨ ગ્રંથ ૨૩૨૫ છે.
૨૦ શ્રી પૂજાવિધિ રાસ ગાથા ૫૬૬ ગ્રંથ ૭૫૦ છે.
૨૧ શ્રી આર્દ્રકુમારનો રાસ ગાથા ૯૭ ગ્રંથ ૧૨૫.
૨૨ શ્રી શ્રેણિકનો રાસ ગાથા ૧૮૩૯ ગ્રંથ ૨૩૦૦.
૨૩ તવન ૩૩, ૨૪ નમસ્કાર ૧૩, ૨૫ થોયું ૭,
૨૬ તીર્થંકરનાં કવિત ૨૪, ૨૭ ગીત ૩૧, ૨૮ સુભાષિત ૩૭૯
એવં સર્વ એ જોડિ શ્રી સાંગણસુત સંઘવી ઋષભદાસે કીધી તે લષી છે જી. લિ. મુનિ ન્યાનચંદ્રેણ.

વળી એક હસ્તલિખિત પાનામાં નીચે પ્રમાણેની ટીપ મળી છે:
સંઘવી રીષભકૃત રાસની ટીપ લખી છઈ.

| | |
|---|---|
| શ્રી રીષભદેવનો રાસ ગાથા ૧૨૭૧ | શ્રી ભરતેશ્વર રાસ ગાથા ૧૧૧૬ |
| શ્રી જીવવિચાર રાસ ગાથા ૫૦૨ | શ્રી ક્ષેત્રપ્રકાશ રાસ ગાથા ૫૮૪ |
| શ્રી અજાપુત્રનો રાસ ગાથા ૫૫૯ | શ્રી શેત્રુંજ રાસ ગા.૩૦૧ |
| શ્રી સમકીતસાર રાસ ગા.૮૭૯ | શ્રી સમઈસરૂપ રાસ ગા.૭૯૧ |
| શ્રી દેવસરૂપ ગા.૭૮૫ | શ્રી નવતત્ત્વ રાસ ગાથા ૮૧૧ |
| શ્રી થૂલિભદ્ર રાસ ગાથા ૭૨૮ | શ્રી વ્રતવિચાર રાસ ગા.૮૬૨ |
| સુમિત્ર રાજાનો રાસ ગાથા ૪૨૬ | શ્રી કુમારપાલ રાસ ગાથા ૪૫૦૬ |
| કુમારપાલનો નાનો રાસ ગાથા ૨૧૯૨ | શ્રી જિવત સ્વામીનો રાસ ગાથા ૨૨૩ |
| શ્રી ઉપદેશમાલા ગાથા ૭૧૨ | શ્રી શ્રાદ્ધવિધિ રાસ ગાથા ૧૬૧૬ |
| શ્રી હિતશિક્ષા રાસ ગા.૧૮૪૫ | શ્રી પૂજાવિધિ રાસ ગાથા ૫૭૧ |
| શ્રી આર્દ્રકુમાર રાસ ગાથા ૯૭ | શ્રી શ્રેણિક રાસ ૧૮૩૯ |

| | | |
|---|---|---|
| તવન ૩૩ | નમસ્કાર ૨૨ | થોયો ૨૭ |
| સુભાષિત ૪૦૦ | ગીત ૪૧ | હરિયાલી ૫ |

| | |
|---|---|
| શ્રી હીરવિજયસૂરિનો રાસ ગાથા... | શ્રી મલ્લિનાથ રાસ ગાથા ૨૯૫ |
| શ્રી પુણ્યપ્રશંસા રાસ ગાથા ૩૨૮ | કઈવન્નાનો રાસ ગાથા ૨૮૪ |
| શ્રી વીરસેનનો રાસ ગાથા ૪૪૫. | |

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૦૯–૫૮, ભા.૩ પૃ.૯૧૬–૩૩ તથા ૧૫૧૭. પહેલાં 'નેમિદૂત'ના કર્તા વિક્રમ કે જે પોતાને સાંગણના પુત્ર જણાવે છે તે કદાચ આ કવિના બાંધવ હોય એવો તર્ક કરેલો પરંતુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછીથી "'નેમિદૂત'ની સં.૧૬૦૨માં લખાયેલી પ્રત બાલુચરના ગદ્દુબાબુને ત્યાં જીર્ણ છે (નોટિસીઝ ઑફ ધ સંસ્કૃત મેનસ્ક્રિપ્ટ્સ વૉ.૧૦ નં. ૨૭)" એમ જણાવી આ વિક્રમ ઋષભદાસના ભાઈ ન હોઈ શકે એમ નિશ્ચિત કર્યું છે.

ભા.૧ પૃ.૩૦૦ પર 'સુમિત્ર રાસ' વિજયસેનસૂરિને નામે નોંધ્યો હતો તે પછીથી ભા.૩ પૃ.૮૦૧ પર વિજયસેનસૂરિના રાજ્યમાં રચાયેલ ઋષભદાસનો જ 'સુમિત્ર રાસ' ગણ્યો છે.

પ્રથમ આવૃત્તિમાં 'નેમિનાથ નવરસ' અને 'નેમિનાથ સ્તવન' એ અલગ કૃતિઓ તરીકે નોંધી એકબીજાના સરખાપણા તરફ સંકેત કરેલો. વસ્તુતઃ આ એક જ કૃતિ હોવાનું જણાય છે તેથી અહીં એક તરીકે મૂકી છે.

'સ્થૂલિભદ્ર સઝાય'માં માત્ર 'ઋષભ' નામછાપ છે અને 'જૈન ગૂર્જર કવિઓ'માં જ આ કૃતિ ઋષભવિજયને નામે પણ મુકાયેલી છે એટલે ખરેખર આમાંના કે બીજા જ કોઈ ઋષભને કર્તા ગણવા કે કેમ એનો કોયડો ઊભો થાય છે.]

## ૬૩૩. માલમુનિ

**(૧૪૨૭) અંજનાસતી રાસ અથવા ચોપાઈ** ૧૫૪ કડી ર.સં. ૧૬૬૩ પહેલાં

**આદિ** – **સરસતિ** સામણી પ્રણમીયઇ, **ગોતમ**સ્વામિના પાય રે,
**અંજનાસુંદરી**ની કથા, નારિનર સુણહું મન લાઇ રે. ૧
સીલ ભવિયણ ભલઇ પાલીયઇ, પાઇયઇ સુજસુ સંસારિ રે
સબ કુસંગતિ વલી ટાલીયઇ, જાઈયઇ ભવસમુદ્ર પારિ રે
સીલ ભવિયણ ભલઈ પાલીયઇ. ૨

**અંત** – ધનધન **અંજનાસુંદરી**, સુમિરો ચિત્તિ ત્રિકાલ રે
સીલ ભલો તિણે પાલીયો, જસુ ગાવઈ મુનિ **માલ** રે. ૧૫૪
સીલ ભલો જગિ પાલીયઈ.

(૧) સંવત ૧૬૬૩ વરષિ ચૈત્ર સુદિ સપ્તમી બુધ દિનૌ લિપકૃતં રષીસ્થાન મધ્યે ગોપાલુ પઠનાર્થં. પ.સં.૮–૧૩, અનંત. ભં. (૨) સંવત ૧૭૨૪ વર્ષે પોષ સુદિ કૃષ્ણપક્ષે પ્રતિપદા ભૃગવા દિને પૂર્ણમસ્તિ. પ.સં. ૬–૧૫, અનંત. ભં. (૩) સં.૧૭૧૮ શ્રા.સુ.૬ સોમે આચાર્ય હંસરાજ તસ્ય છા... કિસોર ઋ. શિ. પુણ્યપ્રતાપ ઋ. પઠનાર્થં સુહેદીઃ પ.સં.૩,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભય. પો.૬ નં.૩૯૦. (૪) લિ.સં.૧૮૦૯ ચૈત્ર શુદિ ૮ આદિતવાર. પ.સં.૪-૧૮, આગ્રા ભં. (૫) લિષ્યતં ગુણદાસ ઋષિ તત્‌સિષ્યિ ગોપાલ ઋષિ પઠનાર્થં બાઈ મલૂ કે જોગુ. સંવત્ ૧૯૦૯ વર્ષે માઘ વદિ ૭ રવિવાસરે. પ.ક્ર.૧૨થી ૨૦, એક ચોપડી આકારે પ્રત, નાથાલાલ પાલણપુરવાળા પાસેની.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૬૩-૬૪, ભા.૩ પૃ.૨૮-૨૯ તથા ૯૩૮. ભા.૩ પૃ.૨૮-૨૯ પર ઉપરની કૃતિ ભૂલથી સં.૧૯મી સદીમાં નાથાજી-શિષ્ય માલમુનિને નામે પણ મુકાયેલી.]

## ૬૩૪. અનંતકીર્તિ (દિ. મૂલસંઘ)

**(૧૪૨૮) ભવિષ્યદત્ત ચોપાઈ** ર.સં.૧૬૬૩ કા.શુ.૧૪ સાંગાનેર

(૧) પ.સં.૩૬, મંગલચંદ માલૂ સંગ્રહ વિકાનેર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૯૦.]

## ૬૩૫. જીવરાજ (ખ. જિનચંદ્રસૂરિ-રાજકલશશિ.)

**(૧૪૨૯) સુખમાલા સતી રાસ** ર.સં.૧૬૬૩ કા.શુ.૧૫

આદિ –

દૂહા

**સરસતિ** વર દેયો સુમતિ, કુમતિ નિવારે માય,
સતીયશિરોમણિ ગાયસું, સસક તસ કજ સુભાય. ૧
ચારિત્ર પાલિ નિરમલો, કીધો દેહ વિસાસ,
કર્મ તણેં વસ્ય વલી હુઓ, ફરિ પાછે ઘરવાસ. ૨
ઘરવાસ ભોગકમ ભોગવી, સંયમ બાંધવ પાસ,
પુનરપિ લીધો દેહ દમિ, લાધો સુરસુખવાસ. ૩
કવણ સો સુંદરિ કિહાં હવિ, માયતાય કુણ દેસ,
**ઉપદેશમાલાથી** ઉધર્યો, સંબંધ સુણો સુવિસેસ. ૪

અંત – એહ કાથા અવગુણકોથલી, ગાફલ નરનિં જાસ્યઈ છલી,
ભાઇબહિન જે ત્રિણઇ કહ્યા, થયા ગાફલ તો કરમૈં દહ્યા. ૨૭
પણ તે ધન્ય જે એક ઘડી, તેહની હોડિ મ કરસ્યો ઘડી,
બંધવ પણિ ચિરંજી તાસ, સંયમ પાલી સ્વર્ગનિવાસ. ૨૮
**સોલે સે ત્રેસઠિમઈ** વરષ, કાતી પૂનિમ મનમઇ હર્ષ,
સાધશિરોમણિ **ખરતર** જતી, **શ્રી જિનચંદ્રસૂરી** ગછપતી. ૨૯
વાદીગજનિરઘાટણ સિંહ, **રાજકલસ** મુનિ પંડિતસિંહ,
તાસ સિસ પભણે **જીવરાજ**, ભણતાં ગુણતાં અવિચલ રાજ. ૩૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) સં.૧૭૯૯ શ્રા.વ.૮ બુધે પં. ભોજવિમલ શિષ્ય પં. મેઘવિમલ લ. શ્રી. થંભનપુર મધ્યે. પ.સં.૨૦–૧૧, ખેડા ભં. ૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૯૫-૯૬.]

**૬૩૬. વિમલચારિત્ર** (નાગોરી વડતપ. પાર્શ્વચંદ્રસૂરિ–સમરચંદ્ર–રાજચંદ્ર–રત્નચારિત્રશિ.)

**(૧૪૩૦) [+] અંજનાસુંદરી રાસ** ૩૯૭ કડી ર.સં.૧૬૧૩ માગશર શુદ ૨ ગુરુ નાગોરમાં

**આદિ–** શાંતિકરણ જગિ જાણિયે, **વિશ્વસેન** કુલચંદ,
ભાદ્રપદ વદિ સાતમિંઈ, ચવીયા જગદાનંદ,
આનંદ **અચિરા** હુઓ અતિઘણો, જેઠ વદિ તેરસ દિને,
જન્મ પામ્યા ઇંદ્રે ઉચ્છવ કીધ, સુરગિરિ શુભ મન્ને,
ગર્ભથી જિણે મારિ ટાલી શાંતિ થઈ આણંદિયા,
સજન દેખત નાતિ રંગિઈ **શાંતિ** જિન નામ જ દિયા. ૧
મંડલપતિ પદવી લહી પહિલેં ભોગવિ ભોગ,
ચક્રવર્તિપદ પામિયા, મિલીઓ સહૂ સંયોગ.
સંયોગ મિલીઓ સાધિ ષટ્ખંડ રતન સવિ નવનિધિ લહ્યા,
મુગટબદ્ધ બત્રીશ ભૂપતિ સહસ સેવે ગહગહ્યા.
જેઠ માશિઈ કસિણ ચઉદસિ ઇંદ્ર ચઉસઠિ આવીઆ,
કીધ ઉચ્છવ દીપ, લીધી વર્ણવે ગુણ ભાવીયા. ૨
પોસ શુકલ નવમી દિને પામ્યો કેવલનાણ,
જેઠ બહુલ તેરસિ તિથિં પ્રભુ પામ્યો નિર્વાણ,
નિર્વાણ પામ્યો શાંતિ જિણવર સિદ્ધિ પદિ સુખસંપદા,
પામિયા તસુ ચરણ પ્રણમો ભગતિ સ્યું ભવિયણ મુદા,
તેહ સ્વામિ સેવતાં સહી રોગ નાવે તનિ કદા.
મનહ મનોરથ સર્વપૂરણ સિદ્ધિ લહિયે સર્વદા. ૩

દૂહા.

સુહગુરૂ-ચરણકમલ સદા વંદોં ધરી આણંદ,
ભવિય-કમલ પડિબોહવા ઉદયો તેજિ દિણંદ. ૪
ચિહું પ્રકાર ધર્મ વર્ણવ્યો તિહુયણજન આધાર,
દાન શીલ તપ ભાવના કરિ તરિયે સંસાર. ૫



જૈન સાઈટ JAINSITE જૈનં જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મે ધણકણ સંપજે ધર્મે મોટિમ રાજ,
ધર્મે જરા મહિમા ઘણો ધર્મે સીઝે કાજ. ૬
ધન **સુબાહુ ધન્નો** સુણો, **શાલિભદ્ર કયવન્ન**,
શ્રી **શ્રેયાંસકુમરે** દીઓ, દાને લહિઓ ફલ પુન્ન. ૭
સેઠિ **સુદર્શન નેમિજિણ થૂલભદ્ર નાગિલ્લ**,
શીલ લીલ સાધી ખરી, ફલ પામ્યો આગિલ્લ. ૮
**ઋષભ વીર ધન્નો** યતી, તપીઓ તપ ઉદાર,
**ભરત અનાથી** હરિણુ લઇ ભાવી ભાવન સાર. ૯
**અંજનાસુંદરી** ભલી પામ્યો શીલ ઉદાર,
શીલબલે સુખસંપદા પામી નિજ પરિવાર. ૧૦
**અંજનાસુંદરી** કવણ કિમ પાલ્યો તિણિ શીલ,
ગામ ઠામ કેણે હવી કિમ પામી સુખલીલ. ૧૧

**અંત –** ઢાલ. બ્રહ્મદત્તપુર કંપિલ્લ રાજીઓ રે એ દેશી.
**અંજનાસુંદરીએ** ખરો રે પાલ્યો શીલ-આચાર,
ભવિયણજણ તિમ પાલ્યો ભાવ સ્યું રે, જિમ લહો કીરતિસાર—
શીલ સમાચરો રે. ૩૮૯

*

**નાગોર** નગીને સાતે જિણહરે રે, **આદિ શાંતિ** જિણ **પાસ**,
**વીર** જિણેસર તે પ્રણમી કરી રે, ચોપઈ કીધ ઉલ્લાસ. શી. ૩૯૩
**વડતપ**ગચ્છપતિ જગ માહિં જાણીઇ રે, શ્રી **પાસચંદસૂરીસ**,
તાસ પટોધર ગરૂઅડિ ગાજતા રે, **સમરચંદસૂરિ** જગીસ. શી.૩૯૪
શ્રી **રાજચંદસૂરિ** ગણધર ગાઇઇ રે, વાચક **રતનચારિત્ર**,
તાસ પસાઇં ચોપઈ એહ રચી રે, સેવક **વિમલચારિત્ર**. શી. ૩૯૫
સંવત **સોલહ વરસે ત્રેસઠિઇ** રે, માગશિર માસ વિકાશ,
ચઉપઇ જોડી બીજે ગુરૂ દિને રે, ભણતાં ન્યાનપ્રકાસ. શી. ૩૯૬
એહ ચઉપઈ સુણીને પાલીઇ રે, શીલપ્રમુખ જિનધર્મ,
ઇહભવિ પરભવિ સુખની સંપદા રે, લહીએ શિવગતિશર્મ. શી. ૩૯૭

(૧) સં.૧૭(૦)૧ વર્ષે ચૈત્ર વદિ ૪ દિને ઋ. ઠાકરસી તત્શિષ્ય ઋ. **દીપા** લિ. પ.સં.૧૮–૧૩, આગ્રા ભં. (૨) લિ. **સમાનગરે** સં.૧૬૬૭ વૈ.શુ. ૧૦ ગુરૂ ગણિ **શાંતિકુશલ** લિ. વિ.ધી.અમદાવાદ. (૩) સં.૧૬૮૩ ફા.શુ.૩ ગુરૂ લિ. વિ.દા.છાણી. (૪) પં. **વિનયકુશલ** શિ. ગણિ **કીર્તિકુશલેન** લિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં.૧૬૯૧ પો.વ.૯ ગુરૂ સિરસડી મધ્યે શાંતિપ્રસાદાત્ નિ. વિ. ચાણસ્મા.

પ્રકાશિત : ૧. જૈન રાસસંગ્રહ, પ્રથમ ભાગ (ભ્રાતૃચંદ્રસૂરિ ગ્રંથમાલા પુ.૩૨થી ૩૯) પૃ.૧–૪૧.

**(૧૪૩૧) રાયચંદ્રસૂરિ રાસ (ઐ.)**

(૧) પ.સં.૬, અભય. પો.૧૩ નં.૧૪૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૯૮–૪૦૦, ભા.૩ પૃ.૮૯૬–૯૭.]

## ૬૩૭. દેવરાજ (વિજયગચ્છ પદ્મસૂરિશિ.)

**(૧૪૩૨) હરિણી સંવાદ** ર.સં.૧૬૬૩ ચૈ.શુ.૯ રવિ

(૧) સં.૧૭૦૪ જે.શુ.૩ સોમ કુશલલાભ લિ. પ.સં.૨૦, મહિમા. પો.૩૪.

**(૧૪૩૩) સકોસલ ઋષિ ઢાલ** કડી ૬૪ લ.સં.૧૬૮૯ પહેલાં

**આદિ** – સુહગુરૂવયણે સાંભલી રે, હૂઉ મુઝ આનંદ,
ગુણ સમરઉં હું તેહનાજી, વંછઇ રોહણિ ચંદ. ૧
ગુણે કરી ઉદઉ..............અવિચલ માંન
નારી દૂહવ્યો અતિહિ ઘણું જી, કોપ્યઉ નહીય સુજાણ. ગુણે. ૨

**અંત** – વીરધવલ ઋષિ વાઘણિ ખૂઝવી, આપ્યા અણસણ સાર,
અણસણ પાલી બેહું સુરવર થયા, લહસઇ મોક્ષદ્વાર તે ધન્ય. ૬૩
નર ચારિત્ર ચોખુ આદરી, વજ્જંઇ ચ્યારિ કષાય
સુરનર સારઇ તેહની સેવના, દેવરાજ પ્રણમઇ પાય
તે ધન્ય દહાડા જઇનઇ વંદિસું. ૬૪

(૧) સં.૧૬૮૯માં લખેલ એક ચોપડી આકારે પ્રત, પ.ક્ર.૨૧થી ૨૪, નાથાલાલ પાલણપુરવાળા પાસેની. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૯૭. ગચ્છ-ગુરુપરંપરા 'હરિણી સંવાદ'ને અનુલક્ષીને અપાયેલાં લાગે છે, કેમકે 'સકોશલ ઋષિ ઢાલ'ના ઉદ્ધૃત ભાગમાં એ નથી.]

## ૬૩૮. શ્રીપાલ (ઋષિ)

**(૧૪૩૪) દશવૈકાલિક સૂત્ર બાલા.** ર.સં.૧૬૬૪

(૧) સં.૧૬૮૫ કા.શુ. પં. વિજયચંદ્રગણિ કલ્યાણચંદ્ર લિ. કયરવાડા ગ્રામે. પ.સં.૭૮, શાંતિ. ભં. ખંભાત દા.૧૧૨ નં.૧૪. (૨) ગ્રં.૨૦૩૧, પ.સં.૫૭, લીં.ભં. દા.૬ નં.૩૯. (૩) ડાયરા અ. પાલણપુર. (૪) ગ્રં.૩૦૦૦,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ.સં.૫૩, કચ્છી દ. ઓ. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૦૨, ભા.૩ પૃ.૧૬૦૧.]

**૬૩૯. દયાશીલ** (આં. વિજયશીલશિ.)

**(૧૪૩૫) શીલ બત્રીસી** ર.સં.૧૬૬૪ નવાનગરમાં

**આદિ –** ઐં નમઃ કુંડલીયા ૩૨.

સુંદર સુભમતિદાયિની, **બ્રહ્માણી** વર રૂપ,
કર જોડી ગુણ સંથવઇ, સુર કિનર નર ભૂપ.
સુર કિંનર નર ભૂપ રૂપ ગુણ પાર ન પામઇ,
આપઇ અવિચલ બુદ્ધિ સિદ્ધિ સાધક વર કામઇ.
કવિજન કથા કલોલ લાભ લખમી લહઇ બંધુર,
**દયાશીલ** કહઇ કર જોડિ આપિ મતિ માતા સુંદર. ૧
**સીલ બત્તીસી** વરણવું સુ, માત કરેસુ પ્રમાણ,
વેધક જન મુખિ ઉચ્ચરઇ સુ, સુરતા કરઇ વખાણ,
સુરતા કરઇ વખાણ ભાંણ જિમ તેજ વિરાજઇ.
સીલવંત નર જિકે તાસ ત્રિભોવનિ જશ છાજઇ,
સુરનર કરઇ પ્રસંસ વંસ થિર થાવન લીલ,
**દયાશીલ** કહઇ પરનારિનેઉ તજિ પાલુ સીલ. ૨

**અંત –** સંવત **સાર સિંગાર કાય** વલી **વેદ** સંવચ્છર,
**નૂતનપુર** વર માહિ **સાંતિ** સાનિધિ લહી વરતર,
**સીલબત્તીસી** રંગિ અંગિ ઊલટ ધરી ગાઇ,
ધર્મવંત નરનારિ તાસ મનિ ખરી સુહાઇ.
જિનધર્મ સાર સંસારમાં જાણી જુગતઇ પાલીયઇ,
**દયાશીલ** કહઇ કર જોડિ એ શ્રી જિનવચન સંભાલીઇ. ૩૨

(૧) સં.૧૬૬૯ વૈ.વ.૪ બુધે, ગ્રંથાગ્ર ૯૮. પ.સં.૪–૧૨, સંઘનો ભંડાર પાટણ દા.૭ર નં.૭૫. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૮).]

**(૧૪૩૬) ઈલાચી કેવલી રાસ** ર.સં.૧૬૬૬ કા.વ.૫ સોમ ભુજ

**આદિ –** પણમવિ સિરિ જિણવર વંછિત સુરનર સામી
**વર્દ્ધમાન** વિબુધપતિ પાય નમઇ સિર નામી
સહિગુરૂપાય વંદિ મનિ આણંદી સાર
**સરસતિ** મતિદાઇ હીયડઇ ધ્યાઇ અવાર

ત્રૂટક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તુ રે **સરસતિ** મતિદાઇ હીયડઇ ધ્યાઇ, કરસિઉં કવિત રસાલ
જે ભાવિઇં ભણતાં કાંને સુણતાં, લહીઇ મંગલમાલ
બહુગુણમણિઆગર મહિમાસાગર કુમર **ઈલાચી** જાંણુ
ભાવન ભાવંતાં નાટક કરતાં પામિઉ કેવલનાણુ. ૧

**અંત** – એહ સંબંધ સુણી મુનિ પાસઇં પામઇ બહુ પ્રતિબોધ
સંયમ કેવિ લીઇ વઇરાગિઇં, મૂંકી મોહ નઇ ક્રોધ રે. ૧
મુનિરાજ તણા ગુણ ગાવઉ. આંચલી

*

**અંચલ**ગચ્છિ શ્રી **ધરમમૂર્તિ**સૂરિ, સૂરિસિરોમણિ દીપઇ
તસ પાટિ શ્રી **કલ્યાણસાગરસૂરિ,** મયણ મહાભડ જીપઇ રે. ૬ મુ.
સંવત **ષટ રસ બાણ** (પા.કાય) **નિશાકર,** કાતિગ વદિ સોમવારિ
પાંચમિ જોડિ કરી એ રૂડી, શ્રી **ભુજનગર** મઝારિ રે. ૭ મુ.
વાચકવંશ સુહાકર મુનિવર, શ્રી **વિજયશીલ** મુણિંદ.
તાસ સીસ **દયાશીલ** પયંપઇ, વંદુ **ઇલા** મુનિચંદ રે. ૮ મુ.
**ઈલાચી** મુનિના ગુણ ગાતાં, પાતિક દૂરિ પલાઇ
શ્રી **ચિંતામણિ પાસ** પ્રસાદિઇં, ઋદ્ધિ વૃદ્ધિ થિર થાઇ રે. ૯ મુ.

(૧) લિ. **નવાનગર** મધ્યે પં. **વિજયસાગરગણિ.** પ.સં.૭-૧૫, મ.જૈ.વિ. નં.૪૩૪. (૨) પ.સં.૮, લીં.ભં. દા.૨૩. (તે ભંડારની ટીપમાં સં. ૧૫૬૬ ને છાપેલી ટીપમાં સં.૧૫૬૮ રચ્યા સાલ છે તે બદલે સં.૧૬૬૬ ખરી રીતે જોઈએ). (૩) સં.૧૬૯૭ જે.શુ.૧૧ ગુરૂ **રાજનગરે** ઋ. **માણિક્યસાગર** શિ. **ચાંનસાગરેન** લ. સ્વવાચનાર્થં. પ.સં.૫-૧૮, ડા. પાલણપુર. (આમાં "ષટ રસ કાય નિશાકર" એ સંવત સ્પષ્ટ આપેલ છે.) [લીંહ-સૂચી.]

**(૧૪૩૭) ચંદસેન ચંદ્રદ્યોત નાટકિયા પ્રબંધ** ર.સં.૧૬૬૭ ભિન્નમાલમાં

**અંત** – રાગ ધન્યાસી. મેરી સજની ગિરિ એ ઢાલ.
મેરી સજજની મુનિગુણ ગાવુ રી,
**ચંદ્રદ્યોત ચંદ્ર** મુણિંદ મેરી, નામઇ હુઇ આણંદ.
વિષમ કિલ્વિષ વિષવિનાસન, નામ મંત્ર પ્રધાન,
સંસારજલનિધિજલહ તારણ, મુનિવર નાવ સમાન. મે. ૨
**વિધિ**પક્ષ શ્રી **ધરમમૂરતિ**સૂરિ, સૂરિ શિર કલ્યાંણ,
સુણિવિ તાસ વખાણ ભવીયા, સિરિ ધરૂ જિણવર આણ. મે. ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાચક શ્રી **વિજયશીલ** સહિગુરૂ, લહી તાસ પસાઇ,
કરીય આજ મઇ જીભ પાવન, મુનિવરના ગુણ ગાઇ. મે. ૪
સંવત **મુનિ રસ સોલ** સોહઇ, **ભીનમાલ** નગર મઝારિ,
**ચંદ્રધોત ચંદ્ર** નરિંદ્ર ચરિતં, રચિતં **સાંતિ** આધારિ. મે. ૫
જિનધર્મ્મ શર્મ્મ નિદાન જાણી, કરૂ પ્રાણી અભ્યાસ,
**દયાશીલ** વાચક ઇમ બોલઇ, જિમ લહુ અવિચલ વાસ. મે. ૬

(૧) ગ્રં.૧૫૦, પ.સં.૫-૧૩, સંઘ ભંડાર પાટણ દા.૭૨ નં.૭૯. (૨) આં. ધર્મમૂર્તિસૂરિ રાજ્યે. પાટડી ભં. (વે. નં.૭.) [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૦૨-૦૫.]

## ૬૪૦. દર્શનવિજય (ત. હીરવિજયસૂરિ–રાજવિમલ–મુનિવિજયશિ.)

**(૧૪૩૮) નેમિજિન [રાગમાળા] સ્ત.** કડી ૫૯ ર.સં.૧૬૬૪ માગશર કે પોષ ૨ સુરતમાં જુદાજુદા રાગમાં.

**આદિ –** રાગ સામેરી ઢાલ
સકલ મનોરથ પૂરવઇ, પ્રણમી ગુરૂ થુણસ્યુ હવઇ,
નવનવઇ રાગિ **નેમિ** જિણેસરૂ એ. ૧

**અંત –** કલશ
**તપગચ્છરાજા હીરવિજયસૂરિ**, તાસ સીસ મુનિવરો,
**મુનિવિજય** વાચક સીસ **દર્શનવિજય** કહઇ શ્રી જિનવરો.
મિં સ્તવ્યો ભાવિં **વેદ રસ રસ ચંદ** મિત સંવચ્છરો,
સહઇ માસિ દ્વિતીયા રાજયોગે **સૂર્યપુર** બંદિર વરો. ૫૯

(૧) પં. કનકવિજય શિ. ગણિ હર્ષવિજય પઠનાર્થં. શ્રી **નવાનગર** વાસ્ત. **ઋષભદાસ**. પ.સં.૩-૧૬, હા.ભં. દા.૮૩ નં.૧૦૭. (૨) સં.૧૭૩૦ માહ શુ.૧૩ રવૌ પુષ્યે **રાજનગરે** લષિતં ઉત્તમચંદ્રેણ. પ.સં.૩-૧૪, હા.ભં. દા.૮૩ નં.૧૪૩. [મુપુગૂહસૂચી.]

**(૧૪૩૯) + પ્રેમલાલચ્છી રાસ** અથવા **ચંદ ચરિત** ૯ અધિકાર ૫૩ ઢાલ ર.સં.૧૬૮૯ કાર્તિક શુ.૧૦ બર્હાનપુરમાં

**આદિ –** શ્રી સુખદાયક જિનવરૂ, નામિં પરમાણંદ,
પ્રણમી **ગાૈતમ** ગણધરૂ, શ્રી **વસુભૂતિ**-નંદ. ૧
**સારદ** સાર પસાઉલઇ, ચિન્તીત કવિત કરાય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માતા ! રસ મુજ વાણીઈં, દેજો બહુ સુખ થાય. ૨
શ્રી **વિજયાણંદ** સૂરીસરૂ, **તપગચ્છ**પતિ સુપ્રસાદિ,
વાચક **મુનિવિજય** ગુરૂ, ગુણ સમરૂ આલ્હાદિ. ૩
શીલપ્રભાવિં સુખ ઘણું, શીલ સુમતિદાતાર,
શીલિં શોભા અતિ ઘણી, શીલ સદાનંદ નાર. ૪
શીલ-અધિકાર કહઈ કવિ, દેવગુરૂ-ધર્મ-પસાય,
**ચંદનરેશર** મનિ ધરી, રાસ રચ્યું સુખદાય. ૫
નવ અધિકારઈ વર્ણના, નવ રસ માંહિં પ્રધાન,
**ચંદ**ચરિત સુણતાં લહો, કમલા સુખ સંતાન. ૬
સાંભલતાં સુખ ઉપજઈ, વિસ્મય પામઈ મન્ન,
પહેલઈ અધિકારઇ વર્ણવ્યું, **ચંદ**ચરિત્ર રતન્ન. ૭

**અંત** – ધન્ય ધન્ય ચંદમુનિ મહામુનિ...ઢાલ ૫૩. રાગ ધન્યાસી.
જુઓજુઓ સાઅલ મહિમા નહિ મંડલિ, જાગતો આજ પણિ એમ દીસઈ,
શ્રી ગુરૂ **હીરવિજય**સૂરી જયકર, નામ સુણતાં ઘણું હઈય હું હીસઈ. ૫૧
જેણઈ યવનપતિ **અકબર** ભૂપતિ તેહ પ્રતિ બુઝવિ સુયશ લીધો,
પડહ **અમારિનો** માસ છ બરસ પ્રતિ, જગજનનઈં ઉપગારી કીધો. ૫૨
તાસ પાટિં પ્રગટ પુણ્ય પૂરણ પ્રભુ, જેણઈં **અકબર** સભાઈં પ્રસીધો,
ત્રિણિ્સઈં ભટ્ટ જીપી જય પામીઓ, શ્રી **વિજયસેન**સૂરી જગ પ્રસીધ્ધો. ૫૩
પાટિં તસ શ્રી **વિજયતિલક**સૂરી શુભ ચરી જેણઈં જગિં કુમત મત દૂરી ટાલ્યો,
જ્ઞાન વૈરાગ્ય જગિ દીપતો ત્રિકરણ શુદ્ધિ ગુરવયણ પાલ્યો. ૫૪
તાસ પટ્ટોધરૂ ભવિકજન-સુખકરૂ **દર્શન**-દુષહર જાસ દીપઇ,
અતુલ સૌભાગ્ય જયઉદય અધિકો પ્રભુ સકલભટ્ટારકમાન જીપઈ. ૫૫
શ્રી **તપાગચ્છ**પ્રભુ સૂરીમુકુટામણી, શ્રી **વિજયાણંદ**સૂરી સોહો,
તેહની જેહ સેવા અહનિસિં કરઇ તે ભવિજન તણા સફલ દીહો. ૫૬
વિજયજયકારિં તસ રાજિં જગિ જયકરૂ, વાચકાધીશ સિર ઈશ મોટો,
અતિહિં સુપવિત્ર ચારિત્ર જગિ જેહનું ચાલતો હાસ વૈરાગ્ય કોટી. ૫૭
સાર અવતાર ઉપગારમય જેહનો, જેણઇ બઈ શાસ્ત્ર આંપિ ભણાવી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંદમતિ તેહુ પણિ જણઈ કોવિદ કર્યા, બુઝવ્યા ભાવિ બહુતિ જગિ સુણાવી. ૫૮
શ્રી **મુનિવિજય** ઉવઝાય સુપસાયથી, સાસનિ દાસ તસ ધ્યાન ધ્યાતો,
સયલ તસ સીસ સંદેહમાં કણુ સમો, શ્રી ગુરૂગુણહિતે અતિહિં રાતો. ૫૯
સીલ-અધિકારઈ એ **ચંદમુનિ** મહામુનિ સતીય પ્રેમલા પુહુચિં પ્રસીધી,
સંયમ અણુંસરી સાર કેવલવરી અનુક્રમિં પામીઆં સયલ સિદ્ધિ. ૬૦
કવિ **દર્શનવિજય** વિરતચરિત એમ ભણઈ, આપિં સંસાર-નિસ્તાર કાજિં,
સીલધારી બહુ સુગુણ ગુણ ગાયતાં, શુદ્ધ પરિણામિં સવિ આરતિ ભાજિં. ૬૧
ચરિત એ ભણતાં સુણતાં સુણતાં સહોઈ કલ્યાણકારી દૈવ,
સંવત **સોલ નિવ્યાસી** કાર્તિક સુદિ દસમી વાર ગુરૂ પુષ્ય તે દિવ-સમેવ. ૬૨
શ્રી **બર્હાનપુર** નયરવરમંડણો જહા **મનમોહન પાસ** રાજઈ,
સંઘ જયજયકરૂ ભવિકજનદુખહરૂ દેવસેવા કરઈ બહુ દિવાજઈ. ૬૩
તત્ર શાષાપુરઈ **દલપુરવરે** જિહાં જિનરાજ સદા દેવ **સુપાસો**,
ધ્યાન તસ ચિત ધરી ત્રિકરણ શુદ્ધિ કરી, જગતની જ્યોત જગમાં વિસેસો. ૬૪
તાસ સુપસાયથી સીલ ગુણે કરી, ગાઇયો સરસરસ એહ રાસો,
જિહાં લગઈ સૂરસસિ ભુમિં થિર થાયયો, વિસ્તરો જગ માંહિ ગુણ વિલાસો. ૬૫

(૧) ઇતિ શ્રી સીલાધિકારે ચંદમુનિ પ્રેમલાસતી રાસ સંપૂર્ણઃ ૧૭૩૧ વર્ષે જ્યેષ્ટ વદિ ૧૦ દિને રવિવાસરે લષિતં પંડિત શ્રી **ધર્મહર્ષેણ**. શ્રી **રાજનગર** શ્રી વીરપ્રસાદાત્. ગુ.વિ.ભં. (૨) ઇતિ શ્રી ચંદાયણિ નામ રાસે નવમોઽધિકારઃ શ્રી શીલાધિકારે ચંદમુનિ પ્રેમલાલચ્છી સતી રાસ સંપૂર્ણઃ ગ્રંથાગ્રંથ ૨૧૦૧ શ્લોકસંખ્યા સંવત ૧૭૬૦ વર્ષે આસો વ.૭ શુક્રે. ૫.સં.૫૪, દે.લા. (૩) સં.૧૭૬૦ માગશર શુ.૧૩ રવિ **ઊર્ણાક** ગ્રામે ભ. **રાજવિજયસૂરિ** પટ્ટે ભ. **રત્નવિજયસૂરિ** પટ્ટે ભ. **હીરરત્નસૂરિ** પટ્ટે ભ. **જયરત્નસૂરિ** પટ્ટે **ભાવરત્નસૂરિભિઃ** લ. મુનિ **નયરત્નેન**. ૫.સં.૬૪–૧૩, ઈડર ભં. (૪) ૫.સં.૨૪–૧૬, મ.જૈ.વિ. નં.૪૬૯. (૫) અમર. સિનોર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભં. (૬) સં.૧૬૯૩ માગશિર વ.૧૪ શુક્રે ભ. હીરરત્નસૂરિ-જસવિમલ-માનવિમલેન. નિ.વિ.ચાણુસ્મા. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૮ – ભૂલથી મુનિવિજયને નામે).]

પ્રકાશિત : ૧. આનંદ કાવ્ય મહોદધિ મૌ.૧.

**(૧૪૪૦) + વિજયતિલકસૂરિ રાસ** ર.સં.૧૬૯૭ પોસ સુદિ રવિ બુરહાનપુરમાં

આદિ – ઉદય અધિક મહિમા ઘણો, **મનમોહન પાસ,**

સંઘ સયલ આણંદકરૂ, સુખસંપદ બહુ વાસ. ૧
નયર **બરહાનપુર**મંડણો, મૂરતિ દીઠે મોદ,
પ્રણમું પ્રભુ પ્રતિં હઇડે ધરી પ્રમોદ. ૨
અઈયાણાગય સંપ્રતિ વંદું જિન ચોવીસ,
ચાર તિથંકર શાશ્વતા વિહરમાન વલી વીસ. ૩
કરમ ષપી મુગતિં વસ્યા સિદ્ધાસિદ્ધ અનંત,
તે અહનિસિ આરાહીઇ, અનંત ગ્નાન ગુણવંત. ૪
ગુણ છત્રીસે નિરમલા, સોહે અંગ અનૂપ,
આચારિજ નિત વંદીઈ, કલિકાલે જિનરૂપ. ૫
સકલ સૂત્ર સિદ્ધાંત તે ભણે ભણાવે સાર,
વાચક ગુણ પંચવીસ સિઉં આરાધું સુખકાર. ૬

અંત – રાગ ધન્યાસી.

**રાજનગર** ગુરૂરાજ પધાર્યા, ભવિયણ અતિ આણંદજી,
ધર્મધ્યાન બહુ માન ઉપાયા પામે પરમાણંદજી. ૮૭
દાન દીએ બહુ ગુરૂ ઉપદેસેં પાલે સીલ સુભાવેજી,
તપ તપે વર ભાવન ભાવે ધન વાવરે ગુરૂ આવેજી. ૮૮
વાચક વિબુધ બહુ મનિ પરવરીઓ, રાજે શ્રી ગુરૂરાજજી,
**વિજયતિલક**સૂરિ પાટ પનોતો દીપાવે ધર્મકાજજી. ૮૯
ઉદયવંત અધિકો મહિમંડલે પ્રતપો જગઉપકારીજી,
મેરૂ મહિધર મહી રવિ સસિહર સાયર થિરતા ધારીજી. ૯૦
તિહાં લગેં એ આસીસ અનોપમ તાર્યાં બહુ નરનારીજી,
એ ગછધારી બહુ હિતકારી સાચો પરઉપગારીજી. ૯૧
સંવત **સસિ રસ નિધિ મુનિ** વરસિં પોસ સુદિ રવિ કર યોગેજી,
રાસ રચ્યો એ આદર કરીનેં શાસ્ત્ર તણે ઉપયોગેજી. ૯૨
**વીસલનયર કેસવ** સા નંદન ધિન્ન **સોભાઇ** માયજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શ્રી રાજવિમલ** વાચક સીસ અનોપમ **મુનિવિજય** ઉવઝાયજી. ૯૩
તાસ સીસ પભણે બહુ ભગતેં **દર્શનવિજય** જયકારીજી,
નયર **બરહાનપુર** મંડણ મોટો શ્રી **મનમોહન પાસજી.** ૯૪
તાસ પ્રસાદેં એ વિસ્તરયો, મહિમંડલિ એ રાસજી,
જે ગીતારથ જગહિતકારી તેહ તણો હું દાસજી,
ધર્મવંત વલી ગુણના રાગી આણી અધિક ઉલ્લાસજી. ૯૬
કૃપા કરી મુઝ ઉપરિ સહુએ કરવો શુદ્ધ પ્રબંધજી,
કાનો માત્ર ગાથા છંદે જેહ અશુદ્ધ હોઇ બંધજી. ૯૭
જિહાં લગેં એ શાસન શ્રી જિનનું, જિનઆણાના ધારીજી,
તિહાં લગેં એ ભણયો સુણયો રાસ વિજય જયકારીજી. ૯૮

(૧) તપાગચ્છાધિરાજ શ્રી હીરવિજયસૂરિવચનારાધક ભટ્ટારક શ્રી વિજયતિલકસૂરિ રાસઃ સાગરહુંડીગર્ભિતઃ સંપૂર્ણઃ ચિરંજીયાત્ શ્રી બરહાનપુર નગરે લિખિત પં. દર્શનવિજયેન સ્વાન્ય પરોપકાર બુદ્ધિયુક્તેન કુમતનિરાકરણાય, કર્મ્મનિર્જરણાય ચ. શ્રીરસ્તુ. કલ્યાણ ભવતુ. પ.સં. ૬૯–૧૭, લીં.ભં. (આ પ્રત કવિના સ્વહસ્તની છે.) [લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. ઐતિહાસિક રાસસંગ્રહ ભા.૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૮૨ તથા ૫૪૯–૫૩, ભા.૩ પૃ.૯૦૧ તથા ૧૦૩૮–૩૯. ભા.૧ પૃ.૧૮૨ પર દર્શન કવિને નામે મુકાયેલ ર.સં.૧૬૦૧ આસો સુદ ૧૦નો 'ચંદાયણો રાસ' આ કવિનો જ સંભવે છે, કેમકે આ કવિની કૃતિ પાઠભેદે આસો સુદ ૧૦ની મિતિ પણ આપે છે. સં. ૧૬૦૧ તો કશીક સરતચૂકથી આવેલ હશે. 'નેમિજિન સ્ત.'ના કર્તા હીરવિજયસૂરિ–મુનિવિજયશિ. દર્શનવિજય અને અન્ય બે કૃતિના કર્તા રાજવિમલ–મુનિવિજયશિ. દર્શનવિજય જુદા મૂકવામાં આવેલા તેમાં ધ્યાનચૂક જણાય છે. ત્રણે કૃતિઓ એક જ કવિની રચનાઓ હોવાનું સમજાય છે.]

## ૬૪૧. હીરો (ત. વિજયસેનસૂરિશિષ્ય શ્રાવક)

આ કદાચ આ પછીના હીરાનંદ શ્રાવક હોય.

**(૧૪૪૧) + ધર્મબુદ્ધિ રાસ** અથવા **ઉપદેશ રાસ** ૧૭૩ કડી ર.સં.૧૬૬૪ મહાપર્વે નવલખામાં

**આદિ** – રાગ રામગિરિ ચોપઇ.

સકલ સુમતિ આપો મુઝ માત, **સરસતિ** સામિણિ જગવિખ્યાત,

जैन साहित्य JAINSITE.com

છતી વસ્તનિં માગઇ કોય, ના કહિવાની નીતિ ન હોય. ૧
ધ્યાંન ધરૂં જિનવર તણું, જિમ વંછિત સીઝિ આપણું,
સુગુરૂ પસાઇ સુમતિ પાંમિઇ, હીરચરણે નિસિ શિર નાંમિઇ. ૨
જગ માંહિ જીવ ઘણા ભવ કરઇ, માંણુસ ભવ અતિ દોહિલઇ ધરઇ,
ત્રિણિય તત્ત્વ મુગતિનું હેત, તે પ્રીછ્યાનો કરો સંકેત. ૩

અંત – ઢાલ રાગ ગોડી પીતરિઉં સુપાસ એ દેશી.
ભાવ ધરી કર્યો રાસ સાહસ આદરી, વિબુધ સોધજ્યો મન ધરી એ,
...ગુણનો નવિ પાર, હું મૂરખ ન સકું કહી એ. ૧૬૭
હું નવિ જાણું શાસ્ત્ર, બુદ્ધિ ઘણી નહિં, ધર્મબુદ્ધિ રાસ મિં કર્યો એ,
ભણતાં સુણતાં રાસ સંપતિ બહુ મિલઇ મનવંછિત સઘલાં ફલઇ એ.
રાગ દ્વેષ કરી દૂરિં નંઘા પરિહરી છતી વસ્ત સઘલી કહી એ.
જિનધર્મ અતિંહિ દુર્લભ, પરમાદ પરિહરો, આદરજ્યો ઉલટ ધરી એ.
અમૃતનો લવલેસ સુખ તે બહુ દિઇ જિનધર્મિં સુખ સહી ઘણા એ.
કહિણી કરણી એક શુદ્ધ પરંપરા ઘણી પરિક્ષાઇ આદર્યો એ.
અવરત જો સવિ દંદ તપગચ્છ આદરો અવધિ કિસી દીસઇ નહિં એ.
જગગુરૂ બિરૂદ સવાઇ સાહિબ સહુ નમિં વિજયસેનસૂરિ દીપતા એ.
ચિહું ખંડિ કરાવી અમારિ, દાંણ સવિ છોડવ્યાં તીર્થાદિક મુગતા કર્યા એ.
સોલ ચોસિઠા વર્ષ મહાપર્વ તેણિં રાસ સંપૂરણ નીપનો એ.
નવલખા નયરિ મઝારિ સુવિધિ પસાઉલિ હરખિં હીરો વીનવઇ એ.

(૧) સં.૧૭૩૫ ચૈ.શુ.૧૫ સોમે ગ્રંથાગ્ર ૨૦૦. પ.સં.૧૧–૧૪, ડાહ્યાભાઈ વકીલ સુરત.

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમસિંહ માણક (જિનદાસકૃત વ્યાપારી રાસ સાથે).

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૬૭, ભા.૩ પૃ.૯૩૯–૪૦. પહેલાં આ કૃતિ આ પછીના કવિ હીરાનંદને નામે મુકાયેલી, પછીથી જુદી પાડી છે. 'હીરો' તે 'હીરાનંદ' હોય એમ કહેવું મુશ્કેલ જણાય છે.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૬૪૨. હીરાનંદ (સંઘપતિ શ્રાવક) [?]

**(૧૪૪૨) અધ્યાત્મ બાવની** લ.સં.૧૬૬૮ પહેલાં

**આદિ** – ૐકાર સરૂપુરૂપ ઇહ અલષ અગોચર,
અંતરગ્યાન બિચારિ પાર પાવઇ નહિ કો નર,
ધ્યાનમૂલ મનિ જાણિ આણિ અંતરિ ઠહરાવઉ,
આતમ તત્તુ અનૂપુ રૂપ તસુ તતષિણુ પાવઉ,
ઇમ કહઇ **હીરાનંદ** સંઘપતિ અમલ અટલ ઇહુ ધ્યાન થિરિ,
સુઇ સુરતિ સહિત મનમઈ ધરઉ ભુગતિમુગતિદાયક પવર. ૧
ન કરૂ સુયણુ મતિ બિકલ ભરમ મનિ કાહે આંણઇ,
પેષિ રજત સમ સીપ મૂઢ મનિ રજતહિ જાંણઇ,
જબ તઉ કરઈ બિચારસાર પરમારથ પેષઇ,
ભ્રમ જાવઇ ષિન મજ્જિ મૂઢ તબ દૂરિ ઉવેષઇ,
વિજ્ઞાનભેદ નિજ ચિતિ ધરિ બિસંક સકલ કહુ દૂરિ તજિ,
ઇમ કહઇ **હીરાનંદ** સંઘપતિ સમઝિ નિજ રૂપ ભજિ. ૨

**અંત** – બાવન અક્ષર સાર વિવધ વરનન કરિ ભાષ્યા,
ચેતન-જડ-સંબંધ સમઝિ નિજ ચિતમઈ રાષ્યા,
ગ્યાન તણુઉ નહિ પાર સાર એ અક્ષર કહિયઇ,
નવ નવ ભાંતિ બષાણુ સુતઉ પંડિતપઇ લહિયઈ,
વહ ભેદ વિજ્ઞાન વિવેક રસ સબ રસ તઇ યહ અધિક ગણિ,
આતમલબદ્ધિ અનુ સુજસ જગિ પઢત ગુણત **હીરાનંદ** ભણિ. ૫૬
મંગલ કરઉ જિન **પાસ** આસપૂરણ કલિસુરતર,
મંગલ કરઉ જિન **પાસ** દાસ જાકે સબ સુરનર,
મંગલ કરઉ જિન **પાસ**, જાસ પય સેવઇ સુરપતિ,
મંગલ કરઉ જિન **પાસ**, તાસ પય પૂજહુ દિનપ્રતિ,
મુનિરાજ કહઈ મંગલ કરઉ, સપરિવાર શ્રી કાન્હસુઅ,
બાવન્ન બરન બહુ ફલ કરહુ સંઘપતિ **હીરાનંદ** તુઅ. ૫૭

(૧) ઇતિશ્રી અધ્યાત્મ બાવની સંપૂર્ણં. સં.૧૬૬૮ વર્ષે આસાઢ સુદી પંચમી દિને લાભપુર મધ્યે લિષતં ભોજિગ કિસનદાસ સાહ બેણીદાસ પુત્ર સાહ સંતોષી પઠનાર્થં. પ.ક્ર.૧૨૧થી ૧૨૫, નાનો ચોપડો, વિ.ધ.ભં.

**(૧૪૪૩) વિક્રમ રાસ** લ.સં.૧૭૦૦ પહેલાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૬૬–૬૭. "મુનિરાજ કહઇ" એ શબ્દો સંઘપતિ હીરાનંદ શ્રાવકના કર્તૃત્વ સાથે અસંગત બને. કૃતિ કોઈ અજ્ઞાતનામા મુનિથી હીરાનંદ માટે તેમને ઉદ્દેશીને રચાયેલી હોય? કાન્હસૂત તે તે હીરાનંદની જ ઓળખ ગણવી?]

## ૬૪૩. કનકસૌભાગ્ય (ત.)

**(૧૪૪૪) વિજયદેવસૂરિ રંગરત્નાકર રાસ** (ઐ.) ર.સં.૧૬૬૪ મહા શુ.૧૧

**આદિ** – વીણા વેગિ વજાવતી, ગાવતી જિનપદ રંગિ,
**કાસમીર**પુરમંડણી, કુંકુમ વરણઇ અંગિ. ૧

**અંત** – સંવત **સોલ ચઉસિઠા** વરષિ, મહા સુદિ એકાદસી સારજી,
ગુરૂગુણ ગાયા થઇ મતિસાર સુણજો સહુ નરનારજી. ૭૦
શ્રી **વિજઈસેનસૂરિ**સર પાટિ **વિજઈદેવ** ગણધાર,
**કનકસૌભાગ્ય** પ્રભુ ધ્યાન ધરંતાં લહીઈ સુખ અપારજી. ૭૧

(૧) લિખિતં કૃતં **સાહીપુર** **વીજાપુરનઅરે**. પ.સં.૧૩–૧૪, વાડી પાર્શ્વનાથ ભં. પાટણ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૧૬–૧૭.]

## ૬૪૪. કનકપ્રભ (ખ. કનકસોમશિ.)

**(૧૪૪૫) દશવિધ યતિધર્મ ગીત** ૮૭ કડી ર.સં.૧૬૬૪ અસાડ શુ.

**આદિ** – પદપંકજ સેવઇ અહનિસઇ, ઇંદ્રાદિક નરદેવ.
મોહતિમિરહર દિવસકર, સારઇ ત્રિભુવનસેવ. ૧

**અંત** – જગગુરૂવચનઇ શિવસુહકરણઇ, ભવભવિ થાજ્યો દશધર્મશરણઈ.
**સોલહ સઈ ચઉસઠ** વરસઈં, માસ અસાઢહ સુદિ શુભ દિવસઇ. ૮૬
વાદી ગજકેસરીય સમાન, જગ જસ મહકઇ જાસ પ્રધાન,
**કનકસોમ** વાચક વર સીસઇ, **કનકપ્રભ** કહિ ચિત્ત જગીસઇ. ૮૭

(૧) પ.સં.૪, પ્રત ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૩ નં.૨૨૦૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૦૧ તથા ૯૭૭. પૃ.૯૦૧ પર કૃતિ ભૂલથી લક્ષ્મીપ્રભ (નાહટાવંશે કનકસોમશિ.)ને નામે આ જ પ્રતના નિર્દેશથી મુકાયેલી.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૬૪૫. યશોવિજય-જશવિજય (ત. વિમલહર્ષશિ.)

**(૧૪૪૬) લોકનાલિકા બાલા.** ર.સં.૧૬૬૫

(૧) લ.સં.૧૭૦૭, પ.સં.૧૪, પ્ર.કા.ભં. દા.૬૮ નં.૬૬૫. (૨) કમલ-મુનિ. [મુપુગૂહસૂચી – જશવિજયને નામે.]

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૫૯૦, ભા.૩ પૃ.૧૬૦૨. પહેલાં ર.સં.૧૬૬૫ પરત્વે પ્રશ્નાર્થ કરી કવિને સં.૧૮મી સદીમાં મૂકેલા તે પછીથી સં.૧૭મી સદીમાં ફેરવ્યા છે.]

## ૬૪૬. દાનવિનય (ખ. ધર્મસુંદરશિ.)

**(૧૪૪૭) નંદિષેણ ચોપાઈ** ગા.૮૬ ર.સં.૧૬૬૫ નાગોર

અંત – **સંવત સોલ પઈસઠા** વરસઇ, નગર **નાગોર** કીયઉ મન હરસઇ,
શ્રી **ધર્મસુંદર** વાચક સીસ, **દાનવિજય** પભણઇ સુજગીસ. ૮૫
શ્રી **જિનચંદ** સૂરીસર રાજઇ, એહ સંબંધ ભણ્યઉ હિતકાજઇ.
શ્રી **જિનકુસલસૂરિ** સુપસાયઇ, ભણતાં ગુણતાં નવનિધ થાયઇ. ૮૬

(૧) ચતુ. નં.૧૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ. ૯૦૨.]

जैन साईट JAINSITE .com

## ૬૪૭. ગજસાગરસૂરિશિ. (આં.)

**(૧૪૪૮) નેમિચરિત્ર ફાગ** ૪૨ કડી ર.સં.૧૬૬૫ ફા.૬ બુધવાર

અંત – **સોલ પાસઠિ** ફાગુણિ છઠિ અનઇ બુધવારિ,
**વિધિપક્ષિગચ્છિ** જાંણીઇ શ્રી **ગજસાગર** સૂરિરાય. ૪૧
તાસ શિષ્ય કહિ **નેમિનુ** ફાગબંધ મનોહાર,
ભાવિં ગુણઈ જે સાંભલઇ તેહ ઘરિ જયજયકાર. ૪૨

(૧) ઈડર બાઈઓનો ભંડાર.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૦૩.]

## ૬૪૮. જ્ઞાનમેરુ (ખ. સાધુકીર્તિ–મહિમસુંદરશિ.)

**(૧૪૪૯) વિજયશેઠ વિજયા સંબંધ** કડી ૩૭ ર.સં.૧૬૬૫ ફા.શુ.૧૦ સરસા પાટણમાં

આદિ – જિન ચઉવીસે નમી, સદ્ગુરૂપય પ્રણમેવિ,
સીલ તણા ગુણ ગાવિસ્યઉં, સાનિધિ કરિ શ્રુતદેવિ ૧

*

**સોલહ સઈ પઈસઠિ** સમઇ, દસમિ ફાગુણ સુદિ સાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સરસા પટ્ટણ** મઈં કીયઉ, એ સંબંધ ઉદારે રે. ૩૪
શ્રી **સાધુકીરતિ** પાઠકવરૂ, **ખરતર**ગણનભચંદ,
**મહિમસુંદર** ગણિ ચિર જયુ, તસુ શિષ્ય કહઇ આણુંદો રે. ૩૫
ઇમ જાણી સીલ જે ધરઈં, શિવ તે પાવઇ અપાર,
**જ્ઞાનમેરૂ** મુનિ ઇમ ભણઇ, સગુરૂ પસાય જયકારે રે. ૩૬
સાહ **થિરપાલ** કરાવિયઉ, એહ સંબંધ ઉલ્લાસ,
શાસ્ત્ર વિરૂધ ઇહાં જે કહ્યઉ, મિચ્છા દુક્કડ તાસ રે. ૩૭

**(૧૪૫૦ ક) ગુણકરંડ ગુણાવલી [રાસ** અથવા **ચોપાઈ]** સં.૧૬૭૬ **આસો શુ.૧૩ ફત્તેહપુરમાં**

**આદિ -** રાગ અસાવરી.

પ્રણમુ ચોવીસે જિનપાય, વાલી ભાવિ વંદુ ગુરૂપાય
પુન્ય તણાં ફલ કહિસું હેવ, સાનિધિ કરયો શ્રી શ્રુતદેવ. ૧
પુન્યઇ ઘણા કણ કંચણ રિધ્ય, પુન્યઈ પાંમીજિ સર્વ સિધ્ય,
પુન્યઈ ઈંઠ મિલિ સંયોગ, પુન્યઈ હોઇ મનવંછિતભોગ. ૨

**અંત -** ૧૬મી ઢાલ ધન્યાસી રાગ.

JAINSITE .com जैनम् जयति शासनम्

સંવત **સોલ છિહુત્તરઇ** પ્રથમ મેહઇ આસો માસિ,
**ફતેપુર** તેરસિ દિનઈં, સંઘ અનુમતિ ઉલ્હાસ. ૧૮૨
શ્રી **ખરતર**ગચ્છ નાયક ભલા, શ્રી **જિનરાજ** સૂરીંદ,
શ્રી **જિનભદ્ર** સાખી વડા, જિહાં વડવડા મુણીંદ. ૧૮૩
શ્રી **સાધુકીરતિ** પાઠકવરૂ, નાણચરણભંડાર;
શ્રી **મહિમસુંદર** વાચકવરૂ, તાસુ વિનેય ગુણધાર. ૧૮૪
તસ પયપંકજસેવક, **જ્ઞાનમેરૂ** કહિ એમ,
ઢાલ ધન્યાસી સોલમી, સુણતાં હોવઇ સર્વ ષેમ. ૧૮૫
ષંડ ત્રીજઈ પત ગુણ કહ્યા, સુણીજે ભાવના ભાવંતિ,
રિધિ વૃધિ સંપદ સવે, મનવંછિત આવંતિ. ૧૮૬

(૧) ઇતિ શ્રી તૃતીય ખંડે તપોધિકારે ગુણાવલી કથાનકમ્ સં.૧૬૯૦ આસાઢ કૃષ્ણ નવમ્યાં ગુરૂવાસરે **જોસી ગંગદાસ** લિ. શ્રી **નાગપુર** મધ્યે બાઈ **જસોદા** પઠનાર્થં.પ.સં.૬-૧૭, ગો.ના. (૨) પં. **સાધુવિજય** ગણિ શિ. મુનિ **પદ્મવિજય** લિ. પ.સં.૭-૧૩, પ્રથમ પત્ર નથી. મુક્તિ. નં. ૨૩૫૬. (૩) સંવત નિધિરવીરધિ વારિધિચંદે (૧૭૭૯) આ.શુ.૧૦ **ભીમ**-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજેન લિ. પ.સં.૯, જય. પો.૬૯. (૪) પ્રત ૧૭મી સદીની, પ.સં.૭, જિ.ચા. પો.૮૦ નં.૨૦૦૫. (૫) મહો. જયસોમ શિ. વિજયતિલક શિ. તિલકપ્રમોદ શિ. ભાગ્યવિશાલ લિ. પ.સં.૭, મહિમા. પો.૩૫. (૬) સં. ૧૭૪૪ ભા.વ.૫ ભુજનગરે. પ.સં.૭, જય. પો.૬૮. (૭) પ.સં.૫, જય. પો.૬૮. (૮) સં.૧૮૨૬, પ.સં.૫, ક્ષમા. નં.૨૮૯. (૯) સં.૧૮૦૦ મેદિનીપુરે. પ.સં.૭–૧૫, વિ.ને.ભં. નં.૧૫૭૮. (૧૦) પ.સં.૧૮–૧૫, વિ.ને.ભં. નં.૩૩૨૮. (૧૧) પ.સં.૮–૧૧, લ.સુ. (૧૨) સં.૧૭૮૦ મગસિર વ.૫ મુલતાન મધ્યે લિ. પં. સુખહેમ ગણિભિઃ પ.સં.૬, અભય. નં.૨૪૪૧. (૧૩) પંડિત ગજરત્ન લિખિતં સંવત ૧૭૧૧ વર્ષે શુભં ભવતુ જાલો(ર) મહાગઢ દુર્ગ મધ્યે લિષતં. પ.સં.૫–૧૭, જૈ.એ.ઇ.ભં. નં.૧૧૩૯. (૧૪) તૃતીયખંડે તપોધિકારે ગુણકરંડ ગુણાવલી અધિકાર સં.૧૭૦૨ પો.સુ.૫ ભૃગૌ લિ. પ.સં.૮–૧૩, વિ.ધ.ભં. (૧૫) પ.સં.૬, અમ. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ (પૃ.૨૪૫).]

**(૧૪૫૦ ખ)[+] કુગુરુ છત્રીસી** ગા.૩૬

**આદિ –** પ્રણમૂં જિનવર ગુરૂના પાય, પ્રણમૂં જે સૂધા ગણધાય.
ભવિક સદા ઇમ વિચ્યારિસી, કિમ તરિસી ગુર કિમ તારિસી. ૧

**અંત –** સીપ કહઇ જ્ઞાનમેરગણિ ઇસી, ભવિકાં લગઇ અમૃત જિસી,
જે મન માહિ ન સંભારિસી, કિમ તરિસી ગુર કિમ તારિસી. ૩૬

(૧) પ.સં.૧, મુકનજી સં.

[પ્રકાશિત : ૧. જૈનયુગ વ.૫ અં.૪–૫, પૃ.૧૮૦.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૯૫–૯૬, ભા.૩ પૃ.૯૭૯–૯૮૦. 'કુગુરુ છત્રીસી'માં ગચ્છ-ગુરુપરંપરા નથી, તે ઉપરાંત કવિ પોતાને ગણિ તરીકે ઓળખાવે છે.]

## ૬૪૯. મહિમસુંદર (ખ. સાધુકીર્તિશિ.)

સાધુકીર્તિ જુઓ નં.૪૭૧.

**(૧૪૫૧) નેમિ વિવાહલો** ર.સં.૧૬૬૫ ભા.શુ.૯

(૧) વીકાનેર ભં.

**(૧૪૫૨) શત્રુંજય તીર્થોદ્ધાર [રાસ]** ૧૧૬ કડી ર.સં.૧૬૬૯ જે.શુ.૯

**આદિ –** વિમલ **વિમલગિરિ** મંડણઉ, **રિસહેસર** જિનરાજ,
પ્રણમૂં તેહના પાય હૂં, જિમ સીઝઇ સવિ કાજ. ૧
સંવત **સોલ ગુણહત્તરા**, સુદિ જેઠ નવમી શુભ વાસરઇ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિરિ નિલય દિનિ દિનિ વિજય રાજઇ, **જેસલમેરૂ** શોભા વરઇ.
શ્રી ગચ્છ **ખરતર** રાજ યુગવર, **જિનચંદ્ર સૂરીસ** એ,
**જિનસિંહ**સૂરિ રાજિ મઈ થુણ્યઉ, **આદિનાથ** અધીસ એ. ૧૧૪
**જિનભદ્ર**સૂરિ ગુરૂ શાખિ પાઠક **સાધુકીરતિ** વા. ઇંદએ,
સુપ્રસાદિ સુગણી **મહિમસુંદર**, વદઇ ઇમ સુખકંદ એ. **૧૧૫**
ઇમ સફલ તીરથરાજ **શેત્રુંજ**, રાજ **આદિ** જિણંદ એ,
તસુ ગુણ થુણઇ જે ભણઇ ભવિભવિ, લહઇ સુખ આણંદ એ. **૧૧૬**

(૧) લિ. **જ્ઞાનમેરૂ** મુનિભિઃ તત્કાલીન પ્રત, પ.સં.૪, મહિમ. નં. ૮૨. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૨૬).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૧૦-૧૧.]

## ૬૫૦. દામોદર મુનિ-દયાસાગર (આં. કલ્યાણસાગરસૂરિ-ભીમરત્ન-ઉદયસાગરશિ.)

**(૧૪૫૩) સુરપતિકુમાર ચોપાઈ** (દાનવિષયે) ર.સં.૧૬૬૫ બીજા ભાદરવા શુ.૬ સોમ પદ્માવતીપુર(પુષ્કર પાસે)માં

**આદિ** – પ્રણમું સ્વામી **શાંતિ**જિન, મનવંછિતદાતાર,
સુરપતિ જસુ સેવા કરઇ, દરસણ હરખ અપાર. ૧
**વિહિતનયા જગદીશ્વરી**, સમરૂં મનિ **સરસતિ**,
જસુ નામઇ પામઇ વિપુલ, સેવક નિમ્મલ મત્તિ. ૨
ગુરૂ ગુરૂઆના ગુણ ભણી, ભગતઈ પ્રણમી પાય,
વર્ણભેદ જેં મઇ લહ્યઉ, તે સદગુરૂ સુપસાઇ. ૩
**સુરપતિ** નામઇ નૃપકુમર, જિણ જગિ ભોગ મહંત,
વિલસ્યા દાનપ્રભાવથી, વિરચિસુ તાસ વૃતંત. ૪
ભવસાયર માંહે હવી, જિનવરે ગરૂઇ નાવ,
ચ્યારિ ચતુરગતિ તારિવા, દાન શીલ તપ ભાવ. ૫

**અંત** – **સુરપતિ** ચરિત સયલ ચિતિ ધારિ, બોલ્યઉ દાન તણઈ અધિકારિ,
ઇમ જાંણી નરનારી જેહ, દાન દીયઈ ભવિ તરિસ્યઈ તેહ. ૪૫
શ્રી **અંચલ**ગચ્છિ રયણનિહાંણ, પ્રગટિઉ પાપતિમરહર ભાંણ,
વિદ્યમાન ગુરૂ સુંદરકાય, શ્રી **ધર્મમૂર્ત્તિ સૂરીશ્વરરાય**. ૪૬
તાસુ પાટિ સદગુરૂ સુખકાર, આચારિજ ગુણગણભંડાર,
શ્રી **કલ્યાણસાગર** સૂરીંદ, મિટઇ અશુભ કમ્મના ફંદ. ૪૭



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાસુ પટ્ટિ મુનિવર ગણધાર, પંડિત **ભીમરતન** અણગાર,
તાસુ સીસ સંયમશ્રીકંત, શ્રી **ઉદયસમુદ્ર** નાંમિ ધીમંત. ૪૮
તાસુ વિનેય વિનયગુણ વહઇ, મુનિ **દામોદર** ઇણિ પરિ કહઇ,
દેવી **સરસતિ**નઈ આધારિ, કથાબંધ કીયઉ મતિસાર. ૪૯
હું મૂરિખ મતિહીણ અજાંણ, પંડિત જનનઈ હસિવા ઠાંણ,
વચન અયુક્ત કહ્યઉ મઇ જેહ, પંડિત સૂધઉ કરિજ્યો તેહ. ૫૦
કલ્પિત વચન કહ્યઉ પુણિ કોઈ, સંઘ સાખિ હું ખમાઉં સોઈ,
**સુરપતિ**કુમર તણી ચોપઇ, **પદમાવતિ**પુર માંહિ કહી. ૫૧

દૂહા.

વત્સર વિક્રમરાયથી, **સોલ સહે પઇસઠિ**,
ભાદ્રવિ બીજ શ્વેત પખ્યિ, સોમવાર તિહાં છઠિ. ૫૨
ભાવભેદ જાણી ચતુર, ભણઈ સુણઈ નર જાંણ,
પામઈ મનવંછિત સદા, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ. ૫૩

(પા.) શ્રી **અંચલ**ગચ્છે **રયણ**નિહાણ, પ્રગટિઉ પાપતિમિરહર ભાણ.
શ્રી **ધર્મમૂરતિ** સૂરિંદ સુજાણ, મરદઈ પરવાદીના માણ.
શ્રી આચારિજ પુણ્યવિશાલ, તવન જેમ દીપઈ જસુ ભાલ,
શ્રી **કલ્યાણસાગર** સૂરીંદ, જેહનઈ નામઇ સદા આણંદ.
તાસ પક્ષિ ગુણગણભંડાર, પંડિત **ભીમરતન** અણગાર.
તાસ સીસ વર ગુણમણિગેહ, **ઉદયસાગર** ગુરુ ચતુર
તાસ સીસ વાચકપદ ધરઇ, **દયાસાગર** ગણિ એમ ઉચ્ચરઈ.
**સુરપતિકુમર** તણી ચઉપાઈ, **પદમાવતી**પુર માંહિ થઇ.

દૂહા

**શિવસાસન** તીરથ વડું, **પુષ્કર** નામિ પ્રસિદ્ધ
તસુ પાસઇ **પદમાવતી**, ધણિ કણિ રિધ સમૃદ્ધ.

(૧) પ.સં.૧૦-૧૮, બાલ. (૨) પ.સં.૧૨-૧૫, માં.ભં. (આ પ્રતમાં પ્રશસ્તિમાં શબ્દોનો હેરફેર છે, પણ ભાવ એક છે.) (૩) **વીરજી** પઠણ કૃતે લિ. ઊનડી ગ્રામે સં.૧૬૯૫ આષાઢાદૌ ૯૬ વરષે લિખિતમ્ ક્ષિપ્રમ્. ગણેશરામજી તતશિષ્ય **વીરજી** લિખિતં ચ. પ.સં.૧૧-૧૪, મ.જૈ.વિ. નં.૪૧૦. (૪) ઇતિશ્રી વાચક **દયાસાગર** વિરચિતે દાનધર્મ વિષયે સુરપતિ રાજર્ષિ ચઉપદિ સંપૂર્ણ. લિખિતં પં. **ન્યાનરૂચિ**ગણિના ઘોઘા બિંદરે **પારખ મોતીચંદ જેકરણ** વાચનાર્થં. પ.સં.૨૦-૧૪, યતિ નેમચંદ. (૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુનિ ચતુરસાગરગણિ શિ. મુનિ ક્ષીરસાગરેણ લિ. માતર ગ્રામ મધ્યે પં. હરિચંદજી પઠનાર્થં. પ.સં.૨૦-૧૫, લા.ભં. નં.૪. (૬) સં.૧૬૭૦ અ.શુ.૧ બુધે રતનચંદ્ર ઋષિ ચીનરાજ લિ. પ.સં.૧૬, જય. પો.૬૯. (૭) ગ્રં. સંખ્યા ૫૨૧ શ્રી સૂરત બિંદરે સંભવનાથ પ્રસાદાત્ પં. ભક્તિલાભગણિ શિ. મુ. ભવાનસુંદર તતભ્રાતર સુમતસુંદર મુની રૂપવર્ધનજી જયલાભજી પુન્યવર્દ્ધનજી. ચિરં બાદરજી લ. ચરં પ્રાગજી પઠનાર્થં. સં.૧૮૧૪ માગસર વદ ૧૪ રવિ. શ્રી અંચલગચ્છે પુજ્ય ભ. ઉદયસાગર સૂરિ રાજ્યે. એક નાની ચોપડી, પ.સં.૩૦, જશ. સં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૪).]

**(૧૪૫૪) મદનકુમાર [રાજર્ષિ] રાસ** અથવા **ચોપાઈ** [અથવા **ચરિત્ર**]

ર.સં.૧૬૬૯ આસો શુદ ૧૦ ગુરુ જાલોરમાં

**આદિ** – **આદિ** જિણેસર અતુલબલ, **શાંતિનાથ** સુખકાર

**નેમિ પાસ** પ્રણમું સદા, **વીર** વિનેય ભંડાર. ૧

જિનવદનાંબુજવાસિની, **ગૌર** વરણ ગુણગેહ

તે **સરસતિ** સમરૂં સદા, વચનરૂપ જસુ દેહ. ૨

મુઝ તનુઘર માહે કીયઉ, જ્ઞાનદીપ જિણિ સાર

તે સદ્ગુરૂનઇં હું સદા, જુગતઇં કરૂં જુહાર. ૩

સુકવિ તણી અનુમતિ લહી, શીલ તણઇ અધિકારિ,

**મદન** નરિંદ તણું ચરિત, હું વિરચિસું મતિસારિ. ૪

ભવસાયર માહે ઠવી, જિણવરિ ગિરૂઇ નામ,

ચ્યાર ચતુરગતિ તારિવા, દાન શીલ તપ ભાવ. ૫

**અંત** – **મદન** મહીપતિ ચરિત વિચારિ, બોલ્યઉ શીલ તણઇ અધિકારિ,

જે નર શીલ સદા મનિ ધરઈ, શિવરમણી તે નિશ્ચઇ વરઈ. ૫૯

શ્રી **અંચલ**ગચ્છ ઉદધિ સમાણ, સંઘરયણ કેરઉ અહિઠાણ,

ઉદયઉ તાસ વધારણ ચંદ, શ્રી **ધર્મમૂર્તિ** સૂરીશ મુણિંદ. ૫૬૦

આચારિજ શ્રીગુરૂ **કલ્યાણસાગર** સમ ગુણનાંણ

તાસ પક્ષિ મહિમાભંડાર, પંડિત **ભીમરતન** અણગાર. ૬૧

તાસ વિનેય વિનયગુણગેહ, **ઉદયસમુદ્ર** સુગુરૂ સસનેહ

તાસ સીસ આણંદિઇ ઘણુંઈ, **દયાસાગર** વાચક (પા. મુનિ **દામોદર**) ઇમ ભણુઇ. ૬૨

ગુરૂભાઇ લહુડઉ રિષિ દેવ, વિનયવંત સારઇ નિત સેવ

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આદરિ તેહ તણુઇ એ થઇ, **મદનરાજ** ઋષિની ચઉપઇ. ૬૩

દૂહા

**મદનશતક**ના દૂહડા, એકોત્તર સય સાર
તે પણિ મઇ પહિલાં કીયા, જાણુઇ ચતુર વિચાર. ૬૪
કથા સરસ જાંણી સયલ, શીલ તણુઇ અધિકારે
**મદન** નરિંદ તણું ચરિત, મઇ વિરચ્યું વિસ્તારિ. ૬૫
**સોલહ સય ઉગણોત્તરઇ**, પુર **જાલોર** મઝારિ
આસૂ સુદિ **દશમઇ** કીયઉ, કથાબંધ ગુરૂવારિ. ૬૬
રિષિ **સુરપતિ**ની ચઉપઇ, દાનકથા ગુણગેહ,
ઊઠ શતક સાધિક સરસ, પ્રથમ રચી મઇ તેહ. ૬૭
**મદન** નરિંદ તણી પરઇ, જે નર પાલઇ શીલ,
ઇણિ ભવિ સુખસંપદ લહઇ, પરભવિ સુરશિવલીલ. ૫૬૮

(૧) પં. દાનવિજયગણિ શિ. મુનિ હર્ષવિજય લિખિતં. પ.સં. ૨૨-૧૫, ડે.ભં. દા.૭૦ નં.૯૦. (૨) સં.૧૭૨૨ કા.શુ.૪ રવિવાસરે મૂલાર્કર્ક સિદ્ધિયોગે પુજ્યશ્રી અમરસાગર સૂરીશ્વરૈઃ લિખાપિતં. શ્રી માર્ત્તંડપુરવાસ્તવ્ય...પ.સં.૪૨-૧૧, રત્ન ભં. દા.૪૩ નં.૪૧. (૩) પ.સં.૨૩-૧૩, રત્ન. ભં. દા.૪૩ નં.૪૨. (૪) પ.સં.૨૦-૧૫, દા.૨૫ નં.૩.[ભં.?] (૫) શ્લોકસંખ્યા ૮૧૫, પ્ર.કા.ભં. નં.૧૨૭. (૬) લિ. મુનિ પુણ્યસાગરૈઃ શ્રી દેવકાપત્તને સં.૧૭૦૦ ફા.વદિ ૩ ગુરૂવાસરે. સુંદર પ્રત, પ.સં.૧૭-૧૫, મ.જૈ.વિ. નં.૪૫૩. (૭) ગણિ હીરસાગર શિ. મુનિ ઉદયસાગર લિ. નવાનગર મધ્યે સં.૧૭૯૦ વૈ.વ.૮ રવિ. પ.સં.૨૦-૧૫, વિમલ. (૮) સં.૧૭૦૧ જ્યે.વ.૯ કલ્પવલ્લી મધ્યે. પ.સં.૨૩-૧૫, વિ.ને.ભં. (૯) પ.સં.૧૦-૨૪, વિ.ને.ભં. નં.૪૫૯૩. (૧૦) યતિનો ભંડાર, ઉદયપુર. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૪).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૦૩-૦૫, ભા.૩ પૃ.૯૦૫-૦૮. પહેલાં દામોદર અને દયાસાગરને જુદા કવિ ગણેલા તે પછીથી એક ગણ્યા છે.]

## ૬૫૧. રાજસમુદ્ર-જિનરાજસૂરિ (ખ. જિનસિંહસૂરિશિ.)

પિતા બોથરાગોત્રીય શાહ ધર્મસિંહ અને માતાનું નામ ધારલદેવી. જન્મ સં.૧૬૪૭ વૈશાખ શુદિ ૭, દીક્ષા સં.૧૬૫૬ માગશર શુદિ ૩ વિકાનેરમાં, દીક્ષાનામ રાજસમુદ્ર, વાચકપદ સં.૧૬૬૦ જિનચંદસૂરિએ આસાઓલી શહેરમાં, આચાર્યપદ સં.૧૬૭૪ ફા.શુ.૭ મેડતામાં ચોપડાગો-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રીય શાહ કરણે કરેલા મહોત્સવપૂર્વક દઈ નામ જિનરાજસૂરિ રાખ્યું. પછી તેમણે ભણશાલી થેરૂ શાહે ઉદ્ધાર કરેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના ચૈત્યની પ્રતિષ્ઠા જેસલમેરમાં કરી. (જુઓ પ્રશસ્તિ, જેસલમેરના પુસ્તક-ભંડારની સૂચિ, ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝ) ત્યાર બાદ સં.૧૬૭૫ વૈશાખ શુદ ૧૩ શુક્રવારે અમદાવાદના પોરવાડ સંઘપતિ સોમજીના પુત્ર રૂપજીએ શત્રુંજય પર બનાવેલા ચતુર્મુખ દેવાલયમાં શ્રી ઋષભ ચોમુખજી આદિ ૫૦૧ જિનબિંબોની પ્રતિષ્ઠા કરી. (જુઓ લેખાંક ૧૪થી ૨૦, ૨૩ અને ૨૪ મુનિ શ્રી જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખસંગ્રહ ભાગ બીજો) તે સિવાય બીજાં ઘણાં સ્થળોએ જિનબિંબની પ્રતિષ્ઠા ને સ્થાપના કરી. સં.૧૬૮૨ના શત્રુંજય પર શિલાલેખ માટે જુઓ લેખાંક ૨૬, સં.૧૬૭૭ના મેડતાના મંદિરમાંના લેખ માટે જુઓ લેખાંક ૪૩૪, ૪૩૯ ઉપરોક્ત સંગ્રહ. આચાર્યને અંબિકા દેવીએ વરદાન આપ્યું હતું. તેમણે ઘંઘાણી નગરમાં ઘણો વખત થયાં જમીનમાં રહેલી પ્રતિમાને પ્રશસ્તિના અક્ષરો જોઈને પ્રકટ કરી હતી. તેમણે તર્ક, વ્યાકરણ, છંદ, અલંકાર, કોશ કાવ્યાદિનો સારો અભ્યાસ કર્યો હતો, તથા શ્રી હર્ષના 'નૈષધીય મહાકાવ્ય' પર 'જૈનરાજી' નામની સંસ્કૃત ટીકા રચી હતી. એમના વખતમાં ખરતરગચ્છમાં સં.૧૬૮૬માં જિનસાગરસૂરિથી લઘુ આચાર્ય ખરતર શાખા નીકળી. પોતે સં.૧૬૯૯ના અષાઢ શુદિ નવમીને દિવસ પાટણમાં સ્વર્ગે ગયા. તેમની પછી તેમના પટ્ટધર (૬૪મા) જિનરત્નસૂરિ થયા. સં.૧૬૭૭ ૧૬૮૬-૮-૯૦ના શિલાલેખો તેમના મળે છે. (નાહર) તે પૈકી સં.૧૬૭૭-માં એક લેખમાં આ પ્રમાણે જણાવ્યું છે: શ્રી બૃહત્ખરતરગચ્છાધીશ્વર સાધૂપદ્રવવારક પ્રતિબોધિત સાહિ શ્રીમદ્અકબરપ્રદત્ત યુગપ્રધાનપદધારક શ્રી જિનચંદ્રસૂરિ જહાંગીર સાહિ પ્રદત્ત યુગપ્રધાનપદધારક શ્રી જિનસિંહસૂરિ-પટ્ટ પૂર્વાચલ સહસ્રકરાવતાર પ્રતિષ્ઠિત શ્રી શત્રુંજયાષ્ટમોદ્ધાર શ્રી ભાણવટ નગરશ્રી શાંતિનાથાદિ બિંબ પ્રતિષ્ઠા સમયનિરત્સુ(ત્ર)ધાર શ્રી પાર્શ્વપ્રતિહાર સકલભટ્ટારકચક્રવર્ત્તિ શ્રી જિનરાજસૂરિ શિરઃશૃંગારસારમુકુટોપમાન-પ્રધાનૈઃ.

તે જ વર્ષના બીજા લેખમાં એમ છે કે:...શ્રી જિનસિંહસૂરિ-પટ્ટોત્તંસલબ્ધશ્રી અંબિકાવરપ્રતિષ્ઠિત શ્રી શત્રુંજયાષ્ટમોદ્ધાર પ્રદર્શિત ભાણવડ મધ્યે પ્રતિષ્ઠિત શ્રી પાર્શ્વપ્રતિમા પીયૂષવર્ષણ પ્રભાવ બોહિત્થ-વંશમંડન ધર્મસી ધારલદે નન્દન ભટ્ટારકચક્રવર્ત્તિ શ્રી જિનરાજસૂરિદિન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરૈઃ આચાર્યશ્રી જિનસાગરસૂરિ પ્રભૃતિ યતિરાજૈઃ પ્રતિષ્ઠિતં ભટ્ટારક પ્રભુ શ્રી જિનરાજસૂરિપુરંદરૈઃ શ્રી મેડતા નગર મધ્યે.

સં.૧૬૮૬ અને ૮૮ના લેખમાં ઉ. અભયધર્મ હતા, અને સં.૧૬૯૦-ના લેખમાં પોતાની સાથે ઉ.કમલલાભ, પં.લબ્ધકીર્તિ, પં.રાજહંસ વગેરે પરિવાર હતો એમ જણાવ્યું છે.

**(૧૪૫૫) [+] ૧૪ ગુણસ્થાન બંધ વિજ્ઞપ્તિ [પાર્શ્વનાથ] સ્ત.**
૧૯ કડી ર.સં.૧૬૬૫ માગશર વદ ૮

**આદિ** – નમિય સિરિ **પાસ** જિન સુજન પડિબોહગં
**કણયગિરિ** અચલ **જેસલ** નયર સોહગં.
ચોદ ગુણઠાણ ઉત્તર પડિબંધ એ,
હેતુ કરિ સહિત હું કહિસુ સુહ સંધ એ. ૧

**અંત** – કલશ
ઈય **બાણ રસ સસિકલા** વચ્છરિ સહ કસિણ દશમી દિને,
ગુણઠાણ ચવદે કમ્મપયડીબંધ વિવર્યો સુભ મને,
**જિનચંદ જિનસિંહસૂરિ** સીસ **રાજસમુદે** સંથુઓ
સિરિ **પાસ** જિણવર ભુવણ દિણયર સયલ અતિસય સંયુઓ. ૧૯

(૧) શ્રી **જિનરાજ** ગણાધિપ વિહિત સ્તવ પર હર્ષસાર શિ. ઉ. **શિવનિધાને સંગ્રામપુરના** શ્રાવકની વિનતિથી **જીવરાજની** પત્ની **જીવાદેના** સુબોધાર્થે ગુ.માં કરેલા વિવરણની પ્રથમાદર્શ પ્રતિ સં.૧૬૯૨ આષાઢ શુદ ૩ પુષ્પે **કનકોદયે** લખી સં.૭૦૧૬ (? ૧૭૦૬) વર્ષે **રાજનગરે** યુગપ્રધાન **જિનચંદ્રસૂરિ** શિ. વા. **ભુવનમેરગણિ** લઘુભ્રાતા પં. **સુમતિરંગેણ** લિ. શિ. **જયકુશલ** વાચનાર્થં કા.શુ.૧૩ **ભૌમે** ભ. **જિનસાગરસૂરિરાજ્યે**. વેબર. નં.૧૯૬૨. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. જિનરાજસૂરિ કૃતિ કુસુમાંજલિ.]

**(૧૪૫૬) + શાલિભદ્રમુનિ ચતુષ્પદિકા(રાસ)** [અથવા **ચરિત્ર** અથવા **શાલિભદ્રધન્ના ચોપાઈ**] ર.સં.૧૬૭૮ આસો વદ ૬

**આદિ** – દૂહા.
સાસણનાયક સમરીયઇ, **વર્દ્ધમાન** જિનચંદ
અલિય-વિઘન દૂરઈ હરઈ, આપઇ પરમાણંદ. ૧
સહૂકો જિનવર સારિષા, પિણ તીરથધણી વિશેષ,
પરણીજઇ તે ગાઇયૈ, લોકનીતિ સંપેષિ. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાન શીલ તપ ભાવના, શિવપુર મારગ ચ્યાર,
સરિષા છઈ તોપિણ ઈહાં, દાન તણુઉ અધિકાર. ૩
**શાલિભદ્ર** સુખસંપદા, પામે દાનપસાય
તાસુ ચરિત વષાણુતાં, પાતિક દૂરે પુલાય. ૪
તાસ પ્રસંગે જે થઇ, **ધન્નાની** પણ વાત,
સાવધાન થઇ સાંભલો, મત કરજો વ્યાઘાત. ૫

**અંત** – સાધુચરિત કહિવા મન તરસ્યે, તિણ એ ઉદ્યમ ભાખ્યો હરષેજી
**સોલહ સત અઠહત્તર** વરસ્યે, આસૂ વદિ છઠિ દિવસ્યજી.
—શાલિભદ્ર ધન્નો રિષ રાસ. ૮

શ્રી **જિનસિંહસૂરિ** સીસ મતિસારે, ભવિયણુનિ ઉપગારેજી,
શ્રી **જિનરાજવચન અનુસારઇ**, ચરિત કહ્યો સુવિચારજી. ૯
ઇણિ પરિ સાધુ તણા ગુણ ગાવે, જે ભવિયન મન ભાવેજી,
અલિય વિઘન તસ દૂરિ પલાયે, મનવંછિત સુખ પાવેજી. ૧૦

*

એહ સંબંધ ભવિક જે ભણુસ્યે, એકમનાં સાંભલિસેજી,
દુખદોહગ સબ દૂરિ ગમસ્યે, મનવાંછિત ફલ લહિસ્યેજી. ૧૭

(૧) સં.૧૭૦૭ આસાઢ સુદિ ૧૦ સૂરતિ બંદરે જયસૂંદર પં.રત્નવીજય સ્વયમેવ વાંચનાર્થં લ. પ.સં.૧૮–૧૬, ગો.ના. (૨) પ.સં.૨૭, પ.ક્ર.૧થી ૯, અનંત. ભં.૨. (પ.ક્ર.૯થી ૧૩ **સમયસુંદરકૃત પ્રિયમેલક** ચો. છે, ને ૧૩થી ૨૭માં **જિનોદયસૂરિકૃત હંસરાજ વચ્છરાજ** ચોપાઈ છે.) (૩) સં.૧૭૯૦ પોસ સુદિ ૬ ચંદ્રે **જેસલમેરૂ** દુર્ગે પં. **મોટા** લિ. સ્વહેતવે. પ.સં.૨૭, પ.ક્ર. ૧થી ૧૩, અનંત.ભં.૨. (૪) સં.૧૭૭૨ આસૂ શુ.૯ રવિવારે **પલ્લીવાલ** ગચ્છે મહો. ઉદયશેખર શિ. **વીરચંદ્ર** વાચનાર્થં. પ.સં.૧૬–૧૫, અનંત.ભં.૨. (૫) સં.૧૭૦૪ આસો સુદિ ૬ શુક્રે શ્રી **અંચલગચ્છેશ** કલ્યાણુસાગર રાજ્યે શિ. મુનિ **સુખસાગરગણિ** લિ. પં. **ઉત્તમચંદ્રગણિ** શિ. મુનિ **વિજયચંદ્રગણિ** પઠનાર્થં. પ.સં.૧૮, તેમાં ૧૫ **પત્ર નથી**, ગો.ના. (૬) સં.૧૭૧૭ પો.વ.૮ શૌરિવારે લિ. પં.**સોમનંદનેન**. પ.સં.૧૮–૧૫, ખેડા ભં. દા.૭ નં.૮૭. (સુંદર પ્રત છે.) (૭) સં.૧૮૦૩ ભા.શુ.૮ બુધે લ. પં. શ્રી **મોહનવિજયગણિ** શિ. પં. **જીવવિજયેન** લ. **ઔરા** મધે ગાંમ **વરાડે** ચોમાસું રહ્યા તીવારઈ લખ્યો છઇ. પ.સં.૧૩–૧૮, ખેડા ભં.૩. (૮) સં.૧૭૫૧ ભા.વ.૮ રવૌ પં. **અમરવિજયગણિ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિ. પં. મેઘવિજયગણિના લિ. સ્વવાચનાર્થં. પ.સં.૨૦-૧૩, ખેડા ભં. ૩. (૯) સં.૧૭૪૯ મહો. ભાવવિજય શિ. ઉપા. ભાણવિજય શિ. પં. રત્નવિજય શિ. મુનિ લાભવિજયેન લિ. સા અમરચંદ ગૃહે ભાર્યા સુલતાનબાઇ તત્પુત્રી દો. સોમકર્ણ ભાર્યા સુલતાનબાઇ તત્પુત્ર રત્ન દો. શ્રી. પ્રેમચંદ ભાર્યા સુશ્રાવિકા સંઘમુખ્ય રાયકુંયરબાઇ પઠનાર્થં. પ.સં.૩૬-૧૧, ખેડા ભં.૩. (૧૦) સં.૧૮૦૫, પ.સં.૩૯-૧૦, ગુ.નં.૧૩-૧૫. (૧૧) સં.૧૮૧૫ પો.સુ.૧૦. પ.સં.૩૫, ગુ. નં.૬૬-૪. (૧૨) લિ. નેમવિજય કા.શુ.૮ સં.૧૮૪૩. પ.સં.૨૧-૧૨, ગુ.નં.૬૬-૩. (૧૩) સં.૧૭૮૭ માસ દ્વિ.ભા.વ.૧૩, ચોપડો, પ્રથમનાં પત્ર, પ.સં.૨૫-૧૬, જશ. સં. (૧૪) સં.૧૭૩૯ નભ માસે શુ.૨ ભોમે રાણપુર મધ્યે અંચલગચ્છે વા. નાથા શિ. ધર્મ્મચંદ્ર લ. સ્વવાચનાર્થં. પ.સં.૪-૩૫, બહુ ઝીણા છતાં સુવાચ્ય અક્ષરમાં, મ.જૈ.વિ. નં.૪૨૧. (૧૫) સં.૧૬૮૨ ચૈત્ર સુદિ ૮ લિ. પ.સં. ૧૧-૧૯, મ.જૈ.વિ. નં.૪૨૩. (૧૬) સં.૧૭૯૮ પો.સુ.૭ લિ. શા. માણિક નાથા વાચનાર્થં. પ.સં.૩૮-૧૦, મ.જૈ.વિ. નં.૪૨૫. (૧૭) સં.૧૭૨૮ અંચલગચ્છે લોવડી મધે લિ. પ.સં.૨૯-૧૩, પ્રથમનાં પાંચ પત્ર નથી, મ.જૈ.વિ. નં.૪૨૬. (૧૮) પ.સં.૧૮-૧૭, મ.જૈ.વિ. નં.૪૮૧. (૧૯) સં. ૧૭૫૮ પો.વ.૧ શનિ લ. મુનિ કેસરવિજયેન ભ્રાતા મુનિ અમરવિજય વાચનાર્થં સાબલી ગ્રામે. પ.સં.૧૫-૧૭, મુક્તિ. નં.૨૩૪૨. (૨૦) આણંદચંદ્ર પઠન કૃતે લિખિતમસ્તિ સલોકસંખ્યા ૭૦૦ માજનઇ. રામપુરા નગરે. પ.સં.૧૭-૧૫, મુક્તિ. નં.૨૪૪૨. (૨૧) સં.૧૭૧૭ ચૈ.શુદિ ૧૩ પાટણનગરે. પ.સં.૧૮-૧૫, મુક્તિ. નં.૨૪૩૫. (૨૨) પં.વીરસૌભાગ્યગણિ શિષ્ય મુનિ પ્રેમસૌભાગ્યેન લિ. સં.૧૭૭૩ બહિઅલ્લ ગ્રામ મધ્યે સ્વવાચનાર્થં. છ. પ.સં.૨૩-૧૫, મુક્તિ. નં.૨૪૧૩. (૨૩) સં.૧૭૦૧ માગસિર સુ.૧૦ કૃષ્ણદુર્ગે બૃહત્ખરતરગચ્છાધિરાજ ભ. જિનરાજસૂરિ તત્પટ્ટે ભ. જિનરંગસૂરિ રાજ્યે સાધુ જીવોદય મુનિના લિ. લઘુ ભ્રાતૃ પં. રંગવિજયસ્ય વાચનાય. પ.સં.૨૬-૧૩, ના.ભં. (૨૪) સં.૧૮૧૬ ચૈ.શુ. ૧૫ બુધે જાલણાપુર મધ્યે લિ. મુનિ વૃદ્ધિચંદ્રગણિ પ્રવાચનાર્થં. પ.સં. ૧૯-૧૫, સીમંધર. દા.૨૦ નં.૬. (૨૫) સં.૧૭૮૦ શાકે ૧૬૪૫ કા.શુ. ૧૩ મંગલ પં. હર્ષવિજયગણિ શિ. પં. ઋદ્ધિવિજય લિ. લોદ્રાણી ગ્રામે શ્રી સુવિધિજિન પ્રસાદાત્ પારકર દેશે ભુદેસર વાસ્તવ્ય સાહા હરદાસસુત સા રયામા વાલા વાચનાર્થં. પ.સં.૩૧-૧૪, સીમંધર. દા.૨૦ નં.૧૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૬) પ.સં.૨૫-૧૩, ડા.અ.ભં. પાલણપુર દા.૩૬. (૨૭) પ.સં.૨૮-૧૩, ડા.અ.ભં. પાલણપુર દા.૩૬. (૨૮) પ.સં.૧૯-૧૫, ભાગ્યરત્ન મુનિ ખેડા દા.ર નં.૪૧. (૨૯) પ.સં.૧૩-૧૭, પાદરા ભં. નં.૪૪. (૩૦) સં.૧૭૨૦ ફા.શુ.૬ ભોમ લિ. ગણિ રત્નવિજયેન સારંગપુરે પં. પ્રીતિવિજયગણિ પંકજભૃંગેણ વિબુધ પુણ્યવિજયેન શોધિતઃ પ.સં.૨૨-૧૩, ડે.ભં. દા.૭૦ નં.૩૬. (૩૧) પ.સં.૨૧-૧૩, ડે.ભં. દા.૭૦ નં.૩૮. (૩૨) પ.સં.૨૮-૧૩, ડે.ભં. દા.૭૦ નં.૩૩. (૩૩) પ.સં.૨૪-૧૪, ડે.ભં. દા.૭૦ નં.૩૫. (૩૪) પ.સં.૨૧-૧૩, ડે.ભં. દા.૭૦ નં.૩૭. (૩૫) સં.૧૭૫૩ આસો શુ. લિ. ડુંગરસાગર લિ. પ.સં.૨૯-૧૩, ડે.ભં. દા.૭૦ નં.૩૨. (૩૬) સં. ૧૭૨૯ આસો શુ.૧૩ ભોમે. પ.સં.૨૬-૧૩, ડે.ભં. દા.૭૦ નં.૩૪. (૩૭) સં.૧૭૯૪ માગ.શુ.૧૫ શનિ લિ. ઋ. અમીધર સ્વહેતોઃ જાલોરદુર્ગે. પ.સં. ૨૧-૧૪, સંઘ ભં. પાલણપુર દા.૪૬ નં.૨૫. (૩૮) પ.સં.૧૬, જય. પો. ૬૯. (૩૯) સં.૧૭૨૭ જે.વ.૫ નવહર મધ્યે. પ.સં.૨૫, જય. પો.૬૯. (૪૦) સં.૧૭૬૦ મસુરપુરે લિ. વિષ્ણુદાસ. પ.સં.૧૩, જય. પો.૬૭. (૪૧) સં.૧૭૫૧ આ.વ.૨ બુરહાનપુરે ઋ. આસા લિ. ભદ્રે. પ.સં. ૧૮, ચતુ. પો.૫. (૪૨) પ્રત ૧૭મી સદીની, મતિસોમ લિ. પ.સં.૨૧, ચતુ. પો.૮. (૪૩) પ્રત ૧૯મી સદીની, પ.સં.૧૭, જિ.ચા. પો.૮૨ નં. ૨૦૭૫. (૪૪) સં.૧૮૫૧ માગ.શુ.૧૪ સોઝત મધ્યે માણુકચંદ લિ. જિ. ચા. નં.૨૦૭૬. (૪૫) પ્રત ૧૮મી સદીની, પ.સં.૧૨, જિ.ચા. નં.૨૦-૭૭. (૪૬) પ્રત ૧૭મી સદીની, પ.સં.૧૯, જિ. ચા. નં.૨૦૭૮. (૪૭) સં.૧૭૭૩ ભા.શુ.૯ પારોધી મધ્યે ક્ષેમચંદ્ર લિ. ચિ. ગોડીદાસ યુતેન. પ.સં.૧૫, જિ. ચા. નં.૨૦૭૯. (૪૮) સં.૧૭૬૯ વૈ.વ.૧૫ વઢવાણ મધ્યે રાજસુંદર લિ. પ.સં.૧૪, જિ.ચા. પો.૭૯ નં.૧૯૫૨. (૪૯) સં.૧૭૭૭ મા.વ.૩ મુલતાણ મધ્યે મહિમારાજ લિ. પ.સં.૨૧, જિ.ચા. પો.૮૦ નં.૧૯૯૯. (૫૦) પ્રત ૧૭મી સદીની, પ.સં.૨૫, જિ.ચા. નં.૨૦૦૦. (૫૧) સં.૧૮૨૬, અક્ષર સાધારણ, પ.સં.૨૬, જિ.ચા. પો.૮૦ નં.૧૯-૮૦. (૫૨) સં.૧૭૮૮ કા.વ.૪ લક્ષ્મીકીર્તિ-સોમહર્ષ-લક્ષ્મીસમુદ્ર શિ. કપૂરપ્રિય લિ. હાજીપુર મધ્યે પ.સં.૨૪. મહિમા. (૫૩) ઘેસૂડા મધ્યે જ્ઞાનચંદ લિ. પ.સં.૧૩, મહિમા. પો.૬૩. (૫૪) સં.૧૮૦૪ કા.શુ.૧૧ રવિ સંવેગ કીસનદાસ લિ. દેડગામ સાધ્વી રૂપસી પઠનાર્થં. પ.સં.૨૪, મહિમા. પો.૮૬. (૫૫) પ.સં.૩૦, મહિમા. પો.૩૪. (૫૬) પ.સં.૧૮,

જૈન સાઈટ JAINSITE.com

મહિમા. પો.૩૬. (૫૭) સં.૧૭૯૪ આ.વ.૫ શુક્રવચે ઠાકરસી શિ. ઉત્તમચંદ લિ. અમીચંદ પઠનાર્થં. પ.સં.૨૧, અભય. પો.૧૩ નં.૧૪૮. (૫૮) કુંવરવિજય લિ. અભય. પો.૧૨ નં.૧૨૫. (૫૯) સં.૧૮૨૪ પો.વ.૧૨ અજીમગંજે ચારિત્રસુંદર લિ. પ.સં.૨૧, રામ. પો.૩. (૬૦) આગરા મધ્યે ગણિ મુનિ જ્ઞાનશીલ શિ. વીરજી લિ. શ્રા. સાંડા પઠનાર્થં. પ.સં.૨૦, કૃપા. પો.૪૫ નં.૭૯૧. (૬૧) પં.રત્નચંદ લિ. ઈમિદપુર મધ્યે. પ.સં.૧૯-૧૫, વી.ઉ.ભં. દા.૧૭. (૬૨) પ.સં.૧૫-૧૭, વી.ઉ.ભં. દા.૧૭. (૬૩) સં.૧૭૧૨ આષાઢ વ.૪ રવિ ઉદયપુર મધ્યે સાભાગ્યસાગરગણિ શિ. અમૃતસાગરગણિનાલેખિ પ.સં.૧૩-૧૭, વિ.ને.ભં. નં.૪૪૭૨. (૬૪) સં.૧૭૯૫ પં. મોહનવિજય શિ. રાજવિજયગણિ લ. વાર આદિત્યવાસરે બાઇ કલ્યાણી પઠનાર્થં. પ.સં.૨૮-૧૩, વિ.ને.ભં. નં.૪૪૭૧. (૬૫) પ.સં.૨૨-૧૫, હા.ભં. દા.૮૧ નં.૪૨. (૬૬) પ.સં.૨૨, જય. પો.૬૭. (૬૭) સં.૧૭૧૭ માગ.શુ.૨ પાટણ મધ્યે લિ. ઉદયતિલકેન. પ.સં.૨૨, જય. પો.૬૭. (૬૮) પ્રાયઃ આ કવિકૃત. સં.૧૮૦૯, પ.સં.૨૩, અભય. નં.૨૮-૮૯. (૬૯) પં. મેરુવિજય શિ. પ્રેમવિજય લિ. સં.૧૭૦૩ શ્રા.કૃ.૨ રવૌ પં. વૃદ્ધિવિજય શિ. વીરવિજય પઠનાર્થં. મુ.વિ.ભાણી. (૭૦) સં.૧૭૧૦ માગસિર શુ.૧૧ પં. કપૂરવિજય શિ. રૂપવિજય લિ. નિ.વિ. ચાણસ્મા. (૭૧) સં.૧૭૫૦ માગસિર વ.૧૩ શુક્રે બિઘાપુરે રાજહંસ લિ. [ભં.?] (૭૨) આહ્નિથવંશીવાવતંસીયમાન તિસમસાત મહિમાનિધાન નિર્વિગાન યશોવિતાન સાવધાનપ્રધાન વિદ્વજ્જનદર્શિંતાષ્ટાવધાનાધિગતચતુર્દશવિદ્યાસ્થાન શ્રી શત્રુંજયતીર્થાષ્ટમોદ્ધાર પ્રતિષ્ઠાવિધાન લબ્ધમાન વમન વામન ધીમાન માન નાન જંગમ યુગપ્રધાન શ્રી જિનરાજસૂરિભિર્વા રચયાંચક્રે સાહ ધર્મસી ધારલદેવી પુત્ર રત્નસાહ ગેહાખ્યા ભ્રાતુરભ્યર્થનયા નંદતાદા ચંદ્રોર્કે શ્રોત્રધ્યેતૃસુખપ્રદાઃ સંવત ૧૬૮૮ વર્ષે પંડિત જ્ઞાનમૂર્તિ લિખિત ફાગણ સુદિ ૧૪ દિને શુભં ભવતુ શ્રી જાલોર મધ્યે. પ.સં.૨૪-૧૩, ડાહ્યાભાઈ વકીલ સુરત. (૭૩) સં.૧૭૪૨ વૈ.શુ.૨ રવૌ પં. સિદ્ધસોમેન લિ. શ્રા. નાંની વાચનાર્થં. પ.સં.૩૬-૯, મુનિ સુખસાગર. (૭૪) સં.૧૭૯૯ ફા.વદિ ૧૧ લિ. પં. આણંદવિજય શિષ્ય પં. અજીતવિજયેન કાલદ્રી નગરે. આદિ પત્રમાં ત્રિરંગી ચિત્ર છે. પ.સં.૨૧, ગોડીજી. નં.૩૭૯. (૭૫) સર્વગાથા ૫૨૬, જૈ.એ.ઇ. નં.૧૦૫૬. (૭૬) પ.સં.૨૯, ગુ.વિ.ભં. (૭૭) પ.સં.૨૩, પ્ર.કા.ભં. (૭૮) ખં.ભં.૧. (૭૯) ભાવ. ભં.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

(૮૦) વી.પા. (૮૧) પ.સં.૨૧-૧૩, લીં.ભં. (૮૨) સં.૧૭૨૨ વરસે શ્રાવણ વદિ ૧૩ દિને લિખિતં. દે. લા. (કમલવિજય મુનિ પાસેની). (૮૩) સં.૧૭૪૬ આશો શુદ ૭ દિને લિ. પં. **ષેમાવિજયેન** શ્રી **માલગ્રામે** પાર્શ્વનાથપ્રસાદાત્. પ.સં.૧૫-૧૫, આ.ક.ભં. (૮૪) સં.૧૭૯૨ કાર્તિક શુદ ૫ ગુરૂ **પુન્યપુર** નગરે પં. શ્રી કેસરસાગરજી શિ. વલ્લભસાગર શિ. **મનોહરસાગરેણ** લિષિતં. પ્ર.કા.ભં. (૮૫) ઇતિશ્રી શાલિભદ્ર મહામુની ચરિત્રાં **બો**હિત્થવંસીયાવતંસીયમાન નિસ્સમાન મહિમાનિધાન નિર્વિગાન-યશોવિતાન સાવધાન પ્રધાન વિદ્વજ્જન દર્શિતાષ્ટાવધાનાધિગત ચતુર્દશ-વિદ્યાસ્થાન શ્રી **શત્રુંજયતીર્થાષ્ટમોદ્ધાર** પ્રતિષ્ઠાવિધાનલબ્ધમાન યુગપ્રધાન શ્રી **જિનરાજસૂરીભિ** રચયાંચક્રે **સાહાણુહાપ્ય** સ્વભ્રાતુરભ્યર્થનયા ચંદ્રાર્ક ચિરં નદ્યાત્ લિ. સં.૧૮૧૮ વર્ષે શાકે ૧૬૮૪ પ્રવર્ત્તમાને જ્યેષ્ટ સુદિ ૬ શનીવાસરે **વણોદ** નગર મધ્યે શ્રી **શાં**તિજિન પ્રાસાદાત્ સકલ પ્રવર પંડિત શ્રી **પુન્યવિજય** શિ. **રત્નવિજયગણિ** શિ. **લાલવિજયેન**. પ.સં.૧૫-૧૫, ગા.ભં. (૮૬) લિખિતે ઋષ. **સ્યામ**જી **લુંકાગચ્છે**. સં.૧૮૧૦ માઘમાસે શુક્લપક્ષે તૃતયાય્યાં **શનૌ** શુભવેલાયાં. કચ્છી દ. ઓ. (૮૭) પ.સં.૧૯-૧૫, અનંત. ભં. (જેની આદિમાં "શ્રી કુબેરાય નમઃ સકલ પંડિતોત્તમ પંડિત શ્રી ૧૦૮ શ્રી હસ્તિસાગરગણિચરણકમલેભ્યો નમઃ" એમ લખ્યું છે.) [મતિસારને નામે – આલિસ્ટઑઇ ભા.૨, જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૧૬૦, ૨૩૯, ૨૪૩, ૨૪૯, ૩૯૫, ૫૦૦, ૫૦૮, ૫૨૦, ૫૨૧, ૫૯૩); જિનરાજને નામે – મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૫૬૩).]

પ્રકાશિત : ૧. આનંદ કાવ્ય મહોદધિ મૌ.૧. [ભૂલથી 'મતિ-સાગર'ને નામે.]

**(૧૪૫૭ ક) + વીસ વિહરમાનજિન ગીત (વીશી)** લ.સં.૧૬૮૫ પહેલાં

**આદિ –** સીમંધર જિન સ્ત.

મુજ હીયડો હેજાળુઓ, ભાખર ગણે ન ભીંત
આવે જાવે રે એકલો, કરવા તુમસુંજી પ્રીત. ૧
**સીમંધર** કરજ્યો મયા, ધરિજ્યો અવિહડ નેહ
અમ્હચા અવગુણ જોયને, રિષે દિષાડો જી છેહ. સીમંધર. ૨

**અંત –** અજિતવીર્ય જિન સ્ત.

મિલ આવો રે મિલ આવો રે, શ્રી **અજિતવીરજ** ગુણ ગાવો રે.
મિલ.

*

ચિત ભગતિવસે પૂરી જે રે, માનવભવ લાહો લીજે રે,
**જિનરાજ** સષાઈ કીજઇ રે, મનિ વંછિતિ સુખ પામીજે રે.
મિલ. ૫

ઢાલ લોકસરૂપની જાતિ.

વીસ જિણેસર જગ જયવંતા જાણીયે રે, અઢીયદ્વીપ મઝાર,
ધન તે ગામાગર પુર વિહરતા રે, સાધુ તણે પરિવાર— વીસ.
**વાસુદેવ બલદેવ** ભગતિ નિત સાચવે રે, લહિવા ભવજલતીર,
ચોરાસી પૂરવ લષ સહુનાં આઉષો રે, ગુણ ગરૂવા ગંભીર— વીસ.
વૃષભલંછણ તનુની અવગાહના રે, ધનુસય પંચ પ્રમાણ,
સમવસરણ બારહ પરષદ પ્રતિબોધતા રે, જગગુરૂ અમૃતવાંણ—
વીસ.

ધનધન તે જીહા, પ્રભુગુણ ગાઇયે રે, આંણી મન આણંદ,
ધનધન તે દિન જિણ દિન ભાવે ભેટીયે રે, વિહરમાંણ જિણ-
ચંદ—વીસ.

**ખરતર** જુગવર શ્રી **જિનસિંહ** સૂરીંદને રે, સીસે ધરીય જગીસ,
શ્રી **જિનરાજ**વચન અનુસારે સંથુણ્યા રે, વિહરમાણ જિન વીસ—
વીસ.

(૧) સં.૧૬૮૫ પો.શુ.૯ **જિનરાજસૂરિ** શિ. **ભાવવિજય** લિ. **સિત-પત્તને ગોલછા રંભા** પઠનાર્થં. પ.સં.૬, જિ.ચા. પો.૮૩ નં.૨૧૧૪. (૨) સં.૧૭૨૬ ચૈ.વ.૩ **જેસલમેર** મધ્યે **સોમનંદન** લિ. પ.સં.૩, જિ.ચા. નં.૨૧૩૩. (૩) સં.૧૭૧૭ માગ.શુ.૧ **મેડ**તા મધ્યે **વિદ્યાલાભેન** લિ. જિ.ચા. નં.૨૧૩૬. (૪) પ.સં.૪, મહિમા. પો.૬૩. (૫) સં.૧૭૨૬ આસો વ.૨ બુધે **જાવાલપુરે પાર્શ્વ**નાથ પ્રસાદાત. પ.સં.૬, નાહટા. સં. (૬) સા. **ભગત**લિખમી પઠનાર્થં. પ.સં.૪, અભય. નં.૨૮૦૧. (૭) સં.૧૭૪૬ જ્યે.વ.૭ બુધે બાઈ **વીરાં** પઠનાર્થં. પ.સં.૭, અભય. નં.૩૪૮૮. (૮) શ્રી **વીકાનેર** મધે લિપીકૃતં પઠનાર્થં. પ.સં.૭–૨૧ ક.મુ. (મારી પાસે). [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૦૯).]

પ્રકાશિત : ૧. ચોવીશીવીશી સંગ્રહ, આમાં આ છેલ્લી ઢાલ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૨. જિનરાજસૂરિ કૃતિ કુસુમાંજલિ.]

**(૧૪૫૭ ખ) + ચતુર્વિંશતિ જિન ગીત [સ્ત.] (ચોવીશી)** લ.સં. ૧૬૯૪ પહેલાં

**આદિ** – મનમધુકર મોહી રહિઉ, **રિષભ**ચરણઅરવિંદ રે,
ઊડાયો ઊડઇ નહી, લીણું ગુણમકરંદ રે—મન. ૧
રૂપઇં રૂડે ફૂલડે, અલવિન ઊડી જાય રે,
તીખા હી કેતકી તણા, કંટક આવઈ દાય રે—મન. ૨

*

ચઉવિહ સુર મધુકર સદા, અણહૂંતઇ ઇક કોડિ રે,
ચરણકમલ **જિનરાજ**ના, સેવઈ બે કર જોડિ રે—મન. ૫

—આદીશ્વર ગીત.

**અંત** – (વીરગીત ૨૪મું ગીત રચ્યા પછી.)
ઇણ પરિ ભાવ ભગત મનિ આણી, સુધ સમકિત સહિનાણીજી
વર્ત્તમાન ચઉવીસી જાણી, શ્રી **જિનરાજ** વષાણીજી. ૧
જો મૂરતિ નયણે નિરખીજે, જો હાથઇ પૂજીજઇજી,
જો રસનાયઇ ગુણ ગાઇજઈ, નરભવલાહો લીજઇજી. ઇણ. ૨
યુગવર **જિનસિંહસૂરિ** સવાઇ, **ખરતર** ગુરૂ ખરદાઇજી,
પામઇ જિનવરના ગુણ ગાઈ, અવિચલ રાજ સદાઇજી. ઇણ. ૩
પહલી પરત લિખાઇ સાચી, વારૂ ગુરૂમુખિ વાચીજી,
સમઝી અરથ વિશેષઇ રાચી, ઢાલ કહેજ્યો જાચીજી. ૪
કેઇ ગુરૂમુખિ ઢાલ કહાવઉ, કેઇ ભાવન ભાવઉજી,
કે **જિનરાજ** તણા ગુણ ગાવો, ચઢતી દઉલતિ પાવઉજી. ૫

(૧) પ.સં.૧૩, કમલમુનિ. (૨) લિ. ગણિ રત્નવિજયેન. પ.સં.૭-૧૭, હા.ભં. દા.૮૨ નં.૧૯૪. (૩) સં.૧૬૯૪ ચૈ.વ.૧ **મે**ડતા મધ્યે. પ.સં. ૭, નાહટા સં. (૪) સં.૧૮૭૧ ફા.વ.૨ **બીકાનેર** મધ્યે **સુમતિવિશાલ** લિ. પ.સં. ૧૧, સૂચી સહિત, કૃપા. પો.૫૨ નં.૯૭૩. (૫) સં.૧૬૯૬ માહ શુ.૧૦ બૃહસ્પતિવારે **લાભપુરનગરે** વા. **વિજયમંદિર** શિ. પં. **સૌભાગ્યમેરૂ** શિ. કલ્યાણહર્ષ મુનિના લિ. **પારખ** ગોત્રીય સા. રૂપા પુત્ર સા. ધર્મચંદ્ર પઠનાર્થં. પ.સં.૧૭, અભય. પો.૧૪ નં.૧૪૪૩. (૬) સં.૧૭૩૫ માહ શુ.૧ **બીકાનેર** પં. **રામચંદ્ર** લિ. પ.સં.૬, અભય. નં.૨૧૯૩. (૭) સં. ૧૭૪૯ વૈ.વ.૯ ગુરૂ **રિણી** મધ્યે પં. **વિજયશેખર** લિ. **બીરાંબાઈ** પઠ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાર્થં. પ.સં.૬, અભય. નં.૨૨૪૪. (૮) સં.૧૮૪૮ કા.શુ.૫ સોમે લિ. પં. ચતુરનિધાન વન્નૂદેશે સફીનગરે ચાતુર્માસ. પ.સં.૮, અભય. નં.૨૪૫૦. (૯) સં.૧૭૧૮ લોહીપુરે સા. હાથી પઠનાય પં. ધર્મમંદિરગણિના લિ. પ.સં.૧૩, અભય. નં.૨૮૯૧. (૧૦) પં. હર્ષનિધાન લિ. બીકાનેર મધ્ય. પ.સં.૪, અભય. નં.૩૧૬૬. (૧૧) ઇતિશ્રી ચતુર્વિંશત ગીતમ્. ૨૫ શુભં ભવતુઃ શ્રી સંવત્ ૧૭૬૨ વર્ષે આસ્વનિ માસે કૃષ્ણપક્ષે ૧૦ તિથૌ શનિવાસરે શ્રી બૃહતખરતરગચ્છે શ્રી સાગરચંદ્રસૂરિ સંતાનીયે વા. શ્રી ૫ મહિમામેરૂગણિ તત્‌શિષ્યમુખ્ય પં. પ્રવર શ્રી કલ્યાણસાગરજી, તત્‌શિષ્યમુખ્ય પં. પ્રવર દેવધીર, તત્‌શિષ્ય સુખહેમ લિપીચક્રે શ્રી ફેલૂ મધ્યે. શુભં ભૂયાત (પાછળથી બીજાના અક્ષરમાં ઉમેર્યું છે કે સાધ્વી શ્રી સરૂપાંજી શિષ્યણી ચિરંજીવ સજ્જનાં પઠનાર્થ શુભં ભવતુ) પ.સં.૫-૧૫, ક.મુ. (મારી પાસે). [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૨૯).]

પ્રકાશિત : ૧. ચોવીશીવીશી સંગ્રહ. [૨. ૧૧૫૧ સ્તવન મંજૂષા. ૩. જિનરાજસૂરિ કૃતિ કુસુમાંજલિ.]

जैन साइट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**(૧૪૫૮) પાર્શ્વનાથ ગુણવેલી** ૪૪ કડી ૨.સં.૧૬૮૯ પો.વ.૮ બુધ
જુદા જુદા પાર્શ્વનાથ ક્યાં આવ્યા તેનું વર્ણન છે.

**આદિ** – ઢાલ ધમાલની

શ્રી **સરસતિ** સુપ્રસન સદા, શ્રુતદેવી વરદાઇ રે,
**પાસ** તણા ગુણ વરણવું, વાણિ દીઉ મેરી માઇ રે. ૧

**અંત** – કલસ

નમો ત્રિજગજયકર અષ્ટભયહર વંછિતકર શ્રી **પાસ** એ,
**શશિકલા** સંવત **સિદ્ધિ નિધિ** યુત વરસ વદિ પોસ માસ એ,
નિશિરાજનંદન વાર શુભ સંખ્યા દિશિ તિથિ ઉલ્લસી,
**જિનરાજ** ગરીબનિવાજ સ્તવતાં સંઘ મન હુઇ અતિ ખુસી. ૪૪

(૧) સં.૧૬૭૦(?) વર્ષે જ્યે.શુ.૮ રવૌ લિ. પં.દેવવિજયગણિ શિ. મુનિ **વિદ્યાવિજય** પઠનાર્થં **સીરોહી** નગરે. લિ. પ.સં.૩-૧૨, હા.ભં. દા.૮૨ નં.૧૪૭.

**(૧૪૫૯) [+] ગજસુકુમાલ રાસ** ૩૦ ઢાલ ૫૦૦ કડી સં.૧૬૯૯ વૈશાખ શુદ ૫ અમદાવાદમાં

**આદિ** – દૂહા.

**નેમીસર** જિનવર તણા, ચરણકમલ પ્રણમેવિ,

સાધુ સાધુગુણ ગાવતાં, સાંનિધિ કરિ શ્રુતદેવિ. ૧
સૂધઉ મારગ ઉપદિસઈ, પાલઇ વિસવાવીસ,
દૂસમ કાલઈ તઉ મિલઇ, જૈ તૂસઇ જગદીસ. ૨
હૂઆ અપૂરવ પૂરવઈ, ચારિતધર ચઉસાલ,
ગાતાં જિમ તિમ ગુણ હુવઇ, જાતાં જિમ મઉસાલ. ૩
કહઈ કેવલી કેવલી, સ્યૂં ન કહઈ એ સાર,
સાધુધરમ દસવિધ તિહાં, ક્ષમા તણઇ અધિકાર. ૪
**સોહમ** વચન હિયઇ ધરી, **ગયસુકુમાલ** ચરિત્ર,
કહિવા મુઝ મન અલજયો, કરિવા જનમ પવિત્ર. ૫
તાસુ પ્રસંગિ અનીક જસ, પ્રમુખ ચરિત્ર હિતકામિ,
ચતુર ચતુરવિધ સંઘ મિલી, સુણઉ ભણઉ મતિસારિ. ૬
સરસ વચન તેહવા ન છઈ, પિણ સરસ ચરિત્ર છઈ તાસ,
સાકર કેલવણી પખઈ, સ્યૂં ન ધરૈ મીઠાસ. ૭

**અંત** – ઢાલ ૩૦ રાગ ધન્યાસી. શાંતિજિન ભામણઇ જાઉં—એ દેશી.

*

સંવત **સોલ નિનાનૂ** વરસઈ, વૈશાષૈ શુભ દિવસૈ,
સુદિ પાંચમિ સુભ દિન સુભ વારૈ, એહ રચ્યો સુભવારઇ. ૧૨
શ્રી **જિનસિંહસૂરિ** ગણધારી, **ખરતરગચ્છ** ઉદારા,
શ્રી **જિનરાજ** તાસુ પરભાવૈ, ઇણ વિધિ મુનિગુણ ગાવૈ. ૧૩

*

એહ સંબંધ સદા સાંભલિસ્યૈ, તાસુ મનોરથ ફલિસ્યૈ,
આઠમિ અંગ તણૈ અનુહારૈ, જોડિ સ્વમતિસારૈ. ૧૬

*

કવિકલપન જે અધિક રચી જૈ, મિચ્છાદુક્કડ દીજૈ,
શ્રી જિનધરમ તણૈ સુપ્રસાદૈ, અધિક સદા જસવાદૈ. ૧૮
મંગલ સુખસોહગ પામીજૈ, જિનવરચરણાં નમીજૈ,
પહિલી જોડ કરી **જિનરાજે**, સાધી શિવપુર રાજે,
શ્રી **જિનરતન** તસુ પાટ વિરાજે, **ખરતર** બિરૂદ સહુ છાજઇ. ૨૧

સાધુજીરી ભાવના ભાવો.
(ધોરાજી પ્રતિમાં) આજ નિહેજો દીસૈ નાહ રે—એ જાતિ.
ઇણિ પરિ **ગજસુકુમાલ** મહામુણી, ગ્યાની થિર કરી ચીત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહિ સમસાનૈ ષટવિધ જીવ સૂં, મીતપણૈ પરચીત. ઈ. ૧
ઢાઈ કરમ ગઢ કેવલ સંપદા, લહિ પહુતા નિરવાણિ,
સ્ત્રીનર પંનગ વેદ જિહાં નહી, આતમરૂપ વખાણિ. ઈ. ૨
ગરૂઅઉ પિણ ગુણિ અગુરૂલઘુપણૈ, લીન કરૈ સંસાર,
ચઉંપપણૈ ગુણ કહતાં એહના, ઉત્તમ હુઇ અવતાર. ઇ. ૩
**પદ્મનાભ** વચનૈ જિણ આદર્યો, ઇસપણો દિન એક,
જિનવર વચને તે તજિ, વ્રત ભજ્યો રંગ તણી ધરિ ટેક. ઈ. ૪
સૂરિ જસ સહર બેઉ સાષિયા, જીયૈ રાખ્યા જાણિ,
પૂરિ કરણી હરણી ભવ તણી, કીધી સુણિ જિણવાણિ. ઇ. ૫
સંવત **સોલહ સૈ ત્રિણ્ણાણુવૈ, રાજનગરિ** વૈસાખિ
સુદિ પાંચમિ દિનિ અઠમઅંગની, સાખિ ખરી મન રાખિ. ઈ. ૬
**સોહમ જંબુ**પાટિ અનુક્રમે, **ખરતર**-ગુરૂસિરદાર,
શ્રી **જિનચંદ** જયો જિનસાસને, જુગવરપદવીધાર. ઇ. ૭
**અકબર**સાહિ ભણી જિણ રીઝવી, ખાટયા મોટા બોલ,
દીપાયો જિનધર્મં દયાગુણે, અજપતિ ગુણહિ અમોલ. ઇ. ૮
**જહાંગીર** સાહિ ગુણ જોઇનૈ, જુગપવર-પદવી જાસ,
આપી થાપી આજ દિવસ લગૈ, કીરતિ કરૈ પ્રકાસ. ઈ. ૯
શ્રી **જિનસિંહ** સુગુરૂ સુપસાઉલૈ, પભણૈ શ્રી **જિનરાજ**,
સાધુ તણાં ગુણ કરતાં ચીતવ્યાં, સીઝે આતમકાજ. ઇ. ૧૦
પૌત્ર વિનેય વિનય નય કરિ ભલો, **રંગવિનય** ઇણ નામિ,
તાસ તણો મણિ આદર ધરિ ઘણો, તિમ હિત સુખફલ પામિ. ઇ. ૧૧
ધૂરિથી અક્ષર ઢાલૈ પદપદે, ઈકઈક હુઈ તીન
અનુક્રમિ વાચી નામ કવી તણો, પામેજ્યો લયલીન. ઇ. ૧૨
મંગલરૂપ મહામુનિ નામ ગૈ, નવનવ મંગલ થાઇ
દીપક દીપ થકી હુઇ ઈહા કિણૈ, અચરિજ વાત ન કાય. ઇ. ૧૩
એહ સંબંધ નિબંધ સુકૃત તણો, સાંભલિ ત્રિકરણસાર,
તત્ત્વ જાણિ કરિ કરિવો મન થકી, ક્રોધ તણો પરિહાર. ઇ. ૧૪
ઇણ પરિહારે ઉપસમ વિસતરૈ, ઇણહિ જ ગુણનિસતાર,
નિસતારૈ વિસતાર સુજસ તણો, સુજસૈ જયજયકાર. ઇ. ૧૫

(૧) સં.૧૭૧૦ માગ.વ.૩ રવિ **રાજનગરે** લિ. પ.સં.૩૬, જિ.ચા. પો.૮૬ નં.૨૦૮૦. (૨) સં.૧૭૨૪ **સત્યપુરે કનકવિમલ** લિ. પ.સં.૧૦,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિ.ચા. પો.૮૦ નં.૧૯૮૧. (૩) સં.૧૭૨૨ જ્યે.શુ.૨ લિ. પં. **સમય-નિધાનેન સરસ્વતીપત્તને.** પ.સં.૧૪-૧૭, ગુ. (૪) સં.૧૭૧૧ ફા.શુ.૧૩ શુક્ર **પત્તનનગરે** પં. ઉત્તમચંદ્રગણિ શિ. **વિજયોદયચંદ્ર** લિ. પ.સં.૧૭-૧૫, મ.જૈ.વિ. નં.૪૨૯. (૫) સં.૧૭૩૨ માગ.વ.૮ ભોમ લ. **રાજનગર** મધ્યે બાઇ રહીઆબાઇ **સહિજબાઇ** લખાવીતં. પ.સં.૪૨-૧૧, ડે.ભં. દા.૭૦ નં.૬૦. (૬) સં.૧૭૮૩ આશો શુદિ ૬ સોમે પ.સં.૩૨-૧૩, ડે.ભં. દા.૭૦ નં.૬૧. (૭) પ.સં.૨૪-૧૫, ડે.ભં. દા.૭૦ નં.૬૨. (૮) પ.સં.૧૬-૧૭, મ.જૈ.વિ. નં.૪૨૮. (૯) પ.સં.૨૧-૧૫, સંઘ ભં. પાલણપુર દા.૪૫ નં. ૭. (૧૦) સં.૧૭૭૮ આસો વ.૯ ભોમે લ. **રાજનગરે પ્ર**તાપવિજય વાચનાય. પ.સં.૧૮-૧૩, સંઘ ભં. પાલણપુર દા.૪૫. (૧૧) સં.૧૭૮૭ શ્રા. શુ.૧૩ **મુલતાણ** મધે હર્ષવલભ લિ. પ.સં.૨૪, વર્ધ. પો.૧૦ નં.૬૩. (૧૨) સં.૧૭૯૦ પો.શુ.૬ ચંદ્રે **જેસલમેર** દુર્ગે પં. **મોટા** લિ. સ્વહેતવે. પ. સં.૨૭, પ.ક્ર.૧૩થી ૨૭, અનંત. ભં.૨. (૧૩) લિ. પં. **પુંજરાજ પત્તન-નગરે** પરોપકૃતયે સં.૧૭૭૪ પો.શુ.૨ દિને. પ.સં.૪૧-૯, હા.ભં. દા.૭૯ નં.૧૪. (૧૪) પ.સં.૧૩-૧૭, ઘણી જૂની પ્રત, વ.રા. (૧૫) પ્રત ૧૮મી સદીની, પ.સં.૧૨, જિ.ચા. પો.૭૯ નં.૧૯૬૧. (૧૬) સં.૧૮૬૦ કા.શુ.૮ **સુહાઇ** મધ્યે. પ.સં.૨૨, જય. પો.૬૬. (૧૭) પ.સં.૧૦, જય. પો.૬૮. (૧૮) ઇતિશ્રી ગજસુકમાલ મહામુનીશ્વર ચતુષ્પદી સમાપ્તા સં.૧૭૪૩ વર્ષે જ્યેષ્ટ માસે શુકલપક્ષે ત્રયોદસી તિથૌ રવિવારે લિષિતં **અહિપુર** મધ્યે શ્રી **જિનચંદસૂરિ** વિજયરાજ્યે. તે પરથી સં.૧૯૦૮માં લખી. પ.સં.૧૧૧-૯, ગુ.વિ.ભં. (૧૯) ઢાલ ૩૦ ગ્રંથાગ્રં ૭૫૦ લિખિતઃ સંવત્ ૧૭૪૫ વર્ષે પોસ શુદિ ૧ દિને શ્રાવિકા કપૂરબાઈ વાચનાર્થં. શ્રીરસ્તુ. પ.સં.૩૫-૧૧, આ.ક.ભં. (૨૦) ઢાલ ૩૦ ગાથા ૫૦૦-૫૪, સંવત ૧૮૦૮ વર્ષે આસોજ સુદિ વિજય ૧૦ દિને બુધવાસરે સંપૂર્ણ કીધો. શ્રીમદ્ **ચં**દ્રગચ્છાધિરાજ ભટ્ટાર્ક ૧૦૮ શ્રી **નન્હ**સૂરિજી તત્પટ્ટે ભટ્ટાર્ક ૧૦૮ શ્રી ઉદ્યોતનસૂરિજી તત્સિષ્ય **ખુસ્યાલ**ચંદ્રેણ લિષિતં શ્રી ઉદયપુર નગરે. પ.સં.૧૭-૧૪, આ. ક.ભં. (૨૧) સં.૧૭૫૯ વર્ષે જ્યેષ્ટ માસે કૃષ્ણપક્ષે દસમી તિથૌ શ્રી **સ્વ-ર્ણગિરિ** પંડિત **દયામૂર્ત્તેન** લપીચક્રે. પ.સં.૧૭-૧૭, હ.ભં. નં.૧૭૮૩. (૨૨) ઇતિશ્રીમદુપસમનિરૂપમ ગુણરસાલ કીરધીરતામરનરનિકર મધુકરપરિચુંબ્યમાન મધુરતરયશઃ સુધાધારદુઃસહમહોષ્ણપરીષહસહનમહાદહન દગ્ધ સુસ્નિ-



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્ધ કર્મ દ્રુમલતાવનગહન સંપ્રાપ્ત પર્યાપ્ત દૈવતમદન: શ્રી વસુદેવદેવકી-સૂનુ સ્વૈવાપનોદન પવિત્ર વિકલ્પ જલ્પ વલ્લરી લવિત્ર શ્રી ગજસુકુમાલ-ચરિત્રમખંડદંડનાયમાનં શ્રી વસુદેવ દેવકી ચરિત્ર સહિતં શ્રીમજ્જિન-રાજસૂરીસ્વર વિરચિતમુપચિતમમિતસુકૃતશ્રિયા પિયાર્હંતમતરત પ્રાણિમન: પ્રીણનાય તદ્વાચ્યમાન મુખાસો મૌને દતાદાનં દાય. લિ. શ્રી પટ્ટણા નગરે. પ.સં.૧૭-૧૭, ઘો.ભં. (આ જૂની પ્રત લાગે છે.) (૨૩) રત્ન ભં. [મુપુગૂહ-સૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૪, ૫૮૪, ૬૧૬) – મતિ-સારને નામે પણ.]

[પ્રકાશિત : ૧. જિનરાજસૂરિ કૃતિ કુસુમાંજલિ.]

**(૧૪૬૦) [+] સ્તવનાવલિ**

(૧) પ.સં.૩૪, જય. પો.૧૧૦૬.

[પ્રકાશિત : ૧. જિનરાજસૂરિ કૃતિ કુસુમાંજલિ.]

**૧ ગોડી લઘુ સ્ત.** ૭ કડી

**આદિ** – વાલ્હેસર મુઝ વીનતિ, ગોડીયા, અવલેસર અવધાર હો ગઉડીચા રાય,

**અંત** – વલિ અલવેસર સંભારિજ્યો ગ. ઇમ જંપે **જિનરાજ** હો. ગ. ૭ વા.

(૧) વ્યલેખિતુ લછીદાસગણિના. પ.સં.૧–૧૨, મારી પાસે. [મુપુ-ગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૦૧–૦૩ તથા ૫૫૭–૬૧, ભા.૩ પૃ.૯૮૫–૮૯, ૧૦૪૭–૪૯ તથા ૧૫૧૯. 'શાલિભદ્રમુનિ ચતુષ્પદિકા' પહેલાં મતિ-સારને નામે મૂકેલી, પછી મતિસાર અને જિનરાજસૂરિ એ બન્ને કર્તાનામ વિશે પ્રશ્ન કરેલો, પણ છેવટે પુષ્પિકાઓને આધારે જિનરાજસૂરિની જ ગણી છે.]

## ૬૫૨. વિમલકીર્તિ (ખ. સાધુકીર્તિ–વિમલતિલક–સાધુસુંદરશિ.)

સાધુકીર્તિ માટે જુઓ નં.૪૬૧.

**(૧૪૬૧) યશોધર ચરિત્ર ચોપાઈ** (અભયદાન વિષયે) ૨૧ ઢાલ ર.સં. ૧૬૬૫ આસો શુ.૧૦ **અમરસર**

**આદિ** – દૂહા રાગ આસાઉરી

પણમિઅ **પાસ** જિણેસરૂ, તિકરણ શુદ્ધ તિકાલ
જાસુ પસાયઇ સંપજઇ, શિવસુખ લીલવિલાસ. ૧
સમરૂ શુભમતિ **શારદા**, પ્રણમું નિજ ગુરૂપાય
રાય **યશોધર**નઉ ચરી, કહિસું તાસુ પસાય. ૨

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવદયા વિણુ તપ કીયઉ, ફલદાઇ નવિ થાઇ
અજ્ઞાની તપજપ કરઇ, તઉ પિણિ સિદ્ધિ ન જાઇ. ૩

અંત – ઢાલ ૨૧ ભમરાની શ્રી રાગે

જીવદયા પાલઇ સહૂ પ્રતિબૂઝઉ રે
જિમ નિશ્ચલ સુખ થાઇ, જીઉ પ્રતિબૂઝઉ રે

*

**ખરતરગચ્છ** મહિમાનિલો, નવખંડ જેહનું નામ
શ્રી **જિનચંદ** સૂરીસરૂ, ગુણગણ કરિ અભિરામ. ૧૪
જસુ મુખિ જીવદયા સુણી, **અકબર** સાહ સુજાણુ,
ઠામિઠામિ લિખિ મૂકીયા, જીવદયા-ફુરમાણુ. ૧૫
**અકબર** જસુ ગુણરંજીયો, પદ દે યુગપરધાન,
ઠારે અમૃતવાણીયે, પુણ્યવંત જનના કાન. ૧૬
તસુ પાસે જગિ પરગડા, મતિ **સરસતિ** અવતાર,
શ્રી **જિનસિંહ** સૂરીસરૂ, સેવકને સુખકાર. ૧૭
ખરતરગચ્છિ ઉન્નતિકરૂ, સાયર જિમ ગંભીર
વાદીમદગજકેસરી, મેરૂ તણી પરિ ધીર. ૧૮
**જિનભદ્ર**સૂરિ પરંપરા, **અમરમાણિક્ય** ગુરૂ સીસ,
**સાધુકીરતિ** પાઠકવરૂ, સબ પંડિતકે ઇસ. ૧૯
સાહ **અકબર** આગલે, **ઉગ્રસેનપુર** પ્રધાન
વિધિ પોસો જિણિ થાપીયો, ગાલ્યો કુમતિમાન. ૨૦
પ્રથમ સીસ તેહના ભલા, યસસોભાગ્યનિધાન,
બુદ્ધઇ સુરગુરૂ સારિખા, **વિમલતિલક** અભિધાન. ૨૧
દૂજા શિષ્ય ગુણે ભર્યા, પંડિત પ્રણમે પાય
**સાધુસુંદર** વાચકવરૂ, દેખતાં પાપ પુલાય. ૨૨
શાસ્ત્ર અનેક જીણે કર્યા, નિજ મતિ કરીય ઉદાર
જસુ દરિસણ દેખ્યા થકા, આણંદ થાઇ અપાર. ૨૩
આદેસે શ્રી ગુરૂ તણે, **સરસતિ** માત પસાય
**વિમલકીરતિ** મુનિવર ભણે, એહ ચરિત સુખદાય. ૨૪
સંવત **સોલહ ષઈસઠઈ**, નીકે આસૂ માસ,
વિજયદશમી દિન પુરીયો, નવરસ વચનવિલાસ. ૨૫
અધિક ઓછો જે ભણ્યો, કરતાં એ અભ્યાસ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અરિહંત સાખે મુજ હવો, મિચ્છાદુક્કડ તાસ. ૨૬
નવરસ વચને ગૂંથીયો, અરૂ એ સરસ સંબંધ,
કહિ કિસ મતિ માનેઈ નહિ, સોને અને સુગંધ. ૨૭
**ગોતમસામિએ** પુછીયો, શ્રી **મહાવીર** જિણુંદ,
હિંસા-અધિકારે કહ્યો, એ ચરિત સુખકંદ. ૨૮
તાસુ ચરિત્ર વિચારીને, એ સંખેપે કીન,
ઢાલ ઇકવીસે ગૂંથીયો, રીઝે સુણીય પ્રવીણ. ૨૯
**અમરસર** પુરવર ભલું, જિહિં **શીતલ** જિણનાહ,
શ્રાવક લોક સુખી તિહાં, લીયે લખમીલીલાહ. ૩૦
મુનિવરના ગુણ ગાઇને, નિજ ભવ સફલ કીધ,
જિણે ચરિત એ સંભલ્યો, અમૃત શ્રવણે પીધ. ૩૧
ભણે ગુણે જે સંભલે, મનિ આણી ઉછરંગ
કુશલમંગલ સુખસંપદા, તસુ ઘરિ નવનવરંગ. ૩૨

(૧) **રાજધાની** નગરે આશ્વિનાદ્ય ચતુર્દશ્યાં ગુરૂવાસરે સં.૧૬૭૧ સાધ્વી **માનસિદ્ધિ** ગણીન્યાઃ શિષ્યણી **પદ્મસિદ્ધિ** ગણિની શિષ્યણી **પ્રેમસિદ્ધિ** ગણિની વાચન કૃતે. પ.સં.૨૬–૧૩, અનંત. ભં.૨.

**(૧૪૬૨) પ્રતિક્રમણવિધિ સ્ત.** ૨.સં.૧૬૯૦ દિવાળી મુલતાન

(૧) પ.સં.૨, અભય. પો.૫ નં.૩૭૨. (૨) પ.સં.૩, લિ. પં. અભયકુશલેન. અભય. નં.૩૯૫.

**(૧૪૬૩) વિચારષટ્ત્રિંશિકા (દંડક) બાલા.**

(૧) સં.૧૭૮૪ આસૂ શુ.૯ ભોમે પં. દલીચંદ (દેવવલ્લભ) લિ. વીકાનેર મધ્યે. પ.સં.૬, અભય.

**(૧૪૬૪) ષષ્ટિશતક બાલા.**

(૧) સં.૧૭૯૯ આ.શુ.૬ લિ. સુખહેમગણિના પં. સુખવિલાસ વાચનાર્થં. પ.સં.૧૩, અભય. નં.૨૩૫૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩, પૃ.૯૦૮–૧૦ તથા ૧૬૦૨.]

## ૬૫૩. હર્ષકીર્તિસૂરિ (નાગોરી ત. રત્નશેખરસંતાનીય જયશેખર–સોમરત્ન–રાજરત્ન–ચંદ્રકીર્તિસૂરિશિ.)

પાર્શ્વચંદ્રગચ્છના રાજચંદ્રસૂરિ (જન્મ સં.૧૬૦૬, આચાર્ય ૧૬૨૬, સ્વ.૧૬૬૯)ના સમકાલીન રાજરત્નસૂરિ શિષ્ય ચંદ્રકીર્તિસૂરિ હતા. તેના શિષ્ય આ હર્ષકીર્તિસૂરિએ પોતાના ગુરુના નામની સારસ્વત વ્યાકરણની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકા, નવસ્મરણની ટીકા, સિંદુરપ્રકર ટીકા, શારદીય નામમાલાકોષ, ધાતુતરંગિણી, યોગચિંતામણિ, વૈદ્યકસારોદ્ધાર, વૈદ્યકસારસંગ્રહ, શ્રુતબોધ-વૃત્તિ, તિજયપહુત્ત અને બૃહતશાંતિ પર વૃત્તિઓ તેમજ સં.૧૬૬૩માં અનિતકારિકાવિવરણ અને સં.૧૬૬૮માં કલ્યાણમંદિરસ્તવવૃત્તિ આદિ અનેક ગ્રંથો સંસ્કૃતમાં રચ્યા છે. જુઓ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'.

**(૧૪૬૫) [+] વિજયશેઠ વિજયા શેઠાણી સ્વલ્પ પ્રબંધ** ૨૪ કડી
સં.૧૬૬૫ આસપાસ

**આદિ** – ઢાલ પ્રથમ

પ્રહ ઉઠી રે પંચ પરમેષ્ટિ નમઉં, મન સુધ્ધે રેં તેહનેં ચરણેં હું નમું,
ધુરિ તેહને રે અરિહંત સીદ્ધ વખાણીઈ, આચારજ રે ઉપાધ્યાય મન આંણીઇ. ૧
આણીયેં નીજ મન ભાવ સુધ્ધેં ઉપાધ્યાય નમું વલી,
જે પનર કર્મભૂમિ માંહિ સાધુ પ્રણમું તે વલી.
જિમ કૃષ્ણપક્ષિં અને સુકલપક્ષિં સીલ પાલ્યો તેહ સુણો,
ભરતાર અને સ્ત્રી બિહુઇ તેહનું ચરિત ભવિભવિ ભણઉં. ૨

*

**ભરતક્ષેત્ર** રે સમુદ્રતીરે દક્ષિણ દિસે, **કચ્છ** દેશમાં રે **વિજયશેઠ** શ્રાવક વસે;
શિયલવ્રત રે અંધારા પક્ષનો લિયો, બાલાપણે રે એહવો મન નિશ્ચય કિયો.

**અંત** – તેહના ગુણ ગાવે ભાવે જે નરનારિ, તે તો વંછિત પામે સંપતિ લહે રશાલિ,
**નાગોરિ તપગચ્છ** આચારજ સુરિરાય,
શ્રી **ચંદ્રકીરતિ**સુરિ પ્રણમું તેહના પાય,
શ્રી **હર્ષકીર્ત્તિ**સૂરિ પભણે તાસ પસાય. ૨૨

કલસ.

ઇમ કૃષ્ણપક્ષે શુકલપક્ષે જેણિ શિયલ પાલ્યો નિરમલો,
તે દંપતિના ભાવ શુધ્ધે સદા શુભગુણ સાંભલો. ૨૩
જેમ દુરિત દોહગ દુરિ જાય સુખ થાયે બહુ પરે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સકલ મંગલ મનહ વંછિત કુશલ નિત્ય ઘરે અવતરે. ૨૪

(૧) પં. હર્ષવિલાસેન લેલિખાક્રીયતે. પ.સં.૨–૧૩. [ભં.?] (૨) લિ. ઋ. ડાહ્યા. પ.સં.૨–૧૨, બે પ્રત મારી પાસે. (૩) પ.સં.૨–૧૨, જશ. સં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૮).]

[પ્રકાશિત : ૧. સઝાયમાલા (લલ્લુભાઈ). ૨. પ્રાચીન સ્તવન સઝાય સંગ્રહ વગેરે.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૬૯–૭૦, ભા.૩ પૃ.૯૪૪.]

## ૬૫૪. અજ્ઞાત કવિ

**(૧૪૬૬) સદયવચ્છવીર ચરિત્ર** લ.સં.૧૬૫૨ પહેલાં

**અંત –** **સુદયવછ**નું એહ ચરિત્ર, જે નર નિસૂણઈ સદા પવિત્ર,

તાહં તણઈ મનિ પૂજઇ આસ, લહઇં સિદ્ધિ સુહલચ્છિવિલાસ. ૬૧

(૧) સંવત્ ૧૬૫૨ વર્ષે આસોજ માસે શુકલપક્ષે પ્રતિપદાયાં તિથૌ **દેવાલીનગરે** રાંણા શ્રી **પ્રતાપસિંઘ** વિજયરાજ્યે શ્રી **સંડેરગચ્છે** ભટ્ટારિક શ્રી **યશોભદ્રસૂરિ** સંતાને ગચ્છાધિપ ભટ્ટારક ઇશ્વરસૂરિભિઃ ચિરંજીયાતઃ તત્શિષ્ય ઉપાધ્યાય શ્રી **વિજયસુંદર** વા. શ્રી **પદમરાજ** લિષતં. વિ. ધ.ભં. (૨) પ.સં.૨૪, ભાં. ઇ. સને ૧૮૮૧–૭૨ નં.૩૮૪. તેમાં પ્રથમ ધર્મનું માહાત્મ્ય બતાવનારું નીચેનું પદ્ય છે, પછી તે ઉપર કથા છે.

શ્રી **રત્નશેખર**ગુરૂપ્રવરપ્રસાદં, **હર્ષાદિવર્ધનગણિઃ** સુરસૈકમાત્રં

ચક્રે કથાં **સદયવત્સ**કુમારસત્કાં, સત્પાત્રદાનવિમલાભયદાનવાચ્યાં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૧–૨૨. હર્ષવર્ધનગણિએ સંસ્કૃતમાં 'સદયવત્સકથા' રચી હોવાની માહિતી મળે છે એટલે આ એનો ગુજરાતી અનુવાદ હોવાની શક્યતા છે.]

## ૬૫૫. જિનેશ્વરસૂરિ (ખ. જિનમેરુસૂરિ–જિનગુણપ્રભસૂરિપટ્ટે.)

[જિનગુણપ્રભસૂરિ સ્વ. સં.૧૬૫૫.]

**(૧૪૬૭) + જિનગુણપ્રભુસૂરિ પ્રબંધ** અથવા **ધવલ** (ઐ.) ગા.૬૧ સં.૧૬૫૫ પછી.

**આદિ –** દુહા.

મન ધરિ **સરસ્વતી** સ્વામિની, પ્રણમી **ગોયમ**પાય,

ગુણ ગાઇસ સહગુરૂ તણા, ચરિય **પ્રબંધ** ઉપાય. ૧

**અંત –** વસ્તુ

વરસ નેઉ વરસ નેઉ માસ વલિ પંચ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ દિન ઊપરિ તિહાં ગણિય, સુદિ નઊમી વૈશાહ માસે.
પ્રહ વિહસીય અમૃત ધટિય, સોમવાર સુરલોક વાસે.
જયજયકાર કરંતિ જણ, ગુણ ગાવે સુરનારિ.
શ્રી **જિણગુણપ્રભુસૂરિ** ગુરૂ, સયલ સંઘ સુહકાર. ૬૦
ઇમ ગચ્છનાયક કલા-ગુણ-ગણ-રયણ-રોહણ-ભૂધરો,
સંથાર ચારોં તંગ વારણ ખંધવાસ સ ચીવરો.
શ્રી **જિનમેરૂ**સૂરીંદ્ર પાટે **જિનગુણપ્રભુસૂરિ** ગુરો,
તસુ ધવલ **જિનેસરસૂરિ** જંપે, ઋદ્ધિ વૃદ્ધિ શુભંકરો. ૬૧
પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ.૪૨૩થી ૪૩૦.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૧૫.]

## ૬૫૬. શ્રીસુંદર (ખ. જિનસિંહસૂરિ–હર્ષવિમલશિ.)

**(૧૪૬૮) અગડદત્ત પ્રબંધ** ૨૮૪ કડી ર.સં.૧૬૬૬ ? (૧૬૩૬ ?) કાર્તિક ૧૧ શનિ

**આદિ** – પરમ પુરૂષ પરમેષ્ટિ જિન, પ્રણમું **ગઉડી પાસ**,
સુરતરૂ સુરમણિ જિમ સદા, સફલ કરઇ સવિ આસ. ૧
ઉપકારી આસન્નતર, શાસનનાયક **વીર**,
ત્રિકરણ સુદ્ધઇ સમરતાં, તારઇ ભવદધિતીર. ૨
**ગૌતમ** નામ સુહામણઉ, મુઝ મન કરઇ રસાલ,
આપદ દૂર નિતં કરઇ, પગિપગિ મંગલમાલ. ૩
**સરસતિ** મતિ ઘઉ નિરમલી, જિમ હોઇ અધિકઇ લોલ,
સુપ્રસન થાયઉ માતજી, કીજઇ કવિતકલોલ. ૪
શ્રી **જિનદત્ત જિનકુશલ** ગુરૂ, **ખરતરગચ્છ** નરેસ,
સેવકજન સાનિધિ કરણ, આવઇ પુરત વિસેસ. ૫
શ્રી **અકબર** પ્રતિબોધતાં, પ્રગટિઉ પુણ્ય પડૂર,
વિજયમાન વિદ્યા અધિક, જુગવર **જિનચંદ** સૂરીંદ. ૬
આચારિજ **જિનસિંહસૂરિ**, અવિઘટ જસુ અધિકાર,
ગુણ છત્રીસે ગહગહઇ, સંઘ સદા સુખકાર. ૭
જુગવર સીસ સીરોમણિ, અનુપમ આદિ વજીર,
**હર્ષવિમલ** જિન ગુરૂ તણઉ, લહિ સુપસાય સુધીર, ૮
વાચક **શ્રીસુંદર** કહિ, સુણિજયો સહુ સુભ બંધ,
દ્રવ્યત ભાવત જાગવઇ, **અગડદત્ત** પરબંધ. ૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંત – રાગ ધન્યાસી

દ્રવ્યત ભાવત જાગીઇ એ, **અગડદત્ત** અહિનાણ,
વિવેક હિયઇ ધરી એ, સુણિજ્યો ચતુર સુજાણ. ૨૭૭
સદા સુખ સંપજઇ એ, ઇહ ભવિ પરભવિ લીલ,
સદા સુખ સંપજઇ એ, આંકણી.
**વડખરતરગચ્છ** રાજીઉ એ, યુગવર **જિનચંદ્ર**સૂરિ,
પ્રતાપ દીપતા એ, જયવંતા જગ પૂરિ. ૭૮
આચારિજ **જિનસિંહ**જી એ, સુંદર સકલ સુહાય,
ગુણે કરી ગાજતા એ, પ્રણમઇ નરવર પાય, ૭૯
સીલ સુલક્ષણ સોહતા એ, **હરસવિમલ** ગુરૂરાજ,
પ્રસાદઇ તેહનઈં કીજઇ, વંછિત કાજ. ૮૦
વાચક **શ્રીસુંદર** રચઇ એ, **ઉત્તરાધ્યયનઉ** વિચાર,
પ્રબંધ સુહામણઉ, આપણ મતિ અનુસાર. ૮૧
**સ્વામિવદન ગુણ રસ રસા** એ, સંવત કાતિ માસિ,
શનિ એકાદશી એ, તો પણ વડ સુખ વાસિ. ૮૨
**અગડદત્ત** મુનિરાયનઉ એ સંબંધ ઉદાર,
સુણતાં સુખ હુવઇ એ આણંદ અપાર. ૮૩
**ચાંપશી પૂંજા મરહીઆ** યે, **જોગાણું જયમલ્લ ભીમ**,
સુશ્રાવક આગ્રહઈં એ, રાસ રચ્યો નિસ્સીમ.
સદા સુખ સંપજઇ એ. ૨૮૪

(૧) લિ. પં. **જ્ઞાન**વિજયગણિ શિ. મુનિ **નય**વિજયેન, શ્રી **સરષેજ** નગરે સં.૧૭૨૬ પો.શુ.૬ દિને. પ.સં.૯–૧૭, જિનદત્તસૂરિ ભં. સુરત. પો.૨૫. (૨) પ.સં.૯, અભય. પો.૪ નં.૨૫૨. (આમાં રચ્યા સંવત '**સ્વામિવદન** ગુણ ભાણુવગ રસ રસા એ' એમ આપેલ છે.) [રાહસૂચી ભા.૨ –સુંદર વાચકને નામે.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩, પૃ.૯૧૫–૧૬. જિનસિંહસૂરિને આચાર્યપદ સં.૧૬૪૯માં અપાયેલું તેથી ર.સં.૧૬૩૬ ન સંભવે. ગુણ (વિદેશનીતિનાં અંગ)=૬ એ રીતે અર્થઘટન થઈ શકે. પણ ર.સં.નું પાઠાંતર મળે છે તેથી એના અર્થઘટનનો કોયડો છે એમ સ્વીકારવું જોઈએ.]

**૬૫૭. પુણ્યકીર્તિ** (ખ. મહિમામેરુ–હર્ષચંદ–હર્ષપ્રમોદશિ.)

**(૧૪૬૯) પુણ્યસાર રાસ** અથવા **ચરિત** [અથવા **ચોપાઈ**] ૨૦૫ કડી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨.સં.૧૬૬૬ વિજયાદશમી ગુરૂ સાંગાનેરમાં અષ્ટ પ્રવચન માતા વિષયે.

**આદિ**– **નાભિરાય** નંદન નમું, **શાંતિ નેમિ** જિન **પાસ**,
**મહાવીર** ચોવીસમો, પ્રણુમ્યા પૂરે આસ. ૧
શ્રી **ગૌતમ** ગણુધર સધર, લીલાલબ્ધિનિધાન,
સમરી સહગુરૂ **સરસતી**, વપુષિ વધારે વાંન. ૨
ધર્મે ઉંચો કુલ હુવે, કામિની કલા અભ્યાસ,
રાજઋદ્ધિ ધર્મે હુવે, ધર્મે લીલવિલાસ. ૩
ધર્મે સોહગ સંપજે, ધર્મે રૂપ અનૂપ,
સાચા સુપ ધર્મે હુવે, ધર્મે માને ભૂપ. ૪
ધર્મે કીયાં ધન સંપજે, ઉપમા અછે અનેક,
પુણ્ય થકી **પુણ્યસાર**નો, સુણુયો સુખ અતિરેક. ૫

**અંત**– **શાંતિ** જિણેસર ચરિત્ર થકી કિયો, એહ કથાનક સાર,
સાંભલતાં મનિ આણુંદ ઉપજે, થાઇ હરષ અપાર. પં. ૩
**ખરતરગચ્છ**પતિ મહીયે ચિરં જયો, જુગપ્રધાન **જિનચંદ**,
આચારિજ મહિમાગિર મુનિવરૂ, શ્રી **જિનસીંહ** સુરીંદ. ૪
શ્રી **જિનકુશલ** સૂરીસરૂ પરંપરા, મુનીવર મહિમાવંત.
**મહિમામેરૂ** મુનિ મોટા જતી, ક્રિયાવંત ગુણવંત. પં. ૫
**હરષચંદ્ર**ગણિ હર્ષે હિતકરૂ, વાચક **હર્ષપ્રમોદ**,
તાસ સીસ **પુન્યકિરતિ** ઇમ ભણે, મન ધરી અધિક પ્રમોદ. પં. ૬
સંવત **સોલે સે છાસઠિ** સમઇ, વીજેદસમી ગુરૂવાર,
**સાંગાનેર** નગર રલીયામણો, પભણ્યો એહ વિચાર. ૭
શ્રી **પદમપ્રભુ** સુપસાઉલિ, સંઘ વધતઇ વાંન,
ઉછરંગ લાલ વધામણઉ, સુખસંપદસંતાન. ૮
એહ ચરિત્ર ભવિયણ જે સાંભલે, ભણે ગુણે નર જેહ,
દિનદિન ઉદય અધિકઉ નિત હોવઈ, નવનિધિ હોઈ તસુ ગેહ. ૯

(૧) પં. જયલાભેન લિ. કાલૂ મધ્યે સં.૧૬૨૭ વૈશાષ માસે પ.સં. ૫–૧૮, પાદરા નં.૪૩. (૨) સં.૧૮૨૧ કા.શુ.૧૪ બુધે લિ. પં. પ્રીતકુશલેન આત્માર્થે. પ.સં.૧૦–૧૬, ઘોઘા. દા.૧૬. (૩) પ.સં.૧૬, કૃપા. પો.૪૨ નં.૭૩૪. (૪) સંવત વેદ સસિ સાગર ઇંદ્ર (૧૭૧૪) વર્ષે આસાઢ સિત ૪ દિને શુક્રવારે રાજલાભ લિ. નાહટા. સં. નં.૧૧૧. (૫) પ્રત ૧૭મી સદીની,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંચલ સાધ્વી લીલા** લિ. પ.સં.૧૦, જિ.ચા. પો.૮૩ નં.૨૧૨૦. (૬) ગા.૨૦૫ સં.૧૮૬૬ આ.શુ.૯ ઋ. **મૂલચંદેન** લિ. પ.સં.૮, જિ.ચા. પો. ૮૦ નં.૧૯૭૬. (૭) પ.સં.૯, અભય. પો.૪ નં.૨૩૮. (૮) લિ. **રાજ-પ્રમોદ.** પ.સં.૬, રામ. પો.૮. (૯) પ.સં.૧૦, દાન. પો.૪૫. (૧૦) **હર્ષ-સિંહ** શિ. **હર્ષકીર્તિ** લિ. પ.સં.૧૦, દાન. પો.૪૫. (૧૧) **ખરતરગચ્છે જિણમાણિક્યસૂરિ શાખાયાં** પં. **કલ્યાણસાગર** વા. **રૂપકુશલ** શિ. **સુગણ-તિલક** શિ. **આસકર્ણ** મુનિના લિ. સાધ્વી **લાડમદેજી** પઠનાર્થં. **અજમેર** મધ્યે સં.૧૭૮૧. પ.સં.૪–૧૯, વિ.ને.ભં. નં.૪૪૯૮. (૧૨) પ.સં.૧૨–૧૫, ગોડી પાર્શ્વ ઉપા. મુંબઈ નં.૧૦૬૩. (૧૩) પં. **સુર્યકુશલ** શિ. **તેજ-કુશલ** શિ. **ફતેકુશલ** લિ. પ.સં.૧૧–૧૫, જૈનાનંદ. (૧૪) ભાં.ઇ. સન ૧૮૯૨–૫ નં.૬૧૮. (૧૫) સં.૧૭૮૫ ફા.વ.૯ **હરિપુરનગર** મધ્યે લિ. પ.સં. ૬–૧૬, વિ.ને.ભં. નં.૪૪૯૬. (૧૬) પ.સં.૯–૧૫, વિ.ને.ભં. નં.૪૪૯૭. (૧૭) સં.૧૮૨૬ લિ. પૂજ્ય ઋ. **માધાજી.** પ.સં.૯–૧૬, વિ.ને.ભં. (૧૮) પુજ **કલ્યાણજી** શિ. લિ. **ભીનમાલ** સં.૧૮૮૪ જ્યે.વ.૨. પ.સં.૪, અભય. નં.૧૦૨૨. (૧૯) ઇતિ શ્રી પુન્યસાર કુમારચરિત્ર સંપૂર્ણ. સંવત ૧૭૬૫ વર્ષે માહ માસે શુકલપક્ષે ૯ તિથૌ શનિવાસરે **પાટણ** મધ્યે, ઋષિ શ્રી ઉત્તમચંદજી તતશિષ્ય ઋષિ **વેલજી** તતભ્રાત્ર ઋષિ કુસલચંદ લિપીકૃતં શ્રીરસ્તુ. પ.સં.૬–૧૫, શુ.વિ.ભં. (૨૦) સં.૧૮૨૮ વર્ષે ફાગુણ સુદ ૯ દિને લિખતં મુનિ **સુગ્યાંનસાગરેણ** લપીકૃતં શ્રી **પુરબંદર** નગર મધ્યે શ્રી પાર્શ્વનાથપ્રસાદાત. પ.સં.૯–૧૭, ધો.ભં. (૨૧) પ્રે.ર.સં. [મુપુગૂહ-સૂચી.]

**(૧૪૭૦) ધન્નાચરિત્ર** ર.સં.૧૬૮૮ ભા.શુ.૧૩ રવિવાર બિલપુરનગરમાં

(૧) લીં.ભં.

**(૧૪૭૧) રૂપસેનકુમાર રાસ** ૨૦ ઢાલ ૩૦૧ કડી ર.સં.૧૬૮૧ વિજયા-દશમી રવિ મેડતામાં

**આદિ** – કામિતદાયક કલપતરૂ, કમલાકેલિનિવાસ,
પુરસાદાંણી પ્રણમીયઇ, **શ્રીફલવધિપુર પાસ** ૧
સુંદર શુભમતિ **શારદા,** ચિત્ત ધરૂં તસુ ધ્યાન,
સુગુરૂચરણ પ્રણમું મુદા, ભાવભગતિ બહુ માન. ૨
સઇંમુખિ જિનવર ઉપદિસ્યઉ, ધરમહ ચ્યારે પ્રકાર,
તિહાં ધુરિ દાન પ્રસંસીયો, ચતુર સુણઉ અધિકાર. ૩

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાંનઈ સુખસંપદ મિલઇ, દાંનઈ દાલિદ જાઇ,
દાંનઈ સંકટ સવિ ટલઇ, દાંનઇ દઉલતિ થાઇ. ૪
દાંનઈ માંનઇ જન સહુ, દાંનઇ જસસોભાગ,
દાંનવંતનઇ સહુ કહઇ, ચિર જીવો બડભાગ. ૫
દાંનઇ દીપતિ દેહની, વાધઇ અતિ સુવિસેસ,
**રૂપસેન** રાજા તણુઉ, સુણજ્યો ચરિય અસેસ. ૬

**અંત –** ઢાલ ૨૦ સહુ ગુરૂ આએ ભલે એહની જાતિ.

ભવિયણ હિત ચિતમઇ ધરી, દાંન દીયઉ નરનારિ, દાને સંપદા મિલઇ.
દાંનઇ જિમ સુખ પામીયા, **રૂપસેન**કુમાર. દા. ૧
દાંન તણા ફલ સાંભળી, દાન દીયઉ શુભપાત્ર. દા.
દાંનઇ જગિ સહુ વસિ હુવઇ, નિરમલ હુવઇ ગાત્ર. દા. ૨
શ્રી **ખરતરગચ્છ** રાજીયઉ, **જિનરાજ** સુરિંદ. દા.
ચિર જીવો ગચ્છરાજ એ, જાં લગિ ધ્રૂ રવિ ચંદ્ર. દા. ૩
આચારિજ ગુણ આગલા, શ્રી **જિનસાગર**સૂરિ દા.
સાધુશિરોમણિ સોહતા, દિનદિન વધતઇ નૂર. દા. ૪
શ્રી **જિનકુસલ** પરંપરા, **મહિમમેરુ** મુનિ નામ, દા.
સીસ ક્રિયા-ગુણ-પરગડા, **હર્ષચંદ્ર** અભિરામ. દા. ૫
સકલ-વિદ્યા-ગુણસાગરા, પાઠક **હંસપ્રમોદ**, દા.
તાસુ સીસ મનરંગ કહઇ, **પુણ્યકીરતિ** ધરિય પ્રમોદ. દા. ૬
સંવત **સોલ ઇકયાસીયઇ**, વિજયદસમિ રવિવાર, દા.
નગર મનોહર **મેડતઈ**, એહ રચ્યો અધિકાર. દા. ૭
મૂલ નાયક **વાસુપૂજ્ય**જી, સોલમ **શાંતિ** જિણંદ, દા.
સુખકારક સોહઇ ભલા, જગજીવન જિણચંદ. દા. ૮
ભણઇ ગુણઇ જે સાંભલઇ, એહ પ્રબંધ રસાલ, દા.
પરગટ પુણ્ય પ્રભાવ થઇ, ફલઇ મનોરથ માલ. દા. ૯

(૧) પ.સં.૯–૧૭, ડે.ભં. દા.૭૧ નં.૧૦. (૨) સં.૧૬૮૬ પોષ સુદિ ૫ બુધે ગ્રં.૪૨૫ સાધ્વી **ભાગસિદ્ધિ**ગણીણિ શિ. સાધ્વી **રાજસિદ્ધિ**ગણિણી વાચનાર્થં સાધ્વી **આણંદસિદ્ધિ** પઠનાર્થં. પ.સં.૧૦, નાહટા. સં. (૩) ગા.૩૦૧, પ.સં.૪૨, દાન. પો.૧૩ નં.૨૪૯. (૪) લીં.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૪).]

**(૧૪૭૨) મત્સ્યોદર ચોપાઈ** ૧૭ ઢાલ ૨.સં.૧૬૮૨ ભા.શુ.૧૩ રવિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બિલપુરે

આદિ - શ્રી ગુરૂભ્યો નમઃ દૂહા

સોહગસુંદર સુખકરણ, પૂરણ પરમ જગીસ,
**સુમતિ** સુમતિદાયક સદા, જગજીવન જગદીસ. ૧
સાંનિધિ કરિ મુઝ **સારદા**, હૃદય ધરૂં તુઝ ધ્યાન,
સુગુરૂ તણૈં સુપસાઉલે, કહિસુ કથા પરધાન. ૨
દાન સીલ તપ ભાવના, ચ્યારિ ધરમના ભેદ,
જગગુરૂ જિનવર ભાખીયા, કરિયા ધરિય ઉમેદ. ૩
ચ્યારિ ધર્મ માહે ધુરે, દાન ધર્યો ધન હેત,
સોભા પામીજૈ જિયે, જિમ પ્રાસાદે કેત. ૪
દાનધરમ કરતાં કરઇ, વિચિવિચિ ભુંડૌ ભાવ,
**ધનદ** તણી પરિ તે લહે, સંપદ વિપત સભાવ. ૫
કવણ ધનદ તે કિહાં હુઉ, જેહનો એ પરબંધ,
સાવધ થઇ સહુ સાંભલો, ધસમસ મૂકી ધંધ. ૬

અંત - ઢાલ ૧૭ ધન્યાસી ગોડી રાગે મિશ્ર

એ સંબંધ સુણી કરી ધ્રમ કીજે રે, લીજે નરભવ-લાહ,
જૈન ધર્મ કીજે રે,
પરઘલ લક્ષ્મી પામીયઇ ધર્મ કીજે રે, વલી માને નરનાહ. જૈન, ૧
ધરમ થકી સુખસંપદા, ધ. ધરમ થકી જસ હોઇ, જૈન.
ધરમ થકી દોહગ ટલે, ધ. **ધનદ** તણી પરિ જોઇ. જૈન. ૨
**શાંતિનાથ ચરિતઇ** અછઇ ધ. એહ કથાનક ચંગ, જૈન.
જિનભાષિત ધર્મ આદરો ધ. જિમ હોઇ રંગ અભંગ. જૈન. ૩
શ્રી **ખરતર**ગછ સોહતા, ધ. શ્રી **જિનરાજ** સૂરિંદ, જૈન.
શ્રી **જિનસાગર**સૂરિ ભલા, ધ. આચારિજ મુનિચંદ. જૈન. ૪
શ્રી **જિનકુશલ** પરંપરઇ, ધ. **મહિમમેરૂ** સુજગીસ, જૈન.
વિનય વિવેક વિદ્યાવરૂ, ધ. **હર્ષચંદ** તસુ સીસ. જૈન. ૫
આગમ અરથઇ અતિ ભલા, ધ. પાઠક **હંસપ્રમોદ** જૈન.
તાસુ સીસ **પુણ્યકીરતઈ** ધ. કહિય કથા સુવિનોદ. જૈન. ૬
સંવત **સોલહ ચ્યાસીયે**, ધ. સગલે હુઉ સુગાલ, જૈન.
સઘન ઘનાઘન વરસીયા ધ. ફલિય મનોરથ માલ. જૈન. ૭
ભાદ્રવ માસ સોહામણો ધ. સુદિ તેરસિ રવિવાર, જૈન.

जैन साईट JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કથા એહ રલીયામણી ધ. બીલપુરે સુખકાર. જૈન. ૮
ભણે ગુણે જે સાંભલે ધ. તાસુ ઘરે નવનિદ્ધિ,
**સુમતિ પાસ** સુપસાઉલે, ધ. થાવઇ ઘરિ નવનિદ્ધિ. જૈન. ૯

(૧) ગ્રં.૪૬૨, પ.સં.૯, અભય. નં.૨૮૬૬. (૨) પ.સં.૭, કૃપા. પો.૪૨.

**(૧૪૭૩) મોહછત્તીસી** ગા.૩૭ ર.સં.૧૬૮૪ ભા. નાગોર

(૧) જુઓ નીચે.

**(૧૪૭૪) મદછત્તીસી** ર.સં.૧૬૮૫ આ.વ.૧૩ મેડતા

(૧) ઉપરનાં બન્નેની પ્રત – પ.સં.૮, મહિમા. પો.૬૩.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૦૫-૦૬, ભા.૩ પૃ.૯૧૧-૧૪.]

**૬૫૮. ભુવનકીર્તિગણિ** (ખ. ક્ષેમશાખાસ્થાપક ક્ષેમકીર્તિસંતાનીય શિવસુંદર પાઠક–પદ્મનિધાન–હેમસોમ–જ્ઞાનનંદિશિ.)

**(૧૪૭૫) અઘટિત રાજર્ષિ ચોપાઈ** ર.સં.૧૬૬૭ કાર્તિક શુદ ૫ ગુરુ લવેરામાં

**અંત –** સોલ સઇ સતસઠઇ સંવતે કાતી સુદિ વર માસિ,
પંચમિ ગુરુવારે સિધિ જોગજી, **સંતિ** પસાય ઉલાસિ. જી. ૯૬
પુરિ **લવેરે** મનિ આણુંદ ઘણે, શ્રી **ખેમ**સાખિ ઉદાર,
પાઠક શ્રી **સિવસુંદર** સદગુરૂ, ભવિયણજણ-હિતકાર. જી. ૯૭
તાસુ સીસ નામે વર જાણીયે, વાચક **પદમનિધાન,**
તાસુ સીસ ગણીસ સિરોમણી, **હેમસોમ** ગુરૂ જાણ. જી. ૯૮
શિષ્ય મુખ્ય તસુ કવિયણ મણહર, **જ્ઞાનનંદિ** ગુરૂરાય,
સીસ **ભુવનકીરતિ**ગણિ ભણે, પામી સુગુરૂ પસાય. જી. ૯૯
**ખરતરગણ**પતિ શુભમતિદાયગૂ, જુગવર શ્રી **જિણચંદ,**
વિજયમાન શ્રી **જિનસિંહ**સૂરિને, આણી મનિ આણુંદ. જી. ૧૦૦
ઇણિ પરિ જીવદયા જે પાલિસ્યે, લહિસ્યે તે ભવપાર,
ભણે ગુણે જે સુણિસી દિન પ્રતિ, તાં ઘરિ મંગલ ચ્યાર. ૧૦૧

(૧) ઇતિ શ્રી જીવદયા ધર્મં વિષયે અઘટિત રાજર્ષિ ચરિત્રં પરિત્રં. શ્રી **બીલ**પુર મધ્યે. પં.જૈન શ્વે.ભં. જયપુર. પો.૫૫.

**(૧૪૭૬) ભરત બાહુબલી ચરિત્ર** ૬ ખંડ ૮૩ ઢાળ ર.સં.૧૬૭૧ શ્રાવણ શુ.૫ ગુરુ જેસલમેરમાં

**આદિ –** શ્રી **આદીસર** સામિનઇ, કરિ પ્રણામ મનસુદ્ધિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વીનતિ એતી વીનવું, આપઉ નિરમલ બુદ્ધિ. ૧
**જેસલમેરઈ** જગતગુરૂ, જીવનરૂપ જિણંદ,
પ્રભુતા ગુણ કરિ પરગડો, પરતખિ પરમાણંદ. ૨
એહ નવઉ આપઈ અધિક, પરમ સુખાકર **પાસ**,
લીણા જન જિહાંકિણ રહઈ, વંછિત થાનકિ વાસ. ૩
ઇષ્ટ મંત્ર પરિ એહનઉ, નવમંગલ કરિ નામ,
ચીતારૂં નિત ચીતમઈં, અહનિસિ ગુણ અભિરામ. ૪
સંભારૂં **સરસતિ** સહી, સુપ્રસન સામિણિ સાચ,
તુરત દીયઈ તૂઠી થકી, બાલ ભણી વર વાચ. ૫
અચરિજ ઈક અધિકઉ કરૈ, દીઠો જસ દીદાર,
જગિ ઉનમૂલઇ જડપણઉ, સુખફલ ઘઈ સંસાર. ૬
સગતિ તુહારી **સારદા**, સાચી સુખ સહિનાણ,
સમરણ તોરઇ મંદ પિણ, હુવઇ બુધ ગુરૂ કવિ માણ. ૭
**દત્ત કુસલ** ગુરૂ દઉલતી, સાચા સાનિધિકાર,
મહત વિહિત હિત મો ભણી, ઘઉ ગુરૂઆ દાતાર. ૮
તિમ પય પણમું સુગુરૂના, જેહ તણુ સુપ્રસાદ,
મૂઢમતી પિણ જન લહઇ, જગિ નિરમલ જસવાદ. ૯
સુણતાં ગુણ મોટા તણા, આતમ હુવઇ પરવીત,
સોવન વાણી જલ હુવઈ, સોવન સંગિ વદીત. ૧૦
મોટા જનના ચરિત્ર મુખિ, ભણતાં હુવઇ ભવ-અંત,
કચપચ વાત તજી કરી, સુણિજ્યો તિણ હિવ સંત. ૧૧
શ્રી **આદીસર-ચરિતવર**, **શેત્રુંજય મહાત્મ્ય**,
તિમ **યુગાદિદેસન** વલી, શાસ્ત્ર શાખિ એ રમ્ય. ૧૨
**ભરત બાહુબલિ** તણઉ, **ચરિત** કહું ચિત લાઈ,
જનમ કરૂં સફલઉ જગઇ, પાતક જેમ પુલાઇ. ૧૩
વીરા રસ ઇહાં અધિક છઇ, ચરિત્ર શાસ્ત્ર સભાવિ,
ઠામિઠામિ રસ ઓર પિણ, સુણિજ્યો ભવિયણ ભાવિ. ૧૪

**અંત** – સંવત **સોલ રસા ઋસિ** માસઇ શ્રાવણઇ રે,
સુદિ પંચમ ગુરૂવાર રે (૨) સિદ્ધિ યોગ શ્રમ ભાવનઇ રે. ૭
જનમકલ્યાણિક જગગુરૂ સામી **નેમિનઇ** રે.
કીધઉ સુપ્રમાણ છહિ ખંડ રે (૨) વિસ્તરિજ્યો પંડિત જનઇ રે. ૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નગરનગીનઉ સોહઇ **જેસલગિરિ** વરૂ રે,
દેવલોક અવતાર જિહાંકિણુ રે (૨) જિણુઘર આઠ મનોહરૂ રે. ૯
મૂલ સામિ જયવંતઉ પરતિખ **પાસજી** રે,
સાચઉ સુરતરૂ કંઈ પૂરઇ રે (૨) સેવકની સવિ આસજી રે. ૧૦
જિહાં શ્રી **ખરતર** સંઘ સદા ગુણમણિનિલો રે,
દીપક દર દીવાણુ સોહઇ રે (૨) સાસ્ત્રવિચાર કરી ભલઉ રે. ૧૧
ગચ્છ ચઉરાસી માહે જિણુ સોભા લહી રે,
બિરૂદ વડા દેખાઇ જુગવર રે (૨) **જિનચંદ** સૂરિવરૂ સહી રે. ૧૨
તાસુ પાટિ ઉદયાચલિ રવિ પરિ દીપતા રે,
જુગવર **જિનસિંહ** સૂરિ પ્રતપઇ રે (૨) વાદ છતીસે જીપતા રે. ૧૩
**એમ** સાખિ સુપ્રસિદ્ધિ ગુણે કરિ આગલા રે,
**સિવસુંદર** ગુરૂરાય પાઠક રે સર્વ્વ ગુણે કરિ નિર્મ્મલા રે. ૧૪
તાસુ સીસ **જસસુંદર** વાચક પદ ધરૂ રે,
**પદ્મનિધાન** મુણિંદ તેહનઇ રે (૨) સીસ ચરણ ગુણઆગરૂ રે. ૧૫
**હેમસોમ** ગુરૂ શિષ્ય કવીસર તેહનઇ રે,
**જ્ઞાનનંદિ** ગુરૂરાજ વિનવઇ રે (૨) **ભુવનકીરતિ**ગણિ એ ભણઇ રે. ૧૬
સાહજ્યઇ કવિ **લાવણ્યકીરતિ**ગણિ તણઇ રે,
ભણીયઉ એ સંબંધ સુંદર રે (૨) ઢાલ ત્રિયાસી ઇહાંકિણઇ રે. ૧૭
**ગુજરાતી** તિમ **સિંધૂ મારૂ પૂરવી** રે,
ભાષાયઇ સુપ્રસિદ્ધ સુણતાં રે (૨) પ્રકટઇ મતિ અતિ નવી રે. ૧૮
એહ ચરિત જિકે નર વાચઇ સુભ પરઇ રે,
નિસુણઇ જે વલિ પ્રેમ, તે નર રે (૨) દુસ્તર ભાવસાગર તરઇ રે. ૧૯
શ્રી **જિનકુસલ** સૂરીસરૂ ગુરૂ પસાઉલઇ રે,
ભણીયઉ છઠઉ ખંડ, અદ્‌ભુત રે (૨) બાવીસ ઢાલે ભલઉ રે. ૨૧
**ભુવનકીરતિ**ગણિ પભણઇ ચરિત ભલી પરઇ રે,
વાચંતાં સુખ કોડિ, દિનપ્રતિ રે (૨) નવનવઉચ્છવ ઘરિઘર ધરે રે. ૨૨

(૧) ઇતિશ્રી બાહુબલિચરિત્રે શ્રી જેસલમેરૂ સંઘાભ્યર્થનયા કૃતે શ્રી પુંડરીકશિવગમન પૌત્રાષ્ટકનવનવતિસુતસહિત શ્રી ઋષભનિર્વાણમહોત્સવ શ્રીમદ્‌ભાવનાપૂર્વક શ્રી ભરતચક્રવર્ત્તિકેવલસંપત્ શિવસૌધપ્રાપણાદિવાચક ષષ્ટઃ ખંડઃ સમાપ્તઃ. જૂની પ્રત, કવિની સ્વહસ્તલિખિત લાગે છે, પ. સં.૩૩–૧૭, દે.લા.પુ.લા. નં.૯૨૭–૪૫૩. (૨) રાજનગરમધ્યે સં.૧૭૦૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પો.વ.૧૪ સોમે. પ.સં.૪૨-૧૫, ખેડા ભં. દા.૬ નં.૨૦. (૩) સં.૧૬૯૦ વૈ.શુ.૯ શનિ રતંભતીર્થે ક્ષેમશાખા શિવસુંદર શિ. પદ્મનિધાન શિ. હેમસોમ શિ. જ્ઞાનનંદિ (કવિના ગુરૂ) લિ. પ.સં.૬૯, જય. પો.૬૮.

**(૧૪૭૭) જંબૂસ્વામી ચોપાઈ** [અથવા **રાસ**] ૪ અધિકાર ૫૫ ઢાળ ૧૩૬૯ કડી ર.સં.૧૬૯૧ (૧૭૦૫) શ્રા.શુ.૧૧

**આદિ** – જ્યોત પુરાતન મન ધરિ, કરી ત્રિકાલ પ્રણામ,
તુરત ફલે સવિ તેહના, મનના વંછિત કામ. ૧
ધ્યાન ધરો તિણ તેહનો, વિઘન સહુ જિમ જાઇ,
દીપક દીપે કિમ તિહાં, અંધારે રહિવાઇ. ૨
પ્રણમું **વીર** જિણંદના, ચરણસરોરૂહ દોઇ,
છત્રછાયા થઇ જેહની, વસીયે નમીયે સોઈ. ૩
પિરિયે દેખી માનીયે, થેવર નઉમી ઠાસ,
તિમ સદ્દગુરૂને નામ ગઇ, શિષ્ય તણો જસવાસ. ૪
નામ ગ્રહું ઇણિ કારણે, શ્રુતનિધિ **સોહમસ્વામિ**,
આજ સમે જે સાધુજન, તે વરતે જસ નામિ. ૫
પાથર સરિખો પ્રાણિયો, પ્રતિમા જિમ પૂજાઇ,
ગુરૂ-કારીગર હાથ વસે, પ્રણમું તેહના પાય. ૬
જેઅ કંતપિય ભોગરસ, સઈ વસિ લહિ છોડંતિ,
ત્યાગી તે ઈમ આગમી, આગમ મહિ કહંતિ. ૭
ઉક્તં ચ જેઅ કંતે પિઍણુ તીયં,
ત્યાગી જન સિરઇ, વહતો અધિક વખાણ,
બાલવયે અબ્રહ્મનો, તિમ કિધો પચખાણ. ૮
જંબુસામિ મુણિંદનો, રચિસું રાસ રસાલ,
સાંભલિજો વિકથા તજી, બાલ તથા ગોપાલ. ૯
જો પિણ કેઇ ચઉપઇ, ઇણિ અછે અનેક,
તોહી જીહા આપણી, પાવન કરવા વિવેક. ૧૦
ગિરૂયાના ગુણ ગાવતાં, સફલ હુવે અવતાર,
પાપ ટલે ચિરકાલનાં, તરીયઈ લહું સંસાર. ૧૧

**અંત** – ઢાલ ૫ ગીતા છંદની.

સોહમ **જંબૂ** પટ્ટ અનુક્રમે, કોટિક ગુણ કુલચંદ હિયડે રમે,
**વઈરીશાખા ખરતરગચ્છપતિ**, શ્રી **જિનરાજ** સૂરીસર ગજપતિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રાવક જતી જતિની શ્રાવિકા સેવા કરે,
પાતસાહિ ઝી લગિ જાસ પૂરણ પહુંચિ અતિશય જે ધરે.
ઉબરાએ આલમ તણા જાણે કવિ વખાણે વડવડા,
કુમતિ હડિ લાજીયઈ આગલિ ગયા બીહતા બાપડા. ૧
વાદિમયગલ-મદ-ગાલણ ભણી, કેહરિ સમવડિ સોભ લહઈ ઘણી,
**સરસતિ**કંઠાભરણ ગવાવએ, અવિરલ વાણી મધુર સુહાવએ,
સોહાવએ સહુ સુરિ માહે બોલ લીધા નિરવહઇ,
**જિનરંગ સૂરિસર** સવાઇ જે તહથ જગિ ગહગહે.
તેહનિ શાસનિ વિજયમાને **થંભ** તીરથ પૂરવરે,
શ્રી **થંભણાધિપ પાસ**જિનનો લહિ પસાય ભલી પરે. ૨
શ્રી **જિનકુશલ** સગુર સંતાનીયા, **ખેમકીરતિ** વાચક બહુ માનયા,
**ધરણિંદ પદમાવતિ** નિતુ જેહને, સાચે સાંનિધ કરતા તેહને,
ઈકસો દસે (પા. તેહને સઉ ઈકદસે) **છંદ** અધિકા સીસ જતિલા થયા,
**ખરતરે** ગચ્છે કીધ ઉન્નતિ ઇષ્ટ સુરની લહિ મયા.
તિહા થકી પસરી **ખેમશાખા** તિહાં ષટ ભાષા તણા,
વર જાણ વીણ પ્રવીણ જિહના કહે કવિયણ ગુણ ઘણા. ૩
શ્રી **શીવસુંદર પાઠક** સીસ એ, વાચક **પદ્મનિધાન** સુસીસ એ,
**હેમસોમ**ગણિ તસુ શિષ્ય સુસંજતી, **જ્ઞાનનંદિ** ગુરૂ વાચક વરમતિ,
વરમતી તાસુ સુશિષ્ય પાઠક **ભુવનકીરતિ** ગણિવરો.
કહે સરસ **જંબુરાસ** નવનવ ઢાલબંધે સુંદરો,
આગ્રહે **ભાવોદય**ગણીને **રાજરંગ** તણે તથા,
વર જ્ઞાનરંગ સુબુદ્ધિ વાધે નિસુણતાં **જંબૂ**કથા. ૪
સંવત **સોલ સહહે એકાણુયે,**
(પા.) સંવત **સતરૈ સે પંચોત્તરે,** શ્રાવણ શુદિ, ઇગ્યારસિ વાસરે,
દૂહા ઢાલ તણી ગાથા મિલી, તેરહસય ગુણહત્તરે છંદ છે વલી,
છે વલી ઢાલ ઈહાં પંચાવન, ચ્યાર તિમ અધિકાર એ,
**પરિશિષ્ટપર્વ** તણી અહી છે સાખિ ઇહાં કિણિ સાર એ,
પુણ્યાઢચ પુરષ તણા કથાનક જિમ કહીજે ઊમહી,
તિમ થાઈ રંગરલી વધાવા નવનવી સાતા સહી. ૫
(૧) સર્વ ગાથા ૫૫ ઇતિ શ્રી ભુવનકીરતિ વિરચિતે જંબુચરિતે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચતુર્થાધિકારઃ જંબુ ચતુષ્પદી સંપૂર્ણ. સં.૧૭૬૯ વર્ષે મૃગશીર્ષ માસે કૃષ્ણપક્ષે ત્રયોદસી તિથૌ રવિવાસરે પાટણ મધ્યે ઋ. શ્રી ૫ ઉત્તમચંદજી શિ. ઋ. વેલજી ઋ. કુશલચંદેન લિ. પ.સં.૨૭–૧૯, સારી પ્રત છે, રા. પૂ.અ. (૨) સંવત ૧૯૨૫ રા. વર્ષે શાકે ૧૭૯૦ પ્રવર્ત્તમાને માસોત્તમ ઉત્તમ માસે યેષ્ટ માસે કૃષ્ણ પક્ષે દ્વિતિય ૬ તિથૌ બુધવાસરે લપીકૃતં શ્રીમત્તપાગચ્છ પં. ગંભીરસાગરગણિ નાગોર નયર મધે. પ.સં.૪૨–૧૭, અનંત. ભં. (૩) સં.૧૭૨૯ શ્રા.શુ.૫ શુક્રે લ. વૃદ્ધ તપાગચ્છે વૃદ્ધ-શાખાયાં ભ. રત્નકીર્ત્તિસૂરિ સ્વશિ. સુમતિકીર્ત્તિ લ. પત્તનનગરે. પ.સં. ૪૭–૧૩, પદ્મસાગર ભં. જૈ.શા. અમદાવાદ દા.૧૩ નં.૫. (૪) પ.સં.૪૪, છેલ્લું ૪૫મું નથી, જિનદત્ત ભં. મુંબઈ પો.૮. (૫) પ્રત ૧૯મી સદીની, પ.સં.૫૦, દાન. પો.૧૪ નં.૨૫૯. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૮૭).]

**(૧૪૭૮) ગજસુકુમાલ ચોપાઈ** સં.૧૭૦૩(૫) માહા વદ ૧૧ ગુરુ ખંભાતમાં

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**આદિ** – ત્રિભુવનપતિ પુણ્યતમા, વીતરાગ જસુ નામ,
ઇણ પદિ ગર્ભિત ઇષ્ટને કરૂં ત્રિકાલ પ્રણામ. ૧
ઇષ્ટ એષે કિમ મિષ્ટ મુખે, આપે વચનવિલાસ,
વિગરિ મિઠાઇ મુખ ધર્યા, કિમ લહીઇ મીઠાસ. ૨
તિમ **નેમીસર**સામિના, પ્રણમું ચરણસરોજ,
હેલાઈ જીતી જિણઇ, મોહનૃપતિની ફોજ. ૩
તેહ તણા ગુણ ગાયસ્યૂં, તાસ તણો ગુરૂ એહ,
સદા સુપૂત પિતા ભણી, ગવરાવે ધરિ નેહ. ૪
પોતાના ગુરૂને નમું, વારવાર ધરિ પ્રીતિ,
કીડીથી કુંજર કિયો, તે ગુણ આવે ચિંતિ. ૫
બાંધ્યા કર્મ ખપે તપે, આગમવચન પ્રમાણ,
નવાં ન બાંધે સંજમી, તિણિ બિહુંથી નિરવાણ. ૬
ઉપશમશોભા તપ તણી, જતીધરમ ધુરિ તંત,
શ્રમણપણાનો સાર તિમ, સાખિ દિએ સિદ્ધંત. ૭

**અંત** – **ગજસુકુમાલ** મહામુનિ આ ચૌપે રે ઉપસમનેં અધિકાર
સાંભલ ગુણ એહ જ ધરજ્યો જીવમેં રે પરમ રહસ્ય વિચાર. ૨
**તીન ગગનિ રિસ સાસ** વદિ મઘ ઈકાદસી રે મૂલનક્ષત્ર ગુરૂવાર

**થંભતીરથ** પુરિ **થંભણપાસ** પસાઉલેં રે ધ્યાન હિયેં તસુ ધાર. ૩
**સોહમસાંમિ** પરંપર પાટિ અનુક્રમે રે **કોટિકગણ-કુલચંદ,**
**વેરીસાષા** વિરૂદ લહ્યો વાદે ષરો રે **ષરતર** તિણુ સુષકંદ. ૪
**અભયદેવ જિનવલ્લભ દત્ત** જિહાં થયા રે **કુશલ** સુરિંદ સરીક,
જીવનશ્રી **જિનરાજ** પટોધર પરગડો રે નૂર ઘણેં નિરભીક. ૫
સકબંધી શ્રી **સાહજહાંન** જહાનમેં રે પતસાહેં સિરદાર
તાસ હુકમ ફુરમાણેં જયત તણોં ધણી રે ગચ્છપતિ ગુણભંડાર. ૬
સૂરસવાઇ શ્રી **જિનરંગ** સૂરીસરૂ રે વિજયમાંન વરરાજ,
**ષેમસાષ** ષટભાષા-આગમ-કસવટી રે ઉવ્ઝાય સિરતાજ. ૭
શ્રી **સિવસુંદર** શિષ્ય પવર વાચક પદે રે **પદ્મનિધાન** ગણીસ
**હેમસોમ**ગણી સેવક વાચક ગુણનિલા રે **ગ્યાનનંદ** ગુરૂસીસ. ૮
**ભુવનકીરતિ** કહે પાઠકિ ભાવઇ અતિઘણેં રે ઉપસમ ધરિ **સંબંધ,**
સિષ્ય ભગત **ભાવોદય**ગણિને આદરે રે લહિવા સુભ **અનુબંધ.** ૯
શિષ્ય સુશિષ્ય વિનિત ગુણઇ સોહમણઉ રે, **રાજરંગ**ગણિ રંગિ,
પરતિ લિખિલીખિ આપી પરનઇ વાંચવા રે **જ્ઞાનરંગ** મુનિ સંગિ. ૧૦
અષ્ટમ અંગિ પુરાતન ચરિત વિલોકીનઇ રે, તિમ નિજ મતિ-વિન્યાસ,
કહતાં અધિકો ઓછઉ જે કહ્યઉ હૂઇ રે, મિચ્છાદુક્કડ તાસ. ૧૧
સંતિ કરી સંવેગ ભરી મંગલ કરી રે, મોહ હાર જિણ વાંણિ વાણિ,
ચિત ધરી ચિરસંચિત પાપ પણાસતી રે, ભવ લખ દલણી જાણી. ૧૨
લાભ એમ જાણી કરી કીધી ચઉપઇ રે, રહિયો જાં રવિચંદ,
ભણતાં ગુણતાં સુણતાં ચઉવિહ સંઘનઇ રે, થાવઉ અતિ આણંદ. ૧૩

કલશ

શ્રી **વીર** જિનવર પાટપાટેં ગચ્છ **ખરતર**સેં ઘણી,
શ્રી **જિનરંગ** સૂરીંદ રાજેં **ષેમ**સાષેં દિણમણી,
શ્રી **ગ્યાંનનંદ** ગણીંદ વાચક ચરણસેવક તાસ એ,
શ્રી **ભુવનકીરતિ** કહેં **ગજસુકુમાલ** મુનિનોં રાસ એ. ૧

(૧) સં.૧૭૧૮ વર્ષે આસુ વદિ ૫ લિ. વાર બુ. ૫.સં.૨૪-૧૩, રત્ન.ભં. દા.૪૩ નં.૪. (૨) સં.૧૭૩૩ આ.શુ.૧૩ ગુરૂ **બી**નાતટ મધ્યે લિ. **શાં**તિકુશલ મુનિના. પ.સં.૩૭-૧૭, અનંત. ભં.૨. (આમાં રચ્યા સં.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭૦૫ આપેલ છે.) (૩) લિ.સં.૧૭૭૯ પ્રથમ શ્રાવણ શુ.૧૦ ગુરૌ પં. **પ્રી**તિવિજયગણિ શિ. પં. **ભી**મવિજયગણિ શિ. પં. પુણ્યવિજયગણિના-લેખિ શ્રી **સોલંકી** કુંભોઈ નગરે શ્રી **પંચાસર પાર્શ્વ**જિનપ્રસત્તેઃ. પ.સં.૨૧-૨૩, ડે.ભં. દા.૭૦ નં.૬૪. (૪) પ.સં.૧૩, પ્ર.કા.ભં. નં.૨૭૬. (૫) સંવત ૧૭૫૫ વર્ષે આસો સુદિ ૧૧ બુધે શ્રી ઉદયપુર મધ્યે લપિ-કૃતં. ઈડર બાઈઓનો ભં.

**(૧૪૭૯) અંજનાસુંદરી રાસ** [અથવા **ચોપાઈ**] ૩ અધિકાર ૪૩ ઢાળ ૭૦૩ કડી ર.સં.૧૭૦૬ મહા શુ.૧૩ ગુરુ ઉદયપુર

**આદિ** – ૯૦ શ્રીમદ્ વૃષભદેવાય નમઃ શ્રી ગોડી પાર્શ્વનાથાય નમઃ

દોહા કેદાર રાગે.

કરતાં સગલી સાધના, સત્ય ગુરૂ કહવાય,
હૂં પિણ ઇહાંકિણિ તે ભણી, પ્રથમ નમું ગુરૂપાય. ૧
અરિહંતા સરીરગા, આચારિજ ઉવઝાય,
મુનિવર પહિલે અક્ષરે, સિદ્ધિ જીયઇની થાઇ. ૨
ૐકાર અપાર જસુ, મહિમા કહી ન જાઇ,
સર્વ મંત્ર પદનેં ધુરઇ, લીજઇ સીસ ચઢાઇ. ૩
વિઘનવિડારણ એહનઉ, ધ્યાન હીયઇ દ્દઢ રાષિ,
**હેમ**સૂરિકૃત **પદમચર**, **ચરિત્ત** તણી ધરિ સાખિ. ૪

**અંત** – **મહાવીર** રાજન તણે પટ્ટક્રમઇ રે **વઈરી**શાષિ પ્રસિદ્ધ
કોટિકગણ કુલચંદ કલાનિલો રે **ખરતરગચ્છ** વિસુદ્ધ. સી. ૨
શ્રી **જિનરાજ** સૂરીસરૂ પાટઈં દિનકરૂ રે આગમ અરથનિધાંન
શ્રી **જિનરંગ** સૂરીસર **સરસતિ**વર વસઇ રે જાંણે સરવ વિધાંન. સી. ૩
તસુ આદેસઇ સંવત **સતર છડોતરઇ** રે **ઉદયાપુર** ચોમાસ
**જગતસિંઘ** રાણો ગાજઈ જિહાં રે હિંદૂપતિ તસ વાસિ. સી. ૪
**જંબુવતી** જસ માતા જગમિં પરગડી રે તેહ તણાં પરધાંન
**કેસરિ** મંત્ર તણા સુત કેસરી રે જિહાં તિહાં લહતાં માંન. સી. ૫
દેવભગતિ ગુરૂભગત યથાસગતેં કરી રે ગચ્છદીપાવણહાર,
મંત્રીસર મનમોટઇ હાસો માનીયઇ રે તસ બંધવ જડધાર. સી. ૬
ત્યાગ-ભોગસોભાગગુણે કરી આગલો રે ગુણરાગી નિતમેવ,
શ્રી **સુપાસ**જિણંદ તણી એકણુપગઇ રે સાધે મન સુદ્ધ સેવ. સી. ૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાચકભમર ભમૈ જસુ પાષલઇ રે મઉજી (મોજ) દીયઈ મકરંદ,
**ભાગચંદ** વડભાગી વિકસિત મુષિ સદા રે નિરૂપમ જે અરવિંદ. સી. ૮
તસ કથનિ સુદિ માઘ તણી તૃતીયા દિનઇ રે સુભજોગિ ગુરૂવાર,
અછઈ નવેરસ ઇણુ મેલિયો જોઇને રે અધિકારઇ અધિકાર. સી. ૯
**ખરતરગછ** સદાઈ સુરૂતરૂ સારિષો રે સાષિ વડી **ખેમસાષિ,**
ફલ સરીષા ગુરૂ હૂઆ ઈણુમઇ વડવડા રે મીઠા હીયમઇ રાષિ. સી. ૧૦
**હેમસોમ** ગુરૂરાય સુસીસ તિયાં તણા રે વાચકપદવીધાર,
**ગ્યાંનનંદી** ગુરૂરાજ તણુઇ સુપસાઉલઇ રે જયવંતો પરિવાર. સી. ૧૧
ઈમ શ્રી **ભુવનકીરતિ** કહિ ભાવ ધરી ઘણી રે ગિરૂઆનો જસવાસ,
અધિકો ઓછો ઇહાંકિણુ જેહ કહ્યો રે હુવઇ રે મિછાદુકડ તાસ. સી. ૧૨
સીલપ્રભાવઈ સમકિતગુણનઈ ધારવિઇ રે, દિન પ્રતિ કોટિ કલ્યાંણ,
તિણિ એ ભણુતાં ગુણુતાં સુણતાં ચઉપઇ રે, જીવિત જનમ પ્રમાણ. સી. ૧૩

દૂહા સોરઠીયા.

સાત અધિક સઇ સાત, દૂહા ગાથા હુઈ મિલ્યાં
શ્લોક તણા સંખ્યાત, સાધિક એક સહસ્ર છઈ. ૧
તિમ છઈ ઢાલ ત્રયાલ, નવલી જાતઇ નિરખિજયો,
**અંજનાચરિત** ઉરાલ, **ભુવનકીરતિ** ઈણુ પરિ ભણુઈ. ૨

—સર્વ ગાથા ૨૫૩ અધિકાર ત્રયઅ, સર્વગાથા દૂહા ૭૦૭ પ્રમાણ.

(૧) સંવત્ ૧૭૫૩ વર્ષે મિતી વૈશાષ વદિ ૧૩ દિને શ્રી **ષરતરગચ્છે** શ્રી **જિનચંદ્રસૂરિ શાષાયાં** શ્રી **જિનચંદ્રસૂરિ** વિજયરાજ્યે વાચાનાચાર્ય ધુર્યવર્ય ગાંભીર્ય વા. શ્રી ૧૦૮ શ્રી શ્રી શ્રી **દયાશેષરજીગણિ** ગજેંદ્રાન્ વા. શ્રી શ્રી ૧૦૮ શ્રી શ્રી શ્રી **કલ્યાણહર્ષજી** ગજેંદ્રાન્ તત્શિષ્ય પં. પ્ર. શ્રી **પદ્મતિલકજીમુનિ** તચ્છિષ્ય પં. **ધર્મસુંદર** લિખતં. વિવેકવિજય ભં. ઉદયપુર. (૨) ડે.ભં. (૩) સંવત ૧૭૨૬ વર્ષે કાર્તિક વદિ ૬ દિને ભોમવાસરે શુકલપક્ષે. શ્રી **અંચલગચ્છે** શ્રી પંડિતશ્રી ૫ **રવિસાગરજીગણિ** તતશિષ્ય મુનિશ્રી **હિતસાગરજીગણિ** તત્શિષ્ય મુનિ **દીપસાગરેણુ** લપીકૃતં ગુઢલા મધ્યે મહારાણા શ્રી **રાજયસિંઘનઇ** રાજ્યઈ ચોપઇ લિપીકૃત કીધી. **મેદપાટ** દેસ મધ્યે શ્રી ૐ હ્રીં શ્રીં કલીં નમઃ. પ.સં.૨૮–૧૪, અનંત. ભં. (૪) સં.૧૭૭૦ વર્ષે પ્રથમ આષાઢ સુ.૧૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રવિ શ્રી **પોસાલ** વડી ભટ્ટારક શ્રી **લક્ષ્મીસાગર** સૂરીશ્વરાણાં શિ. **તેજસા-ગર** શિ. **રંગસાગર** શિ. ગણિ **રામસાગર** લિ. સરસ્વતીપ્રસાદાત્ **સૂરત** બિંદરે લિપીકૃતઃ. પ.સં.૨૩–૧૫, ગુ. (૫) પ્રત ૧૮મી સદીની, પ.સં.૧૯, દાન. પો.૧૩ નં.૨૩૮. (૬) પ.સં.૨૧, અભય. પો.૧૧ નં.૧૦૧૮. (૭) સં.૧૭૨૫ ભા.વ.૮ બુધ **ખેમશાખાયાં** ઉ. સુમતિસિંધુરગણિ શિ. **લબ્ધિ-વિલાસેનાલેખિ**. પ.સં.૨૬–૧૬, વિ.ને.ભં. નં.૪૫૫૩. (૮) ચુનીજી ભં. નયા ઘાટ કાશી (વે. નં.૬). (૯) સં.૧૭૩૪ શ્રા.વ.૫ **નાગપુર** મધ્યે મહો. **કુશલધીર** શિ. વા. કુશલલાભ લિ. પ.ક્ર.૨થી ૧૯, અભય. નં.૨૪૪૫. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૬૧–૬૬, ભા.૩ પૃ.૧૦૫૦–૫૫.]

**૬૫૯. શાંતિકુશલ** (ત. વિજયદેવસૂરિ–વિનયકુશલશિ.)

**(૧૪૮૦) અંજનાસતી રાસ** ૬૦૬ કડી ર.સં.૧૬૬૭ મહા શુદ ૨

આરંભ સુવર્ણગિરિમાં (જાલોરમાં), પૂર્ણ જસોલામાં

**આદિ** – રાગ આસાઉરી દૂહા

સરસ વચનવર **સરસતી**, તું જગદંબા માય,
**કાસ્મીરી** સમરૂં સદા, ષજૂરણઈ વરદાય. ૧
વીણાપુસ્તકધારિણી, કમંડલુ કરિ ભરિ ભારિ,
હંસગમનિ હંસાસનિ, તું ભલઇ સિરજી કિરતાર. ૨
તું સોભાગિણિ ઝિગમગઈ, જિમ ઝગઝગકઇ વીજ,
તું સુરતરુની મંજરી, તું અમ્રયર તું બીજ. ૩
આકાસઇ તું ઉજલી, ભૂતલિ કીધુ વાસ,
પાતાલઇ તું પરગડી, ત્રિભવનિ લીલવિલાસ. ૪

*

રાસ રચેસ સતી **અંજના**, આલસ મ કરિ અયાણ,
આવી તુઝ મુખ અવતરી, આજ હુઉ સુવિહાણ. ૧૯
આગે મનહિં હઉં, રાસ રચઉં મંડાણ,
જો વર લાધો **શારદા**, તો વચન કરૂ પરમાણ. ૨૦

**અંત** – રાસ રચ્યુ સતી **અંજના**, મઇ જરની ચઉપઇ જોઇ રે,
અધિકું ઉછકં જે કહ્યું, મુઝ મિછાદુકડ હોઇ રે. ૬૦૧
**સંવત સોલઈ સતસઠઇ**, માહા સુદિની બીજ વખાંણું રે,
**સોવનગિરિ** માંડિઉ, **જસોલઇ** પૂરૂ જાંણું રે. ૬૦૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**તપગચ્છ**નાયક ગુણનિલઉ, **વિજયસેન** સૂરીસર ગાજઇ રે,
આચારિજ મહિમા ઘણુ, **વિજયદેવ** સૂરીપદ છાજઇ રે. ૬૦૩
તાતપ ચાંદ્રણિ પરગડઉ, જસ મહિમાકીરતિ ભરિઉ રે,
**માત પ્રેમલદે** ઊરિ ધર્યું, **દેવકિ પાટણિ** અવતરિઉ રે. ૬૦૪
**વિનયકુશલ** પંડિતવરૂ, પરઉપગારી ગુણદરિઉ રે,
ચરણકમલસેવા લહી, **શાંતિકુશલઈ** એ રાસ કરિઉ રે. ૬૦૫
અવિચલકીરતિ **અંજના**, જાં રવિશશિ હીડઇ આકાસઇ રે,
પઢઇ ગુણઇ જે સાંભલઇ, રહિ લખિમી તસ ઘરવાસઇ રે. ૬૦૬

(૧) પ.સં.૧૭-૧૭, સીમંધર. દા.૨૨ નં.૩૦. (૨) સં. સોલ અઠસઠા વૈ. સુદિ ૧૦ ગુરૌ ગણિ **શાંતિકુશલ** લ. પ.સં.૨૬-૧૩, વી.ઉ.ભં. દા.૧૭. (કવિસ્વલિખિત)

**(૧૪૮૧) + ગોડી પાર્શ્વનાથ સ્ત.** ર.સં.૧૬૬૭

**આદિ – સારદ** નામ સોહામણું મનિ આણી હો અવિહડ રંગ,
**પાસ** તણો મહિમા કહૂં જસ તીરથ હો જિમ ગાજે ગંગ. ૧
**ગોડી** પરતા પૂરવિં **ચિંતામણ** હો તું લીલવિલાસ,
**અંતરીક** મોરે મને **વરકાણે** હો તું સોહે **પાસ.** ગો. ૨

**અંત** – અલખ નિરંજન તું લિખ્યો અતુલીબલ હો તલભાણ,
**શાંતિકુશલ** ઇમ વિનવઇ તું ઠાકુર હો સાહિબ સુલતાણ. ૩૦
**તપગચ્છ**તિલક તડોવડિં પાય પ્રણમી હો **વિજયસેન**સૂરીસ,
સંવત **સોલ સતસઠે** વીનવીઓ હો **ગોડી** જગદીસ. ૩૧

કલસ.

ત્રેવીસમો જિનરાજ જાણી હિઈ આંણી વાસના,
નર અમર નારી સેવ સારી ગાઇ શ્રી **પાસ**ના,
**વિનયકુશલ** ગુરૂ ચરણસેવક **ગોડી** નામઈં ગહગહઈ,
કલિકાલ માંહિં **પાસ** પરગટ સેવ કરતાં સુખ લહઈ. ૩૨

[મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૪, ૪૦૪, ૪૩૫).]
પ્રકાશિત: ૧. પ્રા.તી.સં. પૃ.૧૯૮-૨૦૦. [૨. ગોડી પાર્શ્વનાથ સાર્ધશતાબ્દી સ્મારક ગ્રંથ.]

**(૧૪૮૨) ઝાંઝરિયા મુનિની સઝાય** ૧૦૨ કડી ર.સં.૧૬૭૭ વૈ.વ.૧૧ બુધ સ્યાંણામાં (છાણી ?)

**આદિ – સરસતિ** કોમલ સારદા, વાંણી વર દ્યો માય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પયઠાણપુર** પાટણ ધણી, સબલ **મકરધ્વજ**રાય. ૧
**મદનબ્રહ્મ** તસુ બેટડો, સીલવંત સુવિચાર,
અવર નહી અવનીતલઇ, મુનીવર મોહનગાર. ૨
ચરીઅ ભણું મનહેત સિઉં, આણી અવિચલ રાગ,
**શાંતિકુશલ** કહઇ સાંભલઉ, હુવઇ મઈ લાધઉ લાગ. ૩

**અંત –** સંવત **સોલ સત્તોતરે, શ્યાંણા** નગર મઝારિ હો,
વઇશાખ વદિ એકાદસી, શુભિઉ મિ બુધવાર હો. ૧૦૦
**વિજયદેવ**સૂરીસરૂ, ગણધરપદ ગણધાર હો,
**તપ**ગચ્છનાયક ગુણનિલઉ, જિનસાસનનઉ સિણગાર હો. ઝાં. ૧
**વિનયકુશલ** પંડિતવરૂ, પંડિતપદ સિરતાજ હો,
**શાંતિકુશલ** ભાવિઇ ભણઈ, સફલ સફલ દિન આજ હો. ૨

(૧) ઇતિ શ્રી ઝાંઝરિઆ ઋષિ સઝાય સંપૂર્ણ. ગણિશ્રી **ભાવકુશલ** શિષ્ય **મુનિ હંસકુશલે**નાલિખિ. ગણિશ્રી ૫ શ્રી **રૂચિકુશલ** શિષ્ય ગણિશ્રી **રામકુશલ** પઠનકૃતે સં.૧૭૦૧ વર્ષે પોષ સુદિ ૧૫ દિને. [ભં?] (૨) સં.૧૭૮૪નો એક ચોપડો, જશ.સં.

**(૧૪૮૩) [+] ભારતી સ્તોત્ર** [અથવા છંદ અથવા **અજારી સરસ્વતી** અથવા **શારદા છંદ**] ૩૩ કડી

**આદિ –** સરસ વચન સમતા મન આંણી, ૐકાર પહિલો ધુરિ જાંણી.

**અંત –** કલશ.

સુલલિત સરસ સાકર સમી, અધિક અનોપમ વાંણી,
**વિનયકુશલ** પંડિત તણી, કરી સેવ મેં લાધી વાંણી,
કવિ **શાંતકુશલ** ઊલટ ધરી, નિજ હીયડે આણિ,
કીયો છંદ મનરંગઈ ૐકાર, સમરી **શારદા** વખાંણી,
તવ બોલી **શારદા** જો છંદ કીધો, ભલી ભગતે વાચા માહરી,
હું તૂઠી મેં વર દીધો તૂં લીલા કરિસ, આસ્ફલસી તાહરી. ૩૩

(૧) ચેલા **ચેત**સીવાચનાર્થં. ૫.સં.૨-૧૫, મારી પાસે. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૭, ૫૧૮, ૫૯૯).]

[પ્રકાશિત : ૧. પ્રાચીન છંદ સંગ્રહ. ૨. મણિભદ્રાદિકોના છંદનું પુસ્તક.]

**(૧૪૮૪) + સનતકુમાર સઝાય**

**આદિ – સરસતિ** સામિણિ પાએ લાગું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) આ.ક.ભં.

પ્રકાશિત : ૧. સ.મા.ભી. [૨. જૈન સઝાય સંગ્રહ (સારાભાઈ નવાબ) તથા અન્ય સઝાયસંગ્રહોમાં.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૭૧-૭૨, ભા.૩ પૃ.૯૪૪-૪૬.]

## ૬૬૦. રાજચંદ્રસૂરિ (પાર્શ્વચંદ્રસૂરિ-રામચંદ્રસૂરિપટ્ટે)

**(૧૪૮૫) દશવૈકાલિક સૂત્ર બાલા.** ર.સં.૧૬૭૮(૬૭) ચૈ.૨

(૧) પ.સં.૫૯, હા.ભં. દા.૩૬ નં.૮. (૨) પ.સં.૭૨, જશ.સં. [મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૦, ૪૭૦, ૪૭૧, ૫૪૫, ૫૬૮).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૦૬. અન્ય હસ્તપ્રતયાદીઓમાં કૃતિની ર.સં.૧૬૬૭ નોંધાયેલ છે.]

## ૬૬૧. ગુણવિજય (ત. કમલવિજય અને વિદ્યાવિજયશિ.)

**(૧૪૮૬) ૭૨૦ જિનનામ સ્ત.** ર.સં.૧૬૬૮ ચૈત્ર રવિ જાલોરમાં

**આદિ** – **સરસતિ** સરસ વચન વરસતી, રાજહંસ ગજગતિ મલ્હપતિ
સમરી સૂણસ્યું જિન જગદીસ, સાત સયાં ઊપરિ વલી વીસ. ૧
**ભરત ઐરાવત** હુઈ દુઇ ક્ષેત્ર, જાણુકિ ભૂમિભામિનીનેત્ર
**જંબૂ ધાતકિ પુષ્કર** ખંડ, અઢીદીપ દશક્ષેત્ર અખંડ. ૨
અતીત અનાગત નઇ વર્ત્તતા, ચઉવીસી જિનવર વિહરતા,
ચોવીસીઈ જિન ચોવીસ, દસ ક્ષેત્ર ચોવીસી ત્રીસ. ૩

**અંત** – એ જિનનામ પ્રસાદ થકી તુ ભ. પૂત્ર કલત્ર પરિવાર તુ
ભાગ સોભાગ સોહમણા તુ ભ. લહિઇ જયજયકાર તુ,
**તપ**ગચ્છપતિ ગુરૂ મલ્હપતો તુ ભ. સકલસૂરિ-સિરતાજ તુ,
શ્રી **વિજયસેન** સૂરીસરૂ તુ ભ. શ્રી **વિજયદેવ** યુવરાજ તુ,
તસ ગછિ ગુણરયણાયરૂ તુ ભ. સુવિહિત પંડિત સીહ તુ,
શ્રી ગુરૂ **કમલવિજય** જયુ તુ ભ. **વિદ્યાવિજય** બુધ લીહ તુ,
તાસ સીસ ઇણિ પરિ કહિ તુ ભ. ચૈત્રી દિન રવિવાર તુ,
સંવત **સોલ અડસઠિ** તુ ભ. ગઢ **જાલોર** મઝારિ તુ. ૭૯

કલસ.

ઇમ સાધુસિંધુર ભુવનબંધુર જિનધુરંધર ધ્યાઇયા,
કરકમલ જોડી માન મોડી ભગતિ જુગતિ ગાઇયા,
શ્રી **કમલવિજય** મુણિંદ વાચક **ગુણવિજય** કહિ જિન તણાં
નિત નામ ભણતાં શ્રવણિ સુણતાં ઘરે રંગ વધામણાં. ૮૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) ઇતિશ્રી ઐરવત ક્ષેત્ર ૧૫ ચોવીસી સ્ત. પંચ ભરત પંચ ઐરવત ૩૦ ચોવીસી ૭૨૦ જિનનામ સ્તવનં. લિખિતં શ્રી રવિવર્દ્ધનગણિભિઃ. [ભં.?] (૨) પ.સં.૩-૨૩, જૈ.એ.ઇ.ભં. નં.૧૧૫૦. [લીંહસૂચી.]

**(૧૪૮૭) + વિજયસેનસૂરિ નિર્વાણ સ્વાધ્યાય** ૪ ઢાલ સં.૧૬૭૨ પછી લગભગ મેડતામાં

**આદિ** – **સરસતિ** ભગવતિ ભારતીજી, ભગતિ ધરી મનિ માય,
પાય નમી નિજ ગુરૂ તણાજી, થુણસ્યું **તપ**ગચ્છરાય;
જયંકર **જેસંગ**જી ગુરૂરાય, નામિ નવનિધિ પામિઇજી,
દર્શનિ દારિદ્ર જાય, જયંકર **જેસંગ**જી ગુરૂરાય.

**અંત** – સઘલા પંડિત માંહિ વડો, શ્રી **કમલવિજય** ગુરૂસીંહ,
તાસ સીસ **વિદ્યાવિજય**, સુવિહિત પંડિત લીહો રે. ગુરૂ. ૫૧
**વીર હીર** દુઇ દીપતા, **મેડતા** નગર મઝાર,
તસ પસાય પામી કરી, ગાયો એ ગણધારો રે. ગુરૂ. ૫૨

કલશ.

ઇમ થુણ્યો ગણધર સાધુસિંધુર, ભૂવનબંધુર ગુણધરો
શ્રી **વિજયસેન** સૂરિંદ સુંદર, સકલ સંઘ સુહંકરો.
તસ પટ્ટભૂષણ દલિતદૂષણ, **વિજયદેવ** દિવામણી,
**ગુણવિજય** પંડિત ઇમ પયંપઇ, ચિર તપો **તપગચ્છ**ધણી. ૫૩

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૫).]

પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય. ૨. ઐતિહાસિક સઝાયમાલા ભા.૧ પૃ.૩૫-૩૯.

**(૧૪૮૮) [+] નેમિજિન ફાગ** ૯૫ કડી ર.સં.૧૬૮૧ વસંત માસમાં

**આદિ** – શ્રી ગુરૂ **ગૌતમ સારદા**, સારદસસિ મુખનૂર, લલના,
**નેમિ**કુમર ગુણ ગાવતાં, હર્ષ હિઇ ભરપૂરિ, લલના,
ફાગ રમઇ રલિઆમણો. આંકણી ૧
જે નર ચતુર સુજાણ લલના, ફાગ રંગલો તે રમઇ,
પામઇ કોડિ કલ્યાણ લલના, ફાગ રમઈ રલિઆમણો રે. ૨

**અંત** – ઘણા દિવસનો અલજ્યો, જોવા ગઢ **ગિરિનાર**, લલના,
આજ મનોરથ મુજ ફલ્યા, મિલીઓ **નેમિકુમાર**, લ. ફાગ રમઇ. ૯૧
સંવત **સોલ ઇકયાસીઇ**, મોટઇ માસ વસંત, લ.
ફાગ ફૂલમાલા કરી, પૂજ્યો **રાજલિ**કંત, લ. ફા. ૯૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉજલ**ગિરિ શિર ઊપરિં, રંગઇ રચીઉ ફાગ,
ભણઇ ગુણઇ જે સાંભલઇ, તસ ઘરિ સુખ સોભાગ, લ. ફા. ૯૩
શ્રી ગુરૂ **કમલવિજય** જયો, **વિદ્યાવિજય** ગુરૂ સીસ લ.
**ગુણવિજય** પંડિત વીનવઇ, પૂરો મનહ જગીસ લ. ફા. ૯૪

કલસ

**ગિરિનાર** ગિરિવર શિખર શેખર સંથુઓ **નેમીસરો**,
જિનરાજ **રાજલિ** હૃદયપંકજ કેલિ લીલા મધુકરો.
શ્રી **વિજયદેવ** સૂરિંદ **તપ**ગણ-ગગનમંડલ દિનકરો,
શ્રી **કમલવિજય** મુણિંદ સેવક **ગુણવિજય** જયજયકરો. ૯૫

[પ્રકાશિત : સ્વાધ્યાય, નવેંબર ૧૯૮૦ પૃ.૬૭-૮૧.]

**(૧૪૮૯) + વિજયસિંહસૂરિ (વિજયપ્રકાશ) રાસ (ઐ.) ૨૧૩ કડી**
ર.સં.૧૬૮૩ વિજયાદશમી, સિરોહીમાં

**આદિ** – પ્રથમ નાથ પૃથ્વી તણા, પ્રણમું પ્રથમ જિણંદ,
માતા **મરૂદેવી** તણો, નંદન નયણાનંદ. ૧
**સીરોહી** મુખ મંડણો, દુઃખનો ખંડણહાર,
**ઋષભદેવ** સહિઅ સાંભલ, વાંછિતફલદાતાર. ૨
જગપતિ જિનપતિ જે ધરઇ, ગજલાંછન નિસદીન,
હીરવિજયસૂરિ હાથ સ્યું પ્રે, થાપ્યો જગદીસ. ૩
**અજિતનાથ** જગ જીપતો, દોલતિકર દીદાર,
**ઓસવંશ**નઇ દેહરઇ, જપતાં જયજયકાર. ૪
**શાંતિ** શાંતિકર સોલમો, પરમ પુણ્ય અંકુર,
નગરશિરોમણિ **શિવપુરી**, સુહવિ શિર સિંદૂર. ૫
કમઠ કાઠથી કાઢિઓ, જિણિ જલતો ભુજગિંદ,
લાખ ચ્યુંવાલીસ ઘર ધણી, તે કીધો **ધરણીંદ**. ૬
તે દુઃખચિંતાચૂરણો, પૂરણ પૂરઇ આસ,
પ્રહ ઉઠી પ્રભુ પ્રણમિઇ, શ્રી **જીરાઉલિ પાસ**. ૭
સાસનસાહિબ સેવીયઇ, સમરથ સાહસ ધીર,
**બંભણવાડિ**મંડણો, વીર વાડ **મહાવીર**. ૮
વચન સુધારસ વરસતી, **સરસતિ** દિઉ મતિ માય,
**કમલવિજય** ગુરૂપદકમલ, પ્રણમું પરમ પસાય. ૯
**હીર** પાટિ **જેસિંગજી**, પાટિ પ્રગટ જગીસ,

જૈન સાઈટ JAINSITE જૈનં જયતિ શાસનમ્

શ્રી **વિજયદેવ** સૂરિસરૂ, જીવો કોડિ વરીસ. ૧૦
તિણિ નિજ પાટિં થાપીઓ, કુમતિ-મતંગજ-સીહ,
**વિજયસિંહ** સૂરીસરૂ, સકલ સૂરિ સિર લીહ. ૧૧
રાસ રચું રલીયામણો, મનિ આણી ઉલ્લાસ
**વિજયસિંહ**સૂરિ તણો, સુણુયો **વિજયપ્રકાશ.** ૧૨
સાવધાન સજ્જન ! સુણો, પહિલા દિઉ દુઇ કાન,
ખંડાની પૃથ્વી કહીં, વિદ્યાનાં છઇ દાંન. ૧૩

**અંત –** ચૌમાસુ ગુરૂજી કરઇ, **સીરોહી** સુખઠામ
**તેજપાલ** શાહ પ્રમુખ સહુ, સંઘ કરઇ શુભકામ. ૨૦૭
**વિજયદસમી** દિન દીપતુ, **વિજયદેવ** ગુરૂ પાસ
**વિજયસિંહ** સૂરિ તણો, ગાયઉ **વિજયપ્રકાશ.** ૨૦૮

રાગ ધન્યાશ્રી

**મહાવીર** જિન પાટિ ધુરંધર, સ્વામી **સુધર્મા** સોહઇજી
**જંબૂ પ્રભવ શય્યંભવ** સૂરીય, **યસોભદ્ર** મન મોહઇજી
ઇસ અનુક્રમિ **જગચ્ચંદ્ર** મહામુનિ, ચુંઆલીસમિ પાટિજી
**તપા** બિરૂદ તસ રાણુઇ થાપ્યું, **મેદપાટિ** આઘાટિંજી. ૨૦૯
તિણિ **તપગણિ** ગુણવંત પાટિં, **દેવસુંદર** સુખકારીજી
પંચાસમ પાટિંઇ ગુરૂ સુંદર, **સોમસુંદર** ગણધારીજી
તેહ થકી છપનમિં પાટિં, **આણંદવિમલ** મુણિ-ઇંદોજી
**તપાગચ્છ** જેણિ નિરમલ કીધઉ, જિસો આસોઇ ચંદોજી. ૨૧૦
સત્તાવનમિં પાટિ પરમગુરૂ, **વિજયદાન** વૈરાગીજી
અઠ્ઠાવનમિ પાટિ હીરો, **હીરજી** ગુરૂ સોભાગીજી
ઉગુણસઠ્ઠમિ પાટિ પુરંદર, **વિજયસેન** ગચ્છધારીજી
પાટિ સાહિમઇ **વિજયદેવ** ગુરૂ, ગુણ ગાવઇ સુરગોરીજી. ૨૧૧
**હીર જેસંગજી** પાટ દીપાવઇ, **વિજયદેવ**સૂરિ સોહોજી
પૂજ્ય નામ કર્મ તપ ધર્મિંઈ, રાખઇ **તપગચ્છ**લીહોજી
તસ પટ દીપક રતિપતિજી, એક **વિજયસિંહ** સૂરીસોજી
ઇકસઠમિ પાટિં પુરૂષોતમ, પૂરઇ સંઘ જગીસોજી. ૨૧૨
**સોલ ચ્યાસીઆ** વર્ષિ હર્ષિ, **સીરોહી** સુખ પાયઉજી
**ઋષભદેવ** પ્રભુ પાય પસાયઈ, **વિજયસિંહ**સૂરિ ગાયોંજી
**કમલવિજય** જય મંડિત પંડિત, **વિદ્યાવિજય** ગુરૂ ચેલોજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગુણવિજય** પંડિત ઇમ પયંપઈ, વાધઉ **તપગચ્છવેલોજી.** ૨૧૩

(૧) પ.સં.૧૧, તત્કાલીન લિખિત, જયચંદ ભંડાર, વિકાનેર, બંધન નં.૬૯.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ, પૃ.૩૪૧થી ૩૬૪.

**(૧૪૯૦) બંભણુવાડમંડન મહાવીર ફાગ સ્તવન** ગા.૮૪

સુંદર કાવ્ય છે.

**આદિ–** જયજય જિનમુખ **સરસતિ,** વરસતિ નવરસરેલિ,
ભગવતિ ભુવનવિખ્યાતા મોહણવેલી. ૧
કવિ મધુકર મુખ માલતિ, માહલતિ ગજગતિ ગેલિ
**મહાવીર** ગુણ ગાવતાં, આવત હરષતિ હેલિ. ૨
ફાગ રાગ રસ જાલવિ, આલવિ નવ નવ તાન
**ગૌતમ** તણો ગુસાંઇ, સાંઇ ધરસ્યું ધ્યાન. ૩
**બંભણવાડ** વિરાજતિ, ગાજતિ ગુહિર ગંભીર
તીન ભુવન મત્ર પાવન, બાવનવીરનો વીર. ૪

**અંત–** શ્રી **વિજયદેવ** સૂરિસર, રીસરચિત ગુણગુહ
**તપગચ્છ** ગુરૂ વાહલો તિસો, જિસો આસાઢ મેહ. ૮૧
**કમલવિજય** પંડિત, પંડિત માંહિ પરધાન,
**વિદ્યાવિજય** બુધ સિંધુ બંધુર બુધિનિધાન ૮૨
તાસ સીસ **ગુણ** બોલઇ, બોલઇ હિઅડઇ હેજ
**ગુણવિજય** કહઇ જયજય જિન, દિનદિન ચઢતઇ તેજ. ૮૩

કલસ

શ્રી **વીર બંભણવાડ** વસુધાભામિની-ભૂષણમણી,
સંસારસાગર તરણતારણ કર્ણધારક જગધણી,
બહુ યમક જુગતિ સુભગ ભગતિ ફાગ રાગઇં ગાઇઉ
**ગુણવિજય** જયકર જિનપુરંદર હૃદયમંદિરિ ધ્યાઇઉ. ૮૪

(૧) પ.સં.૩-૧૩, જશ.સં. (૨) પ.સં.૩, જય. નં.૧૦૮૧.

**(૧૪૯૧) [+] શીલ બત્રીશી**

**અંત –** ઘરઘર ઘોડા હાથીયાજી, ઘર ઘરણી મનરંગ
શીયલેં મંગલમાલિકાજી, જલથલ જંગલ જંગ સુ. શી. ૨૯
મોટા મંદિર માલીયાજી, બેઠા બંધવજોડ
જયજયકાર કરે સહુજી, ઘણુ કણ કંચન કોડિ. સુ. શી. ૩૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શીયલે સોભાગીસરોજી, શ્રી **વિજેદેવ** સૂરીંદ
**તપગચ્છરાય** પ્રસંસીયોજી, **કમલવીજે** જોગીંદ. સુ. શી. ૩૧
**શીયલ બત્રીશી** સીલનીજી, સુણી જે સેવસેં શીલ
**ગુણવિજય** વાચક ભણેજી, તે નીત લહસે લીલ. સુ. શી. ૩૨

(૧) પ.ક્ર.૯, હસ્તલિખિત સઝાયમાલા, જિનદત્ત.ભં. મુંબઈ.

[પ્રકાશિત : ૧. જિનેન્દ્ર સ્તવનાદિ કાવ્યસંદોહ ભા.૧ પૃ.૩૫૫-૫૮.]

**(૧૪૯૨) સામાયક સ.** ૧૩ કડી

**આદિ** – **ગોયમ** ગણહર પ્રણમી પાય.

**અંત** – સામાયિક કરજ્યો નિસદીસ, કહિ શ્રી **કમલવિજય** ગુરૂ સીસ. ૧૩

(૧) પ.સં.૩-૨૩, જૈ.એ.ઇ.ભં. નં.૧૧૫૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૭૨-૭૩ તથા ૫૨૧-૨૨, ભા.૩ પૃ.૯૪૭-૫૧. ભા.૧ પૃ.૫૨૧ પર 'વિજયસેનસૂરિ નિર્વાણ સ્વાધ્યાય, કનકવિજય-શિષ્ય ગુણવિજયને નામે ભૂલથી મુકાયેલ તે પછીથી આ કવિને નામે ફેરવેલ છે.]

## ૬૬૨. જ્ઞાનસોમ [ ? ]

**(૧૪૯૩) કોકશાસ્ત્ર** ભાષાગદ્યમાં લ.સં.૧૬૬૯ પહેલાં

(૧) સંવત ૧૬૬૯ વર્ષે આસાઢ શુદિ ૫ દિને લિખિતાનિ ઈલ-પ્રાકાર મધ્યે મુનિ **જ્ઞાન**સોમેન. એક ચોપડો, જશ. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૦૩. જ્ઞાનસોમ લહિયા છે. એમનું જ કર્તૃત્વ છે એમ કહેવું મુશ્કેલ છે.]

## ૬૬૩. વિદ્યાકમલ

**(૧૪૯૪) ભગવતી ગીતા** સં.૧૬૬૯ની પહેલાં

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૭૦.]

## ૬૬૪. સહજસાગરશિ. ( વિજયસાગર ? )

**(૧૪૯૫) ઈષુકાર અધ્યયન સઝાય** ઢાલ ૩ ર.સં.૧૬૬૯ વગડીમાં

**આદિ** – કહિઇ મિલસ્યઇ હો મુનિવર એહવા એ દેશી.

સહજ સલૂણા હો સાધજી સેવીયઇ, વસીયઇ ગુરૂકુલવાસોજી
સુણીયઇ સખરી હો સીખ સુહામણી, છૂટીજઈ અભવાસોજી. ૧
પૂત ન કરીયઇ હો સાધુ વિસાસડો નગર ધૂતારાય હોજી,
બાલહત્યા કરઇ એ બીહઇ નહી, વિરૂઆ વિષ નામે હોજી. પૂત. ૨

**અંત** – ૩ ઢાલ દેશાખની

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ઇમ હેતુ જુગતિહિત નયણે, રાય રીંઝયો રાણીવયણે,
ધન્ય ધન્ય શ્રી નૃપ ઈષુકાર, હુઉ રાય રિષીસર સાર. ૧

*

એહ અરથ કહિઉ અતિ રસમઇ, ઉત્તરાધ્યયન ચઉદસમઇ,
શ્રીમુખ જિન વીર પયંપઈ, સુણતાં સવિ પાતિગ કંપઇ. ૧૯
જગિ સહૂઅ કરો એ કામ, જિમ પામો તેહ જ ઠામ,
એહ ચરિત્ર સુણી નર જાગો, ભવિભવિ એહવઉ ગુણ માગો. ૨૦
ગુરુમુખિ એ મુનિ સાંભલીયા, પરતિખિ મુઝ એહવા મિલિયા,
તપગચ્છપતિ હીરમુણિંદ, શ્રી વિજયસેન સૂરિંદ. ૨૧
શ્રી વિજયદેવ જયવંતા, ત્રિણ્ગ ગણધર એ ગુણવંતા,
શ્રી સહજસાગર બુધરાયા, પામી તે સદ્ગુરુના પાયા. ૨૨
થુણીઆ મઇં એ અણગારા, જપતાં જગિ જયજયકારા,
સોલહ ઉગણોત્તર આદિ, શ્રી સુવધિનાથ પ્રસાદિ. ૨૩
શ્રી વગડી નયર મઝારિ, શ્રી સંઘ તણઇ આધારિ,
જપતાં શ્રી ઋષિ રાસ, મુઝ સફલ ફલી મન-આસ. ૨૪

(૧) પ.સં.૨-૨૧, જશ. સં. (૨) સં.૧૭૩૨ આસો વ.૨ પં.ગંગકુશલ શિ. મુનિ લાભકુશલ લ. મુ. ધનકુશલ પઠનાર્થં. પ.સં.૩, કમલમુનિ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૫).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૩૮-૩૯.]

## ૬૬૪ખ. વિજયસાગર (ત. વિદ્યાસાગર-સહજસાગરશિ.)

**(૧૪૯૬) + સમ્મેતશિખર તીર્થમાળા સ્ત. સં.૧૬૬૯ આસપાસ**

આમાં પાલગંજ સમેતશિખરના રક્ષક રાજાનું નામ પૃથ્વીમલ્લ આપ્યું છે અને સં.૧૬૬૧માં બનાવેલી જયવિજયકૃત 'સમ્મેતશિખર તીર્થમાળા'માં પણ પૃથ્વીચંદ્ર(પૃથ્વીમલ્લ) આપ્યું છે એટલે આ તીર્થમાળા તે સમયની એટલે સં.૧૬૬૧ આસપાસની હોવા સંભવ છે. [ઉપર સહજસાગરશિષ્યની સં.૧૬૬૯ની કૃતિ નોંધાયેલી છે જ. એટલે આનો સમય પણ એ અરસાનો ગણાય.]

**આદિ** – પ્રણમીય પ્રથમ પરમેસરૂજી, આગરાનગરસિંણગાર કઈ, પાસ ચિંતામણિ
પરતિખ પરતા એ પૂરવઈજી સુગતિમૂગતિદાતાર કઇ. પા. ૧
એક વાર જો સિર નામીઇજી, પામીઈ કોડિ કલ્યાણ કઈ, પા.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામીસેવા ફ્લ સહુ કહઈજી, મહમહઈ પરિમલ કપુર કઇ. પા. ૨
આનંદદાયક **આગરઈજી**, દેવ દેહરાસર સાલ કઈ,
સઈહથ **હીરગુરૂ** થાપીયાજી, સંવત **સોલ અડયાલ** કઈ. પા. ૩
રાજરાણિમ ઋદ્ધિ રંગરલીજી, રાગરમણિ રંગરેલિ
ગિરૂઅડે ગયવર ગોરડીજી, ગરજતા ગજ ગુરૂગેલિ.
તેહ પ્રભુ **પાસ** સુપસાઉલેંજી, **તપ**ગચ્છ ગુરૂકુલ વાસ,
નગર-રતનાગર **આગરે**જી, રહીય ચોમાસિ ઉલ્હાસિ. ૫
પંચકલ્યાણુક ભૂમિકાજી ફરસતાં ફ્લ બહુ જોઈ,
પૂરવ ઉત્તર પૂજીઈજી તિહાં જિન ચૈત્યબિંબ હોઈ.
સુગુરૂ ગીતારથ સુખિ સુણીજી પુસ્તક વાત પરતીતિ,
જનમકલ્યાણુક ભેટિવાજી અલજયો હું નિજ ચિત્ત. ૭
વંદીય દશદોયદેહરેજી બિંબ બહુ ધાતુમય માણિ,
દરસણુ કરીય દેહરાસરેજી **આગરા** પ્રથમ પ્રયાણુ. ૮
પુન્યવંતા જગિ જે નરાજી તે કરઈ તીરથ બુદ્ધિ,
જિમજિમ તીરથ સેવીઇજી તિમતિમ સમકિત સુદ્ધિ. ૯

અંત – કલસ.

ઇતિ તીરથમાલા અતિ રસાલા પૂરવ ઉત્તર વર્ણવી
સમકિતવેલી સુણિ સહેલી સફ્લ ફ્લી નવપલ્લવી,
**તપ**ગચ્છરાજા બહુ દિવાજા **વિજયસેન** સૂરીસરો
તસ પટ્ટિ પૂરો જિસો સૂરઓ **વિજયદેવ** યતીસરો. ૨૩
**તપ**ગચ્છિ રાજે ભવિ નિવાજે વાચક **વિદ્યાસાગરો**,
તસ સીસ પંડિત સુગુણમંડિત **સહજસાગર** ગણિવરો,
વીસાસઓ ચોવીસ જિનવર કલ્યાણુક યાત્રા કરી,
તસ સીસલેસિં પૂરવદેશિં **વિજયસાગર** બહુ સુખકરી,
થુઈ ભણી બહુ સુખ ધરી. ૨૪

(૧) લ. સંવત ૧૬૯૮ વર્ષે ફાગણુ સુદિ પૂર્ણિમા દિને લિખિતં શ્રી **પાડલીપુર** મધ્યે **તપા**ગચ્છે પંડિત શ્રી **જગકુશલ**ગણિ શિ. **ચંદ્રકુશલ**ગણિના. પ.સં.૩-૨૨, પ્ર.કા.ભં. નં.૧૪૪. (૨) સકલ પંડિતમંડિતાખંડલાયમાન પંડિત શ્રી ૧૯ **વિજયસાગર**ગણિ શિષ્ય ગણિ **હેતુ**સાગર લિપીકૃતં શ્રી **કૃષ્ણગઢ** મહાનગરે સંવત ૧૭૧૭ વર્ષે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રસાદાત શુભં ભવતુ. (૩) ગણિ **વૃદ્ધિ**વિજય લિ. પ.સં.૪-૧૫, પાદરા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નં.૯૪. (૪) પં. સૂર્યકુશલ શિ. મુનિ. ધનકુશલ લિ. વિઝોવા નગરે. પ.સં.૭-૧૨, જશ. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૬૪-૬૫, ભા.૩ પૃ.૯૩૮.]

**૬૬૫. વિનયમેરુ** (ખ. રાજસાર-મણિરત્ન-હેમધર્મશિ.)

**(૧૪૯૭) હંસરાજ વછરાજ પ્રબંધ** ૪ ખંડ ર.સં.૧૬૬૯ લાહોરમાં

**આદિ** - દુહા.

વીર જિણેસર ચરમ જિણ પ્રણમું, પય-અરવિંદ સદ્ગુરૂપય પ્રણમું,
વલિ મનિ ધરિ પરમાણંદ. ૧
જિનવર-વદન-નિવાસની, પ્રણમું સરસતિ દેવ
પુણ્ય તણા ફલ ગાઇસું, સાંનિધિ કરિ શ્રુતદેવ. ૨
પુણ્યે ધણકણ સંપજે, પુણ્યે સુખઆનંદ
પુણ્યે અરિકેશરિ નમે, પણમે સુરનરઇંદ. ૩
પુણ્યે લખમી વસિ હુવે, દિનદિન અધિક પડૂર
પુણ્યે ગ્રહપીડા ટલે, જાગ્યે પુણ્યઅંકૂર. ૪
પુણ્ય તણા ફલ છે બહુ, પુણ્યે જસ વર ચિત્ત
હંસરાજ વછરાજ વર, હંસાવલી દાલ ચરિત્ત. ૫
સરસ પ્રબંધ છે એહનો, વલિ અધિક ઢાલ રસાલ,
કવિયણ સુણતાં ગહગહી, ચ્યાર ખંડ સુવિશાલ. ૬
એ ચરિત્ર જલધર સમો, વચન અમૃત-જલબિંદુ
મધુર સ્વરે તે ગાઇ જવું ભવિક-મોર સુખકંદ. ૭
રસકલા કર સરંજિકા સુ ગાતાં શ્રવણ સુહાય
સાંભલિજ્યો ગુણિયણ જના, જો આવે તુમ દાય. ૮

**અંત** - ખરતરગચ્છ અતી દીપતો, શ્રી જિનચંદ સૂરિંદ
તાસ સીસ અતિ દીપતો, શ્રી જિનસિંહ મુણિંદ. ૧૦૩ જિ.
સોલ સઇ ઉગણુહુત્તરઈ લાહોરનયર મઝાર
સાંતિનાથ સુપસાઉલઇ કીધો પ્રબંધ અપાર. ૪
વાચનાચારિજ દીપતો, રાજસાર સુણ જાણ
મણિરયણ કલાનિલો, શિષ્ય મુખ્ય સુજાણ. ૫ શિ.
હેમધર્મ ગુરુ સાંનિધઈ, મુઝ સદા સુખઆનંદ,
વિનયમેરૂ મુનિવર કહઇ, સુણતાં શ્રાવકવૃંદ. ૬



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચ્યારિ ખંડ એ ચઉપઇ, સરસ પ્રબંધ ઉલ્હાસ,
કવિયણ જનમન ગહગહઇં, ગાવતાં લીલવિલાસ. ૭

(૧) ચાર ખંડ ગ્રંથાગ્ર ૬૯૦ પ્રમાણુ. પ.સં.૧૧-૧૮, સે.લા. [આલિસ્ટઑઇ ભા.૨.]

**(૧૪૯૮) કયવન્નાની ચોપાઈ** ૨૦ ઢાળ ૨૯૦ ગાથા ૨.સં.૧૬૮૯ બુરહાનપુરમાં

**આદિ** – દૂહા.

પ્રણમુ કમલનિવાસની, શ્રી **સારદ** ઇણુ નામ
જાસ પસાયઇ સંપજઇ, સરસ વચન અભિરામ. ૧
દાનધરમ કહીઉ કેવલી, ચિત વિત્ત પાત વિચાર;
લેતાં દેતાં બેઉ જણા, હેલે તરઇ સંસાર. ૨
દાન થકી જસ મહિયલઇ, દુજણુ સજન હોઇ;
લખમી હવઇ ચઉગુણી, નામ જપઇ સહુ કોઇ. ૩
દાનધરમથી સુખ લહ્યઉ, **કયવન્નઉ** મુનિરાય;
જિણિ કરણી ઉત્તમ કરી, પ્રણમઇ સુરનર પાય. ૪
**કયવન્નાની ચઉપઇ**, અધિક ઢાલ રસાલ;
ગુણિયણ સુણતાં ગહગહિ, નાસિ સયલ જંજાલ. ૫

**અંત** – ઢાલ ૧૦ મૃગાવતી સીલ સુરંગી એ દેશી

ઘઉ તુમ્હે દાન અભંગઇ, ભવિયણુ મન ધરિ રંગઇ એ;
મનવંછિત સુખ ઇણુ પરિ લહિસ્યઉ, ઇણુ કરતુ તે રહસ્યઉ એ. ૪૧
**બુરહાણપુર** શ્રી નગર બિરાજઇ, સવિ નયરીમઇ ગાજઇ રે;
જિહા પ્રહ સમ તિહાં નોબત વાજઇ, જિણુ દીઠા દુખ ભાજઇ એ. ૪૨
**સોલહ સઇ નિવાસી** વરસઇ, ભવિયણુ મનનઇ હરસઇ એ,
**ભીડભંજણા** શ્રી **પાર્શ્વ**જિણંદા, પ્રણમઇ સુર-અસુર-નરંદા એ. ૪૩
શ્રાવક લોક વસઈ ધનવંતા, શ્રોતા નઇ ગુણવંતા એ,
દેવગુરૂના ભગત્ત સદાઇ, ઘરેઘરે ધન ઠકુરાઇ એ. ૪૪
**ખરતર**ગચ્છનઉ જાણિ દિણંદા, શ્રી **જિનરાજ** સુરંદા એ,
**રાજસીખર** વાચક જાણીતા, તાસ સીસ સુવદીતા એ. ૧૪૫
**હેમધર્મ**ગણિ ગુરૂ વઇરાગી, કરીયાવંત સોભાગી એ,
તાસ પસાયઇ મનસુખભાવઇ, **વિનયમેરૂ** ગુણ ગાવઇ. એ. ૧૪૬

(૧) ઢાલ ૨૦ ગાથા સર્વ ૨૯૦ લિ. ઋ. ધનજી શિ. ઋ. ગણેશ

જૈન સાઈટ JAINSITE .com નૌમિ સકલ જિનાગમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લિ. પ.સં.૯-૧૬, વી.ઉ.ભં. દા.૧૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૭૮-૭૯, ભા.૩ પૃ.૯૫૪-૫૫. પહેલાં ભૂલથી 'વિજયમેરુ' કવિનામ છપાયેલું તે પછીથી સુધારી લીધું છે.]

## ૬૬૬. વિદ્યાકીર્તિ (ખ. ક્ષેમરાજ-પ્રમોદમાણિક્ય-ક્ષેમસોમ-પુણ્યતિલકશિ.)

**(૧૪૯૯) નરવર્મ ચરિત્ર** ર.સં.૧૬૬૯ જિનસિંહસૂરિરાજ્યે

(૧) (સમ્યક્ત્વ પર આવશ્યક નિર્યુક્તિમાંથી કથા લઈને) સં.૧૬૭૦ મા.શુ.૯ જોધપુરે રત્નવર્ધન પઠનાર્થં. પ.સં.૫, અભય. પો.૧૨ નં.૧૨૮.

**(૧૫૦૦) ધર્મબુદ્ધિ મંત્રી ચોપાઈ** ર.સં.૧૬૭૨

**આદિ -** ધૂરિ દૂહા

મંગળ કારણ જગત્રમઇ, મહામંત્ર **નવકાર**
સમરીસિ મન નિશ્ચય કરી, મહિમા જાસુ અપાર. ૧
સરસ વચન દ્યઉ **સરસતી, સરસતી** કવીયણમાય
ભૂલા અક્ષર ચૂકતાં, આણે અક્ષર ઠાય. ૨
પ્રણમી ગુરુ ગણપતી, પ્રણમી શ્રી જિનધર્મ,
તાસુ પ્રસાદઇ જાણીયઇ, નવરસ કેરા મર્મ. ૩
ધર્મધુરંધર ચતુરવર, [ધર્મબુદ્ધિ] સંગીસ
દઢતા ધર્મ તણઈ વિષઇ, કહીયઇ વિસ્વાવીસ. ૪
તાસુ કથા રસ સું મિલી, જાણે ઘેબર ખંડ
મીઠા લાગઇ જીમતાં, સુણિતાં કથા પ્રચંડ. ૫
તિણિ કારણિ ભવીયણ ભણી, સરસ કથા સુવિચાર
પ્રકરણથી વિસ્તરપણઈ, કહિસ્યું એ અધિકાર. ૬
આદર કરિ સુણિજ્યો સહૂ, ધર્મવંત ગુણવંત,
**પુણ્યતિલક** સુપ્રસાદથી, કહિતાં મન વિકસંત. ૭
હોઇ ખંડ એક ચઉપઇ, સુણિતાં તૃપતિ ન હોઇ,
પ્રથમ ખંડ ઇણિ પરિ કહઇ, સંભલિજ્યો સહુ કોઇ. ૮

(પ્રથમ ખંડને અંતે) ઢાલ ૧૧મી રાગ ધન્યાસી સર્વગાથાસંખ્યા ૧૯૧

પ્રથમ ખંડ પૂરણ કીયઉ એ, દેવ સગુરૂ આધાર ભલ.
બીજઉ કહિવા મન રલી એ, તે સુણિજ્યો સુવિચાર ભલ. ૮
ઢાલ ઇગ્યાર સોહામણી એ, સુણતાં પરમ આનંદ ભલ.
**ખરતર**ગચ્છ મહિમાનિલઉ, જિમ ગ્રહગણમઇ ચંદ ભલ. ૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **જિનસિંહ** સૂરીસરૂ એ, સોહઈ મોટઇ ઘાટ. ભલ.
શુદ્ધ ક્રિયા નિતુ ઉપદિસઇ એ, રિપ કીધા દહવાટ. ભલ. ૧૦
**પુણ્યતિલક** ગુરુ સાનિધઇ એ, કીધઉ એ અધિકાર. ભલ.
**વિદ્યાકીર્તિ** ઇણિ પરિ કહઈ એ, ભવ્ય જીવ સુખકાર. ભલ. ૧૧

(૧) સર્વગાથાસંખ્યા ૨૦૩. ઇતિશ્રી ધર્મ દઢતા વિષયે ધર્મ બુદ્ધિ મંત્રિ ચતુષ્પદિકા પ્રથમ ખંડ સંપૂર્ણ સુભં ભૂયાત્ શ્રી. લિખિતેયં શ્રીમદ્ **વિક્રમપુરે** ચતુષ્પદિકા સંવત્સર નયન મુનિ રસ સસિ વર્ષે. (પછી બીજો ખંડ અપૂર્ણ છે. ઢાલ ૧૩મી છે. પછી છેલ્લું પાનું નથી.) પ.સં.૧૨-૧૪, વિ.ને.ભં. નં.૩૩૦૭.

**(૧૫૦૧) સુભદ્રા સતી ચોપાઈ** ર.સં.૧૬૭૫

(૧) જૈન શાળાનો ભં. ખંભાત.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૫૬-૫૮. મથાળે નિર્દિષ્ટ ગુરુપરંપરા ઉદ્ધૃત ભાગમાં પૂરેપૂરી નથી તેમજ રચનાસંવત પણ નથી, તેથી એ માહિતી અન્યત્રથી લીધેલ જણાય છે.]

## ૬૬૭. જિનોદયસૂરિ (ખ. ભાવહર્ષસૂરિ-જિનતિલકસૂરિ/જયતિલકસૂરિશિ.)

**(૧૫૦૨) ચંપક ચરિત્ર અથવા વૃદ્ધદંત ચોપાઈ** (અનુકંપાદાને) ૨૭ ઢાલ ર.સં.૧૬૬૯ કા.શુ.૧૩ વીરપુર

**આદિ** – ચઉવીસે જિનવર વલી, વિહરમાન જિન વીસ,
ગણધરાદિ મુનિ સકલકે, ચરન નમૂં નિસદીસ. ૧
શ્રી જિનવાણી **સારદા**, પ્રણમું મત સુધ આન.
સદ્‌ગુરૂપદપંકજ નમું, તારક તરનિ સમાન. ૨
ચરિત્ર **ચંપકસેન**નો, કહું કથા અનુસાર
સુનો ચતુર ચિત દઢ કરી, વિકથા નીંદ નિવાર. ૩

**અંત** – દાન વિષે **ચંપક** તણોજી, સુગુરૂવચનથી એહ,
એહ પ્રબંધ જ શાસ્ત્રથીજી, રચીયો આનંદેહ. ૫
**ખરતરગચ્છ** ગુરૂ રાજીયોજી, શ્રી **ભાવહરષ** સુરિંદ,
સુવિહિત સાધુ સિરોમણીજી, સેવૈ બહુ જનવૃંદ. ૬
તસુ પાટે મહિમાનિલોજી, શ્રી **જિનતિલક** સુરિંદ,
ગચ્છ ચઉરાસી પ્રગટયોજી, માનુ પુનમચંદ. ૭
તાસ સીસ વાચકવરૂજી, શ્રી **જિનોદય** કહે એમ,

જૈન સાઈટ JAINSITE

ચઉવિહ સંઘ સદા હુવોજી, આનંદ સંપતિ ખેમ. ૮
સંવત **સોલહ ઉગુણુંતરે**જી, કાતી સુદ વિચાર,
તેરસ દિન એ સંશુણ્યોજી, **વીરપુર** મઝાર. ૯
તાસ કથન અનુસારથીજી, ભાખે એમ રિષરાજ,
**ચંપકચરિત** રચ્યો ભલોજી, સુણવા શ્રોતા કાજ. ૧૦
અધિક ન્યૂન જો ગ્રંથથીજી, જો કહિવાણું હોય,
તો અરિહંતાદિક સાથથીજી, મિથ્યા દુકૃત મોય. ૧૧
સજ્જન ગુણુ લીજ્યો સુણીજી, દીજ્યો અવગુણુ ટાર,
ઉપમા ધરજ્યો હંસની, લીજ્યો પય જિમ સાર. ૧૨
સતાવીસ ઢાલે રચ્યોજી, **ચંપકચરિત** રસાલ,
સુણતાં ગુણતાં વાંચતાંજી, વરતે મંગલમાલ. ૧૩

(૧) કલશ.

પૂજ્યશ્રી કનીરામજીના અલી પદપંકજ તણો,
દાન ઉપર એહ રચીયો, ચંપકચરિત સુહામણો. ૧
રસ રામ નિધિ ભૂ સંવત ચારૂ સિત પ્રતિપત શુચિ માસમેં,
કીધો પૂરન ગ્રંથ કનિરામેં ગ્રંથ શ્રોતા મન ગમેં.

ઇતિ વૃદ્ધદતની ચોપઇ સંપૂર્ણ. પ.સં.૨૧-૧૨, શેઠિયા. (૨) પ.ક્ર.૩થી ૨૫, અપૂર્ણ, આગળપાછળ પત્ર નથી, ગો.ના.

जैनम् जयति शासनम्

**(૧૫૦૩) + હંસરાજ વચ્છરાજનો રાસ** [અથવા **ચોપાઇ**] ૪ ખંડ ૯૧૯ કડી ર.સં.૧૬૮૦ વિજયાદશમી રવિ

**આદિ** – દોહા-આશાવરી રાગ.

**આદીશ્વર** આદે કરી, ચઉવીસે જિણચંદ,
**સરસતી** મન સમરૂં સદા, શ્રી **જયતિલક** સૂરીંદ. ૧
સદ્દગુરૂપય પ્રણમી કરી, પામી ગુરૂઆદેશ,
પુણ્ય તણાં ફલ બોલશું, કહીશું હું લવલેશ. ૨
પુણ્યે શિવસુખ સંપજે, પુણ્યે સંપત્તિ હોય,
રાજ ઋદ્ધિ લીલા ઘણી, પુણ્યે પામે સોય. ૩
પુણ્યે ઉત્તમ કુલ હુવે, પુણ્યે રૂપ પ્રધાન,
પુણ્યે પૂરૂં આઉખું, પુણ્યે બુદ્ધિનિધાન. ૪
પુણ્ય ઉપર સુણજો કથા, સુણતાં અચરિજ થાય;
**હંસરાજ વત્સરાજ** નૃપ, હુવા પુણ્ય પસાય. ૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંત** – ખંડ ૪—ઢાલ ૧૬ ધન્યાશ્રી.

*

શ્રી **ખરતરગચ્છ** ગુરૂનિલોજી, શ્રી **ભાવહર્ષ** સુરીંદ,
ગચ્છ ચોરાસી પરગડોજી, સાધુ માંહિ મુણીંદ. ૬
તસ પાટે મહિમાનિલોજી, શ્રી **જયતિલક** સૂરિરાય,
મહોટા મહોટા ભૂપતિજી, પ્રણમે જેહના પાય. ૭
સંવત **સોલ એંસીએ** સમેજી, આસો શુદિ રવિવાર,
વિજયદશમીએ સંથુણ્યોજી, શ્રી સંઘને સુખકાર. ૮
એહ પ્રબંધ સોહામણોજી, કહે શ્રી **જિનોદયસૂરિ**,
ભણે ગુણે શ્રવણે સુણેજી, તિણ ઘરે આણંદપૂર. ૯
ચાર ખંડ ચોપાઈ કરીજી, શ્રી સંઘ સુણવા કાજ,
પુણ્યે શિવસુખ પામિયાજી, **હંસ** અને **વચ્છરાજ**. ૧૦

(૧) સં.૧૭૧૧ આસુ શુ.૧૫ ગુરૂ **ઓલવીય** ગ્રામે લ. પૂજ્ય ઋ. દેદાજી શિ. મુનિ દુનિચંદ લિ. પ.સં.૨૯–૧૫, ડા. પાલણપુર દા.૩૧ નં. ૨૨. (૨) સં.૧૭૨૬ માગશિર શુ.૧૧ મંગલ લિ. પૂજ્ય ઋ. **ભીમ**જી ઋ. **દા**માજી શિ. લિ. સેવક **મ**નોહર લિ. **અહમદપૂર** મધ્યે **ઋ. આંબા**જી પઠનાર્થં. પ.સં.૨૬–૧૯, ડા. પાલણપુર દા.૩૧ નં.૨૧. (૩) સં.૧૭૩૨ વૈ.વ.૧૦, પ.સં.૩૦, જિ.ચા. પો.૮૦ નં.૧૯૯૨. (૪) સં.૧૭૭૩ માગ. વ.૩ **રામપુર** ગામે **જ્ઞાનહર્ષ** લિ. પ.સં.૩૨, જિ.ચા. પો.૮૧ નં.૨૦૫૧. (૫) સં.૧૭૬૧ આસો વદિ ૧૧ ગણિ ગુણવિજય શિ. **સુખવિજય** લ. **ધીણોજ** ગ્રામે. પ.સં.૧૭–૧૭, સંઘ ભં. પાલણપુર દા.૪૬ નં.૩. (૬) સં. ૧૭૮૪ માગ.વ.૧૨ સોમે **ઉદાસર** મધ્યે **સાગરચંદ્ર** શાખા પં. **કલ્યાણસાગર** શિ. **દેવધીર** શિ. **હર્ષહેમ** શિ. **દેવવલ્લભ** પં. **ચતુરમુનિભિઃ** લિ. પ.સં.૨૬, વીકા. (૭) ગ્રામ **જવાસ્યા** મધ્યે સં.૧૮૨૧ પો.વ.૯ સોમે. પ.સં.૩૦–૧૪, ઈડર ભં. નં.૧૯૮. (૮) સં.૧૮૪૯ જેઠ શુ.૧૨ શનિ લિ. પં. **કનકસેન** શિ. **પ્રીતિસુંદર ચતુર્નિધાન** શિ. **ચંદ્ર** લિ. **મોજગઢ** મધ્યે **સાગરચંદ્રસૂરિ** શાખાયાં. પ.સં.૫૩, અભય. નં.૨૪૩૩. (૯) સં.૧૮૫૦ ચૈ.શુ.૬, પ.સં. ૪૨, મહિમા. પો.૩૬. (૧૦) સં.૧૮૭૭ પો.વ.૭, પ.સં.૫૭, કૃપા. પો.૪૨ નં.૭૪૨. (૧૧) સં.૧૮૭૯ આસાઢ શુ.૧૦ સોમે **સંઘપુર** ગ્રામે શ્રી **ચંદ્રપ્રભુ** પ્રસાદાત્ પં. **પુન્યસાગર**–પં. **બુધિસાગર**–પં. **જ્ઞાનસાગર**–મુનિ **મનરૂપસાગ્રેણ** લિ. પ.સં.૪૩, તેમાં કેટલાંક પત્ર નથી, ગો.ના. (૧૨) પ.સં.૩૩–૧૮,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યતિ નેમચંદ. (૧૩) પ.સં.૩૧-૧૭, મો.સે.લા. (૧૪) સં.૧૯૩૦, પ.સં. ૫૦-૧૩, વિ.ને.ભં. નં.૪૪૭૪. (૧૫) સં.૧૯૪૩ વર્ષે, પ.સં.૩૩-૧૩, ચિત્ર સહિત, વિ.ને.ભં. નં.૪૪૭૫. (૧૬) લ.સં.૧૭૮૪ દ્વિતિય વૈ. સુ. ૧૨ પં. પ્રતાપવિજયેન. પ.સં.૨૧-૨૦, ખેડા ભં.૧ દા.૬ નં.૪૪. (૧૭) સં.૧૭૭૫ માઘ શુ.૭ (ભૂંસી નાખ્યું છે). પ.સં.૪૩-૧૫, ખેડા ભં.૩. (૧૮) સં.૧૮૩૫ કા.વ.૬ રવિવાર સાધ્વીજી શ્રી કુસલજી તત સીષણી અપા લ. પ.સં.૩૩-૧૨, ગુ. નં.૫૫-૧૪. (૧૯) ગ્રંથાગ્રંથ ૧૪૩૫, સં. ૧૮૮૮...પ.સં.૩૭-૧૪, ગુ. નં.૧૨-૧૪. (૨૦) સં.૧૮૪૭, પ.સં.૨૫-૧૫, ગુ. નં.૧૨-૨૦. (૨૧) પ.સં.૩૬-૧૬, મ.જૈ.વિ. નં.૪૮૦. (૨૨) પ.સં.૩૩-૧૫, મુક્તિ. નં.૨૪૨૫. (૨૩) સં.૧૭૮૮ લિખિત પં. જયહેમેન. પ.સં.૩૯, પ.ક્ર.૧૨થી ૩૯, જયરંગકૃત અમરસેન વયરસેન ચો. પ્રથમનાં ૧૨ પત્રમાં છે, અનંત ભં.૨. (૨૪) પ.સં.૩૭, પ.ક્ર.૧૩થી ૨૭, અનંત ભં.૨. (૨૫) સં.૧૮૨૧ કા.વ.૧૩ ભૌમે કૈલા મધ્યે પં. હીરાચંદજી શિ. જયધી લપીકતં. પ.સં.૧૯-૧૮, પાદરા નં.૨૦. (૨૬) સર્વગાથા ૧૦૦૮ પં. સુજાણસાગરગણિ શિ. ત્રૈલોક્યસાગરગણિ શિ. પં. ગોઇંદસાગર લિ. સં.૧૭૮૬ જે.વ.૭ ધરણીનંદનવારે કુવલવાલ ગ્રામે. પ.સં. ૨૩-૧૬, હા.ભં. દા.૮૧ નં.૫૦. (૨૭) પં. માનવિજય શિ. પં. વિમલવિજય શિ. વીરવિજય શિ. પં. અમીવિજય શિ. વિનોદવિજય રામવિજય ભાવચારિત્રીયા કેસવદાસ વાચનાર્થે સં.૧૮૦૯ વૈ.વ.૧૧ રવૌ દયાંવલા નગરે ચોમાસું. પ.સં.૨૧-૧૮, જૈનાનંદ નં.૩૩૨૫. (૨૮) સંવત પાંડવ યુગલર્ષિ ક્ષપાપતિ (૧૭૨૫) વર્ષે ફા.૯ રવિ. ઉ. લક્ષ્મીકીર્તિ શિ. લક્ષ્મીવલ્લભ શિ. લક્ષ્મીસેન લિ. સાધ્વી કીર્તિલક્ષ્મી પઠનાર્થં ઉગ્રસેનનૃપતિ નગરે મૌક્તિક નિકટે. પ.સં.૩૧, અભય. નં.૨૮૮૧. (૨૯) સં.૧૭૬૫ વર્ષે મૃગસિર માસે અષ્ટમ્યાં તિથૌ લિષિતં શ્રી બિજૈગચ્છે શ્રી પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી દયાસાગર સૂરિંદ્રજી તત્‌શિષ્ય ઋષિ શ્રી ૨૭ શ્રી રાયચંદજી તત્‌શિષ્ય લિપીકૃતં ચેલા સદારામજી આત્માર્થે. ઉદયપુર ભં. (૩૦) સં.૧૭૮૫ વર્ષે માહ માસે કૃષ્ણપક્ષે ૧૨ તિથૌ શુક્રવાસરે નવાનગર મધ્યે લખીતં પુજ ઋષિ શ્રી ૫ આસકર્ણજી તત્‌શિષ્ય શ્રી ૫ મેઘજી તતશિષ્ય મુનિ કૃષ્ણજી આત્માર્થે. પ.સં.૨૩-૧૯, રા.પૂ.અ. (૩૧) સર્વગાથા ૯૧૯, પ.સં.૪૨, પ્ર.કા.ભં. (૩૨) લીં.ભં. (૩૩) રત્ન.ભં. (૩૪) ડે.ભં. (૩૫) ભા.ભં. (૩૬) લ.સં.૧૮૭૧, ઘો.સ.ભં. (૩૭) સં.૧૭૫૨

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચૈ.વ.૮, પ.સં.૩૨–૧૫, લીં.ભં. (૩૮) પ.સં.૩૪–૧૩, અનંત. ભં. (૩૯) પ.સં.૨૬–૧૬, અનંત. ભં. [આલિસ્ટઑઇ ભા.૨, જૈહાપ્રોસ્ટા, મુપુગૃહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૨, ૬૦૭, ૬૧૩, ૬૧૯).]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમશી માણેક.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૧૧–૧૩, ભા.૩ પૃ.૯૯૨–૯૫. પહેલી કૃતિમાં ગુરુનામ જિનતિલક અને બીજી કૃતિમાં જયતિલક મળે છે, જે બન્ને નામોનું અન્યત્રથી સમર્થન પણ થાય છે. તો આ બે કૃતિઓના કર્તા જિનોદય જુદા છે એમ માનવું ?]

## ૬૬૮. સંઘવિજય (સિંહવિજય ?) (ત. હીરવિજયસૂરિ–ઋષિ મેઘજી અપરનામ ઉદ્યોતવિજય–ગુણવિજયશિ.)

પ્રસિદ્ધ હીરવિજયસૂરિ પાસે મેઘજી ઋષિએ લોંકામતનો ત્યાગ કરી સં.૧૬૨૮માં દીક્ષા લીધી અને મેઘજીનું નામ ઉદ્યોતવિજય રાખ્યું. આ પ્રસંગે અમદાવાદના જૈન સંઘે મોટો ઉત્સવ કર્યો હતો. આ દીક્ષા-અવસરે મેઘજીની સાથે તેના ત્રીસ (અઠાવીસ) શિષ્યોએ પણ તપાગચ્છની દીક્ષા લીધી તે પૈકી ગણું નામના શિષ્યનું ગુણવિજય નામ રાખ્યું. અને તેમના શિષ્ય તે કવિ સંઘવિજય. હીરવિજયસૂરિના એક શિષ્ય સંઘવિજય નામના હતા. તેનું સંસારપક્ષે સંઘજી નામ હતું. તે પાટણનો એક ગૃહસ્થ હતો. તેની સ્ત્રીથી એક પુત્રી થઈ હતી. પોતાને ૩૨ વર્ષની ઉંમર થતાં હીરવિજયસૂરિના ઉપદેશથી દીક્ષા લેવાનું મન થતાં સ્ત્રીની અનુમતિ છેવટે લઈ પોતાની પુત્રીનું લગ્ન કરી આપવા માટે ખોટી થયા વગર દીક્ષા લીધી અને તેની સાથે બીજા સાત જણાએ દીક્ષા લીધી. સંઘજીનું નામ સૂરિજીએ સંઘવિજય રાખ્યું. તે જ સંઘવિજય અને આપણા કવિ – ગુણવિજયના શિષ્ય – એ જુદા યા એક જ છે તે ખાત્રીથી કહી ન શકાય. કદાચ આપણા કવિનું નામ સિંઘવિજય – સિંહવિજય પણ હોઈ શકે. તેથી મને તો બંને જુદા હોવાનું વધારે સંભવિત લાગે છે. જુઓ 'સૂરીશ્વર અને સમ્રાટ' પૃ.૨૧૦ અને ૨૨૫.

સંઘવિજયગણિએ કલ્પસૂત્ર પર 'પ્રદીપિકાવૃત્તિ' સં.૧૬૭૪માં રચી છે અને તેની સં.૧૬૮૧માં લખેલી પ્રત લીંબડી ભંડારમાં પ.સં.૧૫૫ અને ગ્રંથમાન ૩૩૦૦ની દા.૧૨માં છે.

**(૧૫૦૪) ઋષભદેવાધિદેવ જિનરાજ સ્ત.** ૭૧ કડી ર.સં.૧૬૬૯ આસો શુદ ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આદિ** – દૂહા.

**સરસતિ** ભગવતિ ભારતી, કવિજન કેરી માય,
અમૃત વચન નિજ ભગતનઈ, આપો કરી પસાય.
શાસનદેવી ચિતિ ધરૂ, પ્રણમું નિજગુરૂપાય,
પ્રથમ તીર્થંકર વર્ણવું. શ્રી **રિસહેસરરાય.** ૨
ભવ તેરહ સ્વામી તણા, હું સંષેપિ ભણેસ,
રચ્યું તવન રલીયામણું, સફલ જન્મ કરેસ. ૩

**અંત** – સંવત **સશિ રસ કાય નિધાન,** એ સંવત્સર કહ્યો પરધાન,
આસો માશિ તૃતીઆ ઉજલી, કર્યું તવન પૂરણ મનિરલી. ૬૯
જિહાં ધ્રુ અવિચલ મેરૂ ગિરંદ, જિહાં ગ્રહગણ તારા રવિ ચંદ,
તિહાં લગઈ શ્રી **ઋષભચરિત્ર,** ભણઇ ગણિઈ તસ જન્મ પવિત્ર. ૭૦

કલશ.

એ પ્રથમ નરપતિ પ્રથમ મુનિવર પ્રથમ ભિષ્યાચર હવો,
એ પ્રથમ જિનવર પ્રથમ કેવલી ભાવ આંણી મઈ સ્તવ્યો,
**તપગચ્છ**પતિ શ્રી **વિજયસેન**સૂરિ શ્રી **વિજયદેવ**સૂરિ પટોધરૂ,
ગણિ **ગુણવિજય** શિષ્ય **સિંઘવિજય** કહિ સયલ સંઘ મંગલ કરૂ. ૭૧

(૧) ઇતિશ્રી ઋષભદેવાધિદેવ જિનરાજ સ્તવનં સંપૂર્ણં. લિખિતં સંવત ૧૬૭૦ વર્ષે માઘ માસે શુકલપક્ષે પુર્ણિમાતિથૌ સૂર્યસુતદિવસે ગણિશ્રી ગુણવિજય શિષ્ય ગણિ **સિંઘવિજયેન** લિખિતં. શ્રી **અણહિલ્લપત્તન** મધ્યે શ્રી **પેતલવસહી** પાટકે વાસ્તવ્ય સુશ્રાવક પુણ્યપ્રભાવક શ્રી દેવગુરૂભક્તિકારક સાહ **નાનજી** પઠન કૃતેતિ ભદ્રં ભૂયાત શ્રી. પ.સં.૩-૧૫, વિ.ધ.ભં.

**(૧૫૦૫) [+] સિંહાસન બત્રીસી ચો.** ૧૫૪૭ કડી ૨.સં.૧૬૭૮ બીજા માગશર શુ.૨

**આદિ** – શ્રી સારદાઇ નમઃ અથ બત્રીસ પૂતલી સંઘાસણુની લખ્યતે.

સકલ મંગલ ધર્મધુરિ, દાંન દયા સત્યમેવ;
નમો નિરંતર જગગુરૂ, અનંત ચઉવીસી દેવ. ૧
સિદ્ધ સવે નિતુ પ્રણમીયેં, લહીઈ સયલ જગીસ;
ત્રિભુવનસિર-મુગટમણી, ભયભંજન જગદીસ. ૨
પરમાતમ પરમેશ્વરા, અમલ જ્ઞાન અનંત;

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાથ નિરંજન સાંઇય, અકલ જે ભગવંત. ૩
એક અનેક અનંત જે, નિરાકાર નિરંગ;
આદિપુરૂષ પુરૂષોત્તમા, જે ભગવાન નિસંગ. ૪
અશરણશરણ સમત્થ જે, દીનાનાથ દયાલ;
ચઊદ-ભુવન-ભૂપાલ જે, ભગતાજન-પ્રતિપાલ. ૫
અપરમ અવગતિ અલખ જે, અજેઅ પરબ્રહ્મરૂપ;
તેજપુંજ પ્રભુતા બહુ, ન કલ્યૂં કેણિ સ્વરૂપ. ૬
અખય અગોચર અમર જે, નિરામય નિકલંક;
પરમાણંદપદ જેણિં લહ્યું, સો ધ્યાઉં નિઃશંક. ૭

**અંત –** કથા કતુહલ જે સુણૈં, તે લહિં સુખસંપતિ;
ચતુર તણાં ચિત્ત રિંઝવેં, છેં એહમાં સુભમતિ. ૩૩
સંવત **૧૬ અઠોતરેં**, દ્વિતિયા માગશિર માસ;
શુક્લ પક્ષ મૂલારકેં પૂરણ રચિયો રાસ. ૩૪
**સંઘવિજય** કવિયણ ભણેં, **સરસતિ** સાનિધિ કીધ;
સદ્ગુરૂપાય પસાઉલે, તેણેં પામિ સદબુદ્ધિ. ૩૫
સદગુરૂ સંઘ સાચો મિલ્યો, તો પૂગી મનઆસ;
મિથ્યામતિ-દવ ઓલવ્યો, ગુરૂમુખ-ચંદન-વાસ. ૩૬
**તપગચ્છનાયક** ગુણનિલૌ શ્રી **હીરવિજય** સૂરીંદ
જૈન ધરમ દીપાવીયૌ જસ પય નમૈ સુરીંદ. ૩૭
**લુંકાપતિ ઋષિ મેઘજી** અઠાવીસ ઋષિ પરિવાર
આવી **હીરગુરૂ** વંદીયા આણી હર્ષ અપાર. ૩૮
કુમતિ તજી સુભ મતિ ભજી સાર્યા આતમકાજ
**ઉદ્યોતવિજય** વિબુધ પદ દીઉ ધનધન **હીરગુરૂ**રાજ. ૩૯
અઠાવીસ માહે મુખ્ય સિસુ **ગુણવિજય** ગણિરાય,
તસ સીસઇ ઉદ્યમ કરી પ્રબંધ રચ્યો સુષદાય. ૪૦
ભ(ણે) ગુણેં જે સાંભલેં, કરિય જન્મ પવિત્ર,
ઉદારપણું મન ઉપજેં, સુણતાં એહ ચરીત્ર. ૪૧
ન્યૂન્ય અધિક જે વિનવ્યું, પાય પ્રણમું કવિરાય;
અખર મત્તારહિણ વિણ, ભૂલો ડવજ્યો ઠાય. ૪૨
કવિપદની હું રેણું છું, હું બાલક મતિહીણ;
તડોવડિ કહિની નવી કરૂં, જે કવીરાજ પ્રવિણ. ૪૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાસ્ત્ર તણા ભેદ નવિ લહુ, નહી વલી બહુલી બુદ્ધિ;
મુઝ મતિ સારૂ વર્ણવી, બત્રીસ કથા પરસીદ્ધ. ૪૪
પૃથવિમંડલ વિર (સવિ) જિહાં, અચલ મેરૂ ગિરિંદ;
અંબર તારા ગ્રહ વસે, જિહાં ધ્રુ શશિ દિણંદ. ૪૫
તિહાં પ્રતપો વિક્રમચરિ, પરઉપગારી ભૂપાલ;
આસ ફલે જગ તેહની, જો સુણે ચરિત્ર રસાલ. ૪૬
પુન્યવંત સુણતાં હુયે, ભણતાં હોયે સુજાણ;
જયશ્રી વંછિત સુખ લહિં, લહિં નર કોડિ કલ્યાણ. ૧૫૪૭

(૧) ઇતિશ્રી વિક્રમ મહારાય ચરિત્ર સિંઘાસણ બત્રીસી. સંવત ૧૮૬૯ જ્યેષ્ટ શુદિ ૨ પન્યાસ દયાલવિજ(ય) લષીતં ભરૂઅચ બંદિરે પં. ધર્મવિજય પઠનાર્થે. પ.સં.૫૦-૧૭, ના.ભં. (૨) પ.સં.૬૯, સિનોર ભં. દા.૭. (૩) ગ્રંથાગ્રંથ સર્વ મલી ૧૬૦૦, પ.સં.૪૬-૧૮, તેમાં ૪૦, ગો.ના. (૪) ૧૮૦૧ ગા. સં.૧૭૮૪ આસો વદિ ૮ બુધે પં. લાલસાગરગણિ શિ. ગણિ જયસાગર જય લહિ ગુરૂના પસાયથી હસ્તિસાગર લખિતા. પ.સં. ૭૬-૧૩, સુ.લા. ખેડા. (૫) સં.૧૭૯૯ વર્ષે મૃગસરિ માસે શુકલપખ્યે ૨ રવો (પછી હરતાલ ફેરવી છે). પ.સં.૭૦-૧૪, ખેડા ભં.૩. (૬) પં. ઈંદ્રવિજય શિ. ગણિ ખુસાલવિજયેન લ. કેસરબાઇ ગૃહે સા નેમિદાસ પઠનાર્થં, શાકે ૧૬૩૧ વર્ષે કા.શુ.૪ મંગલ દિને. એક ચોપડો, પ.ક્ર.૧થી ૬૨, જશ.સં. (૭) ગ્રં.૩૧૮૩ સં.૧૭૭૨ કા.શુ.૭ રવો લિ. વૈરાટનગરે આચાર્ય ત્રિલોકસીહજી શિષ્યાંનુશિષ જેરાજ સ્વયં વાચનાય. પ.સં.૪૮-૧૫, રાજકોટ મોટા સંઘનો ભં. (૮) ગ્રં.શ્લોક ૨૨૦૦ લ. ઋષિ જયેડા સં. ૧૮૧૭, કા.શુ.૩ ગાંમ પ્રાંતિજ મધ્યે લૂકાગછે ઋષિ વિરચંદને વાસ્તે લપૂ છે. પ.સં.૪૨-૨૦, રાજકોટ મોટા સંઘનો ભં. (૯) પ્રતિ ૧૭મી સદીની, પ.સં.૯૭, ચતુ. પો.૭. (૧૦) સં.૧૭૯૦ ચૈ.શુ.૮ સોમે મુનિ રૂપવિજયગણિ લ. સાણંદનગરે. પ.સં.૬૧-૧૫, જશ.સં. (૧૧) સં.૧૬૮૦ પો.શુ.૨ શનિ વિબુદ્ધ શિ. ધર્મસી લિ. પ.સં.૪૫, મહિમા. પો.૩૬. (૧૨) ઉદયપુર ભં. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. સાહિત્ય, વર્ષ ૨૧ અં.૪થી ૧૨.]

**(૧૫૦૬) અમરસેન વયરસેન રાજર્ષિ આખ્યાનક ૨૭ ઢાળ ૫૧૯ કડી ૨.સં.૧૬૭૯ માગ.શુ.૫**

**આદિ** – સકલ સિદ્ધિ સુખ સંપદા, લહીઇ બુદ્ધિ વિનાણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચ પરમેષ્ટી પ્રણમીઈ, હુઈ ઘરિ કોડિ કલ્યાણ. ૧
શ્રી **આદીશ્વર શાંતિજિન**, **યદુપતિ નેમિ** જિણુંદ,
**પાસ વીર** પ્રભુ પાય નમું, પંચ તીરથ સુખકંદ. ૨

*

**અમરસેન વયરસેન**નંઇ પૂર્વ ભવ અધિકાર,
દાનપૂજાલાભ ગુરૂઈ કહ્યો, તેણુઇ લહ્યાં સુખ અપાર. ૧૪

*

પ્રકરણ **પુષ્પમાલા** તણી, ગાથા ભણી સુજાણિ,
રસિક સંબંધ શ્રવણે સુણયો, રાસ રચ્યું શુભવાણિ. ૧૬

ઢાલ ૨૭ રાગ આસાઉરિ.

**સરસતિ** માત સાનિધિ કરી, રચ્યો સંબંધ રસિક
શાસ્ત્ર અનુસારઇ વર્ણવ્યો, નવિ ભણ્યો બોલ અલીક. ૪૮૯
પટ્ટપરંપર **વીર**નો ક્રમઇં હવો યુગહપ્રધાન,
શ્રી **હીરવિજય** સૂરીશ્વર **અકબર** નૃપ દીઇ માન. ૪૯૦
બિરૂદ જગગુરૂ તેણઈ દીઉં, તીરથ **શેત્રુંજ ગિરિનારિ**,
મુગતાઘાટ કારાવીઆ, જાત્ર કરઇ નરનારિ. ૪૯૧
છોડાવ્યો જેણુઇ જીજીઓ, મુકાવ્યું જગિ દાંણ,
બંધ લાખ મેલ્હાવીઆ, **હીરગુર** વચન પ્રમાણ. ૪૯૨
ઉદય અધિક શ્રી ગુરૂ તણો, **રાજનગર** મંઝારિ,
**સોલ અઠાવીસઈ** આવીઆ, **મેઘજી** ઋષિ ઉદાર. ૪૯૩
**લુંકા**મત મૂંકી કરિ, કુમતિ કીઉ પરિત્યાગ,
મન વચન કાયા કરી, ધર્મ્મ તણો મનિ રાગ. ૪૯૪
જિનપ્રતિમા જિનસારિષી, કહી પ્રવચનિ અધિકાર,
સદ્દહણા સાચી ષરી, આવી તસ હૃદય મઝારિ. ૪૯૫
આચારિજપદનો ધણી, નહિ અભિમાન લગાર,
**હીરગુરૂ**ચરણે જઇ નમું, મન સ્યું કર્યો વિચાર. ૪૯૬
ભાષ્યા ગણ્યા સિદ્ધાંત સવિ, પંડિત બહુશ્રુત જોડિ,
અઠાવીસ ઋષિ સ્યું પરવરયા, આવી વંદઇ મનકોડિ. ૫૯૭
પુનરપિ ચારિત્ર આદરઈ, વિશુદ્ધ **હીરગુરૂ**હાથિ,
પંચ મહાવ્રત ઉચ્ચરઇ, અઠાવીસ ઋષિનઇ સાથિ. ૪૯૮
ઋષિ **મેઘજી ઉદ્યોતવિજય**, નામ અનોપમ દીધ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઋષિ ગણો તે **ગુણવિજય** દીધૂં નામ પરસિદ્ધ. ૪૯૯
નામ થાપના અનુક્રમઈ કીધી શ્રી ગુરૂરાજિ
પાંમ્યો લાભ ગુરૂઈ અતિઘણો, સારચાં તસ બહુ કાજ. ૫૦૦
શ્રી **હીરવિજય** સૂરિશ્વરૂ, ગુણવંત તસ તણો સીસ,
ગિરૂઓ **ગુણવિજય**ગણિ, ગુરૂઆણ વહઇ નિજ સીસ. ૫૦૧
તસ વિનયી વગતા વિબુધ, **સંઘવિજય** પભણંતિ,
સરસ સંબંધ શ્રોતા સુણઇ, પૂરાઈ વક્તા મન ષાંતિ. ૫૦૨
સુખ સંપજઈ સુણતાં શ્રવણિ, નાસઇ તાસ ઉચાટ,
ભણઈ ગુણઈ મનિ ભાવ સ્યું, તસ ઘરિ હુઇ ગહગટ. ૫૦૩
**ચંદ્રકલા ઉદધિ નિધિ** વરસે મૃગશિર માસ,
શુદિ પંચમી ઉત્તરારકિં પૂરણ રચીઉ રાસ. ૫૦૪
કવિરાય ચતુરગુણી જિકે, પાય પ્રણમું કર જોડિ,
અધિક ન્યૂન જે મઇ કહ્યું, મુઝ મમ દેયો ષોડિ. ૫૦૫
વિનોદપણાંઈ અજાનપણઈ બોલ્યાં જેજે વચન,
અખરમતિ શુદ્ધ તે કરયો સંત સુજન્ન. ૫૦૬
ઢાલ અઠાવીસમાની. ૨૮, ઢાલ કડવાની જાતિ
એહ રાસ કીધો લાભ લીધો સીધું વંછિત કાજ,
કેણઈ દાન દીધું હવું પ્રસિધું લીધું ત્રિભુવનરાજ. ૫૦૭

અંત – કલશ–રાગ ધન્યાસી.

શ્રી **વીર**થી અનુક્રમિ પાટિ **તપ**ગછિ શુદ્ધ પરંપરા,
શ્રી **વિજયદાન** ગુરૂ **હીર જેસંગજી, વિજયતિલક** સૂરીશ્વરા.
તસ પટોધર ઉદયગિરિ જિમ ઉદયો અવિચલ દિનકરૂ,
અભિનવો **ગૌતમ** ભવિક વંદો, **વિજયાણંદ** સૂરીસરૂ. ૫૧૮
સંપ્રતિ વિચરઇ યુગપ્રધાન ગુરૂ છત્રીસ ગુણ અંગઇ ધરઈ,
સાધુપુરંદર મહિમામંદિર અમૃતવાણિ મુખિ ઉચરઈ,
શ્રી **હીરવિજય** સૂરીંદ સેવક **ગુણવિજય**ગણિ મુનિવરૂ
તસ સીસ સંથુણ્યા રાજઋષિ હોય સકલ સંઘ મંગલ કરૂ. ૫૧૯

(૧) મહોપાધ્યાય શ્રી ૯ શ્રી નંદિવિજયગણિ શિષ્યશિરોમણિ ગણિશ્રી ધનવિજયગણિ શિષ્ય મુ. ભક્તિવિજયેન. લિખિતં સ્વવાચનાય સં.૧૬૯૭ વૈ.વ.૧૩ દિને શ્રી અમ્હદપુરે. પ.સં.૨૦–૧૫, વિ.ધ.ભં. (૨) લિ.સં.૧૮૭૮, પ.સં.૨૧, પંજાબ જીરાનો ભં. ડબ્બો ૧૨ નં.૫૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૫૦૭) વિક્રમસેન શનિશ્ચર રાસ** ૪૪૭ કડી ર.સં.૧૬૮૮ [૧૬૯૩]
કાર્તિક વદ ૭ ગુરુ

**આદિ–** દૂહા રાગ આસાઉરી.
સિદ્ધ નામા ૐકાર ધુરિ, જ્ઞાનતેજ અનંત;
સુખમય પરમાણંદપદ, પામ્યા શ્રી ભગવંત. ૧
પરમાતમ પ્રભુ પ્રણમીઇ, વાધઇ સયલ જગીસ;
ગુણસમુદ્ર સદ્‌ગુરૂ નમું, કર જોડી નમું શીસ. ૨

**અંત – શશિકલા** સંવત **હરિ રામ,** કાર્તિક બહુલ ગુરૂ પુષ્ય અભિરામ;
સાતમિ અમૃત સિદ્ધિ **ર**વિયોગ, વીસવસાધિક મિલ્યો સંયોગ. ૪૩૭
**શનિશ્ચર વિક્રમ** નૃપ ચરી, કરી રચના શુભમતિ **અ**ણુસરી
**સરસતિ** માત તણઇ સુપસાય, **સ**રસ સંબંધ રચ્યો સુખદાય. ૩૮
**શ્રી હીરવિજયસૂ**રિ **તપ**ગચ્છધણી, તેહ તણી જગિ દીપ્તિ હુઈ ઘણી
તસ શીસ **ગુણવિજય** ગુણવાન, સુવિહિત સાધુ ગુણરતન નિધાન. ૪૩૯
કુમત મતિ જેણિ ફરિ પરિહરી, **હીર**ગુરૂઆણ સાચી શિર ધરી;
**ગુણવિજય**ગણિ કેરો શીસ, તણઇ ગાયો **અવંતિ-ઇશ.** ૪૦
ગુણવંતના ગુણ ગુણીઆ ખંતિ, **વિક્રમ નર**પતિ મહાપુન્યવંતઃ
કલિયુગમાં જેણિ નરિ અવતરી, શુભ કરણી અનુમોદવા કરી. ૪૪૧
મીનરાશિ શની આવે યદા, હાલકલોલ પુહવઈ કરઇ તદા;
કપાવઇ સ્વર્ગમૃત્યુપાતાલ, અર્થ પુત્રનો એક હવાલ. ૪૪૨

ગાહા

ઇય સણી **વિક્રમ** ચરિયં, રચિયં બહુ ભત્તિ **સિંહ**વિબુહેણ
જો પઢઇ ગુણઇ નિસુણઇ, ગ્રહપીડા ન કુણઇ તસ્સ. ૪૪૭

(૧) સં.૧૭૦૧ ફા.શુ.૧૩ સુરગુરૂવાસરે **રાજ**નગરે. ૫.સં.૨૭–૧૧, લા.ભં. નં.૪૨૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૭૪–૭૮, ભા.૩ પૃ.૯૫૧–૫૪. કવિની ગુરુપરંપરા જોતાં એમાં 'સંઘવિજય' નામને જ સમર્થન મળે છે. 'વિક્રમસેન શનિશ્ચર રાસ'ના રચનાસંવતદર્શક શબ્દોના અર્થઘટનમાં કંઈક ભૂલ થઈ જણાય છે. રામ=૩ જ થાય, ને હરિ=૯ ગણવા યોગ્ય છે.]

**૬૬૯. નાનજી** (લોં. રૂપ–જીવ–કુંવરજી–શ્રીમલ–રતનસીશિ.)

**(૧૫૦૮) પંચવરણ સ્ત.** ર.સં.૧૬૬૯ દિવાળી નવાનગરમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આદિ –** રાગ કેદારો

શ્રી અરિહંત પાએ નમીજી સ્તવન રચિસિ જિનરાય
પંચવરણ જિનવર તણાંજી, કહિવા મૂઝ મન થાય. ૧

**અંત –** શ્રી **રૂપ** ઋષિ **જીવ** ઋષિ સાર, ઋષિરાય **કુંયર** ઉદાર
શ્રી **શ્રીમલ** ગણધાર, તસ પાટિ **રતન** અણગાર. ૨૧
ગણિ **નેમ** જિણંદ સલોઇ, મુનિ **નાનજી** એણી પરિ બોલી,
સંવત **સોલ ઉગણોતરા** વર્ષે, દીવાલિ દિન મનહરષિ. ૨૨
શ્રી **નવાનગર** મઝાર, જિન સ્તવિયા હરષ અવાર,
પૂજ્ય તિહા રહ્યાં ચોમાસ, શ્રી સીંઘ બહુ ઉલ્હાસ. ૨૩
પંચવરણ જિનવરૂ રૂપસુંદર ગાઇયા ભાવિ કરી
કર્મ્મ કઠણ ચુરી ધ્યાન્ય પુરી વિમલ સિદ્ધિવધૂ વરી
પ્રહ સમય ઉઠિ નિતિ નમીય અનુ જસ કીરતિ ધરી
સર્વ ઋદ્ધિવૃદ્ધિકલ્યાણદાયક, સયલ સંઘ મંગલ કરી. ૨૪

**(૧૫૦૯) નેમિ સ્ત.** ૩૧ કડી ૨.સં.૧૬૭૨ દિવાળી અમદાવાદમાં

**આદિ –** સારદ સારદ દયા કરી દેવી. ઢાલ.

મંગલકારક દુરિયનિવારિક, **પાસ** જિણંદ સિર નામીજી,
શ્રી **નેમિસર** ભુવનદિણેસર, ગુણ ગાઇ મતિ પામીજી
ગચ્છનાયક સેવક સુખદાયક, **રતનાગર** ઋષિરાયજી. ૧

**અંત –** સોમવદન ગુરૂ ત્રિજગઆનંદન, પ્રણમી તેહના પાયજી
શ્રી **અહમદાવાદિ** ઉલટ ઘણે, **રતનસી**ગણિ ચઉમાસ રે
તાસ સેવક મૂનિ **નાનજી**, સંઘનયણે ઉલ્લાસ રે. ૩૦
સંવત્ **સોલ બહુતિરિ** દિવસિ દીવાલી સૂભ આજ રે
શ્રી જિનરાજ ગુણ ગાઇયા, સિદ્ધ થયા સર્વે કાજ એ. ૩૧

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૫૫–૫૬.]

## ૬૭૦. શ્રુતસાગર (ધર્મસાગર-ઉપાધ્યાયશિ.)

**(૧૫૧૦) ઋષિમંડલ બાલા.** ૨.સં.૧૬૭૦ (વ્યોમર્ષિ રસ શીતાંશુ વત્સરે)

(૧) લ.સં.૧૬૭૧, દસાડા ભં. (વે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૬૦૭.]

## ૬૭૧. ક્ષેમકલશ

**(૧૫૧૧) અગડદત્તની ચોપાઈ** ૨.સં.૧૬૭૦ કા.શુ.૩ બુધવાર

(૧) લિ. **જ્ઞાન**સાગર **બીજા**પુર (દક્ષિણ). પ.સં.૩૩, પાલણપુર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંઘ ભંડાર દા.૪૬ નં.૨૩. (આની પ્રત તે ભંડારમાં જોતાં મળી નહીં.)
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૬૧.]

## ૬૭૨. માન-માનચંદ-માનસિંહ-મહિમાસિંહ (ખ. શિવનિધાનશિ.)

ખ. જિનસિંહસૂરિ આચાર્યપદ સં.૧૬૭૦, સ્વ. ૧૬૭૪.

**(૧૫૧૨) કીર્તિધર સુકોસલ પ્રબંધ** ર.સં.૧૬૭૦ દિવાલી પુષ્કરણમાં

**અંત** – શ્રી **ખરતરગચ્છ** છાજઈ, શ્રી **જિનસિંહસૂરિ** રાજઇ,
સંવત **સોલહ સત્તરિ,** દીવાલી દિનિ ગુણભરિ. ૫૦
ગુણિજન સુણિ ઘણું રીજઇ, મૂરખ કિસુંય કહીજઈ,
હિયઈ હરષ બહુ આણી, મતિ દેઈ સાંભળઉ પ્રાણી. ૫૧
એ સંબંધ રસાલ, સુણતાં લીલવિલાસ,
શ્રી **શિવનિધાન** ગુરૂ સીસ, કહઈ મુનિ **માન** જગીસ. ૫૨
શ્રી પુષ્કરણુ ચઉમાસઇ, રહતાં ચિત્ત ઉલ્હાસઈ
ભણતાં સબ સુષદાઈ, સુણતાં લીલ વધાઇ. ૫૩.

(૧) ઈડર બાઈઓનો ભં.

**(૧૫૧૩) મેતાર્યઋષિ ચો.** ર.સં.૧૬૭૦

**આદિ** – દૂહા
વિદુર લોક સુખદાયિની, **સરસતિ** સમરિ ઉલ્હાસિ
**મેતારિજ** રિષ ચરિત સુભ, કહિસું ગ્રંથ પ્રકાસિ. ૧
રિસિ ઉત્તમ કરણી કરી, તિનિ ઉત્તમ તસુ નામ
ચતુર નારિનર સંભલઉ, ચરિત એહ અભિરામ. ૨

**અંત** – ઢાલ રાગ ધન્યાસી
જે સાધુગુણ મનિ સાંભલી, મનિ ધરઇ પરમ આણંદ
તે હલૂકરમઉ જાંણીયઇ, સોઇ પાંમઇ હો અનુક્રમિ સુખકંદ ૫ આ.
સંબંધ એ સરસ કહિઉ, **શિવનિધાન**ગણિ સીસ
મુનિ વદતિ **માંન** સુપ્રેમ સું, સુખ કારણિ હો ધરિ મનહ જગીસ. ૬
સંવત **સોલહ સત્તરઈ, પુહકરણ** નયર મઝારિ
સંબંધ એહ સુહિઉ સહી, અતિસુંદર હો નિજ મતિ અનુસારિ. ૭
આપ હરષ હિયઇ આંણી ઘણઉં, મન દેઇ સુણઉ સુજાંણ
મુનિ વદતિ **માન** સુપ્રીતિ સું, નિતુ કીજઇ હો નિજ ધર્મ પ્રમાણ.૮
શ્રી ગચ્છ **ખરતર** દીપતઉ, શ્રી **જિનસિંઘ**સૂરિ સૂરિંદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસુ રાજિ પરમ પ્રમોદ સું, મનિ આંણી હો નિતુ બહુ આણંદ. ૯
જે ભણઇ ગુણઈ સુણઇ સહી, તસુ સદા લીલવિલાસ
મુનિ વદતિ **માન** સદા સદા, તસુ પૂજઇ હો મનવંછિત આસ. ૧૦

(૧) સં.૧૭૪૪ કા.શુ.૭ ગેહાસર મધ્યે દાનચંદ લિ. પ.સં.૮, જય. પો.૬૯. (૨) પ.સં.૯, અમીર. પો.૯. (જેમાં નીચેની ક્ષુલ્લક ચોપાઈ પણ છે.)

**(૧૫૧૪) ક્ષુલ્લકકુમાર ચોપાઈ – સાધુસંબંધ** ગા.૧૪૯ સં.૧૬૭૦ આસપાસ પુષ્કરણીમાં

**આદિ** – શ્રી સદગુરૂપદજુગ નમી, **સરસતિ** ધ્યાન ધરેસુ,
**ક્ષુલ્લકકુમર** સુસાધુના, ગુણસંગ્રહણ કરેસુ. ૧
ગુણ ગ્રહતાં ગુણ પાઇયઇ, ગુણિ રંજઇ ગુણજાણ,
કમલિ ભમર આવઇ ચતુર, દાદુર ગ્રહઇ ન અજાણ. ૨
ગુણિજનસંગતિ થઇ નિગુણ, પાવઇ ઉત્તમ ઠામ,
કુસુમસંગિ ડોરો કંટક, કેતકિસિરિ અભિરામ. ૩
પહિલઉ ધર્મં ન સંગ્રહિઉ, માત કહિઇ ગુરૂવયણ,
નટુઇ વયણે જાગીયઉ, વિકસે અંતરનયણ. ૪
એક વચનિ સોઇ આપ મનિ, પ્રતિબૂઝયા બલિ ચ્યારિ,
તે સંબંધ કહૂં સરસ, સંભલિજ્યો નરનારિ. ૫

**અંત** – રાગ ધન્યાસી
ઇણિ પરિ જે નિજ મન સહી, રાખઇ નિર્મલ ઠામ
કર્મકંદ તજિ શિવસુખઈ, લીન રહઈ અભિરામ. ૧૪૫
સોઇ નર સલહીયઇ, સબહૂં મઈ સિરતાજ
ધર્મરૂપ ધન સંચિ કઇ, તે પામઇ સુખરાજ. ૧૪૬
શ્રી **ખરતરગચ્છ** સય ધણી, યુગપ્રધાન ગુરૂરાય
શ્રી **જિનસંહસૂરિ** દીપતઇ, પામી તાસૂ પસાય. ૧૪૭
હરષ ધરી મનિ આપણઇ, મન દેઇ સુણઉ સુજાણ,
સાધુગુણે ગુણ સંપજઇ, પાંવઇ નિરમલ ઠાણ. ૧૪૮ સો.
એ સંબંધ સરસ કહ્યઉ, **શિવનિધાન** ગુરૂ સીસ
**માનસિંહ** મુનિ ઇમ કહઇ, શ્રી **પુષ્કરણી** જગીસ. ૧૪૯ સો.

(૧) સં.૧૬૯૦ મૃ.સુ.૨ શુક્ર પુષ્કરણી મધ્યે જીવરંગ લિ. પ.સં.૫, મહિમા. પો.૩૬. (૨) પ.સં.૬, અભય. નં.૨૧૫૮. (૩) પ.સં.૯, અબીર.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પો.૯. (જેમાં ઉપલી મેતાર્ય ચોપાઈ પણ છે.) (૪) પ.સં.૫-૧૭, મો.સે.લા. (૫) પ.સં.૪-૨૦, ઘોઘા સંઘ ભં. દા.૧૩ નં.૪૬.

**(૧૫૧૫) ઉત્તરાધ્યયન ગીતો** (૩૬ અધ્યયનનાં) ર.સં.૧૬૭૫ શ્રાવણ વદિ ૮ રવિ

**આદિ** – શ્રી જિનવર પદયુગ નમી, શ્રી **સરસતિ**-ગુરૂ-પાય,
**ઉત્તરાધ્યયન** છતીસ ગુણ, ગાઇસુ નિરમલ ભાય. ૧
શ્રી **શિવનિધાન** વાચક ચરણ, પ્રણમિય મનઉલ્લાસિ,
રિષિભાસિત ગુણ જોઇયઇ, અનુમતિ લહિ ગુરૂ પાસિ. ૨
ગયણ ચરણ ગાહઈ કવણ, કુલ તોલઇ ગિરિરાય,
સર્વ જલધિજલ કુણ મિણઇ, સુત્ત અરથનિ બખાઇ. ૩
ગુરૂબંધવ પંડિતપ્રવર, **કનકસિંહ મતિસિંહ**,
તિણિં આગ્રહ કીધઈ ઘણઇ, ભાખઇ **મહિમાસિંહ**. ૪
સૂત્ર ગહન અતિ તુચ્છમતિ, ગુણ કિમ કહણા જાય,
તઉ પણિ સુગુરૂપ્રસાદ લહિ, **માન** વદઈ ચિત લાય. ૫

**અંત** – રાગ ધન્યાસી ઢાલ રૂપકમાલાની
શ્રી **ઉત્તરાધ્યયનઈ** કહ્યા છત્તીસઇ અજઝયણ,
ગુણ ગંભીર અરથ ભલા, સરસ સુધા પિણ વયણ.
સંવેગી પ્રાણી ચિત ધરિ. ૧
ઇહ-પરભવિ હિત જાણી, ઇમ ભાખઇ શ્રી જિનવાણિ–સંવેગી.
ધન ધન શ્રી જિનવર જયઉ, ધન ધન શ્રી ગણધાર,
ભવિયણ-જણ-તારણ તણી, એહ અરથ ઉપગાર. ૨ સં.
જે ભવિ સિદ્ધા પ્રાણિયા, જેહ અલપ સંસાર,
ભવ્ય એહ અધ્યયનનઇ, ભણઇ ગુણઇ અધિકાર. ૩ સં.
ગુરૂમુખિ લેઇ વાચના, વિધિ સું વહિ ઉપધાન,
જોગ સહિતા કિરિયા કરઇ, તે પામઇ શ્રુતજ્ઞાન. ૪ સં.
**સોલહ સય પચહત્તરઈ**, શ્રાવણ વદિ રવિવાર,
આઠમ દિનિ અધ્યયન, ગુણ ગાથા સુવિચાર. ૫ સં.
શ્રી **ખરતરગચ્છ** રાજાણઉ, સુવિહિત સાધુશિંગાર,
**જિનસિંહસૂરિ** પાટધરૂ એ, કઠિન ક્રિયા આચાર. ૬ સં.
જુગપ્રધાન સાચઉ જસ, શ્રી **જિનરાજસૂરિ** દાખ,
તાસુ વિજય રાજ્યે સદા, સંઘ સકલ આણંદ. ૭ સં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી હર્ષસાર સહગુરૂ ગુણઉ, સીસ બહુલ પરિવાર,
વાચનાચારિજ થિર જયઉ, શ્રી શિવનિધાન અણગાર. ૮ સં.
તાસુ સીસ અજઝયણના, આતમ મતિ અનુસારિ,
મહિમસિંહ વિનય કરી, ગુણ ગાઇ મનોહારિ. ૯ સં.
પંડિત ગુરૂ બંધવ ગુણી, અવિ હઉ થિમ (?) સહાય,
કનકસિંહ મતિસિંહતનઇ, વચન વિનોદ કહાય. ૧૦ સં.
ભણઇ ગુણઈ જે સાંભલઇ, તિનિ ઘરિ લીલવિલાસ,
માનચંદર કર જોડિનઇ, ભજઇ વંછિત આસ. ૧૧ સં.
(પા.) માન વદે કર જોડિને, પૂજઇ વંછિત આસ.

(૧) પ.સં.૩૭, પ.ક્ર.૨થી ૧૩, કલકત્તા સં.કો.કેટ. વો.૧૦ નં.૧૩, પૃ.૨૪-૨૭. (૨) સં.૧૮૩૮ પો.વ.૧૦ ગુલાબચંદ લિ. પ.ક્ર.૧૮થી ૭૫, જય. નં.૧૦૭૬. (૩) પ.સં.૪૩, જય. નં.૧૦૮૭. (૪) પ.સં.૨૦, જય. નં. ૧૧૪૦. (૫) સં.૧૮૪૮ આ.વ.૧૪ વાલૂચર મધ્યે વા. કુશલકલ્યાણ લિ. પ.સં.૧૧, જય. પો.૬૫.

**(૧૫૧૬) વછરાજ હંસરાજ [હંસરાજ વચ્છરાજ] રાસ** ૫૪૯ કડી
**ર.સં. ૧૬૭૫** કોટડામાં

**આદિ -** દૂહા

શ્રી **આદીસર** જિણ તણા, પદપંકજ પણમેવિ,
આદિકરણ જિન સમરીયઇ, સમરી **સરસતિ** દેવિ. ૧
શ્રી **શિવનિધાન** વાચક ચરણ, પ્રણમિય સદ્‌ગુરૂપાય,
ફલ લહીયઇ જિનધર્મકા, જિણિ સુણિ ધર્મકહાય. ૨
ધર્મ કીયઇ સુખ પાઇયઇ, ધર્મ કીયઇ દુખ જાઇ,
ઇહ ભવિ પર ભવિ ધર્મતઈ, જે વંછઇ તે થાય. ૩
ધર્મપ્રસાદઇ સુખ લહ્યા, **હંસરાજ વછરાજ**,
ઘર તજિ પરદેસઇ ફિર્યા, સીધા વંછિત કાજ. ૪
તે સંબંધ સરસ કહું, સંભલિજ્યો એકચીતિ,
ચતુર વચનિ રીઝઇ ચતુર, ઉપજઈ અદભુત પ્રીતિ. ૫

**અંત -** ઢાલ ધન્યાસિરિ, પાસ જિણંદ જુહારીયઇ એહની ઢાલ
ઇમ જાંણી મન આંપણઇ, કીજઇ જિનધર્મ સગાઇ રે,
દાન સીલ તપ ભાવના, જિણિ કરિ બહુ છૂતરાઇ રે. ૪૨
ભવિઅણ ભાવઇ સાંભલઉ,...

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહુ વિધિ વિદ્યા ગુણ ભર્યા, વલિ આગમ અરથ ભંડારો રે,
શ્રી **શિવનિધાન** વાચક જયઉ, કહઇ તાસુ સીસ સુવિચાર રે. ૪૬
**મહિમસિંધ** સુમતિ ધરી, જિન દાન તણા ગુણ ગાવઇ રે,
**સોલહ સય પંચહુત્તરે,** શ્રી **કોટડા** નગરિ સુભાવઇ રે. ૫૪૭ ભ.
શ્રી **ખરતરગચ્છ** રાજીયઉ, શ્રી યુગપ્રધાન ગુરૂરાય,
શ્રી **જિનરાજ** સૂરીસરૂ, પામી તસુ પરમ પસાયા રે. ૫૪૮ ભ.
ભણતાં સુણતાં સંપદા, જિનધર્મ થકી નર લીલાં રે,
કહિ મુનિ **માન** સુજસ સદા, શ્રી સંઘ સદા સુખલીલા રે. ૫૪૯

(૧) પ.સં.૨૦-૧૫, વડા ચૌ.ઉ. પો.૧૯. (૨) સં.૧૬૭૬ માગ. શુ. ૧૧ **સંગ્રામપુરે જ્ઞાનસમુદ્ર** લિ. પ.સં.૧૬, જિ.ચા. પો.૭૯ નં.૧૯૫૫. (૩) પ.સં.૨૦, રામલાલ સંગ્રહ, વિકાનેર. [જૈહાપ્રોસ્ટા.]

**(૧૫૧૭) અર્હદ્દાસ પ્રબંધ**

મેડતાના કપૂરચંદ ચોપડાના આગ્રહથી.

**(૧૫૧૮) રસમંજરી** ગા.૧૦૭

(૧) ચતુ.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૧૯, ભા.૩ પૃ.૬૯૪-૯૮, ૧૪૦૩ તથા ૧૫૦૭-૦૮. ત્યાં 'કીર્તિધર સુકોશલપ્રબંધ'નો રચનાસંવત ભૂલથી ૧૬૧૭ દર્શાવાયેલો. ભા.૩ પૃ.૧૪૦૩ પર 'હંસરાજ વચ્છરાજ ચોપાઈ' ૨.સં. ૧૭૭૫થી મહિમાસેનને નામે નોંધાયેલ છે.]

## ૬૭૩. હીરચંદ (ત. ભાનુચંદ્ર ઉ. શિષ્ય)

[ભાનુચંદ્ર ઉપાધ્યાય અકબરના સમકાલીન હતા અને એમની ૨.સં. ૧૬૭૧ની કૃતિ નોંધાયેલી મળે છે.]

**(૧૫૧૯) કર્મવિપાક (પહેલો કર્મગ્રંથ) બાલા.**

આદિ – શ્રી **ભાનુચંદ્ર** વાચક શિશુનોપાધ્યાય **હીરચંદ્રેણ**
**કર્મગ્રંથસ્યાર્થો** લિખિતોયં લોકભાષાભિઃ. ૧

(૧) પ.સં.૨૮, પ્ર.કા.ભં. દા.૭૮ નં.૭૯૭. (૨) લિખ્યાવતં ગુરજી કરમચંદ લિષતં ચેલા **તારાચંદ** કોડાય મધ્યે શ્રી **અનંત** પ્રસાદાત્ સં. ૧૯૦૨ પોસ કૃષ્ણ દુતીયા તીથૌ બુધ. પ.સં.૨૭, મ.જૈ.વિ. નં.૬૭. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૦૩.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૬૭૪. મેઘરાજ (અં. ધર્મમૂર્તિ–ભાનુલબ્ધિશિ.)

ધર્મમૂર્તિસૂરિ અંચલગચ્છની પટ્ટાવલિમાં ૬૩મા પટ્ટધર. સં.૧૬૦૨-માં આચાર્ય અને ગચ્છનાયકપદ, સં.૧૬૭૦માં સ્વર્ગવાસ પાટણ.

**(૧૫૨૦) [+] સત્તરભેદી પૂજા**

**આદિ** – સર્વ્વજ્ઞં જિનમાનમ્ય નત્વા સદ્ગુરુમુત્તમં,
કુર્વ્વે પૂજાવિધિં સમ્યક્ ભવ્યાનાં સુખહેતવે.
વંદી **ગોયમ** ગણુહરેં સમરૂં **સરસતિ** એક
કવિયણ વર આપે સદા, વારે વિઘન અનેક. ૨

**અંત** – ગીત રાગ ધન્યાસી.
બોલી બોલી રે બોલી પૂજાની વિધિ નીકી
સતરભેદ આગમેં જિનભાખી, શિવરમણી સિર ટીકી રે. બોલી. ૧
**જીવાભિગમે જ્ઞાતા** ધરમેં **રાયપસેણી** પ્રસીદ્ધી,
**વિજયદેવ દ્રૂપદીએ** પૂજ્યા **સૂરીયાભેં** પણિ કીધી રે. ૨
**અંચલગચ્છે** દિનદિન દીપે, શ્રી **ધર્મમૂરતિ** સૂરિરાયાં,
તાસ તણેં પખેં મહીયલ વિચરેં, **ભાનુલબ્ધિ** ઉવઝાયાં રે. ૩
તાસ સીસ **મેઘરાજ** પયંપે, ચિર નંદો જાં ચંદા રે,
એ પૂજા જે ભણુસેં ગણુસેં, તસ ઘર હોઈ આણુંદા રે. બોલી. ૪

(૧) સં.૧૮૩૦ વર્ષે શ્રા.શુ.૧૫ ગુરૂવાસરે શ્રી **નવાનગરે** શ્રી **અંચલ-ગચ્છે** શ્રી **શાંતિ**નાથપ્રસાદાત્ સા. **રૂપસી રતનપાલ** પ્રમુખ પઠનાર્થં. પ. સં.૪-૧૪, માં.ભં. (૨) ગ્રં.૨૪૦, પ.સં.૯-૧૩, જૈ.એ.ઇ.ભં. નં.૧૩૫૯. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

[પ્રકાશિત : ૧. વિવિધ પૂજાસંગ્રહ વગેરેમાં.]

**(૧૫૨૧) ઋષભજન્મ**

**આદિ** – **વિણીય** નયરી **વિણીય** નયરી **નાભિ** નિયગેહ,
**મરૂદેવી** ઉંઅરસરેં રાયહંસ સારિત્થ સામીય,
**રિસહેસર** પઢમ જિણ પઢમ રાયવર વસહ ગામીય,
વસહ અલંકિઅ કણુય તણૂ, જાયો જુગઆધાર,
તસુ પાય વંદી તસુ તણો, કહિસું જનમ સુવિચાર. ૧

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૬૭–૬૮, ભા.૩ પૃ.૯૪૧. 'ઋષભજન્મ'-નો અંતભાગ ઉદ્ધૃત થયો નથી તેથી કર્તાનામ કેવી રીતે નક્કી થયું છે તે સમજાતું નથી.]

JAINSITE www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૬૭૫. સહજકુશલ (કુશલમાણિકયશિ.)

### (૧૫૨૨) સિદ્ધાંત શ્રુત હૂંડી

જૈન અંગઉપાંગ આદિનાં પ્રમાણો ટાંકી ભાષાગદ્યમાં ઢૂંઢિયાના મતના ખંડન રૂપે રચેલ છે.

**આદિ** – નમિઊણ જિણવરાઈ, સુયવિયારેણ કિંચિ બુચ્છામિ,
જે સંસયંમિ પડિયા, ભવિયજીયા તં પિ બુચ્છેઉં. ૧
શ્રી જિનાદિક પ્રતિમા નમસ્કાર કરી, સિદ્ધાંતનું શ્રુત વિચાર કાંઇ-એક બોલીઉં લિખું, ભવિક જીવ જે સંસઈં પડયા છઈ, તેહના સંદેહ છેદવાનઈં કાજઇ, જે શ્રુતસિદ્ધાંત સ્યું કહીઈ, અરિહંતના કહ્યા અર્થ, ગણધરના ગૂંથ્યા સૂત્ર, તેહના ભેદ શ્રી **નંદીસૂત્ર** થકી જાંણીઇ, તે આલાવઉ સંષેપઇ લિષીઈ છઈ, વિચારી જોયો.

**અંત** – ઇમ અનંતા જીવ દ્વાદશાંગી આરાધી મોક્ષ પહુંતા, અનેક પુંહચૈ છઈ, અનંતા મુક્તિ જાસ્યઈ, ઈમ જાંણી, સિદ્ધાંતની આશાતના ટાલી સૂત્ર સર્વ સદ્દવહીઇ, સજઝાયનું ઉદ્યમકરિવઉ, એતલઈ તપની આરાધના, સંક્ષેપમાત્ર લિખી વલી વિશેષ સૂત્ર અર્થના ભાવ પ્રીછયો, અનઇ સૂત્રના અર્થ નિર્યુક્તિ વૃત્તિ ચૂર્ણિ ભાષ્ય પઇન્ના પ્રકરણ જે બહુશ્રુત પરંપરાઈ માંનઇ છઈ, તે પુણ માનવા. તેહ માંહિ જે હેતુ કારણ ઉત્સર્ગ ઉપવાદ હુઈ તે સદ્દહીઇ, કદાચિત્ત કમ્મયોગ ઊપરિ આસતા નાવઈ તો અપ્રાપ્તિ છઇ; બહુશ્રુત કનઇ અણુસાંભલ્યઇ સચ્છંદમતિઇ ઉથાપીઇ નહીં. અસંબદ્ધપણઈ અર્ણવવાદ ન બોલીઇ. હેતુકારણ સૂત્રે ઘણાઈ દીસઇ છઇ. તે કિમ સદ્દહીઇ છઇ. તિમ નિર્યુક્તાદિકના હેતુકારણ સદ્દહીઇ. કદાચિત ન પ્રીછીઇ તો મધ્યસ્થ રહીઇ. બહુશ્રુત પૂછી ઠાંમઇ પાડીઇ. પિણ એકાંતિ ઉથાપીઇ નહીં. ઘણૂં સ્યૂં લિખીઇ, થોડઇ લિખીઇ ઘણું પ્રીછયો. હિવઇ જે ધમ્માર્થીનિં સૂત્ર ટાલી બીજા સૂત્ર નિર્યુક્તિ પઇન્ના વૃત્તિ ભાષ્ય છેદસૂત્ર ચૂર્ણિ પ્રકરણ નામ દે છઇ, તે માટઇ તે સૂત્રના બોલ નથી લિખ્યા. ઇણ માંહિ પ્રતિમા પ્રતિષ્ટા પૂજા આલોયણ અનેક ભેદ ઘણા છઇ. ભત્ત પઇન્ના માંહિં ૯ ક્ષેત્ર છઇ, તે નથી લિખ્યા, સ્યા માટઇ, જે માટઇ તુમ્હનઇ પ્રતીતિ નથી, ૩૦ સૂત્રના બોલ ટબા માત્ર લિખ્યા છઇ, એહવા સૂત્રના ભાવ ગંભીર પ્રીછી, કુમત કદાગ્રહ મૂંકી

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સૂષા જ્ઞાન દર્શન ચારિત્રતપ પાલિવા, એ પાલ્યા વિના મોક્ષ નથી, શ્રી **ઉત્તરાધ્યયને** ૨૮ મઈ, નાણું ચ દંસણું ચેવ, ચરિત્તં ચ તવોતહા , એવમગ્ગમણુપ્પત્તા, જીવા ગચ્છંતિ સુગ્ગઈં ૧ જિનવચન વિરૂદ્ધ આપબુધ્ધેં કાંઇ હેતુયુક્તિની રચના કરી હુઇ, તે શ્રી સંઘ સાથે ખમાવઉં છું, મિછામિ દુક્કડં, વલી ૨ કાંઇ મંદમતિં મૂઢમતિં વીસારીઉં હુઇ, કૂડું લિખ્યું હુઇ તે બહુશ્રુતેં સોધવું, ભવ્યજીવનેં બુઝવવું. યતઃ

**કુશલમાણિક** ગુરૂણું, તસ્સ સીસસ્સ **સહજકુશલેણું**,
ભવિયણુ બોહણત્થં, ઉદ્ધરિયં સુઅસમુદ્દાઉ. ૧
જં જિણવયણુ વિરૂદ્ધં, સચ્છંદ બુધ્ધેણુ જં મએ રઈયં,
તં ખમહ સંઘ સવ્વં, મિચ્છામિ દુક્કડં તસ્સ. ૨
મંદમઇ મૂઢબુધ્ધેણુ, કૂડં લિહિયં જં ચ વિસ્સરિયં,
બહુ સુએય સોહિયવ્વં, ભવિયજીવાણું ચ બોહિવ્વં. ૩

(૧) ગ્રંથાગ્રંથ સંખ્યા ૨૦૫૦ પ્રમાણુ, પ.સં.૫૫-૧૩, અનંત.ભં. (૨) પ.સં.૫૨, શ્લો.૧૮૫૦, લીં.ભં. દા.૨૧ નં.૪૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૯૯-૬૦૧, ભા.૩ પૃ.૧૬૦૩.]

जैन साइट JAINSITE .com

**૬૭૬. નયસાગર ઉપા.** (આં. કલ્યાણુસાગરસૂરિ-**રત્નસાગર** ઉ.શિ.)

કલ્યાણુસાગરસૂરિ - આચાર્યપદ સં.૧૬૪૯ અમદાવાદ, ગચ્છેશપદ ૧૬૭૦માં પાટણુ, સ્વર્ગ. ૧૭૧૮માં.

**(૧૫૨૩) ચૈત્યવંદન** ૮ ઢાલ સં.૧૬૭૦ ને ૧૭૧૮ વચ્ચે

**અંત -** કલસ.

ઇમ ત્રિજગવંદન દુખનિકંદન સકલ જનમનસુંદરો,
સાસય અસાસય ચૈત્ય પડિમા થુણ્યો મઈ ઉલ્લટ ધરો,
**વિધપક્ષ**-ઉદયાચલ-દિવાકર, શ્રી **કલ્યાણુસાગર** સૂરીસરો,
તસ સીસ સુંદર સુગુણમંદિર, શ્રી **રત્નસાગર** ઉવઝાયરો,
તસ સીસ સાદર **નયસાગર** રચ્યો ચૈત્યવંદન વરો.

(૧) પ્ર.કા.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૩).]

**(૧૫૨૪) ચોવીશી**

**અંત - શ્રી અંચલ**ગણુ-દિનમણી, શ્રી **કલ્યાણુસાગર** સૂરિરાય,
તાસ સીસ શોભાનિલો, શ્રી **રતનસાગર** ઉવઝાય કિ. ભેટયો. ૬
સીસ તાસ હરષિં રી, એહ કરી તવનની જોડિ

ઉવઝાય **નયસાગર** ભણુઇ, નિત ભણતાં રે હોઈ મંગલીક કોડિ કિ
-ભેટચો શ્રી મહાવીર. ૭

(૧) પ.સં.૫-૧૩, આ.ક.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૯૨-૯૩.]

## ૬૭૭. રાજસાગર ઉ. (પીં. ધર્મસાગરસૂરિ-વિમલપ્રભસૂરિ-સૌભાગ્યસાગરસૂરિશિ.)

[આ કર્તા સરતચૂકથી અહીં પાછળના ક્રમમાં મુકાયા છે.]

**(૧૫૨૫) પ્રસન્નચંદ્રરાજર્ષિ રાસ** ર.સં.૧૬૪૭ પો.વ.૭ થિરપુર (થરાદ)માં

**આદિ** - દુહા

પઢમં તિત્થેસુ ભુવર, પ્રણુમું **રિસહ** જિણુંદ,
ચરણુકમલ સેવઇ સદા, મુણિ સુર અસુર નરિંદ. ૧
મહિમંડલિ સુરતરૂ અધિક, ઉદયઉ **નાભિ**-મલ્હાર,
આદિઇ **આદિ** જિનેસરૂ, જગે સોહઇ જસ સાર. ૨
શાંતિકરણુ શ્રી **શાંતિ** જિન, **ઇચિણાઉરિ** અવતાર,
ત્રિહું ભૂયણે ઉદ્યોત હુય, સુર જંપઈ જયકાર. ૩
સોલસમા શ્રી જિનવરૂ, પંચમ ચક્કી જેહ,
એકણિ ભવિ દોઇ એહ લહ્યા, અહનિસિ સમરૂં તેહ. ૪
શ્રી **નેમીસર** હિવ ઘણૂ, બાવીસમુ જિનરાય,
**યાદવકુલ**તારણુ સકલ, **સમુદ્રવિજય** જસુ તાત. ૫
પસુયમેં પિ કરૂણા ધરી, પરહરિ રાજકુમારિ,
દાંન દેઇ દીખ્યા ગ્રહી, જઇ વિલસ્યા શિવનારિ. ૬
**પાસનાહ** ત્રેવીસમા, નમીઇ ત્રિકરણુ શુદ્ધિ,
જસુ ચિત્તિ અહનિશિ વસઇ, અભયદાનની બુદ્ધિ. ૭
અહિ પ્રતિ સુરપતિપદ દીઓ, **કમઠ** તણુ મદ ચૂરિ,
મહિમંડલઇ મહિમા ઘણુઉ, સમરિઇ દોહગ દૂરિ. ૮
**સિદ્ધારથ** રાયકુલિ તિલય, દેહ કનકનુ વાંન,
સુર નર અસુરાદિક તવઇ, અહનિસિ શ્રી **વર્દ્ધમાન**. ૯
ચરમ તિત્થંકર **વીર**ના, મહિમા અધિક અપાર,
ભવિક ચરણુ સેવીત તરઇ, જલનિધિ અપારા વાર. ૧૦
**રિષભાદિક** પંચઇ પ્રવર, મંગલકારણુ દેવ,
**ગોયમાદિ** પ્રણુમી કહું, કલા પ્રબંધહ હેવ. ૧૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંત – ઢાલ સુરસુંદર રૂપિ વિચાર–એ દેસી રાગ ધનાસી.
ઇમ ઘણા જિન ગુણ શ્રેણિ કરી જીઉ, દેઇ પ્રદક્ષણ વંદિ,
સાધુ સવે વંદી કરી ઉઠીઉ, આવઇ જિહાં રષિ પ્રસન્નચંદ. ૯૦
સદા સુખ સાધુગુણ ગાવતાં, જોઇ ધરિ મંગલ નિતુ વર હોઇ આં.
અભિથૂણી મુનિવર શ્રેણિક નરવર આપણઇ થાનકિ જાઇ,
સ્વામિ વિહાર કરઇ મલિ દિસડઇ સાથિ જ્યતિ રિષિરાય. સ. ૯૧
સંયમ પાલિ ગયા મુનિ સિવિ પરિઈં, ભગતિ નમું તસુ પાય,
પ્રહઇ સમઇ નિત કરતાં રષિવંદન, દોહગદુખ સવિ જાઇ. સ. ૯૨
એહ સંબંધ રચીઉ મઇં રૂયડઉ, સાસ્ત્ર તણૈઈ અણુસારિ,
આપમતિ કરિ અધિકઉ કહિઉ, તે ખમયો નરનારિ. સ. ૯૩
સોલ સઠતાલએ પોસ માસિઈં ભલઇ, બહુલ સાતમિ ગુરૂવારિ,
થિરપુર નયરિ નિરૂપમ રૂયડઇં, ચંદ્ર શાખા ગુણધાર. સ. ૯૪
પીપલગચ્છે ગિરૂયા ગુણસાગર, શ્રી ધરમસાગર સૂરિ,
તસુ પટિ શ્રી વિમલપ્રભ સૂરિવર, દૂરિત પણાસે દૂરિ. સ.
લહીય પ્રસાદ તે ગુરૂ કેરડુ, પ્રસન્નચંદ્ર રષિરાજ,
ગાઇઉ મિઈં કવિતાજન ઇમ કહે રે, સીધલા વંછિત કાજ. સ. ૯૬
ઝમક પદબંધ અક્ષર ચંતા થિક, અધિક ઉછઉં જિ કહોઇ,
હીઇ વિચાર પંડિત જન સોધયો, દોસ મુઝ મા દિયો કોઇ. સ. ૯૭
ભાવિ ભણસઈ સુણેસિંઇ જિ કો નારિ નરા, એહ સંબંધ રસાલ,
પ્રામિસિઇ સિદ્ધિ ઘરિ સોહગસંપદા, નિતુ હુસિઈં મંગલમાલ. સ. ૯૯

(૧) દુમડીયા ગ્રામે સં.૧૬૭૫ જે.શુ.૯ બુધે. પ.સં.૧૩–૧૬, હા. ભં. દા.૮૩ નં.૧૧૬. (૨) ભાં.ઇ. સન ૧૮૯૧–૯૫ નં.૧૬૪૧. (૩) પ. સં.૧૫, હા.ભં. દા.૮૩.

**(૧૫૨૬) લવકુશ રાસ** [અથવા **આખ્યાન** અથવા **રામસીતા રાસ** અથવા **શીલપ્રબંધ**] ૫૦૫ કડી ર.સં.૧૬૭૨ જેઠ સુદિ ૩ બુધ

આદિ – આદિ અજિત સંભવ જિન, અનુપમ શ્રી અભિનંદન,
વંદન સુમતિ પદ્મપ્રભ નિતુ કરૂં એ,
શ્રી સુપાર્શ્વ જિન સાતમ, ચંદ્રપ્રભ શ્રી અષ્ટમ,
નવમા સુવિધિનાથ વંદન કરૂ એ. ૧
શ્રી શીતલ સુખદાયક, શ્રી શ્રેયાંસ ગુણ ગાતા એ,
જોતાં એ વાસુપૂજ્ય વિમલ જસ નિરમલુ એ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ધર્મ અનંત** સુવખાણી એ, **શાંતિ કુંથુ અર** જાણીઇ,
પ્રાણી એ એ જિન પ્રણમતાં ભલૂં એ. ૨
**મલ્લિનાથ મુનિસુવ્રત** શ્રી **નેમીસર** નિતુ અરિહંત,
પ્રણમતાં મનિ ઉપજઇ એ,
**પાર્શ્વનાથ** પરમેશ્વર, સ્વામી **વીર** જિણેસર,
જસુ જસુ નામિં નવનધિ સંપજઇ એ. ૩

**અંત** – સંવત **સોલ** વરસ **બહુત્તરી જેઠ** સુદી બુધવાર,
તિથિ ત્રીજનિં દિનિં રાસ પૂરણ એહવું મંગલકાર. ૨
નગર **થિરપુર** રૂઅડું, જિહાં કરઇ કમલાવાસ,
જિહાં વસઈ વડ વ્યવહારીઆ મતિ ધર્મ ઉપરિ જાસ,
**પીપલ**ગચ્છિં ગુરૂ વડા શ્રી **શાંતિસૂરિ** સુજાણ,
પ્રતિબોધીઆ કુલ સાતસઈ **શ્રીમાલ**પુર અહિઠાણ. ૩
તાસ અનુક્રમિ પાટિ પ્રગટચા શ્રી **ધર્મસાગર**સૂરિ,
શ્રી **વિમલપ્રભ** સૂરીસ પ્રણમું, હુઈ આણંદ પૂરિ.
વિબુધ વિદ્યા ધરમદાતા અધિક જસુ ઉપગાર,
જેણિ ટાલ્યા હિત કરી અગન્યાનના અંધકાર. ૪
જેણિં થાપ્યા સૂરિ શ્રી **સૌભાગ્યસાગર** પાટિ,
જિનવચન મારગ દાખવઇ પ્રીછવઇ પુણ્યહ વાટ,
વીનવઇ વાચક **રાજસાગર** રાસ એહ રંગિં મુદા,
નરનારિ ભાવિ સંભલઇ તસુ સંપજઈ ઘરિ સંપદા. ૫૦૫

(૧) ઇતિશ્રી લવકુશ રાસ સંપૂર્ણઃ. ગ્રંથા.૯૦૦, પ.સં.૧૨, હા.ભં. દા.૮૩. (૨) પ.સં.૪૦–૧૧, હા.ભં. દા.૮૩ નં.૧૯૦. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૫–૮૬, ભા.૩ પૃ.૯૬૨–૬૪.]

## ૬૭૮. પરમાનંદ (ત. વિજયસેનસૂરિશિ.)

વિજયસેનસૂરિ સ્વર્ગ સં.૧૬૭૧. તો તે પહેલાં.

**(૧૫૨૭) નાના દેશદેશીભાષામય સ્ત.** ૭૭ કડી સં.૧૬૭૧ પહેલાં
કચ્છનું વિજયચિંતામણિ મંદિર.

**આદિ** – એ ત્રિભુવનતારણ તીરથ **પાસ** ચિંતામણી રે,
કિ વિજયચિંતામણી રે,
ચાલિ ચતુર પ્રિઉ યાત્રિ જઇઇ ઇમ ભણઇ ભામની રે
પ્રિય સેજ વાલિ જો તારા વિકિ ધવલ ધુરંધરા રે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસ સીંગિ સોવનપોલિ કિ, ઘમઘમ ઘૂઘરા રે. ૧

**અંત** – ઇમ સકલ તીરથ સબલ સમરથ **પાસ** ત્રિભુવનનુ ધણી,
**તપગચ્છિ** જિણઇ જયકાર દીધુ તિણઇ **વિજયચિંતામણી,**
**ભારમલ્લ**રાજા વડ દવાજા કરી થાપ્યા જિનવરૂ,
શ્રી **વિજયસેન** સૂરીંદ સેવક પંડિત **પરમાણુંદ** જયકરૂ. ૭૭

(૧) પ.સં.૪–૧૫, વિ.ધ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૦.]

**૬૭૯. ગંગદાસ** (ખ. જિનસિંહ–કીર્તિરત્નસૂરિ–હર્ષધર્મ–હર્ષવિશાલ–સાધુમંદિર–વિમલરંગ–લબ્ધિકલ્લોલશિ.)

લબ્ધિકલ્લોલ જુઓ આ પૂર્વે નં.૫૬૪.

**(૧૫૨૮) વંકચૂલ રાસ** ૧૨૮ કડી ર.સં.૧૬૭૧ શ્રા.શુ.૨ ગુરુ પાતિ ગામમાં

**આદિ** – **સંતિ** જિણેસર ચિર જયતુ, સંતિકરણ જિનરાજ,
**વંકચૂલ** રાજા તણુઉ, ચરિત કહિસુ હિત કાજ. ૧
સૂધઇ મન જે પાલિસ્યઇ, ગુરૂમુખ લેઇ નીમ,
**વંકચૂલ** જિમ પામિસ્યઇ, રિદ્ધિવૃદ્ધિ નિસ્સીમ. ૨
ગુરૂ વિણ કો જાણુઈ નહી, ધરમાધરમવિચાર,
સુઘટ ઘાટ સોનાર વિણ, લાષ મિલઇ લોહાર. ૩
મૂરિષ કિમઇ ન રંજીયઈ, જઉ વિધિ રંજનહાર,
ઠંઠન કિમ ચઅરિયઇ, જઉ વરસઇ જલધાર. ૪
ચ્યારિ નીમ ચાવા ચતુર, લીધા ગુરૂનઈ પાસ,
ચમતકાર ચિત ઊપજઇ, સુણતા મન ઉલ્હાસ. ૫

**અંત** – સંવત **સોલ ઈકહુત્તરિ** જાણિ, **પાતિ**ગામ સુઠાસ વખાણિ,
શ્રાવણ સૂદિ બીજઇ ગુરૂવારિ, ગાયઉ **વંકચૂલ** સૂખકાર. ૧૨૧
યુગવર શ્રી **જિનચંદ**સૂરિ પાટ, સેવઈ સુરનર મુનિવર થાટ,
પરવાદીભંજન સિરિ સાટ, શુદ્ધ પરૂપઇ જિણવરવાટ. ૧૨૨
યુગવર શ્રી **જિનસિંહ** સૂરીશ, વિજયમાન પ્રતપઉ સુજગીસ,
રાયરાણા માનઈ જસુ **આણ,** એહના કેતા કરૂ વખાણ. ૧૨૩
**ભૂમિતલ** મોટા અવદાત, **થૂભ** મહેરૂઇ જસુ વિખાત,
આચારિજ આચારઈ ભલઉ, **કીરતિરતન** સૂરિ જગતિલઉ. ૧૨૪
**હરષધરમ** વાચક તસુ સીસ, વાચક **હરષવિશાલ** મુનીસ,
તસુ પાટઇ પરગટ ગુણનિલઉ, **સાધુમંદિર** વાચક સિરિતિલઉ. ૧૨૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસુ વિનેય **વિમલરંગ** ગણી, વિનયવંત માહિ મહિમા ઘણી,
તિહનઉ સીસ વિનયગુણ જાણુ, વાચક **લબ્ધિકલ્લોલ** પ્રધાન. ૧૨૬
તાસુ પ્રસાદઇ એહ રસાલ, **વંકચૂલ** ગાયઉ ગુણમાલ,
સુણતાં ભણતાં લીલવિલાસ, એહ સંબંધ કહ્યઉ **ગંગદાસ.** ૧૨૭
જિહાં સાગરજલ ગંગતરંગ, જિહાં કંચનગિરિ વર ઉત્તુંગ,
તિહાં લગિ નંદઉ એહ સંબંધ, સુણતાં ટાલઈ કરમહ બંધ. ૧૨૮

(૧) સં.૧૬૮૪ પોષ વદિ ૧૦ અર્કવાસરે. પૂર્ણિમાપક્ષે યુગપ્રધાન શ્રી ૪ યુગવર ભટ્ટારક **લક્ષ્મીચંદ્રસૂરિ** પ્રથમ શિ. ગણિ શ્રી **વીરવિમલ** પ્રથમ વાચક વાચનાચાર્ય વા. શ્રી **લબ્ધિવિજય** તત્‌શિષ્યાય શિ. **સૌભાગ્યવિજય** લષિતં શ્રી **સત્યપુરવરે.** પ.સં.પ-૧૪, વિ.ધ.ભં. (૨) પ.સં. ૭-૧૫, અનંત. ભં.૨. (૩) લિ.સં.૧૭૩૮ **ભાદલા** મધ્યે પં. **ક્ષેમવિમલેન.** પ.ક્ર.૧થી ૪, પં.૧૭, સીમંધર. દા.૨૪. (૪) સં.૧૮૫૩ ભા.વ.૧૨, ચતુ. પો.૩. (૫) પ.સં.૪, દાન. પો.૪૫. (૬) સં.૧૮૫૩ ભા.વ.૯, પ. સં.૪, **ખો.વિ.કા.** નં.૩૯૮. (૭) (પ્રાયઃ આ કવિકૃત) સા કાન્હા પઠનાર્થં મુનિ ગુણવિજય લિ. સં.૧૬૮૫. જૈન વિદ્યાશાળા અમ.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૩-૮૪, ભા.૩ પૃ.૯૬૨.]

## ૬૮૦. વિદ્યાચંદ (ત. વીપાશિષ્ય)

**(૧૫૨૯) + શ્રી વિજયસેનસૂરિ નિર્વાણ રાસ** ૫૭ કડી સં.૧૬૭૧ પછી

**આદિ** – **સરસતિ** મતિ દિઉ નિરમલી, મુખિ દિઉ વચનવિલાસ,
ગાઉં **તપગચ્છ** રાજવી, **વિજયસેન** ગુણરાશિ. ૧
જગમાં જગગુરૂ **હીરજી**, હુઆ અધિક સોભાગ,
મહિમા મહી માહિં ઘણુઉ, જિમ **રામ**મુની મહાભાગ. ૨
તાસ પાટિ ઉદયાચલિઈ, ઉગ્યુ અભિનવ ભાણ,
શ્રી **વિજયસેન** સૂરિસરૂ, જેહથી નિતસ્યુ વિહાણ. ૩
ભાગ્ય વડું શ્રીપૂજ્યનૂં, કુણઇં ન ખંડી આણ,
જિનશાસનમાં જાગતાં, હૂઆ અધિક મંડાણ. ૪
ખરચ પ્રતિષ્ઠા પૂજણાં, સંઘ તીરથ ઉદ્ધાર,
રાસ ભાસ કવિઅંથથી, તે સુણજ્યો અધિકાર. ૫
છેહડઈ જે નિર્વાણનઉ, કહૂં લવલેશ વિચાર,
તાત માત ગુરૂ ગાસનઈ, નામ થકી સંભાર. ૬

**અંત** – કલસ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જગ માંહિ મહિમા ગુરૂ તણુઉ જે, અતિઘણુઉ છઈ મઇં સુણ્યઉ,
દોઈ હાથ જોડી બુદ્ધિ થોડી, ઠામિ કોડી સઉ ગુણ્યઉ,
શ્રી **વિજયદેવ** સૂરિંદ નંદઉ ભાવિ વંદઉ વલીવલી,
વરવિબુધ **વીપા** સીસ **વિદ્યાચંદ** આશા સવિ ફલી. ૫૭

[મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૯).]

પ્રકાશિત: ૧. જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

**(૧૫૩૦) + રાવણને મંદોદરીએ આપેલ ઉપદેશ સ.**

[મુપુગૂહસૂચી.]

પ્રકાશિત: ૧. સ.મા.ભી. પૃ.૩૯૧. [૨. અપ્રગટ સઝાય સંગ્રહ તથા અન્યત્ર.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૨–૮૩. 'રાવણુને મંદોદરીએ આપેલ ઉપદેશ સઝાય'માં ગુરુનામ નથી તેથી તે કોઈ અન્ય વિદ્યાચંદ્રની કૃતિ હોય એમ પણ બને.]

## ૬૮૧. ચારુકીર્તિ

**(૧૫૩૧) વચ્છરાજ ચોપાઈ ર.સં.૧૬૭૨**

(૧) સં.૧૭૧૮ આ.શુ.૭ જીવકીર્તિ લિ. ૫.સં.૩૭, અભય. પો.૪ નં.૨૩૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૬૫.]

## ૬૮૨. કૃપાસાગર (નેમિસાગર–વિદ્યાસાગરશિ.)

**(૧૫૩૨) + નેમિસાગર ઉ. નિર્વાણ રાસ** (ઐ.) ૧૩૫ કડી ર.સં.૧૬૭૨ માગ.શુ.૧૨ ઉજ્જેણીમાં

**આદિ** – વસ્તુ.

સકલ મંગલ સકલ મંગલ મૂલ ભગવંત,
**શાંતિ** જિણેસર સમરીઇ, રિદ્ધિવૃદ્ધિ સવિસિદ્ધિકારણુ,
મહિમંડલ મહિમાનિલો, પાપવ્યાપસંતાપવારણુ,
**ઉજ્જેણીપુર** જિન જયો, પ્રગટ **અવંતી પાસ**,
કામકુંભ જિમ પૂરવેં, કવિયણુ કેરી આસ. ૧
**નેમિસાગર** ૨ નામ અભિરામ,
કામિતપૂરણુ અભિનવો કલ્પવેલિ સમ સદા કહીઇં,
જપતાં જગિ જસ વિસ્તરિં લલિત લીલ આનંદ લહીઇં,
વર વાચક પદવીધરૂ, અંગિકર્યં ગુરૂઆંણ,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિમ હુઉં તિમ કવિ કહિં, તેહ તણૂં નિરવાંણુ. ૨

અંત – ઢાલ ૧૦મી. રાગ ધન્યાશ્રી.

જયજય સાધુશિરોમણી, નેમિસાગર વર નામોજી,
કામિતપૂરણ સુરતરૂ, વાચકવૃંદલલામોજી. ૧૨૯

*

સંવત સોલ બિહુત્તરઈ નયર ઉજેણી મઝારજી,
માગસિર શુદિ બારસ દિનેં થુણિઉ શ્રી અણગારોજી. ૧૩૪
વાચક વિદ્યાસાગરૂ, તાસ પંચાયણ સીસોજી,
વિબુધ કૃપાસાગર કહિં પૂરો સકલ જગીસોજી. ૧૩૫

(૧) લિ. સં.૧૭૭૦ શ્રાવણ વદિ ૫ બુધે મુનિ જયસૌભાગ્યેન પ. સં.૬–૧૩, ભાં.ઇ. સન ૧૮૭૭–૭૮ નં.૩૪. (૨) સં.૧૭૦૪ આસો વ. ૧૦ બુધે લિ. પ.સં.૭–૧૧, વિ.ને.ભં. નં.૩૩૬૩.

[પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક રાસમાળા.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૪–૮૫, ભા.૩ પૃ.૯૬૨.]

## ૬૮૩. સિંહપ્રમોદ (ત. સોમવિમલસૂરિ–ઉદયચરણપ્રમોદ–કુશલપ્રમોદ–વિવેકપ્રમોદશિ. ને લક્ષ્મીપ્રમોદના ગુરુભાઈ)

**(૧૫૩૩) વેતાલ પચીશી** ર.સં.૧૬૭૨ [૧૬૦૨ ?] પો.શુ.૨ રવિ

'સંવત સોલ બિડોત્તરઇ, પોસ માસિ સુધ બીજ રવિ દિનિ' એમ જણાવ્યું છે.

(૧) ભાં.ઇ. સને ૧૮૯૧–૫ નં.૧૪૧૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૬૫. 'સોલ બીડોત્તર' એટલે ૧૬૦૨ થાય પરંતુ સોમવિમલસૂરિ(જ.સં.૧૫૭૦)થી શિષ્યપરંપરામાં ચોથે સ્થાને કવિ હોઈ સં.૧૬૦૨માં કૃતિ રચી હોવાનું બની ન શકે, તેથી ૧૬૭૨ એ અર્થઘટન કર્યું હશે ?]

## ૬૮૪. લાલચંદગણિ (ખ. જિનસિંહસૂરિ–હીરનંદનશિ.)

**(૧૫૩૪) દેવકુમાર ચોપાઈ** (અદત્તાદાન વિષયે) ર.સં.૧૬૭૨ આ.શુ.૫ અલવર

(૧) યતિ સૂર્યમલ્લનો સંગ્રહ, કલકત્તા.

**(૧૫૩૫) હરિશ્ચંદ ચોપાઈ** ૩૮ ઢાળ ગા.૮૦૮ ર.સં.૧૬૭૯ કા.શુ. ૧૫ ધંધાણીમાં

આદિ – શુભ મતિ આપો સારદા, સરસ વચન સરસત્તિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બ્રહ્માણી સહુ વિઘન હરિ, ભલો કરે ભારતિ. ૧
ચઉવીસે જિણવર ચતુર, નાંમ હુવઇ નવ નિધિ,
**શ્રી ગૌતમ** ગણધર સધર, સદા કરો સાંનિધિ. ૨
**આદીસર** જિણ ઉદય કરિ, **શાંતિ** જિણંદ સુષવાસ,
નિરમલ મતિ દ્યો **નેમિજિણ**, પરતા પૂરઉ **પાસ.** ૩
વિઘન હરો શ્રી **વીરજિણ**, સુષસંપદદાતાર,
પંચ તીરથ જગિ પરગડા, પ્રણમું પ્રહ સમિ સાર. ૪
**ષરતરગચ્છનાયક** ષરો, જંગમ જુગપરધાન,
શ્રી **જિનસિંહ સૂરીસરૂ**, નમીયઇ સુગુણનિધાન. ૫
વિનયવંત વિદ્યાનિલો, ગણિ **હીરનંદન** ગાય,
ગુરૂ સુપસાયઇ ગાયસ્યું, રંગઈ **હરચંદરાય.** ૬

અંત – સંવત **નિધિ મુનિ સસિકલા (૧૬૭૯)** કાતિગી પૂનિમચંદ,
ચઉસાલ કીધી ચોપઇ, લુલતિ ગતિ દો ગણિવર
**લાલચંદ.** ૯૯ ગુ.

ગ્રંથાગ્ર ગાથા ચોપઈ, સહુ અષ્ટ ગગન સુસિદ્ધ
અઠતીસ ઢાલ અછઇ ઇહાં, પુન્યવંતા હો કરિજયો પરસિદ્ધ. ૧
પહિલ કીઆ અરૂ **જનપુરી**, નઇ હિવ **ઘંઘાણી** નામ
તિહાં જૈન પ્રતિમા સિવતણી, એ પ્રગટી હો જિહાંકણિ અભિરામ. ૨
મૂલનાયક **પદમપ્રભુ** સુખી, વલિ અરૂ જન **પાસ** વિખ્યાત,
શ્રી દેવગુરૂ સુપ્રસાદથી, મુઝ સાનિધિ હો, કીધી **સરસતિ** માત. ૩
**ખરતરગચ્છ** માહે ખરા, **જિનદત્ત કુશલ** જતીશ,
પુન્યવંત પાટપરંપરા, જગિ હૂઆ હો **જિનસિંહ** સૂરીસ. ૪
**કાશમીર** કઠિન વિહાર કરિ, પ્રતિબોધીયો પાતસાહ
**ખંભપુરે** વરસ લગે ખરી, મારે કો નહી હો માછલાં દરિયા માંહિ. ૫
વલિ ઠામઠામ કરાવિયા, મેરૂ સારિખા ફુરમાન,
મહિરાણ જયું ગુરૂ માનીયે, **રાઉ રાણા** હો વલિ ખોજા ખાન. ૬
પાટિ તેહને જગિ પરગડો, **જિનરાજસૂરિ** ગુરૂ જયત
**જિનસાગર** સૂરીસર જયો, **બોહિથરા** હો વંસઇ બિરૂદ ઇત. ૭
ગચ્છરાજ **જિનસંઘસૂરિ** ગુરૂ, શ્રી **હીરનંદન** સીસ
કર જોડી **લાલચંદ** ગણિ કહે, જયવંતા હો વિદ્યાગુરૂ સુજગીસ. ૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાવસું જેહ ગુણે ભણે સાંભલે જે સુખકંદ
સવિ સુખ તેહને સંપજે, ઇમ બોલે હો **લાલચંદ** આણંદ. ૯

(૧) ઢાલ ૩૮ ગ્રં.૧૨૪૫ સં.૧૭૨૮ શ્રા.શુ.૭ લિ. પ.સં.૨૩, જિ.ચા. પો.૮૦ નં.૨૦૮૪. (૨) ગા.૮૦૮ ગ્રં.૧૨૦૫ સં.૧૮૫૩ ભા.શુ.૧૧ સોમ. પ.સં.૨૭, મહિમા. પો.૩૪. (૩) સં.૧૭૨૩ **વિક્રમપુરે**. પ.સં.૩૭–૧૬, આદિપત્ર નથી, વિ.ને.ભં. નં.૪૫૦૫. [મુપુગૂહસૂચી.]

**(૧૫૩૬) વૈરાગ્યબાવની** ૫૧ કડી ૨.સં.૧૬૯૫ ભાદ્રવા શુ.૧૫

**અંત –** ખરતર ગચ્છપતિ **સિંઘ** સૂરીસર, **હીરાનંદ** તસુ સીસજી,
ગુણ **લાલચંદ** આતમ કાજે, પ્રતિબોધ્યા સુજગીસજી. ૪૯
સંવત **સોલે પંચાણુ** વરસે, ભાદ્રવા પુનમ હિતજી,
મુનિ વૈરાગે અધિકે ભાવે, જોડ રચી **લાલચંદજી**. ૫૦
હરષ ધરી **વૈરાગ બાવની**, ગુણ સીજે નરનારીજી,
ઇણ ભવ માંહે હરષ પામસી, પરભવે સુખ અપારજી. ૫૧

(૧) પ.સં.૪, કમલમુનિ. (૨) પ.સં.૩, અભય. પો.૧૬ નં.૧૬૧૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૧–૮૨, ભા.૩ પૃ.૯૬૦–૬૧. ભા.૧માં 'હરિશ્ચન્દ્ર ચોપાઈ' હીરનંદનને નામે મુકાયેલી તે પછીથી સુધાર્યું છે.]

જૈનમ્ જયતિ શાસનમ્

## ૬૮૫. કીર્તિવિજય (ત. કાનજીશિ.)

વિજયસેનસૂરિ – સ્વ.૧૬૭૨માં થયા ત્યાર પછી તે સમામાં આ થયેલ છે.

**(૧૫૩૭) વિજયસેનસૂરિ નિર્વાણ સઝાય** ૪૭ કડી

**આદિ –** જવહરી સાચો રે અકબર સાહજી રે–એ ઢાલ.
**સરસતિ** ભગવતિ ચિત્ત ધરી રે, પ્રણમી નિજગુરૂપાય રે,
હીર પટોધર ગાયતાં રે મુઝ મનિ આણંદ થાય રે,
તું મનમોહન **જેસંગજી** રે. ૧

**અંત –** કલશ.
હીર પટોધર સંઘ સુખકર **વિજયસેન** સૂરીસરો,
મેં થુણ્યો સૂર સવાઇ અવિચલ બિરૂદ મહિમામંદિરો,
જસ પાટિ પ્રગટ પ્રતાપ દીપે **વિજયદેવ** દિવા કરો,
**કાનજી** પંડિત સીસ **કીરતિવિજય** વંછિત કરો. ૪૭

(૧) પ.સં.૪–૯, માં. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૬–૮૭.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૬૮૬. હંસરત્ન** (બિ.સિદ્ધસૂરિ–હંસરાજશિ.)

સિદ્ધિસૂરિ જુઓ નં.૪૫૫. [પણ એ સિદ્ધિસૂરિ જ હોવાનું નિશ્ચિત ન કહેવાય.]

**(૧૫૩૮) રત્નશેખર રાસ** અથવા **પંચપર્વી રાસ**

**આદિ –** ઢાલ ઊલાલા

**સરસતિ** દિઉ મઝ વાણી, સાકર અમીય સમાણી,
હૂં અતિ મૂઢ અઇનાણુ, સહિગુરૂ કરૂંઅ પ્રણામ. ૧
**રાજગૃહ** પુર સાર, નવ બારહીઅ વિસ્તાર
આવિયા **વીર** જિણંદો, ત્રિભુવન અતિહિં આણુંદો. ૨

**અંત –** વસ્તુ

**બિવંદણીક**ગચ્છિ **બિવંદણીક**ગચ્છિ ગુણહ ગણધાર
રૂપસોભાગિં આગલા સૂરિ સૂરિશિરોમણિહિં જાણૂંઅ,
**સિદ્ધસૂરિ** પાટિ દીપતા સઅલ વિબુધ ધુરિ ગુરૂ વષાણૂંઅ;
અભિનવ **ગોયમ** ગુરૂ સમા, અમીય વાણિ વરસંત,
સયલ સંઘ દુરિયાં હરઇ, જગિજગિ ગુરૂ જયવંત. ૧

*

**ગોયમ** લબધિં ગણધરૂ એ મા. પંડિત શ્રી **હંસરાજ**
મિથ્યા તાવ નિવારિઉ એ મા. સારિઉ માહરૂં કાજ,
નરનારી નિત જે ગુણઈં એ મા. **રત્નશેખર** નૃપ રાસ,
નવનિધિ તેહ ઘરિ સંપજઈં એ મા. **સરસતિ** પૂરએ આસ. ૨૦૪
સાસનદેવિય સાનધિં એ મા. બોલઈં **હંસરતંન**
પૂરિ મનોરથ મન તણા એ, મા. **થંભણ પાસ** પ્રસંન.

(૧) ભ. શ્રી જિનકીર્તિસૂરિણાલેખિ. પ.સં.૮–૧૪, હા.ભં. દા.૮૦ નં.૬૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૬–૦૭.]

**૬૮૭. કીર્તિવિમલ** (ત. વિજયવિમલ–[વિબુધવિમલ ?]–લાલજીશિ.)

**(૧૫૩૯) ચતુર્વિંશતિ જિન સ્તવન** વિજયદેવ સમયે

**અંત – વિજયવિમલ વિમલવિબુધ** સીસસિરોમણિ પંડિત **લાલજી**
ગણિવરૂ તસ સીસ પભણઈ **કીર્તિવિમલ** બુધ ઋષી મંગલ કરૂ.

(૧) સા.ભં. પાટણ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૨).]



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૫૪૦) ગજસિંહ કુમાર**

(૧) ચં.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૯૫-૯૬. કવિની એક અન્ય કૃતિ ર.સં. ૧૬૭૩ની અન્યત્ર નોંધાયેલી મળે છે.]

**૬૮૮. કલ્યાણ મુનિ** (લોં. વરસિંહ-જસવંત-પકરાજ-કૃષ્ણદાસશિ.)

લઘુ વરસિંહજી ૧૬૨૭માં ગાદીએ બેઠા ને ૧૬૬૨માં દિલ્હીમાં સ્વર્ગસ્થ થયા તેની પાટે જસવંતજી થયા.

**(૧૫૪૧) નેમિનાથ સ્ત.** ર.સં.૧૬૭૩ આસો શુ.૬ ગુરુ સિદ્ધપુરમાં

**અંત –** શ્રી **નેમિ** જિનવર સયલસુષકર દુખહરણ મંગલ મુદા
શ્રી **રૂપ જીવજી** પાટિધારક શ્રી **વરસિંઘજી** સુવર સદા.
શ્રી **વરસિંહ** પાટિ શ્રી **જસવંત** સોભર જિંગમ તિર્થ જાણીએ.
તાસ સીસ પવર મુનીવર શ્રી **પકરાજ** વષાણીએ,
તાસ પાટિ પંડિત સોભિ શ્રી **કૃષ્ણદાસ મુનીસરા**,
તાસ સીસ **કલ્યાણ** જંપઈ સકલસંઘ આણંદકરા.
સંવત **૧૬ સોલ ત્રહુત્તરા વર્ષે** આસો શુદિ છઠિ સાર એ,
ગુરૂ સવારિ નેમ ગાઉં **સિદ્ધપુર** મઝારિ એ,
ભાવ ભણુસઈ જેહ સુણસઈ તે પામિ સુષ અપાર એ,
કહિ મુની મન હરષ આણી સંઘ જઇજઇકાર એ.

(૧) લક્ષ્મં. ઋ. લષૂ. વિ.ધ.ભં. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૧૧.]

**૬૮૯. વિદ્યાસાગર** (ખ. જિનચંદ્રસૂરિ-સુમતિકલ્લોલશિ.)

**(૧૫૪૨) કલાવતી ચોપાઈ** ૨ ખંડ ર.સં.૧૬૭૩ આસો સુદ ૧૦ નાગોરમાં

**આદિ –** પ્રણમી **આદિ** જિણિંદ પહુ, સંતિકરણ શ્રી **સંતિ**,
બ્રહ્મચારિશિરોમણિ, **નેમીસર** નમિસંતિ. ૧
શાસનનાયક જગિ જયઉ, **વર્દ્ધમાન** બહુમાન,
અતીત અનાગત વર્ત્તતા, જિન વાંદી શુભ ધ્યાન. ૨
**જિનમાણિક** પાટઈ પ્રગટ, યુગપ્રધાન **જિણચંદ**,
વાચક **સુમતિકલ્લોલ** ગુરૂ, પ્રણમું **પરમાનંદ**. ૩
વર્ત્તમાન ગુરૂ તિમ નમું, જાગઇ સુગિ પરધાન,
શ્રી **જિનસિંહ** સૂરીસરૂ, ગુણમણિ સારનિધાન. ૪
શ્રી **શારદ** શ્રુતદેવતા, કવિયણ કેરી માય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહનિસિ સમરૂં હું સદા, ઘન જિમ મોર સુહાય. ૫
સરસ વચન સોહામણું, સુણતાં હોય આણંદ,
સક્તિ અધિક દેજ્યો સદા, હું તઉ છું મતિમંદ. ૬
સાસણદેવિ ભગવતી, મોટઉ મોહિ આધાર,
વિપુલ વિમલ મતિ મુઝ દિયઉ, ધારણ અધિક વિચાર. ૭
સમવસરણ બઇઠા થકા, ભાષઇ શ્રી **વર્ધમાન**,
દાન શીયલ તપ ભાવના, ચઉવિધ ધર્મ્મ પ્રધાન. ૮
સીલ તણા ગુણ અતિ ઘણા, ભાષ્યા શ્રી ભગવંત,
કલિ કા પિણ કલિયુગઈ, નારદ મુગતિ લહંતિ. ૯
**કલાવતી** ગુણ કલિજુગઇ, જાણઇ બાલગોપાલ,
છેદી બાહુ નવપલ્લવો, સીલપ્રભાવિ વિસાલ. ૧૦
સતીયશિરોમણિ એ સતી, તસુ સંબંધ રસાલ,
સુણતાં ભણતાં ગુણ ઘણા, જાયઇ દુખજંજાલ. ૧૧
પ્રહ સમિ મુણિવર પિણ સદા, સતિયાં નામ ગુણંતિ,
ગુણવંત ગુણવંત ગુણ ગ્રહઇ, મંદ ન માણિ જાણંતિ. ૧૨
એ સંબંધ સરસ અછઇ, સુણિજ્યો તુમ્હ ચિત લાઇ,
નાદપ્રમાદ સવિ પરિહરી, જિમ રસ શ્રવણે થાઇ. ૧૩
શ્રોતા ન હુવઇ તેહવા, કવિયણ કેમ કરંતિ,
વીણા વાજિત્ર વાજતાં, મહિષી નીંદ ન જંતિ. ૧૪
તઉ પિણ જેહ ચતુર નર, સુવિવેકી સુવિજાણ,
સતિયચરિત્ર સુણતાં ભલા, વંછિત્ત ચડઇ પ્રમાણ. ૧૫

અંત – રાગ સોરઠી મિશ્ર

**કલાવતી** ગુણ ગાવતાં, પામીજઇ ભવપાર, લલના,
સતીયસિરોમણિ એ સતી, દુક્કર દુક્કર કાર, લલના કલા. ૧
બાહુ યુગલ બાહુ બહિરખા, પ્રગટ્યા જેમ અંકુર,
સાસણદેવી નમિ કરી, મહિમા કીધ પંડૂર. ૨
ફુલવૃષ્ટિ આકાશથી, જયજય શબ્દઉચાર,
**કલાવતી** વચન વચન કરી, તિમ જલ સંનિ વિચાર. ૩
સીલવંત ગુણ સાંભલ્યા, હોવઇ સફલ જમાર,
અસુભ કરમ દુરઈ ટલઇ, લહઇ લખમોવિસ્તાર. ૪
**વિદ્યાસાગર** વિનવઇ, સીલવંત નરનારિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રણમઇ નિતનિત તેહનઇ, શ્રીસંઘ મંગલકાર. ૫.
સંવત **સોલ ત્રિહુત્તરઇ**, વર વિજયદસમી સાર,
સંબંધ એહ સોહામણુઉ, ગ્રંથ તણુઇ અનુસાર,
મેરી સજની ધન ધન એણિ સંસાર. સતીય. ૧.
પ્રથમ અભ્યાસ થકી રચ્યઉ, **નાગઉરિ** નયર મઝારિ,
અતિ ચતુર શ્રાવકશ્રાવિકા, સાંભલઇ હરષ અપાર. ૨
સુવિહિત **ખરતરગચ્છ**ધણી, શ્રી **જિનમાંણિક્ય**સૂરિ,
તસુ પાટિ પુહવી પરગડા, દીપિયા અધિક પડૂર. ૩.
પરવાદિ **પાટણિ** જીપિયા, ગજ થાટ કેસર જેમ,
પતિસાહિ દેઇ પ્રતિબૂઝિયા, **અકબર** સાહિ **સલેમ.** ૪
**ગુણહત્તરઇ** રાખી જિણઈ, શ્રી જિનશાસન ટેક,
**જિનચંદ** યુગપરધાનજી, ભટ્ટારક સુવિવેક. ૫.
તસુ સીસ ગીતારથ ગુણે, સુવિદિત ચારિત્રપાત્ર,
શ્રી **સુમતિકલ્લોલ** મહા મુનિ, પાઠક બિરૂદ સુપાત્ર. ૬
તસુ ચરણસેવા કરણ સાદર, કમલિ ભમરઉ જેમ,
એ સતીગુણ ગાવઇ સદા, **વિદ્યાસાગર** એમ. ૭.
ઓગણીસ ઢાલઇ ગાઇયઉ, એહ બીજઉ ખંડ,
**વિદ્યાસાગર** મુનિવરઈ, નવ રાગ સુરંગ. ૮
આદેસ **જિનસિંહસૂરિ**નઇ, પરબંધ એ રસાલ,
શ્રી સંઘનઇ સુણતાં થકાં, હોવઇ મંગલમાલ. મેરી. ૯

(૧) પ.સં.૧૦-૧૯, વિ.ને.ભં. નં.૪૫૪૫.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૬૬-૬૮.]

**૬૯૦. જીવવિજય** (ત. વિમલહર્ષ–મુનિવિમલશિ.)

**(૧૫૪૩) શાંતિનાથ સ્ત.** કડી ૬૧ ર.સં.૧૬૭૩ વિજયાદશમી રાધનપુરમાં

**આદિ – પાસ સંખેસર** પ્રણમી સુખકર,
**સરસતિ** સામિણિ મતિ દો સુંદર,

ત્રૂટક

સુંદર મતિ દો માય મુઝનઇ, ગાઉં શ્રી જિનનાયકો,
સોલમો **શાંતિ** જિનંદ દુખહર સયલ ભવિજનતારકો.
ભવ બાર માનવ દેવ કેરા, અતિ ભલેરા જિન તણા,
એકમના સુણતાં સુખ થાય દુખ જાય ભવ તણા. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંત** – **રાયધનપુર**માં દીપતૂં શ્રી જિનભુવન ઉત્તંગજી,
તિહાં સોહઇ શ્રી જિનવર, પૂજઇ ભવિજન રંગિજી. ૫૯
**તત્ત્વ મુનિ રસ ચંદ્રમા** એ સંવછર ૧૬૭૩ માનજી,
આસો વિજયદશમી દિનિં, થુણિઉ દિઇ શિવદાનજી. ૬૦
**તપ**ગછિ રાજઇ બહુ દિવાજઇ, શ્રી **વિજયતિલક** સૂરિસરૂ,
ઉવઝાય **વિમલહરખ** સેવક **મુનિવિમલ** પંડિતવરૂ.
તસ સીસ પભણઇ **જીવવિજયો** જયો **શાંતિ** જિણેસરો,
**રાયધણપુર** વરનયરમંડન સયલ સંઘ સુહંકરો. ૬૧

(૧) સં.૧૬૭૪ કા.શુ.૬ ઈદિલપુરે વાસ્તવ્ય સા. **લક્ષ્મીદાસ** સુત **સા. મહાવજી** પઠનાર્થમ્ લિ. ગ. **જીવવિજય**ગણિભિઃ **વિજયતિલકસૂરીશ્વરરાજ્યે.** પ.સં.૪-૧૩, સંઘ ભંડાર પાટણ દા.૭૫ નં.૨૧૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૬૮-૬૯.]

## ૬૯૧ ક. મહિમામેરુ (ખ. સુખનિધાનશિ.)

કર્તાએ સં.૧૬૭૩માં પદ્મરાજકૃત '૨૪ જિન કલ્યાણક સ્ત.'ની પ્રત લખી છે.

**(૧૫૪૪ ક) નેમિ રાજુલ ફાગ** ગા.(૬૫ ?)૧૬ સં.૧૬૭૩ આસપાસ

**આદિ** – **સરસતિ** સામિણી વિનવું, સારઉ વંછિત કાજ લલના,
**નેમ** તણા ગુણ વર્ણવું, બાવીસમા જિનરાજ. ૧

**અંત** – સહસ વરસ પૂરઉ કરી હો, પહુતા મુગતિ મઝારિ,
એ પરબંધ રચ્યઉ રલી હો, શ્રી **નાગઉર** દસાર. ૧૫
વાચક પદવી ગુણનિલઉ, **સુખનિધાન** ગુરૂ સીસ,
**મહિમામેરૂ** મુણિવર ભણઇ, સંઘ સદા સુજગીસ. ૧૬

(૧) એક ગુટકો, જિ.ચા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૬૫.]

## ૬૯૧ ખ. ભદ્રસેન

**ભદ્રસેન** નામના એક **ખરતર**ગચ્છના સાધુનો ઉલ્લેખ **શત્રુંજય પરના** સં.૧૬૭૫માં ખ. જિનરાજસૂરિએ પ્રતિષ્ઠા કરેલા પ્રતિમાલેખમાં છેવટ આ પ્રમાણે લખ્યું છે તેમાં મળી આવે છેઃ આચાર્યશ્રી **જિનસાગરસૂરિ** શ્રી જયસોમ મહોપાધ્યાય શ્રી ગુણવિનયોપાધ્યાય (જુઓ નં.૫૪૯ ભા.૨ પૃ.૨૧૩) શ્રી ધર્મનિધાનોપાધ્યાય પં. **આનંદકીર્તિ** સ્વલઘુભ્રાતૃ વા. **ભદ્રસેન** પં. રાજધીર પં. ભુવનરાજાદિ સત્પરિકરૈઃ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે તે પ્રતિષ્ઠા વખતે તે હાજર હતા. તે જ ભદ્રસેન વાચક આ ભદ્રસેન હોવાનો સંભવ છે. [નિશ્ચિતપણે આમ ન કહી શકાય.]

**(૧૫૪૪ ખ) ચંદનમલયાગીરી ચોપાઈ** [અથવા **વાર્તારાસ**] લ.સં.૧૭૦૯ પહેલાં વિક્રમપુરમાં (વિકાનેરમાં)

**આદિ –** દૂહા.

સ્વસ્તિ શ્રી **વિક્રમપુરે**, પ્રણમી શ્રી જગદીસ,
તનમન જીવન સુષકરણ, પૂરણ જગત જગીસ. ૧
વરદાયક વર **સરસતી**, મતિવિસ્તારણ માત,
પ્રણમી મન ધર મોદસ્યું, હરણ વિઘ્ન સંતાપ. ૨
મમ ઉપગારી પરમગુરૂ, ગુણ અક્ષર દાતાર,
બંદી તાકે ચરણયુગ, **ભદ્રસેન** મુની સાર. ૩
કિહાં ચંદન કહાં મલયાગરી, કહાં સાયર કહાં નીર,
જિતું જિતું પડઇ અવઘડી, તિઉં તિઉં સહઈ સરીર. ૪

(પા.) કહીઈ તાકી વારતા, સુનો સબે વરવીર.

**અંત –** દુષ ગયો મન સુષ ભયો, ભાગો વિરહવિયોગ,
માતાપિતા સુત મિલત હી, ભયો અપુર્વ યોગ. ૧૯૫

ગાહા.

કથવિ **ચંદનરાયા**, કથવિ **મલયાગરી**,
ખિતકથજાઇ પુણ્યબલહ હોઇ, તા સંજોવો હવઈ એંચ. ૧૯૬

(બીજી પ્રતમાં)

રાજા બોલ્યો કયા કરૂં સોદાગરકું દંડ,
રાની બોલી છોરિ દ્યો, હમ તુમ પ્રીત અખંડ. ૨૦૧
સોદાગર છોડચો તબેં, રાય રહ્યો સુખચેન,
સપરિવાર સુખ ભોગવેં, જાંનિ ઇંદ્ર મહિઅયન. ૨૦૨
જાય લઇ કુનિ નિજપુરી, મિલે સજન સબ લોગ,
**ભદ્રસેન** કહે પુણ્યતેં ભએ સુવંછિત ભોગ. ૨૦૩

(૧) ઇતિશ્રી ચંદન મલયાગરી તસ્સ સુત સાયર નીરકો પ્રબંધ કથાનક સંપૂર્ણ સંવત્ ૧૭૨૨ વર્ષે માગસિર વદિ ૭ રવૌ પૂજ્યજી ઋષિશ્રી ૫ તેજપાલજી તત્‌શિષ્ય લિષતં મનોહર. શુભ શ્રાવિકા પુણ્યપ્રભાવ ગુરુભક્ત બાઈ લછો પઠનાર્થે. પ.સં.૬-૧૬, અનંત. ભં. (૨) ઇતિ ચંદન મલયાગરી દૂહા સંપૂર્ણ, સં.૧૮૧૨ વરષે માગશિર વદિ ૧૩ ભૃગુવાસરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં. શ્રી ભાણુવિજય લિ. સાધ્વી શ્રી દીપાંજી શિષ્યણી પ્રભાંજીડથૈં માહારાજપૂરે. પ.સં.પ-૧૯, ધો.ભં. (૩) સં.૧૭૦૯ આશ્વિન માસે અસિત પક્ષે ૧૨ તિથૌ લિ...શ્રી કચ્છ દેશે શ્રી નરીયા ગ્રામે. પ.સં.૬-૧૩, (વ. રા.?) (૪) સં.૧૭૧૩ આસો શુ.૨ નવાનગર મધ્યે સંપ્રતિ કાશિકા કલિકા ષષ્ઠિ વાચનાચાર્યવર્ય પુણ્યતિલકગણિ ઋ. તત્શિષ્ય મુખ્ય પં. શ્રી જયરંગ શિ. પં. કીર્ત્તિચંદ્ર મુનિ લિ. પ.સં.૭-૧૫, મો. સુરત પો.૧૨૭. (૫) ચંદન મલયાગિરી વાર્તાયાં સંપૂર્ણ ઉદાર નિર્વિકાર સાર પરિવાર સંયોગ સૂચિકા પંચમી સમાપ્તા સં.૧૭૯૫ મિગસિર ૧૦. પ.ક્ર.૨૩૯થી ૨૪૬, ગુટકો અનંત.ભં.૨. (૬) (કુશલલાભકૃત અગડદત્ત રાસ સાથે) પ.સં. ૧૧, રત્ન ભં. દા.૪૩ નં.૯૪. (૭) ખરઢીયા અમરસી પુત્ર નેતસી પઠનાર્થં પં. રત્નધીર લિ. પ.સં.૧૮, જય. પો.૧૩. (૮) પ.સં.૧૦, અપૂર્ણ, મહિમા. પો.૩૬. (૯) સં.૧૮૦૯ માસોત્તમ માસે શુક્લપક્ષે રૌદ્ર તિથૌ ભાર્ગવ વારે પં. ગંગવિજય શિ. પ્રીતવિજય વાચનાર્થં પં. કસ્તૂરવિજય શિ. પ્રથોતમવિજય લ. સાથીયા ગ્રામે ચતુર્માસ. પ.સં.૬-૧૫, ખેડા ભં.૩. (૧૦) સં.૧૮૧૯ જે.વ. ઉદેપુર, પ.સં.૪, ચતુ. પો.૧૦. (૧૧) લિ. ઋ. ભાણજી ઋ. મોહનજી ઋ. સદાનંદ ત.વૈ.ભા. લાધાને કાજે વાંચવા લિખ્યો છે સં.૧૮૩૦ દ્વિ.વૈ.શુ.૧૩ સોમે સુદામાપૂર્યાં લિ. પ.સં.૭-૧૩, મોટા સંઘ ભં. રાજકોટ. (૧૨) ગા.૧૮૪ સં.૧૯૩૩ સુણામ મધ્યે ઋ. હીરાલાલ પ્રસાદેન. પ.સં.૭, જિ.ચા. પો.૮૨ નં.૨૦૫૯. (૧૩) પ.સં.૧૧-૧૫, ખેડા ભં. દા.૬ નં.૭૧. (૧૪) સં.૧૮૭૨ ચૈ.વ.૯ મહાજન મધ્યે લિ. લક્ષ્મીવિલાસ. પ.સં.૭, અભય. નં.૩૭૦૬. [મુપુગૂહસૂચી, ડિકૅટલૉગભાઇ વૉ.૧૯ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૯૬-૯૮, ભા.૩ પૃ.૧૦૮૮-૮૯.]

## ૬૯૨. મતિકીર્તિ (ખ. ક્ષેમશાખા પ્રમોદમાણિક્ય-જયસોમ-ગુણવિનયશિષ્ય)

ગુણવિનય માટે જુઓ નં.૫૪૯.

**(૧૫૪૫) અઘટકુમાર ચોપાઈ** ૨૭૨ કડી ર.સં.૧૬૭૪ આગરામાં

**આદિ** – ઐં નમઃ દૂહા.

આસાપૂરણ પાસ પ્રભુ, પુહવિ પ્રસિદ્ધ ઉજાસુ,<br>
સુજસ સુરાસુરનર મિલી, ગાવઈ ધરિય ઉલાસ. ૧<br>
વાણી યોજનગામિની, જસુ નિસુણી સુરસાલ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુર નર કિન્નર અસુર વર, લહઇ પ્રમોદ વિસાલ. ૨
તાસુ ચરણ સવિ ભયહરણ, સુમતિકરણ પ્રણમેવિ,
તસુ મુખકમલિ નિવાસિની, તિમ સુખકરિ શ્રુતદેવિ. ૩
ધરમ કલપતરૂ સેવીયઉ, સાચઇ મનિ સંસાર,
સંપદસુખ પગિપગિ દીયઈ, સંકટ કોડિ વિડારિ. ૪
સત સાખાયઈ વિસ્તર્યઉ, બહુવિધ ફલ સંપુન,
ભવ-અરનભય ના લહઈ, કોઈ ઇક નર ધન. ૫
ચતુર ચિત્ત ચમકારકર, અમૃતોપમ ફલ જાસુ,
આરાધઉ આદર કરી, જિમ હુઇ દુખનઉ નાસ. ૬
ધરમમરમ અતિ દોહિલઉ, લહતાં વિણુ ગુરૂવાણિ,
ભવિષ્યત પુણ્યનઇ ઉદયવસિ, લહિય તે ગુણખાણિ. ૭
વન રન શત્રુ જલન જલઈ, ધરમ હવઇ રખપાલ,
ઇહ ઉપનય વર વિબુધનર, **અઘટકુમર** સંભાલ. ૮

**અંત –** ક્રમિ દીક્ષા લે સિવપુર ગયઉ, નિરાબાધ સુખભાજન ભયઉ,
ઈણ પરિ **અઘટ** નરેસ તણઉ, એ સંબંધ સરસ ગુણ ઘણઉ. ૨૬૬
જિણથી હુઈ ધ્રમ પ્રતિ તે સુણઉ, ધરમાધરમ તણઉ ફલ મુણઉ,
જાણી ઉદ્યમ ધરમઇ ધરઉ, જિમ સુખસંપદ લીલા વરઉ. ૨૬૭
**અંબુધિ મુનિ રસ સસિધર** વરસઇ, એ સંબંધ ભણ્યઉ મન હરસઈ.
જેહનઇ સંભલિવા બુધ તરસઈ, જિણિ ધાવઈ સહૂઆં મન સરસઇ.
યુગપ્રધાન શ્રી **જિનસિંહસૂરિ**, રાજઇ રાજઈ જે ગુણ ભૂરિ,
જિહાં **જહાંગીર** સાહિ સવરોજ, નય મહિ પ્રજ પાલઇ જિમ **ભોજ**. ૨૬૯
**આગરા** નયર **એમ** વર શાખઈ, જેહની સુંદરતા સવિ આખઇ,
ઉવઝાય **એમરાય** મહંત, હૂઆ **ખરતર**ગચ્છિ ગુણવંત. ૨૭૦
તસુ પટિ પટુમતિ વાચકરાય, શ્રી **પ્રમોદમાણિક** નિરમાય,
તસુ પટિ પરગટ મહા ઉવઝાય, શ્રી **જયસોમ** સુગુરૂ સુભ છાય.
વિજયમાન તસુ સીસસિરોમણિ, શ્રી **ગુણવિનઇ** અછઈ જિમ દિનમણિ,
તસુ સીસઇ **મતિકીરતિ** એહ, નિજ મતિસારઈ કીરતિ ગેહ. ૨૭૨
(૧) **જાલોર** નગર મધ્યે લિ. પ.સં.૧૯–૨૦, તેમાં પ્રથમનાં ૭ પત્ર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાદરા નં.૬૨.

**(૧૫૪૬) લખમસીકૃત પ્રશ્નોના ઉત્તરરૂપ સંવાદ** ર.સં.૧૬૯૧ કા.વદ ૬ બુધે જેસલમેરમાં

ગદ્યબદ્ધ પ્રશ્ન ૨૭.

(૧) ઇતિ સાધુ **લખમસીકૃત** પ્રશ્નાનામેકવિંશિત્યુત્તરાણિ ભટ્ટારક **શ્રી જિનરાજસૂરિ** રાજ્યદેશમાસાદ્ય શ્રી **જયસોમ** મહોપાધ્યાય શિષ્ય શ્રી **ગુણવિનય** મહોપાધ્યાય તત્‌શિષ્ય શિષ્યાણુ **મતિકીર્તિ**ગણિભિઃ સ્વપરોપકાર હેતવે શ્રી જિનાગમાત્ સમૃધૃત્ય લિખિતાનિ સંપદે ભવતુ વાચકશ્રોતૄણાં શ્રી ઇતિ પ્રશ્નોત્તર સંવાદઃ સમાપ્તઃ સંવત્ ૧૬૯૧ વર્ષે કાર્તિક માસે કૃષ્ણપક્ષે ષષ્ટયાં બુધવાસરે પુનર્વસુ નક્ષત્રે શ્રી **જેશલમેરૂ** મધ્યે વિરચિતોઽયં પ્ર. **ચતુર્ભુજ** લિખિતા. પ.સં.૩૫, કમલમુનિ ભંડાર.

**(૧૫૪૭) ધર્મબુદ્ધિ મંત્રીશ્વર ચોપાઈ** ર.સં.૧૬૯૭ રાજનગરમાં

**આદિ** – આણી આણંદ અંગમઇ, પણમિ **પાસ** જિણંદ,

ફલદાઇ **ફલવધિ**પુરઇ, કલિયુગિ સુરતરૂકંદ. ૧

વચન-સુધારસ વરસતી, શ્રુતદેવી સુખકાર,

મનિ ધરિ મધુર વચન સુણી, ચરિત કહિસ સુવિચાર. ૨

કુશલકરણ **જિનકુશલ** ગુરૂ, વિઘનવિડારણ વીર,

સુખઈ મન નિત સમરતાં, ભલઇ કરઈ પ્રભુ ભીર. ૩

છોકર ઘર છછુહામણા, કમલા કરઇ કલોલ,

પુણ્ય પસાયઇ પામીયે રાજરિદ્ધિ રંગરોલ. ૪

નિસારયણ જિમ નિરમલઉ, જસ લહીયઇ જગ માંહિ,

બલ પામીજે અતિ પ્રબલ, બાહુબલિ જિમ બાંહિ. ૫

ચતુરાઇ અતિ ચતુર નર, ચિતચોરણ ચોસાલ,

સહજઇ સુંદર સંપજઈ, સોહગસિર સુવિસાલ. ૬

ચિંતામણિ જિમ ચિત તણી, ચિંતાચૂરણહાર,

સુરતરૂ જિમ સુખ દૈ સદા, ધરમ કીઉ નિરધાર. ૭

**અંત** – સંવત **મુનિ નિધિ રસ સસિ** વરસઇ એ સંબંધ રચ્યો મન હરસઈ,

**રાજનગરિ** સંપદ ભરિ સરસઇ, જસુ શોભાગુ કુણ પુર ફરસઈ,

પાપ તણી મતિ દૂરઇ કરિસઇ, સંગ કુસંગ તિનઉ પરિહરસઈ,

પુણ્ય તણઉ ફલ સુખિ મનિ ધરસઈ, મતિસાગર જિમ તે સુખ વરિસઇ. ૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુણ્ય તણુઉ ફલ જેહ ન માનઈ, મોહ મલિન મતિ આપ ગુમાનઇ,
ઉંચનીચ ગતિ મઈ બહુ થાનઈ, દુખ લહઈસહઈ નર તેહ અગાનઇ.૬
પાછઈ ઇમિત્રાવિક કહણુઇ, રાજરિદ્ધ સંપદ સુખ ન હણુઇ,
કારણુ ધરમ ધરઇ મન માહઈ, શ્રી જિતારિ જિમ તે સુખ સાહઇ.૭
શ્રી **જિનરાજસૂરિ** ગુરૂ રાજઇ, ગુરૂ અતિસયઇ કરિ છે જગિ બાજઈ,
દેસનસમય જલદ જિમ ગાજઇ, સંસયસકલ તુરત જે ભાજઇ. ૮
ઉવઝાય શ્રી **જયસોમ** જતીસ, ધરઈ આણુ નરવર જસુ સીસિ,
તાસુ સીસ પાઠક પદધારી, શ્રી **ગુણવિનય** સુગુણ-ભંડાર. ૯
શ્રવણિ સુણી સરસી જુ વાણી, હિતસુખ શિવકર નિજ મનિ આણી,
સૂધા પ્રતિબુધા ભવિ પ્રાણી, ધર્યો ધરમ અનુપમ ગુણખાણી. ૧૦
તાસુ સીસ શ્રી **મતિકીરતિ** એહ, પ્રભણ્યઉ ચરિત સંપદ ગુણગેહ,
ભણઈ ગુણઇ નિસુણઇ ભવિ જેહ, ધરમમરમ પામઇ જગિ તેહ.૧૧
શ્રી **જિનદત્ત** સૂરિશ્વર સદઇ, અવિચલ જય પામઈ વરવાદઈ,
શ્રી **જિનકુશલ**સૂરિ સાંનિધ્યઇ, સુખી હુવઇ વધતી રિદ્ધિ
વૃદ્ધઈ. ૧૨

(૧) સં.૧૭૮૧ મિગસિર શુક્લ દ્વાદશી તિથૌ ચંદ્રવારે શ્રી અજીમગંજ મધ્યે લિ. પં. રંગપ્રમોદ મુનિના. પ.સં.૧૩-૧૪, ધો.ભં. (૨) પ.સં.૧૯, પ.ક્ર.૭થી ૧૪ પં.૨૦, પાદરા નં.૬૨.

**(૧૫૪૮) લુંપક મતોત્થાપક ગીત** ગા.૬૧

**અંત** – એહ ભાવ આગમિ ભણ્યઉ શ્રી **ગુણવિનય** પસાઇ,
**મતકીરતિ** વાચક ભણઈ, નિજ મન કેરઈ ભાઈ. ૬૧

(૧) છેલ્લું એક પત્ર, પ્રથમનું નથી, નાહટા સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૭૭-૭૮, ભા.૩ પૃ.૧૦૬૮-૬૯.]

## ૬૯૩. ક્ષેમરાજ (પાર્શ્વચંદ્ર ગ. સાગરચંદ્રસૂરિશિ.)

**(૧૫૪૯) સંથાર પયન્ના બાલા.** ર.સં.૧૬૭૪ કા.શુ.ર ભોમે

(૧) પ.સં.૧૨, જેસલ.ભ.ભં. નં.૨૨૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૦૫.]

## ૬૯૪. ગોવર્ધન

**(૧૫૫૦) સ્થૂલિભદ્ર મદનયુદ્ધ** ગા. ૩૭૨.સં.૧૬૭૪ માગ.શુ.૧૨ મંગલવાર

**આદિ** – પુઝું (પૂછું) વાતડી વઇ મોહ કયું જીતઉ, ફિરિ ફિરિ સગરૂ સરાહઈ,
દુસ્કર કરણી કીની મુનિવર, ખોટે કલિયુગ માંહે. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંત** – સંવત **સોલ ચિહુતર** વરસઇ, મિગસર સુદી ભૃગુવાર,
દ્વાદસિ દિનિ હરખઈ કરિ, વિનવઇ **ગોવર્દ્ધન** સુખકાર. ૩૭

(૧) સં.૧૬૮૩ માહ સુદી ૫ શુક્રે વા. **સુખનિધાન** શિ. **સકલકીર્ત્તિ** શિ. **ઋષિદાસ** પઠનાર્થં **દ્રવ્યપુર** મધ્યે. વીકા. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫૨–૫૩. ત્યાં કૃતિની ર.સં.૧૬૦૪ ગણવામાં આવેલી, પરંતુ ૧૬૭૪ અર્થઘટન કરવું વધુ યોગ્ય જણાય છે.]

## ૬૯૫. દેવસાગર (આંચલિક)

**(૧૫૫૧) કપિલ કેવલી રાસ** ર.સં.૧૬૭૪ શ્રા.શુ.૧૩ જેવાષ્ટકે

(૧) સં.૧૭૧૩ મા.વ.૧૧ ભુજનગરે **વિજયચંદ્ર** લિ. ઉદયચંદ પઠનાર્થં. પ.સં.૫, ચતુ. પો.૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૭૧.]

## ૬૯૬. જિનસાગરસૂરિ (ખ.)

સૂરિપદ સં.૧૬૭૪ સ્વ. સં.૧૭૨૦.

**(૧૫૫૨) વીસી** [અથવા **વિહરમાન** જિન ગીત]

**અંત** – સુવિહિત **ખરતર** ગચ્છપતી એ, યુગવર **જિનસિંઘસૂરિ**
તાસુ સીસ ગુણ સંસ્તવે, શ્રી **જિનસાગરસૂરિ**.

(૧) પ.સં.૫, જેસલ.ભ.ભં. નં.૨૦૯. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૦,૫૨૦).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૭૧.]

## ૬૯૭. કમલલાભ (ખ. જિનચંદ્રસૂરિ–સમયરાજ–અભયસુંદરશિ.)

**(૧૫૫૩) ઉત્તરાધ્યયન બાલા.** જિનરાજસૂરિ સમયે સં.૧૬૭૪ અને ૧૬૯૯ વચ્ચે

**આદિ** – ઐં નમઃ યુગપ્રધાન શ્રી **જિનચંદ્રસૂરિ** શ્રી **સમયરાજોપાધ્યાય**–સદ્‌ગુરૂભ્યો નમઃ

પણમિય સિર પહુ **પાસં**, **ફલવહિપુરમંડણં** સુકયવાસં
કામિય-ફલભરદાયગ કપ્પતરૂં પણયસુરવાસં. ૧
સાસણ-નાયગ **વીરં** કમ્મમહભડવિણાસં વરવીરં
મેરૂગિરિસિહરિ સક્કેણ ભજ્જિઅં નમિઅ ગિરિધીરં. ૨
**ગોઅમ-સુહમ્મ**પમુહા ગણવયણો ઇચ્છિઅત્થં દાયારા
સહકજ્જે તે સુયરિય સિરિ **સુઅદેવિં** તહા સુચિરં. ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિરિખરયગણનહયલચંદા યુગપવરસૂરિજિણચંદા
તસ્સીસા ગુણનિહાણા, ઉવઝાયા સિરિ સમયરાયા. ૪
તેસિં સુપસાએણં રએમિ હં ઉત્તરજઝવખાણું
પાગય-જણભાસાએ, સંબંદ્ધં મુદ્ધબોહકએ. ૫
જુગવર જિણરાયાણં, સૂરીણું સવ્વસૂરિસીહાણં
આએસેણં સુહ હોઉ, નિઅગણં સારયંતાણં. ૬

ઇતિ આરંભપીઠિકા, પછી ગુજરાતી ભાષામાં બાલાવબોધ છે.

(૧) ઇતિ શ્રીમત્ બૃહત્ખરતરગચ્છાધિરાજ વર્ત્તમાન ગુરૂ ભ. યુગપ્રધાન શ્રી જિનરાજસૂરિરાજાનામાદેશેન યુગપ્રધાન શ્રી જિનચંદ્રસૂરિ શિષ્યમુખ્ય શ્રી સમયરાજોપાધ્યાયાન્તેવાસી વાચનાચાર્ય શ્રી અભયસુંદરગણિ વિનેય શ્રી કમ(લ)લાભોપાધ્યાય વિરચિતોત્તરાધ્યયન બાલાવબોધે જીવાજીવવિભત્તિ નામ ષટત્રિંશત્તમાધ્યયનવિવરણં તત્ સમાપ્તૌ સમાપ્તોઽયમુત્તરાધ્યયન બાલાવબોધઃ. પ.સં.૪૫૦-૧૫, ગુ.નં.૩૪૨.

[પ્રથમ આવૃતિ ભા.૩ પૃ.૧૬૦૯-૧૦.]

## ૬૯૮. નીંબો

**(૧૫૫૪) આદિનાથ વિવાહલો** ગા.૨૪૫ લ.સં.૧૬૭૫ પહેલાં

(૧) ગ્રં.૪૦૦ સં.૧૬૭૫ આ.વ.૩ વા. મહિમસિંધુર શિ. વિનયવર્દ્ધન લિ. પુગલકોટે શ્રાવિકા ચંપા પઠનાર્થં. પ.સં.૧૧, દાન.નં.૮૫૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૭૧.]

## ૬૯૯. પરમાનંદ (જીવસુંદરશિ.)

**(૧૫૫૫) હંસરાજ વચ્છરાજ ચોપાઈ** ર.સં.૧૬૭૫ મરોટ

(૧) જિનસાગરસૂરિ શાખા ભં. વિકાનેર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૭૨.]

## ૭૦૦. ઉદયમંદિર (આં. કલ્યાણસાગરસૂરિ-પુણ્યમંદિરશિ.)

**(૧૫૫૬) ધ્વજભુજંગ આખ્યાન** ર.સં.૧૬૭૫ કા.શુ.૧૩ બુધ સેરવાટપુરમાં

**અંત** – સંવત સોલ પંચ્યોતરે રે, કારતિક માસ મઝારિ રે,
સુદ તેરસ અતિ ઉજ્જલી રે, સોમસુતન ભલો વાર રે. ૧૦
વિધિપક્ષગછગુરુ રાજીઓ રે, સોહે નિર્મલ નાણ રે,
દિનદિન મહિમા દીપતા રે, જિમ ઉદયાચલેં ભાણ રે. ૧૧
કલ્યાણસાયર સૂરીસરૂ રે, સકલકલા-ગુણ-ઠાંમ રે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાભિગનંદન સુંદરૂ રે, મોહન(કોડણુ) શ્રીગુરૂનામ રે. ૧૨
તાસ પક્ષ પંડિતવરૂ રે, **પુન્યમંદિર** મુનિરાય રે.
વિનઇ તેહના વીનવૈં રે, **ઉદયમંદિર** ધરી સાય રે. ૧૩
રાસ રચ્યો ખંતે કરી રે, **સેરવાટપુર** માંહિ રે,
નરનારી જે સાંભલે રે, તસ હોઈ અધિક ઉછાંહિ રે. ૧૪

(૧) સકલપંડિતશિરોરત્ન ભૂભામિનીભાલસ્થિતોપમાન પંડિતોત્તમ શ્રી ૨૧ શ્રી **લબ્ધિવિજયગણિ** શિષ્ય સકલગણિગજેંદ્રગણિ **સુંદરવિજય** ભાઈશ્રી પં. શ્રી **શાંતિવિજયગણિ** લિખિતં મુનિશ્રી **નેમિવિજય** વાચનાર્થં લિખિતં પુસ્તક શ્રી **શાંતલપુર** નગરે. પ.સં.૭, પ્ર.કા.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૯૦-૯૧.]

## ૭૦૧. ધર્મકીર્તિ (ખ. જિનચંદ્રસૂરિ–ધર્મનિધાનશિ.)

**(૧૫૫૭) નેમિ રાસ** ૭૧ કડી ર.સં.૧૬૭૫ ફા.શુ.૫ રવિ

**આદિ –** હું બલિહારી જાદવા એહની ઢાલ.

**સરસતિ** માતા મુઝ ભણી, દેજે અવિરલ બુદ્ધિ વિસાલ કિ,
**નેમિ** તણા ગુણ ચિત્ત ધરી, પભણું રંગઇ અતિહિં રસાલ કિ.૧
સીલસિરોમણિ **નેમિજી**, ગાઇસુ હું જિણવર સુખકાર કિ,
સીલ સુજસ જગિ વિસ્તર્યઉ, **જાદવકુલ**નઉ એ સિણગાર કિ.સીલ.૨

**અંત –** **ખરતરગચ્છિ** ગુરૂ ગુણનિલઉ, જુગપ્રધાન **જિણચંદ** મુણિંદ કિ,
પાઠક **ધરમનિધાનજી, ધરમકીરતિ** મનિ ધરિય આણંદ કિ.૭૦
**સોલહ સય પચહુત્તરઈ** ફાગુણ સુદિ પંચમિ રવિવાર કિ,
રાસ ભણ્યઉ જિણવર તણઉ, સયલ સંઘનઈ મંગલકાર કિ. સી. ૭૧

(૧) પ.સં.૩-૧૫, સેં.લા. નં.૨૨૩૩.

**(૧૫૫૮) + જિનસાગરસૂરિ રાસ** (ઐ.) ૧૦૩ કડી ર.સં.૧૬૮૧ પોષ વદિ ૫

**આદિ –** શ્રી **બંભણપુર**નઉ ધણી, પણમી **પાસ** જિણંદ
શ્રી **જિનસાગરસૂરિ**ના, ગુણ ગાવું આણંદિ. ૧
**સરસતિ** મતિ મુઝ નિરમલી, આપઉ કરિય પસાય
આચારજ ગુણ ગાવતાં, અવિહડ વર દ્યો માય. ૨

**અંત –** યુગવર **ખરતરગચ્છ**-ધણી એ, **જિનચંદસૂરિ** ગુરરાય,
શિષ્યશિરોમણિ અતિં ભલા એ, **ધર્મનિધાન** ઉવઝાય. ૧૦૦
તાસુ શિષ્ય અતિ રંગ સું એ, **ધર્મકીર્તિ** ગુણ ગાય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત **સોલહ ઇકાશિયે** એ, પોસ વદિ પંચમી ભાય. ૧૦૧
શ્રી **જિનસાગરસૂરિ**નુ એ, રાસ રચ્યૌ સુખકંદ,
સુણતાં નવનિધિ સંપજૈ એ, ગાતાં પરમાણંદ. ૧૦૨
તાં પ્રતપો ગુરૂ મહિયલે એ, જાં ગગને દિન-ઇશ,
**ધર્મકીર્ત્તિ**ગણિ ઇમ કહે એ, પૂરે મનહ જગીશ. ૧૦૩

(૧) પ.સં.૪, સ્ટેટ લાયબ્રેરી વિકાનેર.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ પૃ.૧૭૮–૧૮૯.

**(૧૫૫૯) મૃગાંકપદ્માવતી ચોપાઈ**

(૧) અપૂર્ણ, નાહટા સં.

**(૧૫૬૦) ૨૪ જિન બોલ સ્ત.**

(૧) ક્ષમા.ભં. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૯૧, ભા.૩ પૃ.૯૭૧–૭૨.]

## ૭૦૨. ગુણસાગરસૂરિ (વિજયગચ્છ–વિજય ઋષિ–ધર્મદાસ–ખેમજી–પદ્મસાગરસૂરિશિ.)

**(૧૫૬૧) સંગ્રહણી વિચાર ચોપાઈ** ર.સં.૧૬૭૫ (કલાઉદધિ બાણ)

(૧) સં.૧૬૭૫ આ.શુ.૧૨, પ.સં.૫૬, જય. પો.૬૯.

**(૧૫૬૨) [+] ઢાલસાગર** [અથવા **ઢાળમાળા, વસુદેવ રાસ, હરિવંશ પ્રબંધ**] ૧૫૧ ઢાળ ર.સં.૧૬૭૬ શ્રાવણ શુ.૩ સોમ કુકંટેશ્વર ગામમાં

**આદિ** – શ્રી જિન **આદિ** જિનેશ્વરૂ, આદિ તણો દાતાર,
યુગલાધર્મનિવારણો, વરતાવણ વિવહાર. ૧
**શાંતિ** સકલ સુખદાયકો, શાંતિકરણ સંસાર,
અરતિ અસુખ દુખ આપદા, મારિ નિવારણહાર. ૨
**નેમિનાથ** મતિ નિરમલી, અનમન મારણ દેવ,
બાલ બ્રહ્મચારી પ્રભૂ, સુરનર સારઈ સેવ. ૩
**પારસ** પારસ સારિખઉ, સુખસંપતિદાતાર,
ક્ષુદ્રોપદ્રવ ટાલણો, નામિ સદા જયકાર. ૪
**વીર**સ્વામિ ત્રિભુવનતિલો, ગુણમણિનુ ભંડાર,
તીર્થંકર ચઉવીસમુ, **શાસન**નો સિણગાર. ૫
કાલ અતીતઈ જે હૂઆ, વર્ત્તમાન જિન ઈસ,
હોણહાર તે સહૂઅના, ચરણ નમું નિસદીસ. ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગણધર **ગૌતમ** ગુણનિલો, લબ્ધિપાત્ર સુવિચાર,
પનરઈ સઇરે તિડોતરાં, દીધો જેણિ આહાર. ૭
કામધેનુ ગો શબ્દથી, તલઇ તરૂ સુરવૃક્ષ,
મમઈ જૂ મણિ ચિંતામણી, **ગૌતમ**સ્વામિ પ્રત્યક્ષ. ૮
દેશિ દેશાંતર કાં ભમઈ, મૂરિષ લોગ અયાણ,
ઘરિ બયઠાં હરિ પોરસો, **ગૌતમ** કેરો ધ્યાન. ૯
બ્રહ્માણી **બ્રહ્માસુતા**, **સારદ**માત પ્રણામ,
કરિ માગું મતિ નિર્મલી, જિમ પામું કવિનામ. ૧૦
કવિવાણી વારૂ કહી, જસ તૂઠી તું માય,
તૂઝ તૂઠા વિણ બોલણો, મૂરિષ માંહિ કહાય. ૧૧
પઢઇ ગુણઇ મતિ આગલા, રાજસભા સનમાન,
લહઇ નિવાજ્યા તાહરા, મોટિમ મેરૂ સમાન. ૧૨
માત મયા કરિ સાંભલે, સેવકની અરદાસ,
તિમ કરિ જિમ પહુંચઇ સહી, માહરા મનની આશ. ૧૩
ગુરૂ નમીયઇ ગુરૂતા ભણી, ગુરૂ વિણ ગુરૂતા નાહિ,
ગુરૂજનનઇ પ્રગટઉ કરઈ, લોક ત્રિલોકાં માંહિ. ૧૪
ગુરૂ કારીગર સારિખા, ટાંકી વચનવિચાર,
પાથરથી પ્રતિમા કીયા, પૂજા લહઇ અપાર. ૧૫
અંધકાર અજ્ઞાનતા, જ્ઞાનશલાઈ સાર,
ફેરિ કીયા જગિ દેખતા, ધનિ ગુરૂના ઉપગાર. ૧૬
તીર્થંકર ગણધર સહૂ, **સારદ** સગુરૂ સકામ,
સહૂ મિલી મુઝ આપિયો, કાવ્યકલા અભિરામ. ૧૭
ઉત્પત્તિ શ્રી **હરિવંશની હલધર કૃષ્ણ**નરેશ,
**નેમ મદન**યુગ **પાંડવો**, ચરિત્ર ભણું સુવિશેષ. ૧૮
**યાદવ** કથા સોહામણી, જે સુણિસી નરનારિ,
તીર્થનો ફલ પામસે, નહિ સંદેહ લગાર. ૧૯

**અંત** – ગચ્છ સ્વચ્છ પ્રણામ સૂં રે, વિજયવંત વિશેષ
શ્રી **વિજયગચ્છ** રાજીયા, કાંઇ દીપે રે ગુરૂધર્મ નરેસ. કિ. ૧૯
**વિજય**ઋષિ વિદ્યાબલી રે, **ધર્મદાસ** મુનીશ
ક્ષિમાસાગર **એમજી**, કાંઇ જેહની રે જગ માંહિ જગીસ. ૨૦
**પદ્મસાગર** સૂરિજી રે, સુજસ જસુ ભરપૂર,

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાય પ્રણમી પ્રભૂ તણા કાંઇ, પભણે રે **ગુણસાગર** સૂરિ કિ. ૨૧
સંવત્સર **સોલ છહોતરી** રે માસ શ્રાવણ સુદ્ધિ
તિજ સોમ સમુત્તરા, કાંઇ વાસર કે વારૂ અવિરૂદ્ધ. ૨૨
**કુકંટેશ્વર** નગરમાં રે, **પાસ** સામી પસાય
સંઘને ઉચ્છકપણુઇ કાંઇ રચિયો રે મેં ચરિત સુભાય કે. ૨૩
**ઢાલસાગર** નામથી, **હરિવંશ**નો વિસ્તાર,
શુદ્ધ ભાવે સાંભલે, કાંઈ પામે રે સુખસંપતિસાર કે. ૨૪
એકસો એકાવને રે, ઢાલનો સોભાગ,
આદિ તો આસાવરી, કાંઇ અંતે રે ધન્યાસી રાગ કે. ૨૫
જબ લગિ ગિરિ મેરૂજી રે, સકલ ગિરવર ઈસ,
તબ લગે **હરિવંશ** એ, કાંઇ થાજયો રે થિર વિસવાવીસ.

કલસ.

શ્રી **હરિવંશ** ગાયો સુજસ પાયો, જ્ઞાનબુદ્ધિ પ્રકાસનો
પાપ ત્રાઠો ગયો નાઠો, પુન્ય આયો આસનો
કરત પુત્ર કલત્ર કમલા પઢત સુણત સોહામણો,
પૂજ્યશ્રી **ગુણસૂરિ** જંપે, સંઘરંગ વધામણો. ૨

(૧) સં.૧૭૧૨ લિ. પ.સં.૧૦૫-૨૦, રો.એ.સો. બી.ડી.૧૫૪. નં. ૧૯૦૪. (૨) પ.સં.૧૨-૧૭, ત્રુટક, રો.એ.સો. બી.ડી.૩૦૪ નં.૧૯૦૫. (૩) સં.૧૭૫૪ માહ વ.૧૧ બુધે **બુપણિયા** સ્થાને. પ.સં.૧૧૪-૧૫, મો.સુરત પો.૧૨૭. (૪) બીજી પ્રત ત્યાં જ પ.સં.૬૨. (૫) ગ્રંથાગ્રંથ ૫૭૫૦ સં. ૧૭૪૦ શુદ્ધિ દિન ભલે ૧૪ ચતુર્દસ્યાં કમ્મંવાટચાં લિ. જ્ઞવાસરે **આગર્ગલપુર** મધ્યે લિ. પૂજ્ય ઋ. **હીપચંદ્રજી** શિ. ઋ. **ગાંગાજી** શિ. ઋ. **રાજારામજી** શિ. ઋ. **દયાલજી** શિ. મુનિ **માંડણ**. શ્રી **લુંકાગચ્છે** લિપીકૃતાનિ. પ્રથમ પત્ર નથી, પ.સં.૧૨૬-૧૫, કલ.સં.કો.કેટે.૧૦, નં.૧૨૦. (૬) લિ. શ્રીપૂજ્ય ઋષિ **જસવંત** શિ. ઋ. **ગણેશ** શિ. **યાદવજી** શિ. **વીરપાલ** શિ. **નાગજી** શિ. લિપીકૃતં મુની **રત્નસી શ્રીપાલ** સં.૧૭૬૭ માઘ શુ. ૭ રવિ **શંખપૂર** નગરે શ્રી **વરહરિ** પક્ષે **લુંકાગછે**. પ.સં.૧૪૮-૧૭, ખેડા ભં.૩. (૭) સં.૧૮૧૬ માગશિર્ષ વ.૧૦ ગુરૂ પૂજ્ય ઋ. **રૂપાજી** શિ. પૂજ્ય ઋ. **કૃષ્ણજી** શિ. પૂ. ઋષિ **રણછોડજી** શિ. પૂજ્ય પં. **ભવાનજી** શિ. **સેવક** લ. ઋ. **ઈંદ્રજી** તતલઘુભ્રાત ઋ. **જીવણજી** ગુરૂપ્રસાદાત્ **કાલાવડ** ગ્રાંમ મધ્યે લખ્યો. પ.સં.૧૨૧-૧૭, વિ.ને.ભં. નં.૩૨૮૧. (૮) સં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮૪૦ જેઠ શુ.૨ ગુરૂવાસરે શ્રી ચીંતામણિ પાર્શ્વનાથ પ્રસાદાત્ શ્રી કપડવણુજ્ય નગરે પં. મોહનસોમજી શિ. જયસોમેન લ. પ.સં.૧૧૬–૧૮, ખેડા ભં.૩. (૯) સં.૧૮૪૮ ભા.વ.૧૩, પ.સં.૧૩૬–૧૫, મો.સુરત પો. ૧૨૧. (૧૦) સં.૧૮૭૬ વૈ.શુ.૧૧, પ.સં.૧૫૩, મહિમા. પો.૩૬. (૧૧) લ. વરજલાલ વેણીદાસ શ્રી ખેડા ગ્રાંમે શ્રી ભીડભંજણુ પાર્શ્વનાથ પ્રસાદાત્ સંવત ૧૯૨૯ના ચૈત્ર વદી ૫ ગુરૂવાસરે તા.૧૭ અપ્રેલ સને ૧૮૭૩. ભુલચૂક હોય તે વાંચનાર સમઝીને સૂદ્ધ કરજ્યો. લખતાં અજાંણુથી ભૂલ થઇ હોય તે મીચ્છામીદુકડં સૂભં ભવતુ, કલ્યાંણમસ્તૂ શ્રેયં. શ્રી. પ.સં. ૧૦૯–૧૮, ખેડા ભં. દા.૮ નં.૧૦૯. (૧૨) પ.સં.૧૭૭, ત્રુટક, જય. પો. ૬૭. (૧૩) ગ્રં.૫૩૫૧, પ.સં.૪૩–૨૩, વિજાપુર જૈ. જ્ઞાનમંદિર નં. ૫૯૯. (૧૪) ઢાલસાગર હરિવંશ પ્રબંધે નવમો અધિકાર. ગ્રંથાગ્રંથ શ્લો. ૫૭૫૦ લિ.૧૭૯૮ માધવ માસોત્તમ માસે પૂર્ણિમા ગુરૂ ભાંણુવડગ્રામે લિ. [ભં.?] (૧૫) લિખિતં મુનિ રાજચંદ્રેણ પઠનાર્થં સંઘવી શ્રી નાનજી તત્પુત્ર સં. શ્રી હીરાનંદ, તદ્ભાર્યા અનેકધર્માનુષ્ઠાન કાર્યા સંઘવણિ મનરંગદે. શ્રીરસ્તુ, કલ્યાણમસ્તુ, લેખકપાઠકયોઃ શુભં ભૂયાસ્તાં. પ.સં.૧૦૧–૧૬, અનંત. ભં. (૧૬) ઇતિશ્રી ઢાલસાગર હરિવંશ પ્રબંધે નવમોધિકાર સંપૂર્ણઃ સં.૧૭૨૯ કાર્તિક સિત ૧૩ દિને ગુરવારે પં. શ્રી ૫ વિજયહર્ષગણિ શિ. ગણિ સાધુવિજયેન લિખિતા પ્રતિરિયં. સ્વશિષ્ય મુનિ પદ્મવિજય વાચનાર્થે. પ.સં.૮૦–૧૮, મો.ભં. (૧૭) સં.૧૮૮૪ના આસો શુદિ ૨ શુક્લપક્ષે લિષિતં ઋ. સુંદરજી સંઘજી સીષ ઋ. પ્રેમજી ત.ઋ. હીરાચંદજી. શ્રી. જેતપૂર મધ્યે રાસ પુરો લષો છે. પ.સં.૧૦૭–૧૪, મારી પાસે. આ અધૂરી પ્રત છે. આ સિવાય બીજી બે પ્રતો છે પણ તે પણ અધૂરી છે. (૧૮) ખં.ભં.૧. (૧૯) ચં.ભં. [જૈહાપ્રોસ્ટા, ડિકૅટલૉગભાઇ વૉ.૧૯ ભા.૨, મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. શ્રાવક મગનલાલ ઝવેરચંદ શાહ.]

**(૧૫૬૩) કયવન્ના રાસ** ૨૦ ઢાળ ર.સં.૧૬૭૬

**આદિ –** મારૂ રાગે દૂહા.

દાન ન દેખે દલિદ્રહિ, દાન વિના નહિ ભોગ,
દાને અપકીરતિ નહિ, નહિ પરાભવ લોગ. ૧
દાનેં વ્યાધિ વધે નહિ, દીનપણું નવિ હોઇ,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દાને ભય વ્યાપે નહિ, નિરધન દાને મ જોઈ. ૨
લક્ષ્મી તણા નિદાન અતિ, અનરથમેટણ દાન,
પાત્રદાન દેતા થકા, વાધે વસુધા વાન. ૩
એક જન્મ દીધો થકો, જન્માંતરિ પણિ સોઇ,
આડો આવે દાન એ, ઇમ જાણો સહુ કોઇ. ૪
**કયવને** કુમારજી, દાન કરી વર ભોગ,
કિમ પામ્યો તે સાંભલો, પુન્ય તણા સંયોગ. ૫

**અંત –** ૨૦મી ઢાલ.

*

ઇમ સુણી વયરાગીઉજી, જેઠો નંદન થાપિ,
ઘરનઈ ભારિ પ્રેત સાતમઇ, એ ધન બહુલઉ આપિ. મ. ૨૮
**વર્ધમાન** જિન હાથિ લીધો, **કયવન્નઈ** વ્રતભાર,
સ્વર્ગ પંચમઈ હોઇ ચવીઈ, પામીસઇ ભવપાર. મ. ૨૯
ઢાલ ભલી પણ વીસમીજી, દાન દીયાથી જોઇ,
શ્રી **ગુણસાગર** સૂરિજી રે, સુધરઇ છઈ ભવ દોઈ. મ. ૩૦

(૧) પહેલાં બે પત્ર નથી, પ.સં.૮-૧૫, આમાં પ્રશસ્તિમાં રચ્યા સંવત નથી. છેલ્લો કલશ ઉડાડી દીધો લાગે છે. મારી પાસે. (૨) લખ્યા સં. ૧૮૫૬. [ભં.?] (૩) રત્ન.ભં. (૪) ડે.ભં. (૫) લીં.ભં.

**(૧૫૬૪) + શાંતિજિન વિનતિરૂપ સ્ત.** અથવા છંદ

(૧) સં.૧૮૫૬ માહા સુદિ ૧૧ લિ. પં. **રાજકુશલ** ગ્રામ **વીરલ** મધે શ્રી **પાર્શ્વ**નાથ પ્રસાદાત્. પ.સં.૧૮-૧૨, રત્ન ભં. દા.૪૩ નં.૬૨. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૬૧, ૨૨૫, ૨૪૧, ૨૫૫, ૫૦૮).]

પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૧૭૪. [૨. અભયરત્નસાર. ૩. પ્રાચીન છંદ સંગ્રહ.]

**(૧૫૬૫) સ્થૂલિભદ્ર ગીત** ૩૨ કડી

**આદિ –** રાગ ગઉડી.

શ્રી ગુરૂહંદી આગ્યા પાઇ, **કોશા** ઘરહિ પડાવંદાં હૈ,
પંચ સહેલી છડા મુનિવર, પૂછિ ચઉમાસિ રહાવંદા હૈ. ૧

**અંત –** તખત **આગરઇ આદિ** જિણંદને, ચરણકમલ નિત ધ્યાવંદા,
શ્રી **પદ્મ**સૂરિ શિષ્ય કહઇ **ગુણસાગર** સંઘ કલ્યાણ કરાં વંદા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પ.સં.૧, નાહટા. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૯૭-૫૦૧, ભા.૩ પૃ.૯૮૦-૮૪. 'કયવન્ના રાસ'ના ઉદ્ધૃત ભાગમાં રચનાસંવતનો નિર્દેશ નથી. રચનાસંવતદર્શક કલશ આપવાનો રહી ગયો છે? 'શાંતિનાથ છંદ' અને 'શાંતિનાથ વિનતિ-રૂપ સ્તવન'નો બે જુદી કૃતિઓ તરીકે ઉલ્લેખ થયેલો તે ભૂલ હતી તેથી અહીં એ હકીકત સુધારી લીધી છે. આ કવિને નામે મૂકેલી 'નેમિચરિત્ર-માલા' અન્ય ગુણસાગરની જણાય છે. જુઓ નં. ૭૨૭ ગ.]

## ૭૦૩. લક્ષ્મીપ્રભ (નાહટાવંશે કનકસોમશિ)

**(૧૫૬૬) અમરદત્ત મિત્રાનંદ ચોપાઈ** ર.સં.૧૬૭૬? ભા.

(૧) ગા.૫૨૧ ગ્રં.૭૩૨ લક્ષ્મીપ્રભ શિ. સોમકલશ લિ. ઠાકુર દેઉ પઠનાર્થં. પ.સં.૧૯, પ્રતિ ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૦ નં.૨૦૦૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૭૭. ત્યાં આ કવિને નામે મુકાયેલ 'ધર્મગીત' વસ્તુતઃ કનકપ્રભનું 'દશવિધ યતિધર્મ ગીત' ઠર્યું છે. કનક-પ્રભ માટે જુઓ આ પહેલાં નં.૬૪૪. દેવગુપ્તસૂરિશિષ્ય સિદ્ધિસૂરિ (જુઓ આ પહેલાં નં.૪૫૫)નો ૫૨૩ કડીનો 'અમરદત્ત મિત્રાનંદ રાસ' મળે છે અને અહીં લહિયાની ગુરુપરંપરામાં લક્ષ્મીપ્રભ નામ છે તેથી સિદ્ધિસૂરિની કૃતિ ભૂલથી લહિયાના ગુરુને નામે ચડી ગઈ હોય અને સં.૧૬૭૬ લખ્યા-સંવત હોય એવો સંશય રહે છે.]

## ૭૦૪. રત્નચંદ્ર (ત. શાંતિચંદ્ર ઉ.શિ.)

**(૧૫૬૮) સમ્યકત્વ સપ્તતિકા બાલા. (સમ્યકત્વરત્નપ્રકાશ)** ર.સં.૧૬૭૬ પો.શુ.૧૩ સુરતમાં

**અંત** – રસ મુનિ રસ શશિ વર્ષે પૌષે શુકલે ત્રયોદશી દિવસે
સૂરત બંદિર મુખ્યે પરમાર્હત સંઘ શ્રમણીયે.

(૧) ગ્રં.૫૫૫૨ સં.૧૮૪૦ શાકે ૧૭૦૦ માગશર સૂદ ૯ મંગલ લિ. રાજનગર મધ્યે. સુંદર અક્ષરમાં પ્રત, પ.સં.૧૩૧, જશ. સં. (૨) સં. ૧૮૪૦ લિ. પ.સં.૧૪૧, લીં.ભં. દા.૫. (૩) સં.૧૮૪૩ ચૈ.શુ.૨ ભૃગુ-વાસરે સવા પહોર દિન ચઢતે વા. વિદ્યાશેનગણિ લખીતં. પ.સં.૧૮૩, વીજાપુર નં.૨૨૨. (૩) લ.સં.૧૮૪૦ ગ્રં. ૫૦૦૦, પ.સં.૧૪૧, લીં.ભં. દા.૫ નં.૧૭. (૪) લ.સં.૧૯૪૩ ગ્રં.૫૫૦૦, પ.સં.૧૬૮, લીં.ભં. દા.૨૦ નં.૫. (૫) પ.સં.૧૫૨, હા.ભં. દા.૫૦ નં.૨. (૬) પ.સં.૧૧૨, ગ્રં.૫૮૫૨,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હા.ભં. દા.૪૫ નં.૩. (૭) લ.સં.૧૭૮૯, પ.સં.૧૪૫, હા.ભં. દા.૪૫ નં.૭. (૮) ગ્રં.૫૫૫૨, પ.સં.૧૪૮, હા.ભં. દા.૩૯ નં.૧૬. (૯) ગ્રં.૫૨૧૨, સં.૧૮૭૯, પ.સં.૧૪૦, પ્ર.કા.ભં. દા.૧૦૨ નં.૧૦૯૮. (૧૦) ગ્રં.૫૫૦૦, લ.સં.૧૯૪૩, પ.સં.૧૬૮, લીં.ભં. દા.૨૦. (૧૧) પ.સં.૧૪૫, ચં.ભં. (૧૨) ગ્રંથાગ્ર ૫૫૫૨, પ.સં.૧૪૮, ચં.ભં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૫૦).]

[પ્રકાશિત : ૧. જૈન કથા રત્નકોશ ભા.૩.]

**(૧૫૬૯) સંગ્રામસુર કથા** (સમ્યક્ત્વ ઉપર) ર.સં.૧૬૭૮ (વસુ મુનિ રસ શશિ) સુરતમાં

(૧) સં.૧૬૭૮ પો.સુ.૨ બુધે સૂર્યપુરે દેવચંદગણિ પઠનાર્થં. પ.સં.૪, જય. પો.૬૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૦૨, ભા.૩ પૃ.૯૮૯ તથા ૧૬૦૫.]

## ૭૦૫. લબ્ધિરત્ન (ખ. ધર્મમેરુશિ.)

**(૧૫૭૦) શીલ ફાગ** [અથવા **શીલવિષયે કૃષ્ણરુક્મિણી ચોપાઈ**] ર.સં.૧૬૭૬ ફા. નવહરમાં

(૧) પ.સં.૪ રામલાલ સં. વીકા. [જૈહાપ્રોસ્ટા.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૭૫. ત્યાં કર્તાનામ લબ્ધિરાજ દર્શાવાયું છે, પરંતુ જૈહાપ્રોસ્ટામાં ઉદ્ધૃત અંતભાગમાં લબ્ધિરત્ન નામ છે, જે અધિકૃત જણાય છે.]

## ૭૦૬. ઉદયરાજ (ખ. ભાવહર્ષ–ભદ્રસારનો શ્રાવક શિષ્ય)

**(૧૫૭૧) ગુણ બાવની** ર.સં.૧૬૭૬ વૈ.શુ.૧૫ બબેરામાં

**આદિ** – ૐકારાય નમો અલખ અવતાર અપરંપર,
ગહિન ગુહિર ગંભીર પ્રણવ અખ્યર પરમેસર.
ત્રિણ્હ દેવ ત્રિકાલ ત્રિણ્હ અક્ષર ત્રેધામય
પંચભૂત પરમેષ્ટિ પંચઇંદ્રી પરાજય
ધુરિ મંત્ર યંત્રઇ ધંકાર ધુરિ, સિધ સાધક ભાષંતિ સહુ,
**ભદ્રસાર** પયંપઇ ગુર સંમત ઉદૈપુત્ર ઓંકાર કહિ. ૧

**અંત** – શિવ શિવ કિધાં કિસ્યૂં, જોત જયેં નહી કામ ક્રોધ છલ,
કાતિ કહનાયાં કિસ્યૂં, જે નહી મન માંઝિ નિરમલ.
જટા વધાર્યાં કિસૂ. જાંમ પાખંડ ન છંડયઉ,
મસ્તક મૂડયાં કિસૂં, મન જોં માંહિ ન મૂંડયઉ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લૂગડે કિસૂં મેલે કીયે, જો મન માહિ મઇલો રહઇ,
ઘરબાર તજ્યાં સીધઉ કિસૂં, અણબૂઝ્યાં ઉદૌ કહઇ. ૫૩
ખરો નામ ગુરરાજ, ખરો મત એક **ખરતર,**
ખરો ધર્મ્મ નિરારંભ, ખરઉ પાખંડ ખરઉ કર,
ખરી વાત સહુ થાપ, ખરઇ આચાર રહીજૈં,
ખરી જોગ સાધના, ખરઉ કહીયઉ સહુ કિજ્જઇ,
સદગુરૂ **ભાવહરષચી,** આંણ દાંણ સિર પરિ ધરઇ,
જંજાલ અવર **ઉદઇરાજ** કહિ, શ્રી **ભદ્રસાર** સમરણ કરઇ. ૫૪
અચલ સમુદ્ર ધ્રૂ અચલ, અચલ મહિ મેરૂ સમગ્ગલ,
અચલ સૂર શશિ અચલ, અચલ કૂરમ પૃથવીતલ,
અચલ દીહ નઈ રાતિ, અચલ દગપાલ દશે હી,
અચલ ગયણ આકાશ, અચલ ઘન મોર સનેહી,
ગિર આઠ અચલ બ્રહ્મા વિશન, ઈસ અચલ જાં લગિ ઇલા,
**ઉદૈરાજ** અચલ તાં બાવની, ગુણ પ્રકાશ ચઢતી કલા. ૫૫
**રસ મુનિ ષટ સિસ** (શશિ) સમઇ, કરી બાવન્ની પૂરી,
વઇસાખી પૂર્ણિમા વશંત રિતિ તાઇ સનૂરી,
**બબેરઇ** આવીયા કાજ રતનઇ રિણ મોડઇ,
**લાંખાણી લોડીયે** તથિ થંભાયા ઘોડઇ,
**ઉદઈરાજ** તેથિ **ગુણબાવન્ની** સંપૂરણ કીધી તરઇ,
**ચહવાણ**રાંણ નૃપ **શોવનગિર,** વસા વાશિ જગનાથરઇ. ૫૬
કહઇ જિકે બાવન્ની, લહઇ સે રિદ્ધિ નવે નિદ્ધિ,
સુણઇ જિકે બાવન્ની, તિયાં પરગાસ કરઇ બુદ્ધિ,
લિખઇ જિકે બાવન્ની, તિકે સુખ સંપતિ પામઇ,
ભણઇ જિકે બાવન્ની, તિકે અનમ્યાં અહ નાંમઇ,
એકોઇ કવિત કંઠઇ હુવઇ, તિકો મનિષ પંડિત લહઇ,
**ઉદૈરાજ** સંપૂરણ સુખે કરઇ, તિકો અનેક વાતાં કહઇ. ૫૭

(૧) લ. પં. **મહિમા**ણિક્ય મુનિના સં.૧૭૩૬ પો.વ.૩ **સૂર્યપુર** મધ્યે. સુશ્રાવક સાહ **માંણિક**જી **હાંસજી**કસ્ય વાચનાર્થં. ચોપડો, પ.ક્ર. ૧થી ૧૭, જશ. સં. (૨) સં.૧૮૧૨ માઘ વ.૯ **પૂગલ** મધ્યે વા. **ભુવન-વિશાલ**ગણિ લિ. પ.સં.૫, અભય. નં.૨૪૪૯. (૩) પ.સં.૫-૧૫, કુશલ. પો.૪૫.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૭૫-૭૭.]

**૭૦૭. જશસોમ** (ત. આણંદવિમલસૂરિ-સોમવિમલ-હર્ષસોમશિ.)

**(૧૫૭૨) ચોવીસી** ર.સં.૧૬૭૬ શ્રા.શુ.૩ સોમ નાગોરમાં

**આદિ** -

દૂહા

સકલ પદારથ પૂરવઇ, શ્રી **સંખેસર પાસ,**
ચઉવીસઇ જિનવર સ્તવઉં, મુઝ મનિ પૂરૂ આસ. ૧
તુમ્હ દરસણ દીઠઇ હુઇ, સુખસંપદની કોડિ,
મન વચન કરણિ કરી, પ્રણમું બિ કર જોડિ. ૨
ચઉવીસે સ્તવને કરી, પભણું હું બહુ ભત્તિ,
નવનવ ઢાલે રંગ સ્યું, સાત બોલે સંયુત્તિ. ૩
નામ ૧ ગામ ૨ માતા ૩ પિતા ૪, લંછન ૫ કહીઇ સાર,
જિણવર સેવક ૬ સેવિકા ૭, સેવ કરઇ ઉદાર. ૪
સુણતાં શ્રવણે સુખ હુઇ, દુરિય પણાસઇ દૂર,
ભવિયણ ભાવઇ જે ભણઇ, પ્રહિ ઉગમતે સૂર. ૫

**અંત** -

ઢાલ ભમા. રાગ મેવાડુ

**વીર** જિણંદ જુહારીઇ, સા ભમારૂલી, ચઉવીસમઉ જિણંદ તુ
કુંડલપુરનો રાજીઉ, સા. **સીદ્ધારથ** નરીંદ તુ. ૧

*

ગાથા કેરૂં માંન કહું સા. કુંડલી ચેદ ચંદ્ર માન તુ.
અંક તણી ગતિ કરી સા. જાણઇ જાંણ સુજાંણ તુ. ૮
સંવત કેરૂં માન સુણઉ સા. **રસ સાગર ષટ** ઇંદુ સાર તુ,
**નાગોર** નયર માંહિં સ્તવ્યા સા. શ્રાવણ માસ ઉદાર તુ. ૯
ત્રીજ તિથિ સોહાંમણી સા. રોહીણીપતિ વાર જાંણુ તુ,
**ગોયમ** સમ ગુણે કરી સા. **તપગછ** અંબર ભાણ તુ. ૧૦
સિથલાચાર છંડી કરી સા. અજૂઆલિઉ જિનધર્મ્મ તુ,
શ્રી **આણંદવિમલ** સૂરીસરૂ સા. જાંણઇ સકલા ગમ્મ તુ. ૧૧
નિજગુરૂ ચરણસેવા કરૂ સા. કોવિદ માંહિં પ્રધાન તુ,
**સોમવિમલ** સોહાંમણા સા. તસ સેવક સુજાંણ તુ. ૧૨
વિબુધ માંહિં વખાણીઇ સા. સેવ કરઇ નરવૃંદ તુ,
રૂપઇં મયણ હરાવીઉ સા. **હર્ષસોમ** મુણિંદ તુ. ૧૩
ચરણકમલસેવા કરૂ સા. **જસસોમ** પ્રણમઇ સીસ તુ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાવ ધરી હર્ષંઇ સ્તવ્યા સા. જિનવર એહ ચઉવીસ તુ. ૧૪

કલસ

ઇય ઋષભાદિક ચઉવીસઇ, જિનવર વર્ત્તમાન સવિ પાપહરા,
નિત નમઇં સુરનર વિસસ નામી વંછિત પુરણ સુરતરા.
તપગચ્છમંડણ કુમતિખંડણ, શ્રી વિજયદેવ સૂરિંદવરા,
હર્ષસોમ પંડિત ચરણસેવક જસસોમ મંગલકરા.

**(૧૫૭૩) સાચોરમંડન શીતલનાથ સ્તવન** ૬ કડી

(૧) બન્ને કૃતિઓ – ગચ્છાધિરાજ **આણંદવિમલસૂરિ** શિ. પં. **સોમવિમલ** શિ. પં. હર્ષસોમગણિ શિ. ગણિ રંગસોમ શિ. મુનિ રવિસોમ લિ. સં.૧૬૯૫ કા.શુ.૫ ફલવિધિ (ફલોધી) નગરે. પ.સં.૯-૧૨, જશ.સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૭૭-૭૯.]

**૭૦૮. મનોહરદાસ** (વિજયગચ્છ ગુણસૂરિ–દેવરાજ–મલ્લિદાસશિ.)

**(૧૫૭૪) યશોધર ચરિત્ર** ૨.સં.૧૬૭૬ શ્રાવણ વદ ૬ ગુરુ દશપુર (મંદસોર)માં

આદિ –

વસ્તુ

ઋષભ જિણવર ઋષભ જિણવર નાભિનૃપનંદ,
મરૂદેવ્યા ઉવરયં રયણુ કોડિ દેવ જસ સેવ સારય,
ઇંદ્ર ચંદ્ર સેવયં સદા, અલિય વિઘન સત્ર દૂરિ વારઇ,
શ્રી શાંતીશ્વર શાંતિકર, પાસ જિણંદ દયાલ,
તસ પદપંકજ નમવિ કરિ, ચરિત રચિસ સુવિશાલ. ૧
વીર જિનવર વીર જિનવર પ્રણમિ વંદુ ભાય,
સાસનપતિ જિનવર જયો, ઇંદ્રકોટિ સુરગણ નિરંતર,
ભક્તિભાવનિર્ભર સદા, નમઈ ચંદ્રનાગેંદ્ર ગણધર,
પુંડરીક ગોયમ પ્રમુખ, નમીઇ સકલમુણિંદ.
રાય જશોધર ચરિત વર, પભણિસુ પરમાણુંદ. ૨

અંત – શ્રી જિન વીર કહિઉં સંબંધ, ગોતમ આગલિ એહ પ્રબંધ,
હિંસ્યા તજી દયા આદરૂ, જિમ ભવસાયર હેલાં તરૂ. ૪૩
ગુરૂમુખથી જાણ્યો જેહવઉ, તેહવઉ રચ્યો નહી કાંઇ નવઉ.
એ સંબંધ સદા સુખકાર, ભણતાં સુણતાં જયજયકાર. ૪૪
સંવત સોલ છહુત્તરઇ સાર, શ્રાવણ વદિ ષષ્ઠિ ગુરૂવાર,
દશપુર નવફણ પાસ પસાય, રચ્યો ચરિત્ર સબઇ સુખદાય. ૪૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિજય**ગચ્છિ **ગુણ**સૂરિ સૂરીંદ, જશ દરસણ હુઇ પરમાણંદ,
શ્રી મુનિ **દેવરાજ** સુખકંદ, તાસ શિષ્ય **મલ્લિદાસ** મુનીંદ. ૪૫
તસ પદપંકજ સેવક સદા, **મનોહરદાસ** કહઇ મુનિ મુદા,
જા મંદિર અવની થિર રહઇ, તાં લગિ એ ચરિત્ર ગહગહઈ. ૪૬
રાય **જસોધર** તણો ચરિત્ર, સાંભલતાં હુઈ પુણ્ય પવિત્ર,
એ ચરિત્ર નરનારી ભણઈ, તેહનઈ લિક્ષમી ઘર આંગણઈ. ૪૭

(૧) સં.૧૬૮૫ વરષે આસાઢ સુદિ ૯ રવિવારે લિખિતં **રામપુરા** મધ્યે. પ.સં.૩૧-૧૨, સેં.લા. વડોદરા નં.૨૨૧૪. [આલિસ્ટઑઇ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૯૪-૯૫.]

## ૭૦૯. સહજરત્ન

**(૧૫૭૫) લોકનાલ** [દ્વાત્રિંશિકા] **બાલા.** [અથવા **સ્તબક**]

(૧) ત્રિપાઠ મૂલ ગા.૩૨, પ.સં.૭, લીં.ભં. દા.૨૧ નં.૩૦. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૫૪).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૦૫.]

## ૭૧૦. ઉદયસાગર (ખ. સાધુધર્મ–સહજરત્નશિ.)

**(૧૫૭૬)** [**લઘુ**] **ક્ષેત્રસમાસ બાલા.** ર.સં.૧૬૭૬ (?) વિજયદશમી ઉદયપુરમાં

**આદિ** – નિઃશેષકર્મદલનં શ્રી દેવાર્યં પ્રણમ્ય સદ્ભક્ત્યા
સ્વપરોપકૃતયે કુર્વે **ક્ષેત્રસમાસ**સ્ય સુખબોધમ્. ૧

**અંત** – સંવદ્ **રસસાધયંત**ં **રકંદાનનકુમુદબાંધવ** પ્રમિતે
ઈષ સુદિ વિજય દશમ્યાં **ઉદયપુરે** નિયત સુચિ દિને. ૧
શ્રીમત્**ખરતર**ગચ્છે શ્રી **સાધુધર્મ**ગણિમુખ્યાઃ
તતશિષ્ય **સહજરત્ના** જયંતુ શરદઃ શતં જગતિ. ૨
તસ્યાશ્રવેષુ મુખ્યો નામ્ના **ઉદયસાગરો** શ્રુતાધારાત્
**ક્ષેત્રસમાસ**પ્રકરણ બાલવિબોધં સુસંક્ષિપ્તં. ૩
ગંગાજલનિર્મલયા સદ્વૃત્તાકારયા તપસ્વિન્યા,
મંત્રિ **ધનરાજ**સુતયા **સુગંગયાભ્યર્થિતો** વ્યદધત્. ૪
મતિમાંદ્યતઃ પ્રમાદાત્ સમયવિરુદ્ધં ચ લિખિતમત્ર મયા
સંશોધ્યં શ્રુતવદ્ભિઃ પ્રસાદમાધાય તત્સર્વમ્. ૫

(૧) પ.સં.૩૭, મ.જૈ.વિ. નં.૯૬. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞા. સૂચિ ભા.૧ (પૃ.૨૦૪).]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૦૬.]

**૭૧૧. કમલકીર્તિ** (ખ. કલ્યાણલાભશિ.)

**(૧૫૭૭) મહિપાલ ચોપાઈ** ર.સં.૧૬૭૬ વિજયદશમી હાજીખાન દેશમાં

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૮૪.]

**૭૧૨. ગુણવિજય** (ત. વિજયાણંદસૂરિ–કુંવરવિજયશિ.)

વિજયાણંદસૂરિ – આચાર્યપદ સં.૧૬૭૬ સ્વ.૧૭૧૧.

**(૧૫૭૮)** [+] **ગુણમંજરી વરદત્ત** અથવા **પંચમી (સૌભાગ્યપંચમી** [અથવા **જ્ઞાનપંચમી**]) **સ્ત.** ૪૯ કડી

**આદિ –** દેશી રસિયાની.

પ્રણમી **પાસ** જિનેસર પ્રેમ સ્યૂં, આણિ અતિ ઘણો નેહ, ચતુર નર.
પંચમિ તપ માંહિ મહિમા ઘણો, કેહતાં સુણજો રે તેહ. ચતુર નર. ૧

**અંત –** કલશ.

સકલ સુખકર સયલ દુખહર ગાઇઓ **નેમિસરો**
**તપ**ગચ્છરાજા વડ દિવાજા, શ્રી **વિજયઆણંદ** સૂરીસર,
તસ શિષ્ય પદમ પ્રાગ મધુકર કોવિદ **કુઅરવિજય**ગણી,
તસ શિષ્ય પંચમી તવન ભાષે શ્રી **ગુણવિજય** રંગ ગુણિ. ૪૯

(૧) સંવત ૧૯૧૭ અસાડ માસે કૃષ્ણપક્ષે તિથૌ ૬ ષષ્ટમ્યાં ભાનુવાસરે લિખિતં **મુંબઈ** મધ્યે બ્રા. **ચતુર્ભુજે**ણ. પ.સં.૩-૧૨, અનંત. ભં. (૨) પ.સં.૨-૧૨, માં. ભં. (૩) પ.સં.૩-૧૧, આ.ક.ભં. (૪) પ્ર.કા.ભં. (૫) મારી પાસે.

[પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સં. ભા.૨ તથા અન્યત્ર.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૯૪–૯૫.]

**૭૧૩. પ્રભસેવક** (મુખશોધનગચ્છ)

**(૧૫૭૯) ભગવતી સાધુવંદના** ૫૯ કડી ર.સં.૧૬૭૭

**આદિ –** સ્તવીમિ વીરં જીતસૂરમંડલં, પ્રતાપવિસ્તારિતભૂમિમંડલં
સુવર્ણકાન્તિં નતદેવમંડલં ચમત્કૃતં તાવિષ રાજમંડલં. ૧

દુહા – પંચમ પંચમ ગણધરં નત્વા પરમગણીંદુ
વક્ષ્યે ભગવતી ભાષિતાન્ મુનિવરાન્ મુનીંદું. ૨
સાધુ તણા ગુણ ગાવતાં, પામૂં સુખ અનંત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુષમ કાલિ આલંબનં, ભયભંજન ભગવંત. ૩

અંત – કલશ.

સાધૂ તણા ગુણ ગાવત મુઝનિ જે પરમાનંદ સારં
તે મુઝ જંણિ જીવ અનિ વલી કિએગ નાણી પારં
નિઃકારણ જગબંધૂ મિ ગાયા, મુનિ મુનિ સોલ સુશરદં
સુખશોધનગછિ વદિ પ્રભસેવક, મંગલકારણ વરદં. ૫૯

(૧) પ.સં.૬-૭, વિ.ધ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૦૩. 'પ્રભસેવક' એટલે પ્રભના સેવક-(શિષ્ય) કે પ્રભ એ જ સેવક?]

## ૭૧૪. પુણ્યસાગર (પીંપલગચ્છ લક્ષ્મીસાગરસૂરિ–વિનયરાજ ને કર્મસાગરશિ.)

**(૧૫૮૦) નયપ્રકાશ રાસ** ર.સં.૧૬૭૭

**(૧૫૮૧) અંજનાસુંદરી રાસ** ૩ ખંડ ૨૨ ઢાળ ૬૩૨ કડી ર.સં. ૧૬૮૯ શ્રાવણ શુ.૫

આદિ – **ગૌતમ** ગણધર પ્રમુખ, એકાદશ અભિરામ,
મનવાંછિત સુખ સંપજઈ, નિત સમરતાં નામ. ૧
પ્રથમ ઉદ્યમઇં મંડીઉ, મતિ હાસઈડતિમંદુ,
તિણ કારણિ પહિલા નમું, શ્રી ગણધર સુખકંદ. ૨
**સરસતિ** પદપંકજ સદા, પૂજું બે કર જોડિ,
કહણ કથા ઉદ્યમ ઘણો, માત! મ આણો ખોડિ. ૩
સેવકનિ સાનિધ કરી, દેયો અવિરલ વાણિ,
જિમ વેગો સિદ્ધિ સહઇ, કાઇ મા રાખિસ કાણિ. ૪
વલિ પ્રણમું સદગુરૂ વડા, જેણુથી થઉ સનાથ,
પાપપડલ પાંછાં કર્યાં, સૂત્ર શાસ્ત્ર દે હાથ. ૫
જગ માંહિ મોટાડછઇ, સહગુરૂનો ઉપગાર,
જાણિનઈ માનિ નહી, સાચા તેહ ગમાર. ૬
મનસુધિ સહુ પણમી કરી, કરસુ સતી વખાણ,
સુણજ્યો એકમના થઈ, જિમ હોઇ જન્મપ્રમાણ. ૭
**પવનંજઇ** રાજા તણી, **અંજનાસુંદરી** નારિ,
તાસુ કથા સુણતાં થકા, હોસ્યઇ અલ્પ સંસાર. ૮
સતિશિરોમણિ **અંજના**, શીલવિભૂષણ દેહ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામ જપંતાં પ્રહ સમઈ, આપે રિદ્ધિ ઉછેહ. ૯
તિણુરો સખર સંબંધ છઇ, મીઠો સાકર દ્રાષ,
રસ લેજ્યો ભવીયણ તુમ્હે, ભાષે કવીઅણ ભાષ. ૧૦
કિમ તિણ સુધો મન કરી, કીધો સીલયતન,
સવે રસ લેજ્યો ભવિયણ તુમ્હે, સાંભલવા સુવચન્ન. ૧૧

અંત – ૮મી ઢાલ ફાગની.

(આહે) **અંજના** કેરીય ચુપઇ, પુરણ કીધી એહ,
જે નર ભણસીઇ ભાવ સિઉ, મંગલ લહઇસિય તેહ.
(આહે) સતીયાનિ સિરિ **અંજના**, વખાણિયે કવિરાય,
સાંભલતાં મન ઉલસઈ, હીયડઇ હર્ષ ન માય. ૧
ષટ દરશનના ગ્રંથમિંઈ, **અંજના** કેરી વાત,
**પવન**સુત **હનુમંત**રાય, પ્રકટ ઘણા અવદાત.
(આહે) ગુણયશતા સુવખાણિયઈ, જાસુ વદઈ સંસાર,
આપરો નામ સોઇ જ લહઈ, જે હોઇ મૂઢ ગમાર. ૨
(આહા) જન માંહિ ઠામિઠામિ, દીસઈ એ અધિકાર,
પણિ પરમારથ જુજીઆ, નામ તણા નિરધાર,
(આહે) **શીલતરંગણી** ગ્રંથથી, એ રચીઉ સંકેત,
કાઈક કવીમતી કેલવી, તિનકા યુછઈ હેત. ૩
(આહે) તે દુષણ મત કાઢજ્યો, ગ્રહજ્યો કવિ ગુણરંગ,
સોભિઇ તો મઈ આણીઉ, લાગઇ સરસ સુચંગ.
શ્રી **મુનિસુવ્રત**સામિરઈ, વારઈ હુઈ વાત,
ચ્યાર વહિ જિણ વરચીઆ,
(પા. વાંચે જગબહુ વહી ગયા) કુણ જાણઈ અવદાત. ૪

*

શ્રી **વડગચ્છગુરૂ** ગાઇઇ, **શાંતિ**સૂરિ ગણધાર,
**ચકેસરી પદ્માવતી**, ભગતિ કરઇ વારવાર.
ભંગક છેવટ્ટણ (ભગવઅટ્ટણ) ભાષીયુ, **ધૂલીકોટ** સંકેત,
કુટુંબ **શ્રીમાલી** સાતસઈ, ઊમાર્યો ગુણ હેત. ૬
**ભોજ** ચુરાસી રાજમઈ, જીત્યા વાદ વિશાલ,
શાસન જિન સોભાવીઉ, વાદી બિરૂદ **વૈતાલ**.
તિણ ગચ્છ **પીંપલ** થાપીઉ, આઠ શાષા વિસ્તાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત રૂદ્ર બાવીસઈ સમઈ હુઉં સુખકાર. ૭
તે ગચ્છ દીસઇ દીપતુ, નયર સાચોર મઝારી,
વીર જિણેસરનુ તિહાં, તીરથ પ્રગટ ઉદાર.
તાસુ પાટી અનુક્રમઈ હુયા, શ્રી લછીસાગરસૂરી,
વિનયરાજ કરમસાગર, વાચક દોઇ સનુરા. ૮
તાસુ સીસ પુણ્યસાગર, વાચક પભણુઇ એમ,
અંજનાસુંદરી ચુપઇ, પૂરણુ વધતઇ પ્રેમ.
સંવત સોલ નેંવ્યાસીઇ, શ્રાવણુ માસ રસાલ,
સુદી તીથિ પંચમી નીરમલા, ઋદ્ધિવૃદ્ધિ મંગલ માલ. ૯

(૧) સં.૧૭૦૮ પ્રથમ વૈ.વ.૬ સોમે પત્તન મધ્યે જોસી દેવજી સૂત હરજી લિ. પ.સં.૨૫–૧૫, મો.સુરત પો.૧૨૪. (૨) સં.૧૭૧૬ કા.શુ. સીરોહી મધ્યે મુનિ અમૃતસાગર લિ. પ.સં.૯–૨૮, મ.જૈ.વિ. નં.૪૩૭. (૩) ગ્રં.૯૦૫ સં.૧૭૨૭ કા.શુ.૧૪ સોમે પ.સં.૧૮–૧૬, જિનદત્ત. મુંબઈ પો.૧૦ નં.૯. (૪) ગા.૬૩૨ ગ્રં.૯૫૦ સં.૧૭૩૩ કા.શુ.૨ રવિ વાલોડ ગ્રામતઃ પં. કલ્યાણસાગર શિ. મુ. નિત્યસાગર લિ. પ.સં.૨૪–૧૬, મો. સુરત પો.૧૨૪. (૫) સં.૧૭૩૭ મા.વ.૬ નવ્યાનગરે ચૌમાસી જિનચંદ્રસૂરિ રાજ્યે કીર્તિરત્ન શાખા હીરરાજ–ઉદયહર્ષ–ભક્તિવિશાલ લિ. પ.સં.૧૫, જય. પો.૬૬. (૭) ગા.૬૩૩ સં.૧૭૭૬ આસો વ.૧૪ બુધે મુ. વિજેસાગર લિ. શાભરાઇ ગ્રામે મુ. કનકહર્ષગણિ શિ. દેવચંદ પઠનાર્થે. પ.સં.૨૭–૧૩, મ.જૈ.વિ. નં.૪૯૦. (૬) સં.૧૭૬૬ ચૈ.વ.૫ વાણારસ માલ્હાજી શિ. માનસિંહ શિ. જીવણુ લિ. પ.સં.૨૦, જય. પો.૬૭. (૮) સં.૧૭૯૩ માગશર શુ.૩ બુધે પાડલપુરે ચતુર્માસીકૃતા. પ.સં. ૨૨–૧૭, પ્રથમનાં ૧૦ પત્ર નથી, અનંત. ભં.૨. (૯) સં.૧૭૯૩ વૈ.વ.૯ બુહસ્પતિવાસરે પં. ગંગવિજયગણિ શિ. પં. માણિક્યવિજયગણિ લ. મણોદ ગ્રામે. પ.સં.૨૭–૧૫, જશ. સં. (૧૦) સં.૧૭૯૪ કા.શુ.૧૫ મેડતા નગરે. પ.સં.૩૬–૧૩, મો.સેં.લા. (૧૧) પ.સં.૨૪–૧૩, મુક્તિ. નં.૨૪૫૦. (૧૨) સીવાણા ગ્રામે સુવિધિ પ્રસાદાત્ લબ્ધિસાગર લિ. પ.સં.૨૨, અભય. પો.૧૩ નં.૧૩૪. (૧૩) પ.સં.૨૦–૧૬, જૂની સુવાચ્ય પ્રત, પાદરા નં.૧૫. (૧૪) પ.સં.૧૭–૧૬, પાદરા નં.૧૬. (૧૫) પ.સં. ૩૧–૧૪, ખેડા ભં.૩. (૧૬) પ.સં.૨૬–૧૫, રો.એ.સો. બી.ડી.૧૯૧. (૧૭) સં.૧૭૬૩ કા.વ.૧ શનિ પં.રૂપવિજય શિ. કૃષ્ણવિજય લ. પ.સં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭-૧૭, વિ.ને.ભં. નં.૪૫૫૨. (૧૮) સં.૧૭૪૫ કા.શુ.૭ લ. ગણિ **મહિમાવિજય** વાચનાર્થે **ધનેરા** મધ્યે કા.વ.૭ શુક્રે. પ.સં.૨૫-૧૫, વડા **ચૌટા** ઉ. પો.૧૫. (૧૯) **આહડમેરૂ** મધ્યે **પં. સમયનંદનેન** લિ. સં. ૧૭૩૬ આસૂ શુ.૧૩ ભોમે. પ.સં.૧૩, અભય. નં.૩૭૧૦. (૨૦) ઇતિ શ્રી અંજના સુંદરીની ચુપઇ સંપૂર્ણ. અશુદ્ધ, પ.સં.૩૮-૧૧, આ.ક.ભં. (૨૧) ઉદયપુર ભં. (૨૨) માણેક. ભં. (૨૩) ઇતિશ્રી અંજનાસુંદરી પવનંજયકુમાર સંબંધે પૂર્વભવવર્ણન માતુલપુરે સમગમન પવનંજય-ગૃહાગમન અંજનાસુંદરીદર્શનાય વિલાપકરણાય ઋષભદત્તશુદ્ધિકરણાય ઋષભમાતુલપુરે સમાગમન અંજનામિલન પુનઃ પવનંજયઅંજનામિલન પુનઃ સાધુસમીપ દીક્ષાગ્રહણાય સુરલોકગમનાધિકારવર્ણનો નામ તૃતીયખંડ સંપૂર્ણ. પંડિત શ્રી ૫ શ્રી **અમૃતવિજયગણિશિષ્ય** મુનિ **દેવવિજય** પઠનાર્થં. પ.સં.૧૨-૧૪, લીં.ભં. (૨૪) પ્રથમ ખંડે ઢાલ ૪ ગાથા ૧૮૨ દ્વિતીય ખંડે ઢાલ ૭ ગાથા ૨૦૭ તૃતીયખંડે ગાથા ૨૪૩ ઢાલ ૮ સર્વ ઢાલ ૨૨ ગાથા સર્વ ૬૩૨ ગ્રંથાગ્રંથ શ્લોક સંખ્યા ૯૦૫ સં.૧૭૫૩ વર્ષે મા. સુદિ ૮ દિને સંપૂર્ણ કીધો. શ્રી **સોહીગ્રામ** મધ્યે દેરઘાં. લિ. ગણિ **કેસરવિજયેન**. પ.સં.૧૭-૧૮, લીં. ભં. (૨૫) ગ્રંથાગ્ર ૯૩૯, **રાજસુંદર** લખીકૃતા, ૧૭૦૦ની આસપાસ, મ.બ. (૨૬) પ.સં.૨૭-૧૨, મોટા અને સારા અક્ષર, કર્તાનું નામ ઉડાડી દીધું છે, મારી પાસે. (૨૭) પ.સં.૨૨, ગ્રંથમાન ૬૦૦, લીં.ભં. દા.૨૫ નં.૩૧. [આલિસ્ટઑઇ ભા.૨, કેટલૉગગુરા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૪, ૫૫૮ – પૂર્ણસાગરને નામે).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ. ૫૩૦-૩૩, ભા.૩ પૃ.૧૦૨૭- ૨૮. 'અંજના-સુંદરી રાસ'ની કર્તાનામ પુણ્યભુવનવાળી પ્રશસ્તિ ઉતારેલી તે વસ્તુતઃ અન્ય પુણ્યભુવન નામના કવિની અલગ કૃતિ જ છે અને એ નામે એ જ પ્રત નોંધાયેલી પણ છે. જુઓ પુણ્યભુવન હવે પછી નં.૭૩૯.]

## ૭૧૫. ધનહર્ષ-સુધનહર્ષ (ત. હીરવિજયસૂરિ-ધર્મવિજયશિ.)

[આ કવિની અધૂરી નોંધ ભૂલથી આ અગાઉ ભા.૨ પૃ.૨૯૨ પર થઈ ગઈ છે. હવે અહીં આખી નોંધ આપવામાં આવે છે.]

**(૧૫૮૨) જંબૂદ્વીપ વિચાર સ્ત.** ૧૩ ઢાળ ૨.સં.૧૬૭૭ મકરસંક્રાંતિ પોસ વદ ૧૩ રવિ

**આદિ** – ઢાલ આસાઉરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી જિન ચઉવીસઈ પ્રણમીનઈ, વલિ પ્રણમી ગુરૂપાઈ રે,
બ્રહ્માણીનઈ કરીઅ વીનતી, મુઝનઈ તૂસો માઈ રે. ૧
**જંબૂદ્વીપ** વિચાર લિખેસ્યું, કિંપિ જાણવા કામિ રે,
યથા પ્રકાસ્યો **વીર** જિણિંદિ, પૂછઈ **ગૌતમ**સ્વામિ રે. જં. ૨

**અંત** – સંવત **સોલ સત્યોતરઈ** એ, સંક્રાંતિ મકરિ રવિ સંચરઈ એ,
પોસ બહુલ રવિ તેરસિ એ, બલિ દશ વાજી મૂક્લિં વસિ એ. ૭
હોઈ વૃદ્ધિ જિહથી સદા એ, તે યોગ વૃદ્ધિ નામા તદા એ,
લિખ્યો **જંબૂદ્વીપહ** તણો એ, ભવિ એ વિચાર ભાવિ ભણો એ. ૮
જે હોઇ શાસ્ત્રવિરૂદ્ધ એ, પંડિત તે કરયો શુદ્ધ એ,
વીનતડી અવધારયો એ, વલિ એ સ્તવન વિસ્તારયો રે. ૯
સાહ **હીરજી** ભણવા ભણિ એ, વલિ જ્ઞાનવૃદ્ધિ જાણી ઘણી એ,
જોડીઉ ક્ષેત્રવિચાર એ, ધારયો કંઠિં જિમ હાર એ. ૧૦
વિઘ્ન દૂરિ જાઇ સદા એ, વલિ એ ભણતાં સુખસંપદા એ,
બહુ પ્રગટઇ પુણ્યનો વૃંદ એ, વલિ એ ભણતાં આણંદ એ. ૧૧

**અંત** – ઢાળ ૧૩ ધન્યાસી રાગ.

**હીરજી** હીરલો **હીરજી** હીરલો, **હીરજી** હીરલો મુકુટ કેરો
શ્રી **તપાગચ્છ** તે મુકુટ સમ જાણઈ, ઝગમગઈ જેહ તેજિં ભલેરો.
—**હીરજી** હીરલો એ. ૧
માત **નાથી** ઉઅરખાણિથી ઉપનો, શ્રી **વિજયદાન**સૂરિ હાથિ આયો,
શુદ્ધ જાણી મુકુટ મધ્યિ તે થાપિઉ, તે ભણી મુકુટ તે બહુ સુહાયો. હી.૨
શ્રી **હમાઉ**સુત **નૃપ્પોકબ્બરો**, તેણિ જસ કીર્તિ જિન શ્રવણિ નિસુણી,
દર્શનાર્થં સમાકારિતો યો ગુરૂ, નિજ સમિપે ભવાંભોધિતરણી. હી. ૩
ધર્મઉપદેશ ગુરૂમુખ થકી સાંભલી, પાપકી વાસના બહુત ટારી,
પર્વ પજૂસણિ સકલ નિજ દેસમાં, તિણિ નૃપિ જીવહિંસા નિવારી. હી. ૪
તેહ ગુરૂ **હીર**ના શિષ્ય સોહાકરા, **ધર્મવિજયા**ભિધા વિબુધચંદ્રા
તાસ શિશુ ઈમ કહઇ ક્ષેત્ર સુવિચાર એ, ભાવિ ભણતાં **સુધન-હર્ષ**વૃંદા.
ભણતલાં સુણતલા પુણ્યચ્રંદા—હીરજી. ૫

(૧) પ.સં.૫, પ્ર.કા.ભં. (૨) પંડિત શ્રી **ધનહર્ષ**ગણિભિઃ કૃતં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત ૧૭૧૮ વર્ષે આષાઢ વદિ ૮ રવિ દિને શ્રી બાઈ નાથબાઈ પઠનાર્થં. પ.સં.૬-૧૦, જૈ.એ.ઇ.ભં. નં.૧૧૫૩.

**(૧૫૮૩) તીર્થમાલા** ર.સં.૧૬૮૧(?) બહુલ માસ સુદ ૫ રવિ ઉનામાં

**આદિ** – આર્યા

નત્વા શ્રી વિદ્યાગુરૂ રમ્યશ્રી **વિજયસેનસૂરીં**દ્રાન્,
શ્રી **ધર્મવિજય**બુધાન્ ગુરૂન્ ગુરૂ નિવધિયાસ્માકાન્. ૧
શ્રી હંસરાજયાનાંયિકા પુસ્તકાંકિતાયકરાન્,
પ્રણિપત્ય વિશ્વજનની વાંચ વાગર્થબોધિકરીમ્. ૨
શ્રી **ઉન્નતપુર** વસુધારમણી હૃદયાગ્રહાર સંકાશાન્,
પંચાપિ જિનવરેંદ્રાન્ ક્રમેણ શૈવાદિકાન્ સ્તોષ્યે. ૩
એ જિન તિણિ વાસવિ થુણ્યા, જસ બહુ બુદ્ધિવિલાસ,
હું પણિ એ જિન સંસ્તવું, ચિત્તિ થાયા ઉલ્લાસ. ૪

**અંત** – ઢાલ રાગ ધન્યાસી

શ્રી **ઉન્નતપુર** સુંદરૂ રે જિહાં જુહાર્યા પંચ પ્રાસાદ રે,
ભાગ્ય પ્રગટ થયો માહરો રે, ચિત્તિ થયો આલ્હાદ રે. ૧
**નેમીશ્વર સંભવ** જિન રે **પાસ અમીઝર** જેહ રે,
દેવ **ઋષભ** જિન **શાંતિજી** રે મૂલનાયક જિહાં એહ રે. ૨
**ઈશાંવક વસુ** વલિ કહુ રે, **દર્શન માહવનારિ** રે,
એ સંવત્સર મઇ કહ્યો રે, પંડિત તું મનિ ધારિ રે. ૩
પક્ષ વિસદ બાહુલ તણો રે, વાર અરૂણ ઉડુમૂક્ષ રે,
સાયકમિત તિથિ જાણયો રે, જ્ઞાન તણું જે મૂલ રે. ૪
ઇણિ સંવત્સરિ ઇણિ તિથિ રે, ઇણિ વારિ ઇણિ માસિ રે,
શ્રી **ઉન્નતપુર** નગરમાં રે, આવી બહુ ઉલ્લાસિ રે. ૫
**જેસિંગજી** પટ્ટોધરૂ રે, શ્રી **વિજયદેવ** સૂરિંદ રે,
તેહ તણઇ સુપસાઉલઇ રે, સ્તવિઆ પંચ જિણિંદ રે. ૬
પંચાનુત્તર સુખ દઇ રે, એ વલિ પંચમ નાણું રે,
પૂજયા દિઇ ગતિ પાંચમી રે, એ પંચઇ જિણ ભાણુ રે. ૭
એ ભણતા સવિ સુખ મિલે રે, વલિ હોઇ મંગલમાલ રે,
લક્ષ્મી નવનિધિ પામીઇ રે, હોવઇ બુદ્ધિ વિશાલ રે. ૮
(**ઉન્નત**)**પુર** સંઘાગ્રહિ રે, સ્તવન કિઆં મતિ ચંગ રે,
**સુધનહર્ષ** પંડિત કહઇ રે, ભણત સુણત હોઇ રંગ રે. ૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઢાલ વલી રાગ ધન્યાસી

શ્રી **વિજયદાન** સૂરિંદ પટ્ટોધર, સૂરિ ગુરૂ **હીરવિજયા**ભિધાના,
નગર **ગંધાર**થી જેહ તેડાવિઆ, સાહિ શ્રી **અકબરિં** દત્તમાના. ૧
ધર્મનું તત્ત્વ પૂછ્યું સવે તે કહ્યું, સાહ કુંરા-કુંઅરિ ધર્મધીરિં,
અતિ વિશેષિં પ્રકાસી કૃપા તિહાં ગુરિં, તેહ મનમાં ધરી ભૂપ વીરિં.
પર્વ પજ્જૂસણિં દિવસ દ્વાદશ લગિં, કુણિં કુણ જીવનો વધ ન કરેવા,
ઇસ્યાં ફુરમાન કરિ સુગુરૂનઇ અપ્પિઆં, નહિં કૃપા વિણિ કિસિ જન્મ તરેવા. ૩ શ્રી
દ્વાદશ ક્રોશનું જે સદા જલ ભર્યું, નામ **ડાબર** સરો જાણુ દરિઓ,
શ્રી **હુમાઉ**સુતઇ વલિ લખી અપ્પિઅં, જલે પ્રક્ષેપઇ ન મીન કરિઉ. ૪
માત **નાથી**-તનુંજ જગત-આનંદકર, જે સકલ જન ઉદ્યોતકારી.
તાસ શિશુ **ધર્મવિજયા**ભિધો બુધવરો, જે સદા વિમલતર ધર્મધોરી. ૫ શ્રી.
તાસ પદ યુગ્મઅંભોજ મધુકર સમો, તાસ શિશુ વિબુધ **ધનહર્ષ** ભાષઇ.
પંચ એ શ્રી જિનાધીશ સંસ્કૃતિ થકી, પ્રગટ હુઆં પુણ્ય રસ-સુધા ચાખઇ. ૬

(૧) પ.સં.૪-૧૦, હા.ભં. દા.૮૨ નં.૧૨૭.

**(૧૫૮૪) દેવકુરૂક્ષેત્ર વિચાર સ્ત.**

**આદિ** – દૂહા

આગમ સવિ તુઝથી હુઆ, વલી એ વેદપુરાણ,
દેખાવઈ સવિ અર્થ તું સહસકિરણ જિમ ભાણ. ૧
જિનવર વિમલ મુખાંબુજિં, દીસઈ તાહરો વાસ,
**વિષ્ણુ બ્રહ્મ શંકર** નમઈ, સુરનર તાહરા દાસ. ૨
તું **સરસતિ** અવધારજે, હું છું સયાઅયાણ,
જં મુઝ મુખથી નીકલઈ, તં સવિ કરે પ્રમાણ. ૩

**અંત** – **હીરવિજય**સૂરિશિષ્ય સોહાકર, **ધર્મવિજય** બુધ ચંદ,
શિષ્ય તેહનો ઈણિ પરિ જંપઈ, ધર્મ થકી આણંદ રે-
ઋદ્ધિ વૃદ્ધિ **ધનહર્ષ** મહોદય, શિવપદ હોવઈ ધર્મિ
જનમન સકલ સમીહિત પૂગઈ, વલિ સુખ હોઈ ધર્મિ રે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પ.સં.૯, તેમાં ૩ પત્ર, જૈ.એ.ઇ.ભં. નં.૧૧૫૩.

**(૧૫૮૫) મંદોદરી રાવણ સંવાદ** [૨.સં. ૧૬૧૨ ? મધુ માસ સુદ ૩ રવિવાર] સેનાપુરમાં

**અંત** – **મહાસેન વદના હિમકર હરિ,** વિક્રમનૃપ સંવત્સરિ
જેમ મધુ નામિં માસ કહિજઇ, તેથી ગુહ મુહ માસ લહિજઈ. ૯૩
તિથિ સંખ્યા ત્રિક વર્ગિ જાણે, યમીજનક વલિ બાર વખાણે,
શિતિ પક્ષિ ઉડુ યામક લહયે, સિદ્ધિયે ગતે માટઈ કહયે. ૯૪
**ઋષભદેવ** કરઈ અનુભાવિં, શ્રી **સેનાપુર** નગરિં આવિ
છંદ રચ્યો મઈ એણઇ ટાણઈ, ચતુર હોઈ તે તતખિણ જાણઈ. ૯૫
+બુધ ૧૩
**હીરવિજય** સૂરીસર કેરો, **ધર્મવિજય** બુધ શિષ્ય ભલેરો.
તસ શિશુ **સુધનહર્ષ** ઈમ કહવઈ, ધર્મ થકી સુખસંપદ લહવઈ. ૯૬

ઇતિ શ્રી મંદોદરી રાવણ સંવાદ સંપૂર્ણ.

(૧) પ્ર.કા.ભં. પાછળથી માર્જિનમાં સુધારી મૂકેલ છે. કવિએ પોતે જ સુધારેલું લાગે છે. ['બુધ' શબ્દ સુધારાનો છે પણ શાને માટે તે સ્પષ્ટ થતું નથી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૨–૧૩ તથા પૃ.૫૦૪–૦૬, ભા.૩ પૃ. ૯૯૦–૯૨. ત્યાં આ કવિ અને 'તીર્થમાલા' બે વાર અલગ કર્તાકૃતિ તરીકે નોંધાયેલ છે. 'રાવણ મંદોદરી સંવાદ'નો રચનાસંવત મહાસેન-વદન=૬, હિમકર=૧, હરિ=૧૨, ૧૪ એમ ઘટાવી શકાય તેમ લાગે છે.]

## ૭૧૬. લાવણ્યકીર્તિ (ખ. ક્ષેમશાખા ગુણરંગ–જ્ઞાનવિશાલશિ.)

**(૧૫૮૬) રામકૃષ્ણ ચોપાઈ** [અથવા **રાસ**] ૬ ખંડ ૬૮ ઢાળ ૧૨૦૦ કડી ૨.સં.૧૬૭૭ વૈ.શુ.૫ વિક્રમપુર (વિકાનેર)માં

**આદિ** – દૂહા
જગત આદિકર જગતગુરૂ, **આદિસર** અરિહંત
વિઘન હરો સેવક તણાં, ભયભંજણ ભગવંત. ૧
સંતિકરણ સાહિબ સધર, સોલમા જિનવર **સંત**
સેવક ઉપર હીત કરી, આપો બૂધિ અનંત. ૨
પણમીઅ પરમાણંદ કરી, જિનવર **નેમિ** જિણંદ,
બ્રહ્મચારી સિરસેહરો, પરતિખ સુરતરૂકંદ. ૩



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રેવીશમો મહિમાનીલો, પરતિખ સાહિબ **પાસ**,
મન ધરૂ તિમ ધ્યાંન સૂં, સેવક પૂરે આસ. ૪
પરઉપગારી પરમહિત, પરમ પુરૂષ પવીત્ત
ચોવીસમા **વર્ધમાન** જિન, દોલતી દ્યો માચીત. ૫
મોટા જનનાં ચરિત મુખિ, ભણતાં ભવતરૂભંગ
એહ વાતની સૂણિ કરી, **જાગ્યો** મુઝ મનિ રંગ. ૬
મોટા જનનેં ચરિત જલિ, પાપરહિત હોઇ ગાત,
ભણતાં ભવતરૂ રસ ફરસથી, થાઈ સોવન ધાત. ૭
મોટાના ગુણ ગાવતાં, બહૂલા તર્યા તરંત,
તીર્થંકર નિણુ હેતૂથી, તીર્થ જુહાર કરંત. ૮

**અંત** – ઢાલ નવમી. અઇસઉ રે અઈમત્તઉ મુનિવર ગાઇયઈ.
ભાવ ધરીનઇં ગુણ ગરૂઆ તણા, ગાઇજઇ સસનેહ,
ઉત્તમ સંગઈ ઉત્તમ ફલ હુવઈ, વાત કહઈ સહિ એહ. ૫૩
તિણિ કારણિ તપસમકિતનઇં વિષઈ, રામ અનઈ ગોવિંદ,
ચરિતઈ ચારઉ મૂલ જનમ થકી, થુણિયઈ સોહગકંદ. ૫૪
રાજઈ **સૂરનસિંહ** નરિંદ નઈ **વિક્રમપુરિ** ગહગાહ;
સંવત **સોલહ સય સતહત્તરઈ,** સુદિ પંચમિ વઈસાહ. ૫૫
(પા. **ભુવનકીરતિ** બંધવ સંગમ સદા, દિનદિન સુજસ અખંડ. ૫૯
**સોહમસાંમી** પરંપરા સોહતા, **વડવખતિ** સિરતાજ
યુગપ્રધાન શ્રી **જિનરાજ** સૂરીસરૂ, વિજયમાન તસુ રાજ.
સહજ થાપ્યા આચારિજપણું, શ્રી **જિનસાગરસૂરિ,**
તાસ તણો જુવરાજ સોહાંમણો, વધતે અધિક પડૂર.)
**એમસાષિ** જાણીતા જગત્રમઈ, વાચક શ્રી **ગુણરંગ.**
તાસુ સીસ વાચક ગુરૂ ચિર જયઉ **જ્ઞાનવિલાસ** અભંગ. ૫૬
તાસુ સીસ લવલેસઈ ઉપદિસઇ, **લાવણ્યકીરતિ** એમ
ભણતાં ગુણતાં સાંભલતાં છતાં, થાયઇ અવિચલ ખેમ. ૫૭
**કુસલસુગરૂ** સુપસાયઈ નવમી, ઢાલ ધન્યાસી રાગિ,
**લાવણ્યકીરતિ** પભણઈ વાચતાં અધિક વધઇ સોભાગ. ૫૮
ચતુર ચિત્તરંજન એ દાષીવઇ ઇમ લઇ છઇ ષંડ;
(પા. **ઓસવંસ** બિરૂદિં વખાંણીઈ, દિનદિન તે પ્રતિપાલ,
રાગી દેવ ગુરૂ જિનધર્મના, **ભણસાલી** ભુઆલ.

**જેતમાલ**સુત ધીર સધર સહી, **માધમલ્લ** વર જાસ
પુત્રરયણ તસ સપુરિસ પરગડો, ધરમ **કરમધર** નાંમ.
તેહ તણેં આગ્રહ મન આંણિનઇ, જાંણી લાભ વિશેષ,
**હેમસૂરિ**કૃત **નેમિસર** તણો, ચરિત્ર ભણી પરિ દેખ.)

(૧) પ.સં.૫૦, સં.૧૬૮૧ પો.શુ.૧૩ **મરોટ** મધ્યે **સાગરચંદ** સંતાનીય વા. **ભુવનવિશાલ**ગણિ, પં. હરચંદ લિ. અભય. પો.૪ નં.૨૩૪. (૨) સં.૧૭૧૮ આસો શુદિ ૭ રવિ **શ્રી**વડ સીસ રસિ **સોમનંદનેન** લિ. પ.સં.૩૮-૧૭, ગુ. નં.૧૩-૬. (૩) સં.૧૮૧૦ ફા. શુદિ ૮ પં. **ગજ**-**વિજય** લ. **રતનગ્રામ** મધ્યે. પ.સં.૪૫-૧૭, સુ.લા. ખેડા. (૪) સં.૧૮૧૧ માગ.વ.૫ **ગારવેદેસર** મધ્યે ઉદૈરાજ લિ. પ.સં.૭૬, જિ.ચા. પો.૮૨ નં.૨૦૩૧. (૫) સર્વઢાલ ૬૮ સર્વશ્લોક સંખ્યાઈ ૧૮૦૦ માંન પં. હેમ-વિજયગણી શિ. પં. **ગંગવિજય** ગ. શિ. પં. **ગજવિજય** ગ. પં. હંશવિજયગણી શિ. **મુક્તિવિજય** લ. આત્માર્થ સં.૧૮૪૨ મૃગસીર સુદ ૧૩ **એણાતટ** નગરે શ્રી **શાંત**જી પ્રસાદાત્. પ.સં.૪૩-૧૭, મુ.મં. (૬) **વિક્રમ**-પુરિ વાસ **ભાંડશાલિક** કુલશૃંગાર સા. **વાઘમલ્લ** પુત્રરત્ન રસિકજનો-પલબ્ધ લક્ષ્મીક સદ્ધિમ વ્યાપારિ...(પંચમ ખંડ). પ.સં.૩૦, નાહટા. સં. (૭) ભાં.ઇ. સન ૧૮૮૭-૯૧ નં.૧૪૯૦. (૮) લ.સં.૧૭૫૯, ગ્રં.૧૨૫૧, શ્લોક ૧૮૦૦, પ.સં.૫૦, લીં.ભં. દા.૪૨ નં.૧૪. (૯) સં.૧૮૫૨ આ. વ.૭ રવિ **લોદ્રવા** મધ્યે. પ.સં.૪૬, રામ. પો.૨. (૧૦) પ.સં.૧૯, અપૂર્ણ, ભુવન. પો.૭. (૧૧) સં.૧૭૧૧ કા.કૃ.૫ શુક્ર ગણિ **ધ્યાનસાગર** શિ. **શાંતિ**-**સાગર** લિ. મુનિ **રવિસાગર** વાંચનાર્થં. પ.સં.૩૦. જયપુર. (૧૨) ઇતિશ્રી રામકૃષ્ણ ચરિત્ર ષષ્ઠમખંડ સમાપ્ત. સં.૧૭૧૩ વર્ષે માગસિર વદિ ૪ દિને શ્રી **બ્રહ્માનપુર** મધ્યે લિપિના ચતુઃપદિકા ગ્રંથાગ્રંથ ૧૭૦૦ શ્લોકસંખ્યા ગાથા ૧૨૦૦ સર્વસંખ્યા. પ.સં.૪૨-૧૫, આ.ક.ભં. [મુપુગૂહસૂચી, લીંહ-સૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૩૧).]

**(૧૫૮૭) ગજસુકુમાલ રાસ** ૯ ઢાળ

**અંત** – બંદીવાન છુડાવીયા રે, સગલા નગર મઝારો,
મુહમાંગ્યા દીધા ઘણા રે, મણુમાંણુકસંડારો.
મહમાંણુ કબહું દીધા દેષી, મનરી અંછા કોઇ ન રાષી,
**લાવણકીરતી** ઢાલ જ ભાષી, ચોથી પાંચમીએ તહું સાષી,
જી સાતાજી જી હો. ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુહો.

હાથીનો હુ ત્રૈતાલવો, દેવકીસુત સુકમાલ,
બાલક જનમ્યો તેહવો, નામૈ ગજસુકુમાલ. ૧

શ્રી **રત્નસીંહ**ગણિ ગચ્છનાયક પાય પ્રણમી તાસ એ. ૧૩૩
સંવત **સોલ ત્રિહાસીઆ** વર્ષે બુધિ વદિ પોસ માસ એ
**કલ્પવલ્લી** માંહિ રંગે રચ્યો સુંદર રાસ એ. ૧૩૪
**ચાંદા** ઋષિ શિષ્ય **અમરચંદ** મુનિ વિમલ ગુણ આવાસ એ
તસ શિષ્ય મુનિ **નારાયણ** જંપે ધરી મનિ ઉલ્હાસ એ. ૧૩૫

(૧) પ.સં.૮-૧૧, લીં.ભં. (૨) માણેક ભં. (૩) ઋ. **વિજજી** શિ. ઋ. **માધવજી** શિ. લિ. મુનિ દેવાખ્યેન સા **જેના** ભાર્યા બાઇ **જીરા** પુત્રી બાઇ **ચોથી** પઠનાર્થં. પ.સં.૮-૧૧, હા.ભં. દા.૮૧ નં.૪૧. [લીંહસૂચી.]

(૧૬૨૭) **કુંડરિક પુંડરિક રાસ** ૨૧ ઢાળ ૨.સં.૧૬૮૩

**આદિ** – સારંગ.

શ્રી **જિન**વયણ આરાધીઇ, આણી હરષ અપારો રે,
**ત્રિસલા**સુત નામઇં સદા, લહીઇ ગ્યાન ઉદારો રે. શ્રી. ૧
શ્રી **રતનસાગર** ગચ્છપતિ, ઉપમ **નેમ**કુમારો રે,
પ્રાતુ સમય પ્રેમઇં નમું, છકાય આધારો રે. શ્રી. ૨
શાસનમંડન શુભમતી, **અમરચંદ** અણગારો રે,

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચરણકમલ તસ વંદીઇ, સંયમસુખદાતારો રે. શ્રી. ૩
તાસ પ્રસાદઇં વર્ણવું, ભાવિ સુણ નરનાર્યો રે,
એમ પયંપઈ **વીરજી,** છઠા અંગ મઝાર્યો રે. શ્રી. ૪
એ અધ્યયન સોહામણું, એક અધિક અઢારો રે,
શ્રી **સોહમ જંબૂ** પ્રતિઇં, અર્થ સુણાવઇ સારો રે. શ્રી. ૫

**અંત** – શ્રી **જ્ઞાતાધર્મ** કથાંગ માંહિ, ઇમ ભાષીઉ જગનાહ,
એ ઢાલ કહી એકવીસમી મનસુધિઇં રે ભણતાં બહુ લાહ કિ. ૩૩

**કલસલુ.**

શ્રી **રત્નસિંહ**ગણિ સુગુણસાગર વંદીઇ સુવિચાર એ,
તાસ સેવક પ્રૌઢ જસધર શ્રી **આચા** અણગાર એ. ૩૪
તસ શિષ્ય સુંદર **સમરચંદ** મુનિ, ચરણકમલ ગુણધાર એ,
તસ શિષ્ય મુનિ **નારાયણ** જંપઇ, ધરી હરષ અપાર એ. ૩૫

(૧) પ.સં.૫–૧૭, હા.ભં. દા.૮૦ નં.૯.

**(૧૬૨૮) ૧૮ નાત્રાં સઝાય** ૩૮ કડી

**આદિ** – વંદું શ્રી જિન સુખદાતાર, **ત્રિસલાનં**દન જગદાધાર,
સુણિ રે ભવીયાં કર્મ વિચાર, મત કોઇ સંચો કમ્મંભંડાર સુણિ રે. ૧
અષ્ટાદશ સગપણ અધિકાર, કહિવા મુઝ મનિ મોદ અપાર.

**અંત** – અનંત સુખ શું પ્રેમ આણી સેવીઇ જિનદેવ એ,
દયાધર્મ ગુરૂ સાધ કેરી કીજીઇ નિત સેવ એ,
**સમરચંદ** ઋષિરાય જસધર તાસ પાય નમેવ એ,
મુનિ **નારાયણ** વદિ રંગઇ સાધૂવયણ સુણેવ એ. ૩૮

(૧) સં.૧૭૫૨ પ્ર.આ. શુદિ ૧૧ બુધે. પ.સં.૨–૧૩, હા.ભં. દા.૮૨ નં.૧૭૩.

**(૧૬૨૯) શ્રેણિક રાસ** ૨ ખંડ

**આદિ** – પરમ પુરૂષ પ્રણમું સદા, શ્રી **મહાવીર** જિણંદ,
**ત્રિશલાનં**દન જગગુરૂ **સીદ્ધારથ** કુલિ ચંદ. ૧
ષટ કલ્યાણિક જેહનાં સુણતાં પાતિક જાય,
વર્ણવતાં ધી વિસ્તરઇ મનવંછિત સુખ થાય. ૨
આષાઢી શુદિ છઠિ દિને હસ્તોતરા નક્ષત્ર,
**પુંડરીદા** વિમાનથી સુરવર પુજ્ય પવિત્ર. ૩
**દેવાનંદ** માહણી તરત ઉયરઈ અવતાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીધું ચમર જિનેશરઇં સુપન લહ્યાં દસ ચ્યાર. ૪
ઇંદ્રાદિસઇં દેવતા **હરણેગમેસી** નામિ,
આસો વદિ તેરસિ દિને કરસંપુટ ગ્રહી સ્વામિ. ૫
**ત્રિસલા**કુખઇં જિન ઠવ્યા પુહુતી સયલ જગીસ,
ચૈત્ર શુદિ તેરશિ દિને જનમ્યા શ્રી જગદીસ. ૬
માગશિર વદિ દસમી તણુઇ, દિવસિઇ શ્રી **મહાવીર**;
એકાકી સંયમ લીઉ મેરૂ તણી પરિ ધીર. ૭
વૈશાકી શુદિ દસમી દિનિ પામ્યા કેવલજ્ઞાન,
સમવસરણ સુરવર રચ્યઉં બઈઠા શ્રી **વર્દ્ધમાન**. ૮
કાત્તિ વદિ પક્ષિ જાંણીઇ અમાવાશ્યા અભિરામ,
સ્વાતિ તણિઇ યોગઇં પ્રભુ પામ્યા અવિચલ ઠાંમ. ૯
સો પરમેશ્વરનું સદા પ્રાતુ સમય અભિધાન,
જપતાં પાતિક પરજલિ, વાધઇ મહિમાવાંન. ૧૦
તારણનૌકા ભવદધિ ભવિક પ્રતિઇ ભગવંતિ,
ક્ષાયક સમકિત આપીઉં, જે દિઈ સુખ અનંત. ૧૧
અનંતાનુબંધી કહ્યા ચ્યારઇ જેહ કષાય,
મૂળ થકી એ ટાલવા ઇમ ભાખિ જિનરાય. ૧૨
સમકિત મિશ્રજ મોહની મિથ્યા મોહની જેહ,
સાત ક્ષાયકી જે કરઇ, ક્ષાયક સમકિત તેહ. ૧૩
એ ક્ષાયક સમકીતથી શ્રી **શ્રેણિક** ભૂપાલ,
તીર્થંકર પદ પાંમસઈ, લહિસિ સુખ વિશાળ. ૧૪
**પદ્મનાભ** ઇતિ જેહનું હોસિઇ નામ ઉદાર.
અનાગત ચુવીસીઇ પ્રથમ જિણેસર સાર. ૧૫

ચુપઇ રાગ ગુડી.

પ્રથમ જિણેસર **શ્રેણિક** સાર, હોસઈ **ભરતક્ષેત્ર** મઝારિ
તેહ તણું છઈ ચરિત્ર રસાલ ભણતાં સુણતાં મંગલમાલ. ૧૬
કહિસિ કવિતા ગ્રંથાધારિ, કિંચિત નિજમતિથી વિસ્તારિ,
તે અધિકાર અછઈ જૂજૂઆ, આગઇ કવિજન મોટા હુઆ. ૧૭
તેણે રચ્યા છઇ ભલા પ્રબંધ, **શ્રેણિક** રાય તણા સમંધ,
તુહિ મુઝ મતિ હુઉ કોડ, શ્રોતા કોઇ મ દેયો ખોડિ. ૧૮
ચુહુટઇ વેચાઇ સુખડી, જે લિઇ તસ ભાજઇ ભૂખડી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિમ જેણુઈ શ્રેણિકનૃપ તણાં, રચ્યાં ચરિત્ર અતિ સોહામણાં. ૧૯
તેણે પુન્ય ભર્યા ભંડાર, મુઝનઇ પણ છઈ મોદ અપાર,
કોઇક શ્રોતા કહિસિઇ અશું, એહ કથાનું કારિજ કશું. ૨૦
પણિ તે જોયો હૃદય વિચારિ, ષટ દર્શનનાં શાસ્ત્ર ઉદાર,
સઘલિ નિજ મતિનઇ અનુસારિ, કથા કેલવી કહિવિ સારી. ૨૧
ધર્મકથા સુણતાં સુખ હોય, મનસુદ્ધિઇં કવિ ભાખે સોય,
આદિઅંત સુણસઇ જે એહ, ભાવ ભેદ સર્વ લહિસિ તેહ. ૨૨

*

રાગ ધન્યાસી–વિરાગી ધનિધનિ રતનમુણિંદ એ ઢાલ.
શુભમતી સંજતી રત્નસીંહ ગચ્છપતિ રતિપતિ વશિ કીયો હેવ,
ભવિકજણરંજણ દુર્મતિગંજણ વંદણ યોગ્ય નરદેવ વિ. ૬૨
તાસ પદદ્રયહ સમુહ ગુણનિર્મલા વંદતાં પાતિક જાય,
ગ્રહગણ નક્ષત્ર પરિવારિ જિમ ઉડુપતિ સોહએ તિમ ગણિરાય.
વિ. ૮૬૩
સાસનસોહકર સમરચંદ મુનિવરા ધર્મધોરંધરા ધીર,
અતિહિ ઉદાર સહિકાર ગુણ તેહને નિતિ રમઈ કવિમનકીર વિ.૮૬૪
તાસ શિષ્ય ઋષિ નારાયણ હરખે ઇમ ભણઈ વચન રસાલ,
જેહ ભાવિઇં ભણઈ મોદ આણી સુણઈ, તેહનઈ મંગલમાલ વિ. ૮૬૫
ખંડ પહિલા તણી રંગ આણી ભણી, ઉગણચ્યાલીસમી ઢાલ,
દ્વિતીય ખંડઈ ચેલ્લણા તણી ભાખશું સરસ કથા સુવિશાલ. વિ. ૮૬૬

ચુપઈ.

શ્રેણિક અભયકુમાર ચરિત્ર, ભણતાં સુણતાં અતિહિ પવિત્ર,
મુનિ નારાયણ કહિ શુભ વાણિ, પ્રથમ સંપૂર્ણ જાણિ. ૮૬૭
—ઇતિ શ્રી શ્રેણિકકુમાર ચરિત્રે પ્રથમ ખંડ સમાપ્ત.

દૂહા.

શ્રી જિનનાયક ભાવ શું વંદુ હું જગદાધાર.
વર્દ્ધમાન સ્વામી જયુ સેવકજનહિતકાર. ૧
ગચ્છનાયક ગુણઆગલા રતનાગર ગણિરાજ,
ચમલકમલપદ તેહના પ્રણમું પ્રેમઈ આજ. ૨
શ્રી શ્રેણિક મહિપતિની કથાનઇ વિષઇ સાર,
દ્વિતીય ખંડ રચુ હવઈ સદ્દગુરૂનઇ આધારિ. ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સમરચંદ** ઋષિ નિતિ નમું સંયમ સુખદાતાર,
તાસ પ્રસાદઈ વર્ણવું સરસ કથા સુવિચાર. ૪

**અંત –** ૫૮મી ઢાલ.

અઠાવનમી ઢાલ સુંદર, રાગ ધન્યાસી સાર.
ભણુ ગુણુ સહૂ સાંભલુ, તિન પુગઈ રે ભલુ ધર્મયકાર કિ ધન્ય. ૩૭
**રત્નાગર** ઋષિરાય સુંદર ભુવનભુષણુ સ્વામિ,
યુગપ્રધાન જગિ દીપતા, સુષ લહીઇ રે સહિ ગુરજનિ નામઈ. ૩૮
**નેમ** યદુપતિ ભ્રમલિ દુષ્કર મહાવ્રત ઘાટ,
શ્રી સદ્ગુરૂ સુપસાઉલિઈ, મિ રચીઉ રે ષંડ બીજુ સાર રિ. ૩૯
સાસનસોહકર **સમરચંદ** મુનીવરા, ધર્મધોરંધર ધીર,
અતિ ઉદાર સહિક ગુણુ તેહને નિતિનિતિ રમઇ ક્ષીમનક્ષીર. ૪૦
તસ શિષ્ય ઋષિ **નારાયણુ** હરષ સુ, ઇમ ભણિ વચન રસાલ,
જેહ ભાવિ ભણુઈ મોદ આણી, તેહનઇ મંગલમાલ. ૪૧

(૧) ઇતિ શ્રેણિક ખંડ બીજઉ સં. ૫૮નાથં **શ્રી**માલી ગ્નાતી સાહા શ્રી ૫ **નાવા** ઘરે ભાર્યા બાઈ પૂજાનો બેટઉ શ્રી શ્રી ૫ **આણુંદજી**ની બહિન આર્યા **શ્રી ૫ સોભાં** લિખતં. ઘોલકઇ વાસતવ્ય પોરવાડ ગ્નાતી વડી શાષાયા પા. ઋક્ષિ શ્રી ૫ દેવરાજ સુત **વિમલદાસ** સંવત્ ૧૭૦૯ વર્ષે ફાગુણ વદિ ૧૧ સોમે પૂરું કીધૂ છઇ. પ.સં.૩૪-૧૭, આ.ક.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૧૫-૧૯, ભા.૩ પૃ.૯૯૮-૯૯.]

## ૭૩૨. રાજહંસ (ખ. જિનચંદ્રસૂરિ–સમયરાજ–અભયસુંદર–કમલલાભશિ.)

**(૧૬૩૦) વિજય શેઠ ચોપાઈ** ર.સં.૧૬૮૨ માહ શુ.૫ સુલતાનમાં

**આદિ –** પ્રણુમી **પાસ** જિણિંદ પહુ, વિધિ સ્યું વર દાતાર,
**મૂલતાણિ** મહિમા પ્રગટ, જગજીવન જયકાર. ૧
શ્રી **વર્દ્ધમાન** જિન વંદીયઇ, સાસનનાયક સાર,
**ગૌતમ સુધર્મ** પ્રમુખ ગુરૂ, **સુયદેવી** શ્રુતધાર. ૨
સીલવંતસિરિસેહરા, સકલસાધુસિરદાર,
કિસણુ સુકિલ પક્ષ દંપતી, ગુણ ગાઇસુ વિસ્તાર. ૩

**અંત –** ઢાલ ગુંહલીની ધન્યાસરી રાગે.

સીલપ્રભાવ સુણી કરી રે લા. સુકિલીણા નરનારિ,
પાલઉ સીલ ભલી પરઇ રે, સુજસ હુવઇ સંસારિ. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોભાગી સીલ વખાણિયઇ રે, સકલ વંછિત દાતાર–સોભાગી.
**સોહમાદિ** પરંપરા રે, **ચંદ** કુલંબરચંદ,
શ્રી **જિનસિંઘ** પાટોધરૂ રે, શ્રી **જિનરાજ** સુરિંદ. સો.
વિજયરાજ જગિ જેહનઉ રે, દસ દિસિ અધિક પડૂર,
તાસ આદેશઇ એ રચ્યઉ રે, સીલ પ્રબંધ સનૂર. સો. ૨
જિણિ **અકબર** પ્રતિબૂઝવી રે, વરતાવી અમ્મારિ,
પંચ પીર જિસિ વસિ કીયા રે, જિનસાસન-આધારિ. સો. ૩
જુગપ્રધાન **જિણચંદજી** રે, પરતખિ જસ પરભાવ,
તાસુ સીસ ગુણઆગરૂ રે, દીપઇ જગિ બહુ દાવ. સો. ૪
**સમયરાજ** પાઠકવરૂ રે, સૂત્ર-અરથ-ભંડાર,
વાચક **અભયસુંદર** ભલા રે, **બોહિથ**વંસ-સિણગાર. સો. ૫
તાસુ સીસ વિદ્યાતિલઉ રે, **પારિખ** વંસ પ્રસિદ્ધ,
લઘુ વય સંજમ આદર્યઉ રે, સાધુક્રિયા ગુણ સુદ્ધ. સો. ૬
જાંણી સબ આગમ ધરૂ રે, ચઉદ વિદ્યા ગુણજાંણ,
શ્રી **જિનરાજ** સૂરિસરઇ રે, પાઠક કીધ પ્રમાણ. સો. ૭
દેસવિદેસઇ વિચરતા રે, આયા શ્રી **મુલતાણ**,
**કમલલાભ** પાઠક જયારે, સુલલિત કરઇ વખાણ. સો. ૮
**લબ્ધિકીરતિ**ગણિ તેહના રે, સીસસિરોમણિ જાણિ,
**રાજહંસ**ગણિ ઈમ ભણઇ રે, સીલ સંબંધ સુવાણિ. સો. ૯
સંવત **સોલણ ક્યાસીયઇ** રે, માહ સુદિ પંચમિ જોગિ,
**સુમતિનાથ** સુપસાઉલઇ રે, સફલ ફલ્યઉ ઉપયોગિ. સો. ૧૦
યુગપ્રધાન **જિનદત્તજી** રે, શ્રી **જિનકુશલ** મુણિંદ,
તાસુ પ્રસાદઇ સંઘનઇ રે, દિનદિન અધિક આણંદ. સો. ૧૧

(૧) પ.સં.૫, અભય. નં.૨૬૨૫.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૨૪-૨૬.]

**૭૩૩. તેજવિજય** (ત. વિજયાણંદસૂરિ–વિજયવિબુધશિ.)

**(૧૬૩૧) શાંતિ સ્ત.** કડી ૯૯ ર.સં.૧૬૮૨ ભા.વ.૧૦ વીરમગામ

**અંત** – સંવત જાણુસો **નયન વસુ સસિકલા**, ભાદ્રપદ માસ વદિ દસમિ પુણ્યિં,
**વીરમગામ** સુભ ઠામનો રાજીઉ, ગાઇઓ શ્રી **વિજયવિબુધ** શિષ્યઈં. ૯૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**તપગચ્છભૂષણ** દલિતદૂષણ **વિજયતિલક** સૂરીસરો,
તસ પટ્ટધારી વિજયકારી **વિજયાણંદ** મુનીસરો,
દીવાનદીપક વાદિજીપક શ્રી **વિજયબુધ** સુંદરો,
તસ સીસલેસિં **તેજવિજયઇ** ગાઇઓ શ્રી જિનવરો. ૯૯
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૯૨.]

**૭૩૪. ચંદ્રકીર્તિ** (ખ. કીર્તિરત્નસૂરિ–લાવણ્યશીલ–પુણ્યધીર–જ્ઞાનકીર્તિ–ગુણપ્રમોદ–સમયકીર્તિ–વિનયકલ્લોલ–હર્ષકલ્લોલશિ.)

**(૧૬૩૨) ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ ચો.** ૨ ખંડ ૪૬ ઢાળ ૬૨૮ કડી ૨.સં. ૧૬૮૨ ભા.શુ.૯ મંગલ ઘડસીસરમાં

**આદિ** – શ્રી કીર્ત્તિરત્નસૂરિ સદ્ગુરૂભ્યો નમઃ

**આદિનાથ** જગિ આદિકર, **શાંતિનાથ** પ્રમુખકાર,
બ્રહ્મચારિશ્રી **નેમિ** જિણ, પરતખિ **પાસ** કુમાર. ૧
સાસણનાયક **વીર** જિન, પ્રણમું પાંચ જિણંદ,
**ગૌતમાદિ** ગણધર સહૂ, પ્રણમું મનિ આણંદ. ૨
નમસકાર સમરૂં સદા, સમરૂં **સારદ** માય,
દિઉ મુઝ વચનવિલાસ રસ, ગાવું ધરમ પસાય. ૩
ધન્ય તિકે નર જાણીયઇ, ધરમ કરઇ નિસદીસ,
નવરસ સહિત કથા કહું, મન માહિ ધરીય જગીસ. ૪
ધરમઇ ઘરિં રિધિ સંપજઇ, ધરમઇ પૂત્રકલત્ર,
ધરમઇ પ્રભુતાપદ લહઇ, ધરમઈ સુખ પરત્ર. ૫
ધરમ કરઉ ઇમ જાણીનઇ, જિમ પામઉ ભવપાર,
**પાપબુદ્ધિ ધર્મબુદ્ધિ**નઉ, કહું સુણિજ્યો અધિકાર. ૬

**અંત** – (પ્રથમ ખંડ) ઢાલ ૧૪ નમિરાજા સંયમ લીયઉ એહની.
**મતિસાગર** મંત્રીસરઇ, મં. પ્રતિબોધ્યઉ રાજન
ધર્મ મનિ આણિયઇ.

*

**કીરતિરતન** સૂરિ પરગડઉ, સૂ. આચારિજ પદધાર,
**લાવણ્યશીલ પુણ્યધીર** એ, પુ. **નાંનકીરતિ** ગુણસાર. ૭
**ગુણપ્રમોદ** ગુણ આગલા, ગુ. **સમયકીરતિ** સુવ સાધ,
**વિનયકલ્લોલ** મુનિવર ભલઉ, મુ. **હરષકલ્લોલ** પદ લાધ. ૮
**ચંદ્રકીરતિ** બહુ સાધસું, બ. વાંચઇ ધરમ વખાંણ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ખરતરગચ્છ** નાયક ભલઉ, ના. **જિનરાજસૂરિ** સુજાંણ. ૯
તાસુ રાજિ ધર્મ ઉપદિસ્યઉ, ધ. શ્રી **ઘડસીસર** માંહિ,
ઘરિઘરિ ઋદ્ધિ વધામણા, વ. આજ અધિક ઉચ્છાહ. ૧૦
**પાપબુદ્ધિ ધર્મબુદ્ધિનઉ**, ધ. કહ્યઉ એતઉ અધિકાર,
ધરમ થકી જિમ સુખ લહ્યઉ, તેહ કહ્યઉ સુવિચાર. ૧૧
પ્રથમ ખંડ પૂરો થયઉ, પૂ. ચવદ ઢાલ સુસવાદ,
**ચંદ્રકીરતિ** કહઈ સુખ લહ્યા, સુ. રિધિવૃધિ ધરમપ્રસાદ. ૧૨
(બીજો ખંડ) ઢાલ ૩૨ ધન્યાસી, કુમર ભલઈ આવીવઉ એ, એહની.
મુનીસર વંદિયઇ એ, બેઉં સાધ નિર્ગ્રંથ, મુ.
ધરમબોધ ઈમ દીજીયઈ એ, **ધરમબુધી** દીયઉ જેમ, મુ.
ધરમપ્રભાવ અછઇ સદા એ, ધરમ કરઉ સહુ તેમ. મુ. ૧
**ખરતરગચ્છિ** ગુરૂ રાજીયા એ, **કીરતિરતન** સૂરિંદ, મુ.
**લાવણ્યસીલ** પાઠક હૂઆ એ, વા. **પુણ્યધીર** મુનિંદ. મુ. ૨
**જ્ઞાનકીરતિ** વાચક થયા એ, **ગુણપ્રમોદ**ગણિ તેમ, મુ.
**સમયકીરતિ** વાચક મુણી એ, **વિનયકલ્લોલ** સપ્રેમ, મુ. ૩
**હરષકલ્લોલ** ગુરૂ પરગડા એ, **ચંદ્રકીરતિ** કહઇ એમ, મુ.
બહુ શિષ્યસાખા જેહનઇ એ, સહુનઇ કુશલ છઇ ખેમ. મુ. ૪
યુગપ્રધાનપદ થાપીયઉ એ, સાહિ **અકબર** સુલતાણ, મુ.
રાખી સમુદ્રની માછિલી એ, સાંભલિ ગુરની વાંણિ, મુ. ૫
સાહિ **સલેમ** સમઝાવિયઉ એ, દે ઉપદેસ અનેક, મુ.
જિનશાસન રાખ્યઉ ડોલતઉ એ, **જિનચંદ**સૂરિ સુવિવેક, મુ. ૬
**જિનસિંહ**સૂરિ પાટિ તેહનઈ એ, તસુ પટધાર પડૂર, મુ.
પાઠક વાચક શિષ્ય ઘણા એ, થાપ્યા **જિનરાજ**સૂર, મુ. ૭
**ખરતરગચ્છ**નાયક ભલઉ એ, શ્રી **જિનરાજ સૂરિંદ**, મુ.
પાઇ લગાવ્યા પિસુનડા એ, તેજિ તપઇ જાણે ઇંદ, મુ. ૮
**પારસનાથ** સુપસાઉલઇ એ, શ્રી **ઘડસીસર** માંહિ, મુ.
એહ ગ્રંથ પૂરઉ કીયઉ એ, ચતુર્વિધ સંઘ ઉછાંહ, મુ. ૯
આજ સફલ દિન માહરઉ એ, આજ ફલી મુઝ આસ, મુ.
વચનવિલાસ સફલ થયઉ એ, સફલ થયઉ પરયાસ, મુ. ૧૦
**ઋયાસીઅઇ** સંવચ્છરઇ એ, ભાદ્રવ સુદિ દિન નઉમિ. મુ.
એહ ગ્રંથ પૂરઉ થયઉ એ, વાર ભલઉ છઇ ભૂમ, મુ. ૧૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇણુ ગ્રંથઇ એ માન છઇ એ, છસઇ પચીસે ગાહ, મુ.
ભણુત ગુણુત સુખ પાંમીયઇ એ, આણુંદ હરષ અગાહ, મુ. ૧૨
**વિનયકલ્લોલ** સુપસાઉલઇ એ, શિષ્ય **ચંદ્રકીરતિ** ગાવંત, મુ.
નરનારી જે સંભલઇ એ, તીયાં ઘરિ સુખ આવંત, મુ. ૧૩
બીજઉ ખંડ પૂરઉં થયઉ એ, ઢાલ બત્રીસે માંહિ, મુ.
**ચંદ્રકીરતિ** કહઇ મઇં કહી એ, ચ્યારિ સઇ ચ્યાલીસે ગાહ, મુ. ૧૪

(૧) સર્વ ગાથા પ્રથમ ખંડિ ૧૮૮ દ્વિતીય ખંડિ ૪૪૦, સં.૧૭૦૨ વૈ. કૃષ્ણુપક્ષે નવમી તિથૌ, **બાહલા** ગ્રામ મધ્યે. પ.સં.૨૦-૧૫, **અનંત ભં.ર.**

**(૧૬૩૩) યામનીભાનુ મૃગાવતી ચોપાઈ** ૧૬ ઢાળ ૨૮૧ કડી **ર.સં.** ૧૬૮૯ આસુ શુ.૭ બુધ બાહડમેર (જેસલમેર)માં

**અંત** – કથાકોસથી મેં કહ્યઉ એ, **મૃગાવતી યામની ભાન,**
સંબંધ સોહામણુઉ એ, સુણુતાં સફલ વિહાંણુ. ૨૮
અધિકઉ ઓછઉ જે કહ્યઉ, મિચ્છામિ દુક્કડ તેહ,
સંઘ સહૂ સંભલઉ એ, કરીયણુ કહીયઉ જેહ. ૨૯
**ખરતરગચ્છ** માંહિ સોભતા એ, **કીર્તિરત્ન** સૂરીસ,
પાટ ઉવઝાય થયા એ, **લાવણ્યસમય [લાવણ્યશીલ]** તસુ સીસ. ૩૦
તાસ સીસ વાચક થયા એ, શ્રી **પુણ્યધીર** પ્રધાન,
શિષ્ય વાચક ભલઉ એ, **જ્ઞાનકીરતિ**.. ૩૧
વાચક શિષ્ય વલિ તેહના, **ગુણુપ્રમોદ** રિષરાય,
વાચક શિષ્ય તે ભલઉ, **સમયકીરતિ** સુપસાય. ૩૨
પંડિત શિષ્ય સદા ભલઉ, **વિનયકલ્લોલ** નિધાન,
પંડિત વિદ્યમાન છે એ, **હરષકલ્લોલ** પ્રધાંન. ૩૩
શિષ્ય તેહના માલતા એ, **ચંદ્રકીરતિ** બોલંતિ,
ઉદયકારક ભલઉઈ, **સકમરાજ** ગુણુવંત. ૩૪
શિષ્ય ભલા છે જોડલા એ, **ષેમરાજ** સુષકાર,
તાસ આગ્રહ કરી એ, ચઉપઇ જોડી સાર. ૩૫
શ્રી **ખરતરગચ્છ** રાજીયૌ એ, શ્રી **જિનરાજ** સૂરિંદ,
**સોલ સૈ નવ્યાસીયૌ** એ, આસૂ સાતમિ ચંદ. ૩૬
પ્રથમ પહુર બુદ્ધિવારનઉ એ, પ્રથમ ઘડી સિદ્ધયોગ,
શ્રાવક સુષીયા વસૈ એ, **બાહડમેર** રસભોગ. ૩૭
વિધિ ચૈત્યાલય પૂજીયૈ એ, શ્રી **સુમતિનાથ** જિણુંદ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયાદ પૂરઉ થયૌ, ભણતાં સુખ આણુંદ. ૩૮
ઢાલ સૌલૈ ઈણ ચૌપઇ એ, બિસૈ ઇકયાસી એહ,
કહી **ચંદકીરતૈં** એ, ભણત સુણત ઉછાહ. ૩૯

(૧) ઇતિ શ્રી ચામનીભાનુ મૃગાવતી ચૌપઇ સંપૂર્ણં. વાચનાચાર્ય શ્રી ૧૦૬ શ્રી **જિનહંસગણિ** શિષ્ય પં. **મહિરચંદ** લિપિકૃતં સં.૧૭૮૪ વર્ષે શ્રાવણ શુદિ ૧૪ દિને **ભી**મરસા મધ્યે. પ.સં.૧૨-૧૪, ગુ.વિ.ભં. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૪૭-૪૮, ભા.૩ પૃ.૧૦૩૫-૩૮. ગુરુપરંપરામાં લાવણ્યસમય નામ દર્શાવેલું તે અહીં બે સ્થાને લાવણ્યશીલ છે અને અન્યત્રથી પણ એ જ સમર્થિત થાય છે. અહીં એક સ્થાને લાવણ્યસમય નામ છે તેમાં કશીક સરતચૂક થયેલી છે.]

## ૭૩૫. ગુણસાગર (ત. મુક્તિસાગરશિ.)

મુક્તિસાગર તે શેઠ શાંતિદાસના ગુરુ, પછીથી સં.૧૬૮૬માં રાજસાગરસૂરિ થયા. મુક્તિસાગરના સં.૧૬૮૨ના પ્રતિમાલેખ માટે જુઓ બુ.૧, નં.૩૬, ૧૨૮.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**(૧૬૩૪) સમ્યક્ત્વમૂલ બારવ્રત સઝાય** કડી ૭૨ ર.સં.૧૬૮૩ મહા શુ.૧૩ શુક્ર

**આદિ** – વંદિય **વીર** જિણેસર દેવ, જાસુ સુરાસુર સારઇ સેવ,
પભણિસુ **દંડક** ક્રમ **ચઉવીસ**, એક એક પ્રતિ બોલ છત્રીસ. ૧
ગણધર રચના અંગ ઉપાંગ, પન્નવણા સુવિચાર ઉપાંગ,
તેહ થકી જાણી લવલેસ, નામ ઠામ જૂજૂઆ વિસેસ. ૨

**અંત** – સંવત **સોલજી** વરસ **ત્રાસીઓ** જાણીઇ,
માહા સુદજી તેરસ શુક્રવાર આણીઈ;
વ્રત બારનીજી ટીપ લિખાવી અતિ ભલી,
એ પાલતાં જી **બાઈચા**ની શુભ આસ્યા ફલી. ૭૧
**તપગછ** તારઇ **વિજયસેન**સુરી વારઇ ટીપ લિખાવી સોહામણી,
ઇમ વ્રત પાલો કુલ અજૂઆલો, પાપ પખાલો હિત ભણી,
સકલ વાચક સોહઈ ભવિજન મોહઇ, **મુક્તિસાગર** સિરતાજ,
કવિ **ગુણસાગર** સીસ પભણઇ, પામો અવિચલ રાજ. ૭૨

(૧) સં.૧૭૨૯ લિ. શાંતિનાથ પ્રસાદાત્. પ.સં.૭-૯, મો.સે.લા. [પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૧૪-૧૫.]

## ૭૩૬. સુભદ્ર (?)

**(૧૬૩૫) રાજસિંહ ચોપાઈ** ર.સં.૧૬૮૩ જે.શુ.૧૧

(૧) પ.સં.૧૧, જેસલ.ભ.ભં. નં.૧૯૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૦૯–૧૦.]

## ૭૩૭. ભાવશેખર (આં. કલ્યાણસાગરસૂરિ–વિવેકશેખરશિ.)

**(૧૬૩૬) રૂપસેન ઋષિ રાસ** ૩ ખંડ ૩૧ ઢાળ ૭૪૭ કડી ર.સં.૧૬૮૩ જેઠ સુ.૧૪ નવાનગરમાં

**આદિ** – સ્વસ્તિ શ્રી **શાંતીસરૂ,** પ્રણમું એકચિત ભાવિ,
વિઘનનિવારણ સુખકરૂ, લીલાલબ્ધિ સુદાવિ. ૧
પ્રણમું ભગવતિ **સારદા,** માગું એતું માન,
વચનકલા આપુ સરસ, સેવકનિ ગુણવાન. ૨
શ્રી **ગૌતમ** ગણધર સધર, ચઉદ સહસ મુનિરાજ,
કામધેન સુરતરૂ મણી, વંછિત પૂરણ કાજ. ૩
પુન્યઇ પરિમાણંદપદ, પુન્યઇ દુહ દસિ તેજ,
પુન્ય અછિ જગમિ વડું, પુન્યકથા કહું હેજિ. ૪
પુન્યઇ પ્રથવીપતિપણું, પુન્યઇ રાણિમ ગેલિ,
પુન્ય કલા સવિ પરગડી, પુન્યઇં વાધિ વેલિ. ૫
પુન્યે તેજસ ઝલહલઇ, પ્રાચી દાસ જિમ ભાણ,
પુન્યકથા કહું હરખ ધરી, **રૂપસેન** ગુણજાણ. ૬
કિમ તે પુન્ય ઊપરાજઉં, કિમ તે પામિઉ સુખ,
દુઃખ ગયાં સવિ વેગલાં, તે ભાખું ધરિ મુખિ. ૭
હર્ષ ધરી તે સાંભલુ, **રૂપસેન** અવદાત,
કહિતાં મુઝ મન ગહગહિ, એ એ પુન્યની વાત. ૮
**વીરઈ** શ્રીમુખિ ભાષીયા, ચ્યારે ધર્મ્મ પ્રધાન,
ભાવ વડુ જિનવર કહિ, ભાવિઇ પુન્ય નિદાન. ૯
ચડતી પગડીએં વલી, પામિ મોક્ષ નિદાન,
ઇહભવિ પરભવિ સ લહીઇ, પુન્યકથા સુખમાન. ૧૦
જિમ ભાખિઉ પુરવ મુનિઇ, તિમ દાખું હું રેહ,
સાધુકથા કહિતાં થકાં, હોવિ લાભ સુનેહ. ૧૧

*

**નવયનગરિ** શ્રી **શાંતિ** જિણેસર, તસ સાનિધિ થઉ એહ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધવ **વિજયશેખરની** સાહિજ, કહિઉ અધિકાર સુનેહ રે.
—પ્રથમ ખંડ સર્વગાથા ૨૭૮.

*

**અંચલ**ગછિ રે **કલ્યાણસાગર** સુરીસર રે, જગ સવિ સારિ સેવ,
તસ પખિ રે **વિવેકશેખર** વાચક જયો રે, તસ શિષ્ય જંપઇ હેવ.
ખંડ બીજૂ રે પૂરો થઉ ઇણી પરિ રે, **ભાવશેખરની** વાણિ,
મેવાડુ રે ધન્યાસી રાગિ કરી રે, ઢાલ ઇગ્યાર વખાણિ.

**અંત** – રાગ ધન્યાસી લાહિણુ લૂસૂ રે લાલજી લાહિણુકા દિન ચ્યાર રે લાલ.
પુત્રનિ રાજ સુંપી કરી, લીધી દક્ષા ચંગ રે લાલ,
આઉ નજીક જાંણી કરી, કરણિ કરિ મનિ રંગિ રે લાલ;
સાધ સોભાગી વંદીઇં, જિમ લહીઇ ભવપાર રે લાલ. ૧
**કનકવતિ** ચારિત ગ્રહિઉ, વહઇં ગુરૂણીની સીખ રે લાલ,
તપ જપ સંજમ આદરી, પાલિ સુવિહત દીખ રે લાલ. ૨
અણુસણ શ્રીમુખિ ઉચરી, ખાંમી સઘલા જીવ રે લાલ,
સમાધિપણિઇં ચવી ઊપનુ, પહિલિઇ કલપી અતીવ રે લાલ. ૩
એક ભવ અંતર પામસિ, મોક્ષ તણું સુખ તંત રે લાલ,
ઇણિ પરિ નીમ જે પાલસિ, વંછિત ફલ લહિઇં સંત રે લાલ. ૪
**કનકવતિ** ગઇ મોક્ષમાં, પામી કેવલ સાર રે લાલ,
અજર અમર સુખસાગરઈં, ઝીલઈં તે સુવિચાર રે લાલ. ૫
શ્રી **વિધિ**પક્ષગછિ રાજીઉ, **ચંદ્ર**કુલિ સુવિનાંણુ રે લાલ,
**કલ્યાણસાગર**સૂરિ ચિરંજયો, ભટ્ટારક ગુણખાંણિ રે લાલ. ૬
તસ પખિ વાચક સોભતા, **વિવેકશેખર** સિરતાજ રે લાલ,
તેહ તણી સાનિધિ કરી, સીઝઇ વંછિત કાજ રે લાલ. ૭
**નવઇનગરિ** શ્રી **શાંતિ**ના, બિઇ પ્રાસાદ સનૂર રે લાલ,
દિનદિન ઉદય અધિક ઘણો, વિઘન કરઇ ચકચૂર રે. ૮
સંવત **સોલ (સ) ત્રાસીઇં** માસ જેઠ મનિ રંગિ રે લાલ,
ચંદ્ર પક્ષે ચઊદસિ દિનિ નક્ષત્ર વિશાખા ચંગ રે લાલ. ૯
ત્રીજો ખંડ મનોહરૂ, નવમી ઢાલ રસાલ રે લાલ,
**ભાવશેખર** કહિ સુંદરૂ, શ્રીસંઘ તેજ વિસાલ રે લાલ. ૧૦
**વિજયશેખર** સાહિજ મિલિઉ, તિણિ કરી જોડિ અભંગ રે લાલ,
ભણિ ગુણિ જે સાંભલિ, પામિ સુખ નિત અંગિ રે લાલ. ૧૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પુણ્યાધિકારે ભાવના વિષયે પ્રથમ ખંડ ઢાલ ૧૧ સર્વગાથા ૨૭૮, દ્વિતીય ખંડે ઢાલ ૧૧ સર્વગાથા ૨૭૫, ત્રતીય ખંડ ઢાલઇ સર્વગાથા ૧૯૪ ગ્રં. સલોકસંખ્યા ૧૧૦૫. શ્રી ગણિ ગણેશ અખયરત્નજી શિ. માણિકયરત્નેન લિ. સં.૧૭૬૪ આશો શુ.૨ મંગલે, ખેડા હરીયાલા મધ્યે લ. શ્રી ભીડભંજન પાર્શ્વનાથ પરસાદાત્ સ્વયમેવ પઠનાર્થં. પ.સં. ૧૯-૧૭, વીજાપુર જૈન જ્ઞાનમંદિર. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૯૯૬-૯૮.]

## ૭૩૮. કેશરાજ (વિજયગચ્છ વિજયઋષિ-ધર્મદાસ-ક્ષમાસાગર-પદ્મસાગર-ગુણસાગરશિ.)

**(૧૬૩૭) + રામયશોરસાયન રાસ** [અથવા **રામરસનામા ગ્રંથ**] અથવા **રામાયણ** ૨.સં.૧૬૮૩ આસો શુ.૧૩ અંતરપુરમાં

**આદિ** – વેલાવલ રાગ-દૂહા.

**શ્રી મુનિસુવ્રત** સ્વામીજી, ત્રિભુવનતારણ દેવ,
તીર્થંકર પ્રભુ વીશમા, સુરનર સારે સેવ. ૧
પુત્ર **સુમિત્ર** નરિંદનો, **પદ્માદેવી** તસ માય,
જનમભોમિ જિનવર તણી, **રાજગૃહી** કહિવાય. ૨
અવતરિયા **હરિવંશમેં**, હરિ સાચવિયા સાર,
કલ્યાણક પાંચે ભલાં, નામ સદા જયકાર. ૩
ચરણકમળ તેહના નમી, **રામ સુલક્ષ્મણ**રાય,
**સીતા ને રાવણ** તણો, ચરિત્ર રચું સુખદાય. ૪
સુખદાઇ સહુ લોકને, **રામ**કથા અભિરામ,
શ્રવણ સુણંત સરે સહી, મનના વંછિત કામ. ૫
'રા' ઉચ્ચરતાં મુખ થકી, પાપ પુલાઇ જાય,
મતિ ફિરી આવે તેહથી, 'મ' મો કમાડી થાય. ૬
પાવનમેં પાવન મહા, કલિમલહરણ અપાર,
મોક્ષપંથનો સાંભલો, સજ્જન જીવનો સાર. ૭
વીસમા થાનક ભલો, ખેમકુશલકો ઠામ,
બીજ ધર્મતરૂવર તણો, શ્રી **રામચંદ્ર**નું નામ. ૮
**લક્ષ્મણ રાવણ** રાજીયા, તીર્થંકર પદ પાય
મુગતિપુરી જઇ થાયસ્યૈ, સકલ જગતકા રાય. ૯
સત્યવતી સાચી સતી, શીલ તણી અવદાત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વર્ગે પહોંતી બારમે, વસુધામે વિખ્યાત. ૧૦

અંત – ઢાલ ૬૨

સંવત **સોલે આસીયે** રે, આછો આસૂ માસ,
તિથિ તેરસી **અંતરપુર** માંહિ, આણી અતિહિ ઉલ્હાસ. ૪૯
**વિજયગચ્છ** ગચ્છનાયક ગિરિવો, **ગોયમ**નો અવતાર,
વિજયવંત **વિજય** ઋષિરાજા, કીધો ધર્મ ઉદ્ધાર. ૫૦
**ધર્મ**મુનિ ધર્મજનો ધોરી, ધર્મ તણો ભંડાર,
ખિમા દયાગુણ કેરા નાયક, **સાગરખેમ** ઉદાર. ૫૧
શ્રીગુરૂ **પદ્મ** મુનીશ્વર મોટો, મોટો જેહનો વંશ,
ચઉરાસી ગચ્છ માંહિ જાણીતો, પ્રગટપણે પરશંસ. ૫૨
તસ પાટોધર ગુણ કરી ગાજે, **ગુણસાગર** ગુણવંત,
કડસુતન કલપતરૂ કલિમેં, સૂરિશિરોમણિ સંત. ૫૩
એ ગુરૂદેવ તણે સુપસાયેં, કીધી રચના જાણ,
ગ્રંથગુણે ગિરિ મેરૂ સરીખો નવરસ માંહિ વખાણ. ૫૪
એવં બાસઠિ ઢાલ સુધારી, વચન રચન સુવિશાલ,
**રામયશો** રે **રસાયણ** નામા, ગ્રંથ રચિઓ સુરસાલ. ૫૫
કવિજન તો કર જોડિને, પંડિત સું અરદાસ,
પાંચો આગે વાચેવો જો, હૂવે રાગ અભ્યાસ. ૫૬
અક્ષર ભાંગે ઢાલ જ ભાગેં, રાગ જ ભાંગે સોઇ,
વાંચતાં રે વચનને ભાંગેં, રસ નહીં ઉપજે કોઇ. ૫૭
અક્ષર જાણી ઢાલ જ જાણી, રાગ જ જાણી એહ,
પાંચાં આગે વાંચતાં રે, ઉપજિસિ અતિનેહ. ૫૮
જબ લગિ સાયરનો જલ ગાજે, જબ લગિ સૂરજચંદ,
**કેશરાજ** કહેતબ લગ એ ગ્રંથ કરો આનંદ. ૫૯

કલશ.

ઇમ **રામ લક્ષ્મણ** અને **રાવણ**, સતી **સીતા**ની ચિરી,
કહી ભાખી ચરિત સાખી વચન રચના કરી ખરી,
સંઘ રંગ વિનોદ વક્તા અને શ્રોતા સુખ ભણી,
**કેશરાજ** મુનીંદ જંપે સદા હરખ વધામણી. ૧

(૧) ગ્રં.૪૨૫૦ સં.૧૮૪૪ ભા. બાઈ હેમકોર પઠનાર્થં. પ.સં. ૧૧૩-૧૭, સીમંધર. દા.૨૨ નં.૧૨. (૨) સં.૧૮૮૦ શ્રા.વ.૫ સોમે લિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિકાનેર મધ્યે. પ.સં.૮૩-૧૭, મો. સુરત પો.૧૨૧. (૩) સં.૧૯૫૫ લુધિયાના મધ્યે. પ.સં.૬૨, જિ.ચા. નં.૨૦૯૦. (૪) પ.સં.૧૨૩, કમલ મુનિ. (૫) લ.સં.૧૯૪૨ વૈશાખ શુ.૯ વઢવાણ ઉપાધ્યાય નારણજી જેણારામ લખાવીતં મુનિ માણકચંદજી આત્મપઠનાર્થં. (આમાં ઉપરની પ્રશસ્તિની કડી ૫૦થી ૫૩મી નથી.) પ.સં.૫૬-૨૧, ધો.સ.ભં. (૬) લ.સં.૧૯૫૬ જેઠ શુ.૬ બુધ લ. ભાત્રસાર પીતાંબર હરી રહેવાસી ગોંડલના. પ.સં.૧૧૬-૧૪ (આમાં પણ તેમ જ છે), ધો.સ.ભં. [જૈહાપ્રોસ્ટા, રાહસૂચી ભા.૧, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૫).]

પ્રકાશિત : ૧. આનંદ કાવ્ય મહોદધિ મૌક્તિક ૨. [૨. પ્રકા. જગદીશ્વર છાપખાનું.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૨૨-૨૫, ભા.૩ પૃ.૧૦૧૫. ભા.૧ પૃ. ૫૨૫ પર અંતે નીચે મુજબની નોંધ મળે છે તે શા માટે છે તે સમજાતું નથી : "'ગૌતમપૃચ્છા બાલાવબોધ'ના અંતે જણાવેલ છે કે સંવત્ ૧૭૬૩ વર્ષે શ્રી વિજૈગચ્છે શ્રી ભટ્ટારિક શ્રી પૂજ્ય શ્રી સુમતિસાગરસૂરિજી તતશિષ્ય ઋષિશ્રી વીરચંદજી, ઋષિશ્રી ભવાનીદાસજી ઋષિશ્રી બાલચંદજી તતશિષ્ય ઋષિશ્રી ચતુરાજી તતશિષ્ય ઋષિશ્રી મયાચંદજી. આસોજ માસે કૃષ્ણપક્ષે દ્વાદશી તિથૌ રવિવાસરે શ્રીમયનગરે લિપીકૃતં પીતાંબર શ્રી મહારાજધિરાજ રાંણા શ્રી અમરસીંઘરાજ્યેઃ ઉદયપુર ભં."]

## ૭૩૯. પુણ્યભુવન (ખ. જિનરંગસૂરિશિ.)

### (૧૬૩૮) પવનંજય અંજનાસુંદરીસુત હનુમંત ચરિત્ર રાસ ૨૦ ઢાલ ૨.સં.૧૬૮૪ માહ શુ.૩ ગુરુ ઉદેપુરમાં

આદિ– શ્રી ગણધર ગૌતમ પ્રમુખ, એકાદશ અભિરામ,
મનવાંછિત સુખ સંપજે, નિત સમરંતાં નામ. ૧
પ્રથમ ઉદ્યમ મેં માંડીઉ, મતિ અતિ દીસે મંદ,
તિણિ કારણે પહેલાં નમું, શ્રી ગણધર સુખકંદ. ૨

*

પવનંજય રાજા તણી, અંજનાસુંદરિ નારિ,
તાસુ કથા સુણતાં થકા, હોસિ અલ્પ સંસાર. ૮
સતિશિરોમણિ અંજના, સીલવિભૂષિત દેહ,
નામ જપંતા પ્રહ સમે, આપે ઋદ્ધિ અછેહ. ૯



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેહનો સખર સંબંધ છે, મીઠો સાકર દ્રાખ,
રસ લેયો ભવિયણ તુમ્હે, આખે કવિયણ ભાખ. ૧૦
કિમ તિણે સુધે મને કરી, કીધા શીલજતન,
સાવધાન સહુ સાંભલો, સાંભલવાં સુવચન. ૧૧

**અંત** - ઢાલ ૨૦ વિવેકી સેવીયે શ્રી જિનવાણિ—એ દેશી.
રાગ ધન્યાસિરી.

**અંજના** કેરીય ચોપઇ, પૂરણ હુઇય એહ,
જે નર ભણસ્યે જે સુણિ ભાવ સું, મંગલ લહે સિવ તેહ. ૧
સુગુણ નર, શીલ સદા સુખખાણિ, પાલીઇ શુધ મતિ આણિ,
જેથી પામીએ અવિચલ ઠાણી, લહીઇ શિવપદરૂપિણી રાણી. ૨
સતીયાં રે સિર **અંજના**, વખાણે કવિરાય,
સાંભલતા તન ઉલસે, ચતુરોને ચિત્ત દાય. ૩
ષટ્ દર્શનના ગ્રંથમેં, **અંજના** કેરી એ વાત,
**પવન**સુત **હનુમં**તના, પ્રગટ ઘણા અવદાત. ૪
ગુણ જ તાસ વખાણીઇ, જાસ વદે સંસારી.
આપરો નામ સોઇ જ લીએ, જે હોઇ મુઢ ગમાર. ૫
જૈનના ગ્રંથમા ઠામિઠામિ, દીસે એ અધિકાર,
પણ પરમારથે જૂજૂયા, નામ તણા નિરધાર. ૬
**શીલતરંગિણી** ગ્રંથથી, એ રચીઓ સંકેત,
કાંઈક કવિમતિ કેલવી, ભીન્ન કીયો તિણ હેતિ. ૭
શ્રી **મુનિસુવ્રત**સ્વામિને, વારે હવી એ વાત,
વાંસે જગ બહુ વહી ગયા કુણ જાણે અવદાત. ૮
શ્રી **જિનરાજ**સૂરી પટિ દિનકરા, આગમ અરથનિધાન,
શ્રી **જિનરંગ** સૂરીસરૂ સત્યવર, જાણે સર્વ નિધાન. ૯
તાસુ આદેસ સંવત **સોલ ચોરાસીઇ ઉદેપૂરિ** ચોમાસિ,
**જગતસંઘ** રાણો ગાજે તિહાંકણિ, હાદુ ઉપતાં જસવાસ. ૧૦
સંઘ કથન ધરી માધ સુદિ તૃતીયા દિને, શુભ યોગે ગુરૂવાર.
અવિછિન રસ ઈણમે લેજયો જોઈને, અધિકાર આધકાર. ૧૧
**પુણ્યભુવન** કહે ભાવ ધરી ઘણો, ગિરૂયાનો જસવાસ,
અધિક ઓછો ઈહાકણિ જે કર્યો હુવે, મિછામિ દુક્કડ તાસ. ૧૨
શીલ સમકિત ગુણ દેહ પ્રતિ ધારને, દિન પ્રતિ કોડિ કલ્યાણ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિણિ એ ભણે ગુણે સુણે ભાવ સું, જીવિત જનમ પ્રમાણુ. ૧૩
(૧) લિ.૧૭૪૫ આસો વ.૧૩ ગુરૂ કલ્યાણપુરમાં. રા.પુ.અ.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૧૭-૧૯.]

**૭૪૦. વિદ્યાવિજય** (કલ્યાણસાગરશિ.)

**(૧૬૩૯) નેમિ રાજુલ લેખ ચોપાઈ** ર.સં.૧૬૮૪ શ્રા.વ.૧૩ સોમે
(૧) સં.૧૬૯૬ વૈ.શુ. **આગરા** સાધ્વી વાહલાં પઠનાર્થં. પ.સં.૪, જિ.ચા. પો.૮૩ નં.૨૧૬૨.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૨૬.]

**૭૪૧. અજ્ઞાત**

**(૧૬૪૦) સરસ્વતી** [અથવા **ભારતી** અથવા **શારદા**] છંદ કડી ૪૪
ર.સં.૧૬૮૪[૪૮]? આશો શુ.૧૫ ગુરુ

**આદિ** – સકલ સિદ્ધિદાતારં, **પાર્શ્વં** નત્વા સ્તવામ્યહં,
વરદાં **સારદા**દેવીં, સુખસૌભાગ્યકારિણીં. ૧

**અંત** – પ્રણવઅક્ષર વલિ માયાબીજં શ્રીઐં નમો કરિજ્જેજં,
કલીં હ્રીં મહામંત્ર તેજં, વાગ્વાદિનિ નિત્ય સમરેજં. ૪૦
ભગવતિ ભાવઈં તુજઝ નમિજ્જઈ, અષ્ટ મહાસિદ્ધિ શીઘ્ર લહીજ્જઈ,
મંત્ર સહિત એ કવિત ભણિજ્જઈ, ભણતાં ગુણતાં લીલ કરિજ્જઈ.
સંવત **ચંદકલા** અતિ ઉજ્જલ, **સાયર સિદ્ધિ** આસો શુદિ નિર્મલ,
પૂનિમ સુરગુરૂવારિં ઉદાર, ભગવતિ છંદ રચ્યો જયકાર. ૪૨
**સારદ** નામ જપો જગજાણું, સારદ નામ ગાઉ સુવિહાણું,
**સારદ** આપઈ બુદ્ધિવિનાણું, સારદ નામઈ કોડિ કલ્યાણું. ૪૩

ગાહા

ઇઇ બહુભત્તિભરેણં, અઇયલ છંદેણ સંથુઆ દેવી,
ભગવઈ તુજઝ પસાયા, હોઉ સયા સંઘ કલ્લાણં. ૪૪

(૧) સત્યવિજય શિ. કપૂરવિજય શિષ્ય વૃદ્ધવિજય શિ. ગણિ હંસવિજય. પ.સં.૩-૧૫, હા.ભં. દા.૮૨ નં.૧૭૭. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૭, ૩૯૮, ૫૫૫.]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૧૫-૧૬.]

**૭૪૨ ક. નારાયણ** (લોં. રૂપઋષિ-જીવરાજશિ.)

**(૧૬૪૧ ક) શ્રેણિક રાસ** ૪ ખંડ ૫૦૫ કડી ર.સં.૧૬૮૪ આસો વદ ૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુ કલ્પવલ્લીમાં

અંત – ઢાલ ૩૨ રાગ ધન્યાસી

**મહાપદ્મ** જિન નમૂ નવ ગણ હોસિઈ, એકાદશ ગણધાર,
સાધુ અનઈ શ્રમણી ગુણસાયર, પુન્યવંતો પરિવાર. ૯૫
ભવિકજન સૂણીઈ રે જિનવાણી,
બહુ ભાવભગતિ ચિત આણી, ચતુર નર લાભ અનોપમ જાંણી. ૯૬
બહુતરિ વરસનું આય તે પાલી, લહિસિ મોક્ષદુવાર,
શ્રી **મહાવીર** તણી પરિ સઘલુ, જાણીજઈ આચાર. ભ. ૯૭
**શ્રેણિક**રાય તણું મનમોહન, સુંદર ચરિત્ર ઉદાર,
ચઉથઉ ખંડ ચતુર ચિતરંજક, ભાખ્યું એહ રસાલ. ભ. ૯૮
શ્રી જિનશાસન શુદ્ધ પ્રરૂપક, **રૂપ** ઋષિશ્વર જાણું,
તેહ તણઇ પાટિઇ ગચ્છનાયક, શ્રી **જીવરાજ** વખાણુ. ભ. ૯૯
રાગ ધન્યાસી કરી સુંદર, બત્રીસમી એ ઢાલ,
મુની **નારાયણ** ઇણી પરિ જંપઇ, સુણતાં અતિહી રસાલ. ૫૦૦
રાય **શ્રેણીક** તણું સુંદર ચરિત એ રલીયામણું,
મન વચન કાયા સુદ્ધિ સુણતાં હરષ લહીઇ અતિ ઘણું.
**વેદ વસુ રસ અંદ** વરષિઈ આસો વદિ પક્ષ સાર એ,
**કલ્પવલ્લી** માંહિ રચીઉં સપ્તમી **ગુરુવાર** એ,
બહુ રંગ આણી ભવિક પ્રાણી લાભ જાણી મતિ અતી,
મધુર વાણી સરસ ગાંણી ભાવિ ભણજ્યો શુભ મતિ. ૫૦૫

(૧) પ.સં.૧૯–૧૪, આદિનું પત્ર નથી, ગ્રાં. દા.૪૦ નં.૨૦૫.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૦૦.]

## ૭૪૨ ખ. સાધુરંગ (ખ. જિનચંદ્રસૂરિ–પુણ્યપ્રધાન–સુમતિસાગરશિ.)

**(૧૬૪૧ ખ) દયા છત્રીસી** ર.સં.૧૬૮૫ અમદાવાદમાં

**આદિ** – દયાધરમ મોટઉ જિનશાસણ, ભાખ્યઉ શ્રી ભગવંતજી,
ઇહભવ પરભવ સુખીયા થાવઈ, પાલઇ જે પુણ્યવંતજી. ૧

**અંત** – **દયા છત્રીસી** ઇણી પરિ દાખી, સાખી રાખી ગ્રંથજી,
સદ્દહજ્યો ભવિયણ ! મન માંહે, સાચુ એ શિવપંથજી. દયા. ૩૪
શ્રી **જિનચંદસૂરિ** સીસ ગરૂઆ, **પુણ્યપ્રધાન** ઉવઝાયજી,
**સુમતિસાગર** તસુ સીસશિરોમણિ, પામી તાસુ પસાયજી. દયા. ૩૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સાધુરંગ** મનરંગઇ બોલઇ, આતમ-પર-ઉપગારજી,
સંવત **સોલ પંચ્યાસી** વરસઇં, **અમદાવાદ** મઝારજી. દયા. ૩૬
[મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૫).]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૨૬.]

**૭૪૩. કલ્યાણ સા** (કડવાગચ્છની આઠમી પાટે સા તેજપાલશિ.)

**(૧૬૪૨)** [+] **કટુકમત પટ્ટાવલી** ર.સં.૧૬૮૫

(૧) ગ્રં.૧૨૨૫, લ.સં.૧૯૬૭, પ.સં.૨૯, પ્ર.કા.ભં. નં.૧૯૫૪. (૨) લ.સં.૧૯૬૭, પ.સં.૨૩, હં.ભં. નં.૧૫૧૬.

[પ્રકાશિત : ૧. અર્વાચીન ગુજરાતી ગદ્ય – કડૂઆમતિ ગચ્છ પટ્ટાવલી સંગ્રહ.]

**(૧૬૪૩) ધન્યવિલાસ** [**ધન્ના શાલિભદ્ર**] **રાસ** ૪ પ્રસ્તાવ ૪૩ ઢાળ
ર.સં.૧૬૮૫ [૮૨] જેઠ સુદ ૫

**આદિ** – પ્રથમ જિણેસર પ્રણમીઈ, પ્રથમ કરી જિણે આદિ,
પ્રથમ ધર્મ્મ પ્રકાસીઉ, તે પ્રથમ નમું યુગાદિ. ૧
**શાંતિ** જિનેસર સોલમઈ, ગરભ થિકી કરી શાંતિ,
મારી નિવારી દેસથી, પસરી ઘરિઘરિ શાંતિ. ૨
**યદુનંદન** જગમાં જયો, બ્રહ્મચારિ શણગાર,
નામિ નવનિધિ સંપજઇ, ધનધન **નેમિકુમાર**. ૩

**અંત** – ઢાલ ૪૩ રાગ ધન્યાસી. સકલ મંગલ તણી–એ દેશી.
દાન કલ્પતરૂ દાન મણી સુંદર, દાનથી વંછિત ઋદ્ધિવૃદ્ધિ,
દાનથી નરસુખ દાનથી સુરસુખ, દાનથી અનુક્રમે હોઇ સિદ્ધિ. ૧
દાનથી નરભવે દેવ ભોગીપણું, ભૂપ ક્રિયાણું જેણ કીધું,
રાજછત્રંગણી નારિ ક્રમિ પરહરી, ભગતીપતિ વચનથી વ્રત લીધું. ૨
દાનથી **ઋષભદેવો** ત્રિભોવનધણી, સાધુનિ પ્રાગ ભવિ હવિષદાનું,
બાકલડા બદલિ જુઓ દાનથી, **ચંદનાઇ** પણિ કેવલ લીનું. ૩
દાનથી **ધન્યનિ** ઋદ્ધિ બહુલી હવી, દાન દીઉ ભવી ભાવ આણી,
**ધન્યવિલાસ**નો તુર્ય પ્રસ્તાવ એ, ભણત ગુણત લહિ સુખ પ્રાણી.૪
**ધન્યવિલાસ** કીઓ ચરીત્રોપરિ, અલ્પબુદ્ધિથિ હું પ્રેમ આણી,
ન્યૂનતા અધિકતા જે હુઇ એહ માંહિ, સોધયો પંડિતો પ્રીત આણી.૫
ધન્યવિલાસના ચ્યાર પ્રસ્તાવ છે, ઢાલ ત્રહતાલીસ તસ પ્રમાણં,
શત એકાદશ ગ્રંથનો માઝનો, જિનપ્રસાદે સેવક કલ્યાણં. ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત **સોલ પંચ્યાસી** ૧૬૮૫ સંવત્સરિ જ્યેષ્ટ શુદિ પંચમી પુણ્યમાણું,
ધન્યવિલાસ થયો સંપૂર્ણ દિન દિન સંઘનિ મંગલમાલં.

(પા.) **સોલ ચ્યાસી** સંવચ્છરે જેષ્ટ સુદિ પંચમી પુણ્યખાણુ,
**ધન્યવિલાસ** કર્યું સંપૂરણ, હોય દિન દિન કલ્યાણ.
**જીવરાજ તેજપાલ રત્નપાલે**, સાહા જિણુ **જિણદાસ**,
વ્રતધારી વર્ત્તતા આઠમઇ પાટે, ઉદ્યોતકર સકલ આગમ તણા અછઇ જાણ.
તેહ સાહ **તેજપાલ** જગ કીરતિ જેહની, તાસ શિષ્ય સેવક કહી **કલ્યાણ**.

(૧) પ.સં.૨૯, આ.ક.ભં. (૨) કટુકગછે સાહા શ્રી તેજપાલ પ્રસાદેન સાહા કલ્યાણેન કૃત પં. કૂયરજી લ. પ.સં.૩૩–૧૬, ડે.ભં. દા.૭૦ નં. ૩૧. (૩) સં.૧૭૦૭ ભા.વ.૧૧ પુષ્યનક્ષત્રે પં. લક્ષ્મીસોમ શિ. ઋ. વાવ-સેણ લ. પ.સં.૨૮–૧૬, ખેડા ભં.૩. (૪) અંચલગછે સાધ્વી રહી શિ. અદ્દૂ શિ. માનાં તત્સિષ્યણી સાધવી વિદ્યાલક્ષ્મી કૃતે વાચનાય લિ. સં. ૧૭૧૨ જે.કૃ.પ. પ.સં.૫૫–૧૩, મો. સુરત પો.૧૨૨. (૫) ઢાલ ૪૩ ગ્રંથ ૧૧૦૦ પ્રમાણું લિ. ગણિ લાલવિજયેન પં. શ્રી હર્ષવિજયગણિ શિષ્યેણ વાવિનગરે. પ.સં.૨૨–૧૭, લીં.ભં. નં.૩૩ દા.૨૫. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૯૪).]

**(૧૬૪૪) [+] વાસુપૂજ્ય મનોરમ ફાગ** ર.સં.૧૬૯૬ માહ શુ.૮ મસો થિરપુર–થરાદમાં

**આદિ – સરસ્વતીં** નમસ્કૃત્ય, પ્રણમ્ય સદ્દગુરૂનપિ,
વક્ષ્યે મનોરમં ફાગં, **વાસુપૂજ્ય**જિનસ્ય ચ. સ. ૧

ઢાલ ૧ પ્રથમ અઢીયા.

પ્રણમીઅ જિન ચઉવીસ, પાય નમાડીઅ સીસ.
**વાસપૂજ્ય** જિન તણુઉ એ, ફાગ રલીઆમણુઉ એ,
ફાગુ તે ફાગુણ માસિ, લોક તે રમઇ ઉહલાસિ,
રામતિ નવનવી એ, કિમ જાઇ વર્ણવી એ. ૨
બાંધઇ કરમની કોડિ, ન સકઇ કાંઈ વછોડિ,
તે રામતિ કસી એ, રાગમતિ જસ વસી એ. ૩
થિનથિન શ્રી **વાસપૂજ્ય**, ફાગ રમતઈથી રમ્ય,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંજિમ આદરઇ એ શિવરમણી વરઈ એ. ૪
ત્રિણ્ ભવની સુણઇ વાત, તીરથપતિ થયા વિખ્યાત,
સહુકો સાંભલઉ એ, મૂંકી આમલઉ એ. ૫
અંત – ચઉવિહ સંઘશ્રી **વાસપૂજ્ય**નઉ, દીઉ સેવકનઇ કલ્યાણ. ૯
**જિનચંદ**સૂરિ જગિ રાજીઉ, નમિઈ સદા નવનિધિ,
**સોલ સતાણુઉંઈ** અમર થાસઈ, એક ભવિઇ લહઇસઇ સિદ્ધિ. ૧૦
**જિનવલ્લભ** તસુ પાટિ હોસઇ, **સતર સતાવીસ** માંન,
અનુક્રમિઇ પાટ તે ચાલશઈ, જાવ **દુપ્પસહ** યુગહપ્રધાન. ૧૧
**સોલ છન્નૂં** માઘ માસે સુદિ અષ્ટમી સોમવાર,
મનોરમ ફાગ **વાસપૂજ્ય**નઉ સેવક **કલ્યાણ**કાર. ૧૨
ગણ લઘુ **મહાવીર** પસાદિઈં, **થિરપુર** કીઉ ઉછાહઇ,
**કડુકગચ્છ** સદા દીપાયા, ચંદ સૂર જિહાં જગ માહઇ. ૧૩

(૧) ગ્રંથાગ્ર શ્લોક ૩૭૬ અક્ષર ૧૫ અક્ષર ગણનાઇ. ૭. સં.૧૮૮૯ પોસ માસે સુદ્ધપક્ષે તિથિ ૮ રવિવાસરે શ્રી **વિરમગ્રામ** મધ્યે. પ.સં.૨૦–૧૧, સેં.લા. નં.૫૩૨૨. (૨) પ.સં.૧૭–૧૩, ખેડા નં.૩. (૩) જૈન શાળા ખંભાત. [જૈમગૂકરચનાએં ભા.૧.]

[પ્રકાશિત : ૧. પ્રાચીન ફાગુ સંગ્રહ.]

**(૧૬૪૫) અમરગુપ્ત ચરિત્ર** અથવા **અમરતરંગ** ૩ ઉલ્લાસ ૨.સં.૧૬૯૭ પોષ સુ.૧૩ ભોમ અમદાવાદમાં

આદિ – **ઋષભાદિક** ચઉવીસ જિન, નામિઇ નિત્યનિત્ય રંગ,
વૈરવિરોધને પરિહરઉ, સંભલી અમરતરંગ. ૧
વૈર ન કીજઇ ભવીકજન, વૈરઈ વૈરવિવૃધિ,
સુંદર **સુરપ્રીય**ની પરઇ, મૂકઉ સુણી સંબંધ. ૨
એક પખુઇ ભલઉ નહી, તેથી દુષ અપાર,
**સમરાદિત્ય** શ્રી **પાસ**નઉ, ચિત્ત ધારઉ અધિકાર. ૩
એક પષા વૈરોપરી, ગ્રંથ માહઇ પ્રબંધ,
તેર ભવંતર વરિતવર, સુણયો તેહ સંબંધ. ૪
**અમરગુપ્ત** તે કિહાં હવઉ, કિમ લહી કેવલરિધ,
સકલ કરમ નિરમુક્ત થઈ, સણ પામી જિમ સિદ્ધિ. ૫
અંત – **સમરાદિત્ય ચરિતમાં**, એહ અછઈ સંબંધ,
અલ્પ બુદ્ધિઈં થકાં, કીઉ સંખેપઈ પ્રબંધ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કડુકગચ્છિ સાહ કડુઉ નાયક, **ધીમ વીર જીવરાજજી,**
**તેજપાલ રત્નપાલ જિણદાસો,** જેહની કીરતિ આજજી,
અષ્ટમા પાટિઈ સાહ **તેજપાલો,** પંડિતમાં શરદારજી,
તાસ સીસ તે સહુ કો જાણુઈ, સેવક **કલ્યાણકારજી.** ૨
પોસ માસ નઇ **સોલ સત્તાણું** (૧૬૯૭) સુદિ તેરસિ ભોમવારજી,
**અમરતરંગ** કીઉ મનિરંગઈ, સુખસંપદ તારજી,
**અમદાવાદ હબતપુર** માહઈ, **ચંદ્રપ્રભુ** પસાયજી,
કડુકગણુ સદા જયવંતુ, સેવે **કલ્યાણ** થાયજી. ૩

(૧) પ.સં.૨૪-૧૧, વિ.ધ.ભં. (૨) અમ. (૩) પ.સં.૨૧-૧૧, યતિ નેમચંદ-નેમવિજય, જાઉરા. (૪) ૩ ઉલ્હાસ, **વીરવાડા** ગ્રામે ગ. રૂપવિજય. પ.ક્ર.૧૭થી ૨૯, ત્રુટક, અનંત. ભં. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૨૬-૨૭ તથા ૫૭૫-૭૭, ભા.૩ પૃ.૧૦૨૭, ૧૦૬૬ તથા ૧૬૦૭. 'વાસુપૂજ્ય મનોરમ ફાગ'માં જિનચંદ્રસૂરિ-જિનવલ્લભસૂરિ એ ખરતરગચ્છની પાટપરંપરાનો નિર્દેશ કઈ રીતે થયો છે એ સ્પષ્ટ થતું નથી.]

**૭૪૪. સ્થાનસાગર** (આ. પુણ્યચંદ્ર-કનકચંદ્ર-વીરચંદ્રશિ.)

**(૧૬૪૬) અગડદત્ત રાસ** ૩૯ ઢાળ ૭૭૨ કડી ૨.સં.૧૬૮૫ આસો વદ ૫ મંગળવાર (ખંભાત) ત્રંબાવતીમાં

**આદિ** – શ્રી ગુડી પાર્શ્વનાથ નમઃ ઐં શ્રી ભગવત્યૈ નમઃ
શ્રી જિનપદપંકજ નમી, સમરી **સરસતિ** માય,
વીણાપુસ્તકધારિણી, પ્રણમઈ સુરનર પાય. ૧
હંસગામિનિ હંસવાહિની, આપો બુદ્ધિવિલાસ,
જે નર **સરસતિ** પરિહર્યા, તે નર કહીઇ બાલ. ૨
સેવકનઇ સુપ્રસન્ન થઇ, આપૌ અવિરસ વાણિ,
**કાલિદાસ** કવિતા હુઈ, તે તુઝ શક્તિ પ્રમાણિ. ૩
ત્રિહું ભુવનિ જસ તાહરો, ગાવઈ સુરનર કોડિ,
અકલ અતુલ બલ તું સદા, નાવઇ કો તુઝ હોડિ. ૪
શ્રી **ભારતી** ચરણુઇ નમી, લહી નિજ સુગુરૂ પસાય,
જ્ઞાનદષ્ટિ આપઇ સદા, પ્રણમઈ સવ સુખ થાઈ. ૫
મૂલ ગ્રંથ માંહિ કરિઉ, અધ્યયન ચઉથઇ જેહ,
**અગડદત્ત** નૃપ કેરડો, ચરિત સુણુ ધરી નેહ. ૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુણુ તે **અગડદત્ત** નૃપ, કિમ લીધુ ચારિત્ર,
તસ સંબંધ વખાણુસિઉં, જિમ હોઇ જન્મ પવિત્ર. ૭

**અંત –** ઢાલ ૩૯ રાગ ધન્યાસી દેશી ધમાલિની.

નયરી **ચંબાવતી** જાણીઇ, અલકાપુરીય સમાન,
દેવભુવન સોભઇ ભલાં, જાણુ હો ઇંદ્રવિમાન. ૭૫૫
મનરંગઈ ભવિયણુ સાંભલો હો, એહ સંબંધ રસાલ,—મન.
ધવલિત ધવલગૃહ ભલાં, સોભિત માલિ અટાલિ,
કામિની જનમન મોહતી, સોહતિ ગજગતિ-ચાલિ. મ. ૭૫૬
પુન્યવંત નર તિહાં વસઈ, પાલઇ નિજ આચાર,
જિનમંદિર નિત રૂયડાં, પૂજા રચઇ નરનારિ. મ. ૭૫૭
વડ વ્યવહારી જાણીઇ, ભૂપ દીઇ જસ માંન,
**સાવસ્થાસુત નાગજી**, ઉત્તમ પુરૂષ પ્રધાન. મ. ૫૮
દૃઢ સમકિત નિત ચિત્ત ધરઈ, સારઇ જિણુવરસેવ,
ભક્તિ કરઇ સાહમી તણી, કુમતિ તણી નહીં ટેવ. મ. ૫૯
રૂપવંત સોહઇ સદા, **સુંદર** સુત અભિરાંમ,
સકલ કલા ગુણુ આગરૂ, સોહઈ જિસ્યો કાંમ. મ. ૬૦
**મુનિસુવ્રત** પસાઉલે, દિન અધિકુ નૂર,
**વિધપક્ષગછિ** સોહાવીઉ, પુન્ય તણું કરિ પૂર. મ. ૬૧
તસ આગ્રહ જાણી ઘણો, ચરિત રચિઉ મનોહાર,
**અગડદત્ત ઋષિરાયનો**, એહ સંબંધ ઉદાર. મ. ૬૨
શ્રી **ગોડી પાસ** પસાઉલઇ, સીધાં વંછિત કાંમ,
રાસ રચિઉ મહારિષિ તણો, સમવસરણુ સુભ ઠાંમ. મ. ૬૩
વિહરમાન ગણુધર ભલા, શ્રી **કલ્યાણુસાગર** સૂરીરાય,
**અંચલગચ્છ**પતિ જગિ જયો, દેષનિ પાતિગ જાય. મ. ૬૪
**વિમલવંશ** વાચક તણો, કીરતિ જસ સુપ્રકાસ,
**પુન્યચંદ્ર** વાચકવરૂ, ધર્મ તણો મનિ વાસ. મ. ૬૫
તાસ સીસ સુંદર સોભાગી, પાલઈ સાધનો પંથ,
**કનકચંદ્ર** વાચક ગુણિ ભરીયા, મહામુનિ એહ નિગ્રંથ. મ. ૬૬
તાસ સીસ વિદ્યાના આગર, વાચક શ્રી **વીરચંદ**,
તપ જપ સંજિમ કિરિયા પાલઇ, સુંદર એહ મુણિંદ. મ. ૬૭
તસ પદપંકજ મધુકરની પરિ, રહઈ સદા એકચિત્તિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિનયવંત નઈ વિમલ મનઈ નિત, રંગી કરઈ ગુરૂભક્તિ. મ. ૬૮
તાસ તણુ સુપસાય લહીનઈ, ચરિત રચિઉ મન ભાય,
થાંનસાગર મુનિવર ઈમ જંપઇ, ભવિજન સુણુઉ ચિત્ત લાય. મ. ૬૯
સંવત શશિ રસ જાણીઇ, સિદ્ધિ તણી વલી સંખ,
મહાવ્રત પદ આગલિ ધરઉ, સમકરી ગુણો સવિ અંક. મ. ૭૦
અશ્વનિ માસિ મનોહર, પૂર્ણા તિથિ વલી જાણિ,
અસિત પંચમી એ સહી, ભૂસુત વાર વખાણિ. મ. ૭૧
એહ ચરિત જે સાંભલઈ, તેહ ઘરિ લીલવિલાસ,
સાધુ તણા ગુણ ગાઇતાં, પૂરઇ હો તણી આસ. મ. ૭૨

(૧) સંવત્ ૧૬૮૫ વર્ષે જ્યેષ્ટમાસે સિતપક્ષે ત્રયોદશ્યાં રવિવાસરે લિખિતં રાયધનપુરે મુનિ સ્થાનસાગરેણ પ્રવાચનાય. પ.સં.૨૪–૧૫, સેં. લા. નં.૫૩૨૫. (કવિની હસ્તલિખિત પ્રત છે.) [આલિસ્ટઑઇ ભા.૨.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૨૮–૩૦. આ કૃતિ ભૂલથી કલ્યાણસાગરસૂરિ (નં.૫૭૫)ને નામે પણ મુકાયેલી.]

## ૭૪૫. બાલચંદ (રૂપજી–જીવજી–કુંવરજી–રતનજી–શ્રીમલ્લજી–ગંગદાસશિ.)

(૧૬૪૭) + બાલચંદ બત્રીશી ૨.સં.૧૬૮૫ દિવાલી અમદાવાદ

આદિ – સકલ પાતિક હર, વિમલ કેવલધર, જાકો વાસો શિવપુર તાસુ લય લાઇયે.
નાદબિંદ રૂપરંગ, પાણિપાદ ઉત્તમંગ, આદિ અંત મધ્ય ભંગા જાકૂં નહિ પાઇયે,
સંઘેણુ સંઠાણુ જાણુ, નહિ કોઈ અનુમાન, તાહીકો કરત ધ્યાન શિવપુર જાઇયે,
ભણૈ મુનિ બાલચંદ સુનો હો ભવિક વૃંદ, અજર અમરપદ પરમેસરકો ધ્યાઇયે. ૧

અંત – મહાનંદ સુખકંદ રૂપચંદ જાનિયે,
શ્રીય રૂપ જીવગણિ કુંઅર શ્રીમલ્લમુનિ, રતન સીસ જસ ધની ત્રિભુવન માનિયે,
વિમલશાસન જાસ મુનિ શ્રીય ગંગદાસ હસ્તદીક્ષિત તાસ બત્રિશી વખાનિયે,
બાણુ વસુ રસ ચંદ ૧૬૮૫ દીવાલી મંગલ વૃંદ, અહમ્મદાવાદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઈંદ રંગ મન આનિયે
ભણે મુનિ **બાલચંદ** સુનો હો ભવિક વૃંદ, મહાનંદ સુખકંદ
રૂપચંદ જાનિયેં. ૩૩

[મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૭૭).]
પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૩૦૩-૧૨.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૪૧-૪૨.]

## ૭૪૬. મુક્તિસાગર (ત. લબ્ધિસાગરશિષ્ય)

પછીથી નામ રાજસાગર. [સૂરિપદ સં.૧૬૮૬. જુઓ જૈન ગૂર્જર કવિઓ, ભા.૨, પ્રથમ આવૃત્તિ પૃ.૭૫૫.]

**(૧૬૪૮) [+] કેવલીસ્વરૂપ સ્તવન** ૬૮ કડી સં.૧૬૮૬ પહેલાં
**આદિ** – સરસ વચન દિઉ **સરસતી**, વરસતિ વચનવિલાસ
કવિજન કેરી માય તું, આપે બુદ્ધિપ્રકાસ. ૧
શ્રી **હીરવિજય** સૂરીસરૂ, અભિનવ **ધનો** અણગાર,
કલિકાલઇ શ્રુતકેવલી, **ગોયમ** સમ અવતાર. ૨
શ્રી **વિજયસેન**સૂરિ પ્રણમીઇ, શ્રી **વિજયદેવ** ગણધાર,
નામ મંત્ર સમરી ભણું, જિનવર સ્તવન ઉદાર. ૩
ધર્મ ધર્મ સહુ કો કહઇ, ધર્મ ન જાંણઇ વત્ત,
જિનશાસન સૂધું અછઈ, જિહાં સૂધાં ત્રિણ તત્ત. ૪
**અંત** – કલશ
શ્રી જૈન વાણી શુદ્ધ જાણી સંથુણ્યો ખેમંકરો,
સિદ્ધાંત યુગતિ વિવિધ ભગતિ કેવલી તીર્થંકરો
ઉવઝાય શ્રી ગુરુ **લબ્ધિસાગર નેમિસાગર** મુનિવરા
આદેશ પામી સીસ નામી **મુક્તિસાગર** જયકરા. ૬૮

(૧) આ સાથે 'ગ્રંથ સાખિ પાઠ ગ્રંથોક્તઃ લિખિતઃ' દરેકનાં પ્રમાણ ઉપર નીચે ટબાની પેઠે લખેલાં છે. પ.સં.૮, જિનદત્ત ભં. મુંબઈ નં.૧૦. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. જૈન જ્ઞાન સ્તોત્ર અને કેવલી સ્વરૂપ સ્તવન, સંશો. લાભસાગર.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૫-૦૬.]

## ૭૪૭. જયકીર્તિ (ખ. સમયસુંદર–હર્ષનંદનશિ.)

સમયસુંદર જુઓ નં.૬૦૮.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**(૧૬૪૯) પૃથ્વીરાજ કૃષ્ણવેલી** (હિંદી) **પર બાલા.** ર.સં.૧૬૮૬
વિકાનેરમાં સૂરજસિંહ રાજ્યે

(૧) પ.સં.૩૬, આમાં પ્રથમ સારંગની સંસ્કૃત વૃત્તિનો ઉલ્લેખ છે. દાન. નં.૪૪૨.

**(૧૬૫૦) પ્રતિક્રમણ સૂત્ર બાલા.** ર.સં.૧૬૯૩ ચૈ.વ.૧૩

પરમ વૈરાગિક શિરોમણિ ગિરરાજકૃતે સંઘવી થાહરૂ સમભ્યર્થનયા.

(૧) સં.૧૮૫૮ આસૂ શુ.૩ લિ. મૂલતાણ નગરે વાચનાચાર્ય આણંદધીર શિ. પં. સુખહેમગણિ શિ. વા. ભુવનવિશાલગણિ શિ. પં. કનકસેનગણિ શિ. ચતુર્નિધાન મુનિના વ્યલેખી શિષ્ય પં. શ્રીચંદ સ્વપઠનહેતવે. પ.સં.૨૦, અભય. નં.૨૩૬૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૦૮.]

## ૭૪૮. વાના (વિજયાણંદસૂરિનો શ્રાવક શિષ્ય.)

વિજયાણંદસૂરિનો જન્મ સં.૧૬૪૨માં મારવાડના રોહ ગામમાં થયો હતો. પિતાનું નામ શ્રીવંત પોરવાડ, માતાનું નામ સિણગારદે અને પોતાનું મૂળ નામ કલો હતાં. સં.૧૬૫૧માં હીરવિજયસૂરિએ દીક્ષા આપી કમલવિજય નામ રાખ્યું અને સોમવિજય ઉપાધ્યાયના શિષ્ય બનાવ્યા. સં.૧૬૭૦માં વિજયસેનસૂરિએ પંડિતપદ આપ્યું ને સં.૧૬૭૬ના પૌષ સુદિ ૧૩ દિને વિજયતિલકસૂરિએ શિરોહીમાં આચાર્યપદ આપી વિજયાણંદસૂરિ નામ સ્થાપ્યું.

વિજયદેવસૂરિ સાગરના પક્ષમાં ભળી જવાથી સોમવિજય ઉપાધ્યાય વગેરે સમુદાયે મળીને બીજા આચાર્ય નામે વિજયતિલકસૂરિને સ્થાપન કર્યા હતા, તેમની પાટે વિજયાણંદસૂરિ થયા. તેમને ચાલતા કલેશ તરફ અણગમો હતો તેથી સંપના સર્વ પ્રયત્નો કર્યા હતા અને કહેવા પ્રમાણે અમદાવાદમાં વિજયાણંદસૂરિએ વિજયદેવસૂરિને વંદના કરી મેળ કર્યો હતો. આ મેળ સં.૧૬૮૧ના પ્રથમ ચૈત્ર સુદિ ૯ને દિને થયો. આ રીતે સંપ કેટલોક વખત ચાલ્યો પણ પાછળથી મમત્વની મારામારીથી બંનેમાં ભેદ પડતાં વિજયાણંદસૂરિને પણ પોતાની પાટ ઉપર વિજયરાજસૂરિને સ્થાપવાની ફરજ પડી હતી. વિજયાણંદસૂરિએ તેર માસિક તપ, વીશ સ્થાનકપદની આરાધના, સિદ્ધચક્રની ઓળી અને છૂટક છઠ્ઠ અઠ્ઠમ વગેરે તપસ્યાઓ ઘણી કરી હતી. વળી તેમણે એક વખત ત્રણ માસનો તપ કરી ધ્યાન પણ કર્યું હતું. તેમણે ૭ આબુની, પાંચ શંખેશ્વરની, બે તારંગાની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બે અંતરીક્ષ પાર્શ્વનાથની, બે સિદ્ધાચલની અને એક ગિરનારની એમ યાત્રાઓ કરી હતી. તેમજ તેમણે જિનબિંબોની પ્રતિષ્ઠાઓ પણ ઘણી કરી હતી. એકલા કયરવાડામાં જ એક સાથે અઢીસો બિંબોની પ્રતિષ્ઠા કરી હતી. છેવટે સં.૧૭૧૧ના આષાઢ વદિ ૧ ને મંગળવારે ખંભાતમાં સ્વર્ગસ્થ થયા હતા. ઋષભદાસ કવિએ પણ આ સૂરિની આજ્ઞા શિરોધાર્ય કરી હતી. આ વાના કવિને બદલે એક ઠેકાણે ભંડારની ટીપમાં ચાન્તક નામ આપ્યું છે તે બરાબર લાગતું નથી.

**(૧૬૫૧) + જયાનંદ રાસ** ૫ ખંડ ૧૨૦૭ કડી ર.સં.૧૬૮૬ પોષ શુદિ ૧૩ ગુરુ બારેજામાં (અમદાવાદ પાસે)

**આદિ** – ભટ્ટારક પ્રભુ શ્રીવિજયાનંદસૂરિ ગુરૂભ્યો નમઃ

વસ્તુ

**શાંતિ** જિનવર **શાંતિ** જિનવર નમીય બહુ ભત્તિ,
શ્રી **સારદા** સમરી સદા કરૂં, ચરિત્ર મનિ રંગ (પા. રસ સુરંગ) આણીય,
**જયાનંદ** ગુણ વર્ણવું શ્રી **વિજયાનંદ** ગુરૂ લહીય વાણીય,
તાસ તણુઇ સુપસાઉલઇ હુઉ મનિ ઉલ્હાસ,
સરસ કથા સુણયો સહુ, જિમ મનિ પુંહચઇ આસ. ૧

દૂહા

બ્રહ્માણી તુજ વીનવું આપે મતિ તું માય,
મુઝ મનિ આણંદ ઉપનો ગાઉં **જયાનંદ**રાય. ૨
હંસાસનિ સેવું સદા, કવિયણની આધાર,
સરસ કથા **જયાનંદ**ની, આવા કરજો સાર. ૩
કમળ-કમંડળ-ધારિણી, વીણા પુસ્તક હાથ,
કવિયણને હિતકારિણી, નિશ્ચે આવે સાથ. ૪
તુજ સમવડ જગ કો નહીં, ત્રિહું ભુવને તુજ વાસ,
કવિજન-આશા-પૂરણી, તું સહી કરજે રાસ. ૫
તું જગદંબ ત્રિપુરા સતી, તું કવિયણની આસ,
સ્વપ્ને જે નરને મિલી, તેહને કિયો પ્રકાસ. ૬
કવણ **જયા** તે કિહાં હવો, કવણ ગામ કુણ ઠાણ,
શ્રી **વિજયાનંદ** મુખ થકી, લહું તે મધુરી વાણ. ૭
કુણ સંવત્સર કુણ દિને, હુવો કેમ હુલ્લાસ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત **સોળે છયાસિયે**, ગુરૂ **બારેજે** ચોમાસ. ૮
સંઘ સહુ આદર ઘણે, વાવે વિત્ત સુઠાંમ,
દિનદિન ઉત્સવ બહુ થયા, પસર્યા ઠામોઠામ. ૯
શ્રી **જયાનંદ** તણું ચરિત, શ્રી ગુરૂનેં ઉપદેશ,
સરસ કથા કવિયણ કહે, જેહના ગુણહ અશેષ. ૧૦

**અંત –** માતા ભારિત તણુઇ પસાય, મઈં સહી કહ્યું **જયાનંદ**રાય,
શ્રી **વિજયાણંદ** ગુરૂ ઉપદેશ, કરી ચુપઇ એ લવલેસ. ૫૦
પંચમ ગણહર **સોહમ**સ્વામિ, જાય પાપ તસ લીધઈ નામિ,
તેહ તણુ પટિ સહી દિનકાર, **જગચ્ચંદ્ર**સૂરિ થયા ગણધાર. ૫૧
બાર વરસ આંબિલ તપ કરી, પુન્ય તણુ ભંડાર જ ભરી,
ચિહુંઆલીસમઇ પાટઇ જયકાર, **તપા** બિરૂદ ધરાવિઉ સાર. ૫૨
અનુક્રમિ ગુરૂ ગચ્છપતિ જેહ, શ્રી **મુનિસુંદર** કહીઈ તેહ,
એકાવનમઈ થાનકિ કહિયા, ષિમાદયા વિદ્યાવંત લહિયા. ૫૩
તિણઇ ગુરૂઈ ગ્રંથ જ કીધા ઘણા, કહતાં પાર ન આવઇ તેહ તણા,
શ્રી **જયાનંદ**નું ચરિત જ સાર, કીધું શાસનનઇ હિતકાર. ૫૪
આઠ સહસ તે કીધું વલી, તે વાંચઇ સહુઈ મનિ રૂલી,
પટિ એકસઠિમઇ ઉદઉ ભાણ, શ્રી **વિજયાણંદ** ગુરૂ ગુણની ષાણિ. ૫૫
તસ મુખકમલથી એ લહી વાણિ, મઈં રાસ કર્યો સહિ જાણિ,
**બારેજા** વરનગર મઝારિ, અલ્પ બુદ્ધિ કર્યો ગુરૂ-આધારિ. ૫૬
મુરખ માત્ર હું જાણું નહીં, સહગુરૂવચને શક્તિ જ થઇ,
ભણઇ ગુણઇ તસ નવઈ નિધાન, હર્ષ ધરી કવિ બોલઈ **વાન**. ૫૭
જિહાં મહીઅલિ ધરઈ વલી મેર, ધ્રુ મંડલ ચાલઇ નહીં સેર,
જિહાં લગઇ તારા નઈ રવિચંદ્ર, તિહાં લગિ રાસ કરો આણંદ. ૫૮
વસ્તુ પાંચ ચુપઈ કહું વલી, નવસઇ પંચ્યોતરિ મનની રૂલી,
દૂહા બિસઈ સતાવીસ જોઇ, બારસઈ સાત તે પૂરા હોઈ. ૫૯
એ કીધો મનનઈ કોડિ, સરષાસરષી જોયો જોડિ,
વિબુધ ષરો કરેજયો સહી, કર જોડીનઈ વાણી કહી. ૬૦
સંવત ૧૬ **સોલ છયાસાઇ** ૮૬ જાણિ, પોસ સુદિ તેરસિ ચઢિઉ ધમાણ,
વાર ગુરૌ સર્વાંકજ સાર, ભણઈ ગુણઈ તસ જયજયકાર ૬૧
(૧) ઇતિ શ્રી જયાનંદ ચરિત્ર રાસ – પ્રબંધે વાના કવિ વિરચિતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચક્રાયુધ દીક્ષાગ્રહણ મોક્ષપ્રાપ્તિ, શ્રીજયાનંદ રાજ્યપાલન દીક્ષાગ્રહણ નિર્વાણ-ગમનો પંચમોલ્લાસઃ સમાપ્તઃ. ઉલ્લાસ ૫ પ્ર. ૨૪૦ દ્વિ. ૨૭૦ ત્રિ. ૨૮૪ ચ. ૨૪૪ પં. ૧૬૧ એવં સર્વાંકે ૧૨૦૭ શુભં ભવતુ લેખકપાઠકયોઃ. પ.સં.૭૧-૧૧, ભાં.ઇ. ૧૮૭૭-૭૮ નં.૩૨. (આ વાના કવિની સ્વહસ્ત-લેખિત પ્રતિ લાગે છે.)

પ્રકાશિતઃ ૧. આનંદકાવ્ય મહોદધિ મૌક્તિક ૩જું.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૪૨-૪૫.]

## ૭૪૯. જટમલ (શ્રા. ધર્મસીપુત્ર)

નાહર ગોત્ર. મૂળ લાહોરના, પછી જલાલપુર. હિંદીના નામી કવિ. જુઓ નાહટાજીનો 'કવિવર જટમલ નાહર ઔર ઉનકે ગ્રંથ' એ લેખ, 'હિન્દુસ્તાની', પૃ.૧૫૯-૭૪.

**(૧૬૫૨)** + **ગોરા બાદલ વાત** ર.સં.૧૬૮૬ ભા.૧૧ (રાજ. હિંદી)

**આદિ** – ચરણકમલ ચિતુ લાય, સમરું શ્રી શ્રી **શારદા**,
સુહમતિ દે મુઝ માય, કરું કથા તુહિ ધ્યાઇકે. ૧
જંબૂદીપ મઝાર, **ભરતખંડ** સબ ખંડ સિર,
નગર તિહાં ઇકુ સાર, ગઢ **ચિતોડ** હૈ વિષમ અતિ. ૨

**અંત** – સાલૂર છંદ

**ગોરઇ** જુ **બાદલકી** કથા, અબ ભઈ સંપૂરન જાન,
સંવત **સોલહ સય છયાસી**, ભલા ભાદ્રવ માસ;
એકાદશી તિથિ બારકે, દિન કરિ ધરી ઉલ્લાસ,
અબ વસઇ મોછ અડોલ અવિચલ સુખી રહયત લોક.
આણંદ ઘરિઘરિ હોત મંગલ દેખિયઇ નહીં શોક,
રાજા તિહાં **અલીખાન** ન્યાજી ખાન **નાસિર** નંદ;
સિરદાર સકલ પઠાણ ભીતર જિઉં નક્ષત્ર મહિં ચંદ,
તિહાં **ધરમસીકો** નંદ **નાહર** જાતિ **જટમલ** નાંઉ,
તિણ કરી કથા બણાય કે, બિચિ **સુંબલા** કે ગાંઉ. ૧૪૨

દોહા

**જટમલ** કીની જુગત સું, હરખિ હિયઇ ઉપજાય,
શ્રોતા સુનહુ જુ કાન દે, ચતુર પઢઉ ચિત લાય. ૧૪૩
પઢતાં નવ નિધિ પાઇયઇ, સુનતાં સબ સુખ હોય,
**જટમલ** જંપતિ ગુનજનો, વિઘન ન ઉપજઇ કોય. ૧૪૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) જટમલ શ્રાવક કૃતા સં.૧૭૫૨ ફા.શુ.૯ સોમ પં. ખેતા લિ. કોટા મધ્યે. પ.સં.૬, અભય. પો.૪ નં.૨૨૭. (૨) સં.૧૮૫૭ વૈ.વ.૧૩, પ.સં.૨૨, જિ.ચા. પો.૮૧ નં.૨૦૧૭. (૩) સં.૧૮૫૧ શ્રા.વ.૧૪ ગામ દૂગો મધ્યે ખુસાલચંદ લિ. પ.સં.૧૦, જિ.ચા. પો.૮૨ નં.૨૦૬૫. (૪) સં.૧૮૪૮, પ.સં.૮, જિ.ચા. પો.૮૨ નં.૨૦૬૬. (૫) સં.૧૮૩૬ દ્વિ. શ્રા.વ.૫ અંજાર મધ્યે. પ.સં.૭, જિ.ચા. પો.૮૩ નં.૨૨૩૦. (૬) સં. ૧૭૭૫ વે.સુ.૧૪ લિ. પં. સુખહેમ લૂણસર મધ્યે (ખેતલ કૃત લાહોર, ઉદેપુર, ચિતોડ ગઝલ સહિત). પ.સં.૧૦,અભય. નં.૨૪૫૬. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૫).]

પ્રકાશિત : ૧. સંપા. પં. અયોધ્યાપ્રસાદ, તરુણ ભારત ગ્રંથાવલી નં.૩૪, પ્રયાગ.

**(૧૬૫૩) પ્રેમવિલાસ પ્રેમલતા ચોપાઈ** ૨.સં.૧૬૯૩ ભા.શુ. ૪-૫ રવિ જલાલપુર (રાજસ્થાની હિંદીમાં)

**આદિ** – દોહા–પ્રથમ પ્રણુમિ પય **સરસતિ, ગણપતિ** ગુણભંડાર,
સુગુરચરણઅંભોજ નમિ, કરૂં કથાવિસ્તાર. ૧

**અંત** – ચો.–સંવત **સોલહ સૈ ત્રેયાનું,** ભાદ્ર માસ સકલ પખ જાનું,
પંચમિ ચૌથ તિથૈ સંલઝના, દિન રવિવાર પરમરષ મગન. ૭૬
દોહા–**સિંધ** નદીકે કંઠ પઇ, મૈવાસી ચોફેર,
રાજા બલી પરાક્રમી, કોઉ ન સકે ઘેર. ૭૯
ચો.–પૂરા કોટ કટક કુનિ પૂરા, પર સિરદાર ગાઉકા સૂરા,
મસલત મંત્ર બહુત સુજાને, મિલે ખાંન સુલતાણુ પિછાન. ૮૦
દોહા-**સહદાકૌ સહિબાજખાં,** વઇરી સિર કલ વત્ર,
જાનત નાહી જેહલી, સબ ઊવાનકૌ છત્ર. ૮૧
ચો.–રઇયત બહુત રહત સુંરાજી, મુસલમાન સુખાસ નિમાજી,
ચોર જાર દેખા ન સુહાવૈ, બહુત દિલાસા લોક વસાવૈ. ૮૨
દો.–વસૈ અડોલ **જલાલપુર,** રાજા થિરૂ **સહિબાજ,**
રઇયત સકલ વસૈ સુખી, જબ લગિ થિર દૂ રાજ. ૮૩
ચો.–તહાં વસૈ **જટમલ લાહોરી,** કરનૈ કથા સુમતિ તસુ દોરી,
**નાહરવંસ** ન કછુ સો જાનૈ, જો **સરસતી** કહે સો આનૈ. ૮૪
સોરઠા–ચતુર પઢો ચિત લાય, સમરસ લતા કથા રસિક,
સુનત પરમ સુખદાય, શ્રોતા સુન ઇહ શ્રવણુ દે. ૮૫

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દો.—સુનહિ કથા દુર્જન જન, દુર્જન અવગુન લેહ,
સૂકર પાયસ છોર કૈ, મુખ વિષ્ટાકું દેહિ. ૮૬

(૧) સં.૧૮૦૯ વૈ.વ.૭ ગુરૂ **મરોટ** મધ્યે ચતુર્માસ પં. **સુખહેમ** શિ. **સરૂપચંદ્રેણ** લિ. પ.સં.૮, જિ.ચા. (૨) ઇતિ પ્રેમવિલાસ પ્રેમલતાકી **સબરસલતા** નામ કથા **નાહર** ગોત્ર શ્રાવક **જટમલ** કૃતા સમાપ્તા સં. ૧૭૫૩ જ્યે.વ.૭ પં. **હાનચંદ** લિ. ભયહરા મધ્યે. જયપુર ધરણીંદ્રસૂરિ ભં. (૩) પ.સં.૧૧, અભય. પો.૧૯ નં.૧૯૨૪.

**(૧૬૫૪) બાવની** (રાજસ્થાની—વ્રજભાષા મિશ્ર) ૫૪ ગા.

**આદિ** – ૐ ૐ કાર અપેહી જાપે દિગર ન કોઇ દૂજા,
જાં નર બાબર ગાંસભ તારાં અજબ બનાઇ સચૂજા,
વજે વાઉ અવાજ ઇલાહી **જટમલ** સમઝણ ભૂજા,
આપણુ જોગા વચન ન એહૈં સમઝણ અમરત કૂજા. ૧

**અંત** – ક્ષાલ ખરાતિ સૈદા ખાસા જો નર હોવઇ રહિતા,
કયા હોયા જેથી આક વીસર ઢઢી બાંગે કહતા;
આપન સૂરા લોક લડાએ મરમ ન મૂરખ લહતા.
**જટમલ** સાહિબ સોઇ લહસી કહત રહત હુઇ સહિતા. ૫૪

(૧) સં.૧૭૩૩ ભા.સુ.૯ ગુરૂ સવાઇ જગપ્રધાન ભ. **જિનચંદ્રસૂરિ**ણાં મહો. **સુમતિશેખર** શિ. વા. **ચારિત્રવિજય** પં. **મહિમાકુશલ** પં. **રત્નવિમલ** પં. **મહિમાવિમલ** સહિતેન ચાતુર્માસ **સકડી** ગ્રામે લિ. **મહિમાકુશલગણિ**ના દો. **રંગા** પઠનાર્થં. પ.સં.૮, જિ.ચા.

**(૧૬૫૫) લાહોર ગઝલ** (ખડી ભાષામાં લાહોરનું વર્ણન) ૫૬ કડી

**આદિ** – દેખ્યા સહિર જબ **લાહોર**, વિસરે સહિર સગલે ઔર,
**રાવી** નદી નીચૈ વહૈ, નાવે ખૂબ ડાઢી રહૈ. ૧

*

અદ્ભુત જૈન કે પ્રાસાદ, કરતે કનિકગિરિ સૌ વાદ,
દેખી ધરમસાલા ખૂબ, દ્વારે **કિસન**કે મહબૂબ.
દેખ્યાં દેહરા ઇક ખાસ, કીયા **ફિરંગાયા**ને વાસ,
બેગમકી ભલી મસીત, લાગા તીન લાખ જ વીત.

*

**રાજપુરા** અરૂ મઉજંગ, દુખતર અજબ તિનકે રંગ,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેખ ફરીદ દૌલતાવાદ, લંગર પાખલીલાવાદ;
હાજી સવાઈ સહદરા, બહુત અનાજ સેતી ભર્યા,
જિહાં પાતસાહ જહાંગીર, જિસકા બાપ અકબર મીર.

**અંત –** લાહાનૂર સુહાવના, દેખ્યા હોત આનંદ,
કવિ જટમલ કૈ–ન કરી, સુનત હોત સુખકંદ. ૫૬

(૧) અભય. (૨) કૃપા. (૩) જય.

**(૧૬૫૬) સ્ત્રીગુણ સવૈયા** (હિંદીમાં)

છૂટ છૂટ કંઠને પર્યો હે હાર ટૂટ ટૂટ, ફૂટ ફૂટ ભુવન ભએ હૈ ધૂર છારસી,
ફૂલન સી સેય છારિ ચરનિ પસાર ડાર, પરી હૈ બેહાલ બલ કાટ પ્રમ ડારસી;
કૈસે હૈ ન ચાલે હૈ ન બેલે હૈ ન ખાસે હૈ ન બૈ ગયો ચિંઠો ગહૈ સરી ચક ધારસી,
મેરઉ કહ્યો જઉ માનેં તોં તોં તુમ્હ જાઇ દેખૌ, કહા કઉ ગહિ કૈરૈ કંકનકુ આરસી. ૨
કુરંગસે નયન કટિ કેહરતંઇ અતિ, કૃશકુંભલ સસાસી ગતિ ગજકી વિશેષિ હૈ,
કોકિલસે કંઠ કીર નાક સો કપોત ગ્રીવ, ચલત મરાલ ચાલ સુંદરસુ દેખિ હૈ,
કુસુમ અનારસે કપોલ દેહ કેતકીસી, કવલસે કર નાભ કેસૂ ફલ રેખિ હૈ,
અધર અરણુબિંબ દાઢોં દન્તિ દોંડી અમ્નિ, જટમલ કુચ શ્રીફલ સ્ત્રીય હસિ દેખિ હૈ.

**(૧૬૫૭) સ્ત્રી ગઝલ**

હિંદીમાં સ્ત્રીઓના શૃંગાર, અંગપ્રત્યંગોનું વર્ણન.

**આદિ –** સુંદરરૂપ ગુણ ગાઢી કિ, દેખી બાગમેં વાઢિ કિ,
સખિયાં બીસ દલ હૈ સાથ, જાવૈ રંગ રાતે હાથ. ૧

**અંત –** જટમલ નજરમેં આઇ કિ, શોભા કછુક ગત પાઇ કિ,
સુન્દરિ! તુઝે હે સ્યાબાશ, પૂજ્જે સકલ તેરી આશ.
અપને કંત સ્યું રસરંગ, કર તૂં વર્ષ સહસ અભંગ.

(૧) સં.૧૭૬૫ પાહઇસર મધ્યે, પદમા. પૂ. નાહર. (૨) સં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭૭૫ લિ. પૂ. નાહર. (૩-૪) અભય.

**(૧૬૫૮) પ્રકીર્ણ** ૨૮ છંદ તેમાં ૪ દોહા, ૩ છપ્પય, ૨૧ **સવૈયા**

(૧) સં.૧૭૬૫ લિ. પૂ. નાહર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૧૦-૧૪. 'ગોરા બાદલ વાત'**માં** બીજો ૨.સં.૧૬૯૫ ફા.સુ.૧૫ પણ દર્શાવેલો તે કદાચ પ્રકાશિત કૃતિમાંથી લીધો હોય.]

## ૭૫૦. સુમતિહંસ (ખ. જિનચંદ્રસૂરિ-હર્ષકુશલશિ.)

**(૧૬૫૯) મેઘકુમાર ચોપાઈ** ૨.સં.૧૬૮૬ વિજયાદશમી પીપાડીમાં

**અંત** – સંવત **સોલઇ સય છયાસીયઈ** રે, વિજયદશમિ સુપ્રકાસ,
રાજઇ શ્રી **જિણચંદ**સૂરિ રાજવી રે **ખરતરગચ્છ**-સિણગાર,
વાંણી સરસ સુધારસ ઉપદિસઇ રે ઇમ **ગોયમ** અવતાર, ૭ મે.
તાસ સીસ સદા ગુણગણનિધિ રે શ્રી **હરષ્યકુશલ** સુષકાર.
વાદીગજ-પંચાનન સારિ સારે રૂપઈ સદનકુમાર ૮ મે.
તાસ સીસ લવલેશ કરી કહઇ રે **સુમતહંસ** મતિસાર,
**વામા**નંદન **પાસ** પસાઉ લઈને શ્રી **પીપાડિ** મઝારિ. ૯ મે.
સદગુરૂ શ્રી **જિનકુસલ** સુરીસની રે સાંનિધિ સંઘ મઝાર,
પરમપ્રમોદ ઉદય આણંદ સું રે નંદઉ સહિ પરિવાર. ૧૧ મે.

(૧) યતિ ચેતનસાગરજી ભં. ઉદયપુર.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૪૬.]

## ૭૨૬ ખ. શુભવિજય (ત. હીરવિજયસૂરિશિ.)

આ કવિ આ પૂર્વે પૃ.૨૩૧ પર આવી ગયા છે. આ કૃતિ ત્યાં નોંધાવાની રહી ગયેલી.

**(૧૬૬૦) શંખેશ્વર પાર્શ્વનાથ સ્ત.** ૬૪ કડી ૨.સં.૧૬૮૭

**આદિ** – શ્રી હીરવિજય ગુરૂભ્યો નમઃ
**સરસતિ** સામિણી માય, આપુ મુઝનિં પસાય,
**પાસ** જિણંદ તણા એ કે દસ ભવ ગાયવા એ. ૧

**અંત** – સુંદર સંથુણ્યો હો લાલ, પુણિયં **પાસ** જિણંદ,
**સંખેસર** પુર રાજીઉ રે, **અશ્વસેન** કુલચંદ;
દસમિં ભવિ શિવવધૂ વરી રે મોહનવલ્લી કંદ. ૬૦ સું.
**અકબર** સાહ પ્રતિબોધીઉ રે, **તપગછ** પૂનિમ ચંદ,

જૈન સાહિત્ય JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **હીરવિજય** સૂરીસરૂ રે, સેવઇ સુરનરઈદ. ૬૧ સું.
તસ પદપંકજમધુકરૂ રે, **શુભવિજય** સુખકંદ,
સંકટ વિકટ નિવારતો રે, કરતો ભવિકાનંદ. ૬૨ સું.
શ્રી **વિજયસેનસૂરિ** પટધણી રે, શ્રી **વિજયદેવ** સૂરિંદ,
તસ રાજ્યે સ્તવન કરૂં રે, પ્રતિપો જિહાં રવિ-ચંદ. ૬૩ સું.
ઇમ **પાસ** જિણવર ભવિક સુખકર **ચાદવ** જરાનિવારણો,
**અંભોધિ ગજ રસ શશી** વરષિં **અભયદેવ** રોગવારણો,
**ધરણેંદ્ર પદ્માવતી** પૂજિત ભવમહોદધિતારણો;
શ્રી **હીરવિજય** સૂરીંદ સીસિં થુણ્યો વંછિત પૂરણો. ૬૪

(૧) મુનિ ગુણવિજયેનાલેખિ સં.૧૭(૦)૧ શુચિ શુક્લ ચતુર્થી ભાર્ગવ **નવાનગરે** લિખિતં. પ.સં.૩-૧૧, જશ. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૮૭-૮૮. ત્યાં આ કૃતિ કલ્યાણવિજય-શિ. શુભવિજયને નામે મુકાયેલી, જેનું સમર્થન કાવ્યના ઉદ્ધૃત ભાગમાંથી થતું નથી. કલ્યાણવિજયશિષ્ય અને હીરવિજયસૂરિશિષ્ય શુભવિજય એક જ હોવાનો તર્ક આ પૂર્વે (પૃ.૧૮) થયો છે પણ એમ નિશ્ચિતપણે માનવા માટે આધાર નથી.]

JAINSITE.com

## ૭૫૧. જિનચંદ્રસૂરિ (વેગડ ખ. જિનગુણપ્રભસૂરિ-જિનેશ્વરસૂરિશિ.)

**(૧૬૬૧) રાજસિંહ ચોપાઈ** ર.સં.૧૬૮૭ આસો સુદ ૩

(૧) જેસલ.ભ.ભં. નં.૧૫૧૦.

**(૧૬૬૨) દ્રૌપદી ચરિત્ર ચોપાઈ** ૬ ખંડ ૫૧ ઢાલ ૭૭૧ ગા. ર.સં. ૧૬૯૮ આસો વ.૧૨ જેસલમેર

**અંત** – **પાંડવ** ને **દ્રુપદી** તણો ઇ, ચરિય રચ્યો સુખકારી રે,
શ્રી **પાર્શ્વનાથ** સુપસાઉલે, શ્રી **જેસલમેર** મઝારો રે. ૪
સંવત **સોલ અઠાણુએ,** આસુ વદિ બારસ દિવસે રે,
છઠો ખંડ પૂરન થયો, અતિ હર્ષ ધાર સુજગીસે રે. ૫
શશિગચ્છ **ખરતર**ની સાખેં, તિહાં ગચ્છ **વેગડ** રાજે રે,
શ્રી **જિનગુણપ્રભ** સૂરિજી, સવિ સૂરિ નમે સિરતાજો રે. ૬
તાસ પાટ ગુરૂઓ ગુણે, શ્રી **ગૌતમ**નો અવતારો રે,
કલિજુગ સુરતરૂ સારિખો, **ઓસવંશ** તણો સિણગારો રે. ૮
**લુણિયા** ગોત્ર દીપતો, સકલપિ **જિણેસર** સૂરો રે,
ચારિત્રપાત્ર ચૂડામણિ, પ્રતપ્યો જે પુણ્યપંડૂરો રે. ૯

તાસ સીસ ઇણિ પરે કહે, જિણચંદ વચન પરિમાણે રે,
અંગ છતાલે સીસમેં, અધ્યયને તાસ વખાણે રે. ૧૦

(૧) ગ્રં.૭૭૧ ગાથા ગ્રં.૧૩૦૦ ઢાલ ૫૧. સં.૧૭૦૯ વૈશાખ વદી ૧૦ કુજે શ્રી ભેહરા નયરે શાંતિજિન પ્રાસાદે બૃ. ખ. વે. ભ. જિનચંદ્રસૂરિ વિદ્યમાને તત્‌શિષ્ય રત્નસોમભિ લિ. પ.સં.૩૫, જેસલ.ભ.ભં. નં.૧૩૭. (૨) ગ્રં.૧૪૦૦ સં.૧૮૬૦ કા.શુ.૧૩ ભૃગુવાસરે મુલતાણ. પ.સં. ૩૦, અભય. નં.૨૪૩૮. (ટીપમાં રચના સં.૧૬૬૯ મૂકેલ છે.)

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૯, ભા.૩ પૃ.૧૦૮૯–૯૦. 'દ્રૌપદી ચોપઈ' પહેલાં ભૂલથી જિનમાણિક્યસૂરિશિ. જિનચંદ્રસૂરિને નામે મુકાયેલી.]

**૭૫૨. કુરમચંદ** (ખ. સોમપ્રભ–કમલોદય–ગુણરાજશિ.)

**(૧૬૬૩) ચંદ રાજાનો રાસ** ૬૯૬ કડી ર.સં.૧૬૮૭ આસો વદ ૯ સોમ કાલધરીમાં

**અંત** – સંવત **સોલ સત્યાસીયેં**, ભલો જોગ અપાર,
પુનર્વસ નક્ષત્ર સોહામણો, કીઓ કવિત ઉદાર. ૬૬૦
કૃષ્ણપક્ષ અતિ દીપતો, આસૂ માસ તે વાર,
તિથ નવમી તે પરગડી, સોહે ભલો સોમવાર. ૬૧
**ખરતરગચ્છ** રલીયામણો, દિન પ્રતિ વાધે વાંનિ,
જોતિ કલા દીપે ભલો, મહિમા મેરુ સમાન. ૬૨
**જિનસંઘ** પાટે પરગડો, ભલો સોહે **જિનરાજ**,
કલા બહુતર ગુણનિલો, ભલી વધારી લાજ. ૬૩
હિવ કહું તે હરષ સું, **સાગરસૂરિ** સુજાંણ,
દીપે રૂપ સોહામણો, સોહે જસું જગભાણ. ૬૪
**સોન(મ)પ્રભ** ગુરુ રાજીયો, ભલો સાધ મહંત,
તાસ સકલકલાગુણ-આગલો, સદા હો જયવંત. ૬૫
**કમલોદય** જગ ચિર જયો, વડભાગિ સવિ જાંણ,
દેશપ્રદેશે પરગડો, માંને રાણારાંણ. ૬૬
તસુ પાટે તે દીપતો, પ્રતપે તેજ વિરાજ,
ગુણવંત ગરૂયો ગાજતો, ભલો સોહે **ગુણરાજ**. ૬૭
ઇણ પરિ **કરમચંદ** વીનવે, સુણો સહુકો તેહ,
ધર્મ કરો તુમ્હ પ્રાણીયા, આણંદ હુસઈ એહ. ૬૮
**કાલધરી** નગર અતિ ભલો, દીઉઈ આવે દાય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇસો બીજો કો નહિ, દીસે જોતિ સવાઈ. ૬૯
માંડણી ભલી સુહામણી ચઉહટા ભલો સુવાસ,
પ્રજા સહૂ એ સુખ વસે, આણુંદ લીલવિલાસ. ૬૭૦
ભલો વિરાજે દેહરો, પ્રતિમા ભલી **માહાવીર**,
મહિમા મોટી અતિ ઘણી, સોહે ગુણે ગંભીર. ૭૧
આવે સહકો અતિ ઘણા, નરનારી બહુ વૃંદ,
હરષ જુહારે ભાવ સું, સદા હુયે આણુંદ. ૭૨
હિવ હું ભાષું ઇણ પરેં, **દેવડા** વંસ વખાણુ,
**જસવંત** સોહે જસ ઘણો, અવચલ રાજ પ્રમાણુ. ૭૩
આવાસ વિરાજે અતિ ભલો, મંદિર ભલા પ્રકાર,
દિન પ્રતિ પન્થુમ ભાવઇ, સદા હુયે જયકાર. ૭૪
ભલા તુરંગ સુહામણા, ભલો સોહે પરિવાર,
તે જસવાયો દીપતો, લખમી અંત ન પાર. ૭૫
ઇસો જગમેં કો નહી, વડભાગી **જસરાજ**,
રાયરાણા માને ઘણું, ભલા કરે સવિ કાજ. ૭૬
વલી હરષઇ વીનવુ, એહને બેટા ચ્યાર,
સકજ સોભાગી દીપતા, દૂસરા દેવ કુમાર. ૭૭
**કર્ણ** કાન્હ તે અતિ ભલા, **દલપત** માહા સુજાંણ,
**રાયસંઘ** રૂપે ભલો, સકલ કલા ગુણ જાંણ. ૭૮
વાધયો છે હિવ તેહનો, **કર્ણ** તણો પરિવાર,
કુંયર ભલો એક તેહને, અદ્દભુત રૂપ અપાર. ૭૯
ચ્યારે ભાઈ ખેમ સું, આણુંદ કરે સુખકાર,
પુણ્યવંત પરગડા, જાણે સહુ સંસાર. ૮૦
**ડાકૂચા** સાહ તે વસે, ભલી વધારી મામ,
જસ પ્રસાદે સુખ કરે, પસાર્યા ચિહું દિસ નામ. ૮૧
**ચંદન [ચંદ ?] રાજાની ચોપઈ**, સુણો જો હરષે મન ગહગહી,
મતસારઇ મઈ કીઉ પ્રબંધ, જિમ હુંતા તિમ કહ્યો સમંધ. ૮૨

*

અપઢ મૂરખ હું એહ, જોડિ ન જાણું કાંઇ તેહ,
માતા તણા મેં લીયો નામ, કરે ભલો તું માહારાં કામ. ૬૯૧
કીધી હુંતી વીનતી એહ, સિરાડે ચાડે માતા એહ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મયા કરી મુઝ માતા હેવ, તૂઠી સારદ સામણિ દેવ. ૯૨
કરી ચોપઇ અધિક ઉલ્હાસ, માતા પૂરી હરષઇ આસ,
ભલી ખાંત સું કહી મૈં વાત, ભલા હુયા મુઝ નિરમલ ગાત. ૯૩
એ ચોપઇ સુણસે જેહ, પાતક દૂરે જાએ તેહ,
સદા હુયે અધિક આણંદ, બે કર જોડી કહે કરમચંદ. ૯૪
નામ જપું દિન પ્રતિ ગુણરાજ, સંઘ ચતુર્વિધ કરજો રાજ,
ભલો કરી જો ઉતમ દરસણ, દીઠે હુએ આણંદ. ૯૫
ઇણ પરિ કહે ગુણ કરે વખાણ...કરમચંદ. ૬૯૬

(૧) પ.સં.૨૦-૧૫, પ્રથમનાં બે પાનાં નથી, ડે.ભં. દા.૪૩ નં.૫૯. (૨) ૬૫૬ શ્લોક, લીં.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૦૩, ભા.૩ પૃ.૧૦૩૨-૩૪. ભા.૧ પૃ.૫૦૩ પર 'મતિસાર'ને નામે મુકાયેલી આ કૃતિ આ જ સંભવે છે, કેમકે આ કૃતિના અંતભાગમાં 'મતિસ્યર' શબ્દ આવે છે.]

## ૭૫૩. લાભોદય (ભુવનકીર્તિશિ.)

**(૧૬૬૪) નેમિરાજિમતી બાર માસ** ૧૫ કડી ર.સં.૧૬૮૯ આસો શુ.૧૫

**આદિ** – સખીરી સાંભલિ હે તૂં વાણી, ઈમ બોલે **રાજુલ** રાણી,
**નેમજી** મુઝ જીવન પ્રાણી, તિણુ તોડી પ્રીતિ પુરાણી હો લાલ,
**નેમજી નેમજી** કરતી, **નેમજી** નિજ ધ્યાન ધરતી હો લાલ. ૧

**અંત** – સખીરી સંવત **સોલ સૈ નિંવ્યાસી**, આસૂ પૂનિમ ઉજાસી,
ભણતાં ગુણતાં સુખ ખાસી, **લાભોદય** લીલ વિલાસી હો લાલ. ૧
**નેમજી નેમજી** કરતી.

(૧) મારી પાસે.

**(૧૬૬૫) શંખેશ્વર પાર્શ્વ સ્ત.** ૧૭ કડી ર.સં.૧૬૯૫ માગશર વદ ૯
[મુપુગુહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૩૪, ભા.૩ પૃ.૧૦૨૮. 'શંખેશ્વર પાર્શ્વ સ્ત.'નો ર.સં.૧૬૭૫ દર્શાવવામાં આવેલો, પરંતુ મુપુગુહસૂચીની પ્રતમાં 'સોલ પંચાણુએ' એમ સ્પષ્ટ મળે છે તેથી અહીં રચનાસંવત સુધાર્યો છે.]

## ૭૫૪. મેઘનિધાન (ખ. જિનતિલકસૂરિ–રત્નસુંદરશિ.)

**(૧૬૬૬) ક્ષુલ્લકકુમાર ચોપાઈ** ર.સં.૧૬૮૮ માગશર સુ.૧૧ તિમરીમાં
(જિનોદયસૂરિ આદેશથી)

(૧) પ.સં.૨૨, બાલોત્તરા ભં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૧૯.]

## ૭૫૫. અજ્ઞાત

**(૧૬૬૭) મનોહર માધવવિલાસ** અથવા **માધવાનલ** ૧૯૯ કડી લ.
સં.૧૬૮૯ પહેલાં

**આદિ –** શ્રી વિદ્યાવિમલગણિ ગુરૂભ્યો નમઃ શ્રી મકરધ્વજ રાજેંદ્રાય નમઃ
**સરસતિ** સાંમણિ વીનવું, લાગૂં તુમ્હ તણે પાઇ,
**માધવ**ગુણ અહે જંપિસુ, મુઝ મતિ વર દીઉ માઇ. ૧
નયરી **પુહફાવતી** રૂયડી, રૂયડા ગઢ પ્રાકાર,
રૂયડા મંદિર માલીયાં રૂપડાં તોરણ સાર. ૨

**અંત –** ન્યાઈ ભોગ સંભોગવી, નિશ્ચઇ નારી રંગ,
રતિપતિ ઇણિ પણિ પૂજીઉ, ચઉવિહ **માહવ** અંગ. ૧૯૯

(૧) ઇતિ શ્રી મનોહર માધવવિલાસ કામકંદલા વર્ણને દૂગ્ધ ઘટા સમાપ્તઃ ૭. ઇતિશ્રી માધવાનલ સમાપ્તઃ સં.૧૬૮૯ કાર્તિક શુદિ ૧૫ દિને લષિતં. પં. **વિનયવિમલ**ગણિશિષ્યેણ લષિતં. પ.સં.૯–૧૩, ડા.પાલણપુર દા.૩૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૩૮.]

## ૭૫૬. હર્ષકુશલગણિ

**(૧૬૬૮) વીશી** લ.સં.૧૬૯૦ પહેલાં

**આદિ –** સીમંધર જિન સ્ત. ઢાલ પંથીડાની.
ચંદલિયા જિણુજી સું કહે મોરી વંદણા રે જિણવર, જંગમ **સીમંધર** સામી રે.
ચિતથી તઉ એક ઘડી નવિ વીસરે રે, મુઝ રાતિ દિવસિ જસુ નામ રે.
ચંદલિયા જિણુજી સું......

**અંત –** ૨૦મા દેવર્દ્ધિ જિન સ્ત. કુમર ભલઇ આવીયઉ એ ઢાલ
વિહરમાણ જિણ વીસમઉ એ, **શ્રી દેવરિધિ** ઇણ નામિં તૂં જય જય જિણવરૂ એ.

*

**હરષકુસલ**ગણિ વીનવઇ એ તૂંહિ જ દેવ પ્રમાણ. તું. ૪

(૧) સં.૧૬૯૦ શ્રા.શુ.૪ ભોમે **જોસી ગંગદાસ** લિ. પ.સં.૪–૧૫, જશ. વડવા ભાવનગર. પો.૯૮ નં.૨૨૦.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૩૯.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૭૫૭. ભાવ ?

**(૧૬૬૯) પાપપુણ્ય ચોપાઈ** ૭૮ કડી

**આદિ –** ૐ નમો શ્રી વીતરાગાય

પાપપુણ્યનાં ફલ સાંભલો, ક્રોધ માન માયા પરિહરઉ,
ઇંદ્રી નોંદ્રી સવિ વસિ કરઉ, ધર્મ ભણી સહૂઇ અણુસરઉ. ૧

**અંત –** એ ચઉપઇ મનરંગિઇં ભણઉ, મોટાં પાપ સવે પરહરઉ,
**ભાવ** સહિત વરગત મનિ ધરઉ, સિદ્ધિરમણિ લીલાં જમ વરઉ.૭૮

—ઇતિ ચઉપઇ સમાપ્ત.

(૧) પ.સં.૩–૧૫, મ.જૈ.વિ. નં.૪૬૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૭. 'ભાવ' કર્તાનામ હોવાની શક્યતા ઓછી છે.]

## ૭૫૮. પ્રેમ (લોં.)

**(૧૬૭૦) દ્રૌપદી રાસ** કડી ૬૫ ર.સં.૧૬૯૧

**આદિ –** દૂહા

વિમલમતિ **સરસતિ** મુદા, સમરી મનિ આણંદ,
ગાસ્યું સાધસિરોમણી, **પાંડવ** પાંચ મુણિંદ. ૧

**અંત –** સંવત **સોલ એકાણુએ**, શ્રાવણ સુદિ રે બીજિ ગુરૂવાર,
રાસ રચ્યો મઇ રંગિ સ્યઉં, **પ્રેમઇ** ગાયઇ રે ભણઇ નરનારિ. ૬૫

(૧) પ.સં.૪–૧૧, મો. સુરત પોથી નં.૧૨૪.

**(૧૬૭૧) મંગલકલશ રાસ** ર.સં.૧૬૯૨

(૧) ગ્રં.૩૦૧, પ.સં.૧૭, લીંભં. દા.૩૯ નં.૫૮. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૬ – પ્રેમવિજયને નામે).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૬૭, ભા.૩ પૃ.૧૦૫૫. 'દ્રૌપદી રાસ'ના ઉદ્ધૃત ભાગમાં કવિનો લોંકાગચ્છ દર્શાવેલો નથી, તેમ કર્તાનામ પણ સંદિગ્ધ રહે છે.]

## ૭૫૯. લબ્ધિવિજય (ત. વિજયદેવસૂરિ–સંયમહર્ષ–ગુણહર્ષશિ.)

**(૧૬૭૨) દાન શીલ તપ ભાવનાએ દરેક અધિકાર પર દૃષ્ટાંત કથા રાસ** ૪ ખંડ ૪૯ ઢાળ ૧૨૭૪ કડી ર.સં. ૧૬૯૧ ભા.શુ.૬

**આદિ –** દૂહા

શ્રી **સરસતિ** તું સારદા, ભગતિમુગતિદાતાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈની જગદંબા જગે, તુઝથી મતિવિસ્તાર. ૧
તું ત્રિપુરા તું તો તિલા, તું શ્રુતદેવી માત,
પદમિણિ પંકજવાસિની, ષટ્ દરશન વિખ્યાત. ૨
આદિપુરૂષની પુત્રિકા, પ્રજ્ઞા પંડિત માય,
ભારતિ ભગવતિ ભુવનમાં, તુઝથી શિવસુખ થાઇ. ૩
બ્રહ્માણી વાણી વિમલ, વાણી દ્યો મુઝ માય,
ગીત કવિત જે કરે, તે સવિ તુઝ પસાય. ૪
કોઇ નવિ જાણે ડોસલા, વૃદ્ધપણે વઇરાગ,
આણી સંયમ આદર્યું, પણ ભણવા ઉપરે રાગ. ૫

**અંત** – શ્રી **વિજયદાન** સૂરીશ **તપગચ્છ**ધણી, તપ તણે તેજે આદિત નિરખો,
સૂરિ શ્રી **હીરવિજયા**ભિધો હીરલો, તાસ પાટે **સોહમ**સામિ સરિખો. ભજો. ૫
તાસ પાટેં **વિજયસેન** સૂરીસરૂ, પ્રબલ વિદ્યા પ્રકટ પુણ્ય દરિઓ,
શ્રી **વિજયદેવ** સૂરીસરૂ સુંદરૂ, પ્રતપયો તસ પટે સુગુણ ભરિયો.૬
શ્રી **વિજયદાન** સૂરીશના સીસવર, શ્રી **અમીપાલ** પંડિત વિરાજે,
શ્રી **ગુણહર્ષ** પંડિત પ્રવર તેહનો, સીસ ગુણ જલધિ ગંભીર ગાજે.
તેહનો સીસ સવિકવિમુકુટ કવિચરણશરણ અનુકરણ મતિ મનિ આણી,
**લબ્ધિવિજયા**ભિધો પરસુગુણવર્ણમધો કહતિ સુણિ માત શિશુ-વચન વાણી. ૮
ચ્યાર ખંડે અખંડે અલિય વચન મેં ભાષિઉ, રાસ લવલેશ કરતાં,
સાધ્યો કવિ ખડા સયલ ગુણના ઘડા, કહું બહુ પ્રવચન થકીઅ ડરતી.
**સોલ શત બાણુંઇ** વરસ વિક્રમ થકી, ભાદ્રવે માસિ શુચિ છઠિ દિવસે,
રાસ લિખિઓ રસેં સુણત સુખ હોઇસિ, જેહ જણ જોઇસિ મન્ન હરસિ. ૧૦
સહસ ઉપરિ શતક દોઇ ચઉમોત્યરે, અધિક દોધક પ્રમુખ સયલ કહીએ,
દાન વર સીલ તપ ભાવના રાસ કેં ઢાલ નવ અધિક ચ્યાલીસ લહીએ.
જાં લગઇ જૈનનો ધર્મ થિર થઈ રહે, સયલ જગ જીવ સુરતરૂ સમાનો,
તાં લગે રાસ એ થિર થઇને રહો, સવિ સધર્મીજને વાચ્યમાનો ભ.૧૨

(૧) ઇતિશ્રી દાન શીલ તપ ભાવનાધિકાર ચતુષ્ટયાંતર્ગત નરનારી કિંચિદ્ દૃષ્ટાંતકથાસંબંધ પ્રાકૃત રાસ કે ભાવના માહાત્મ્ય વર્ણનોધિકારશ્ચ-

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તુર્થ સંપૂર્ણઃ. પં. **રત્નવિજયગણિ** શિ. ગણિ **ભીમ**વિજયની પરતિ સં. ૧૭૨૫ કા.સુ.૧૩ લ. આતમાર્થં. પ.સં.૪૨–૧૫, રત્ન ભં. દા.૪૫ નં.૪૮. (૨) સંવત્ ચંદ્રમિતોશ્વેન અબ્દઃશ્રૈકવસુવરઃ, શાકઃ ષટ્ચંદ્રવિજ્ઞેયઃ ન્યૂન પંચાસ યુક્તિમત્ દિને પરિપૂર્ણં. પ.સં.૫૧–૧૩, રત્ન ભં. નં.૪૯.

**(૧૬૭૩) ઉત્તમકુમારનો રાસ** ૫ ખંડ ૪૪ ઢાળ ૧૫૪૦ કડી ર.સં. ૧૭૦૧ કાર્તિક શુ.૧૧ ગુરુ

**આદિ** – દૂહા

શ્રી **ગુણહરષ** (ગુરૂ) તણો, પામી પુણ્યપ્રભાવ,
વિષમ વિઘનજલ તારવા, જે વડ અવિહડ નાવ. ૧
જિનવર-મુખકમલિ વસે, ષટભાષામય ઉપદેહ,
બાવન અખર વિવિધ વર, રયણે ઘડીયો એહ. ૨
જગજયની જગજીવની, જગદંબા જગમુખ,
જગંતારણ જગમોહની, તુઝ સમરિ સવિ સુખ. ૩
વીણાપુસ્તકધારણી, ભગવતી **ભારતિ** દેવ,
કવિત કરં સંખેપથી, હિયડે તુઝ સમરેવ. ૪

**અંત** – શ્રી **ઉત્તમ**રાય તણી મેં કથા કહી લવલેશ,
જીરણ શાસ્ત્ર તણે અનુસારે ઢાલબંધ સુવિશેષ. ૮૭ ક.
સંવત **સતર શત એક** ઉપરિ ૧૭૦૧ વરસિ કાતિ માસ,
ઉજ્જવલ અગ્યારસેં ગુરૂવાસરેં રચ્યો રાસ ઉલ્લાસ. ૮૮ ક.
એણિ રાસે ઢાલ મનોહર ચ્યાર અધિક ચ્યાલીસ,
ગાહા દૂહાદિક સવે લેખેં પન્નર સે ચ્યાલીસ. ૮૯ ક.
પંચ ખંડ હૂઓ સંપૂરણ નિજ ગુરૂનામપ્રભાવેં,
ભગત તણા દાલીદ્દૂખ ટાલિ, સહગુરૂ સહજ સભાવિ. ૯૦ ક.
ઓછો અધિકો હોવે અણઘટતો, રાસિ વયણ વિશેષ,
તે મિચ્છાદુક્કડ મુઝ હજયો, સુણજયો સયણ અસેસ. ૯૧ ક.
ઉત્તમ રાસ રસિક જન રતિકર સુઘટિત સિત પદબંધ,
શીલે સુરભિત ચંપકુસુમ જિમ સદલ સરૂપ સુગંધ. ૯૨ ક.
શીયલવંત વિવિધ પરિ વિલસ્યો, જે ઉત્તમ નરરાય,
દેવી પ્રારથીઓ નવી ચૂકો, જેહ વજ્જદઢ કાય. ૯૩ ક.
અતિ સવી છંડીને દીક્ષા, લેઈ કરી તપસાર
પામી સરગ મુગતિ સાધસેં, અનુક્રમે જે નિરધાર. ૯૪ ક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેહનો રાસ રસાલ એ રૂડો, જે સાંભલસે કંત
તે તેહના વિછડયા વાલ્હાને મિલસે સહી નિશ્ચંત. ૯૫ ક.
જિહાં મંગલ કારણુ હોવે ઝાઝો, જિહાં હોવે મનવિનોદ
ધર્મ ફલાફલ સુણવા જો મન તો સુણો એ સપ્રમોદ. ૯૬ ક.
જિહાં પઢીયે ગુણીમેં તિહાં હોવે કુશલકલ્યાણુ,
ભણો ગુણો તે આગલે રૂડી જે હોવે સુઘડ સુજાણુ. ૯૭ ક.
શ્રી **તપ**ગચ્છ ગયણુંગણિ દિનમણિ, શ્રી **વિજયદેવ** સૂરીંદ
**વિજયસિંહ**સૂરિ આચારજ પ્રતપો જયાં રવિચંદ. ૯૮ ક.
તાસ પરંપર ગુરૂ **તપ**ગચ્છપતિ **વિજયદેવ** સૂરિરાય,
તાસ સીસ **સંજમહર્ષા**ભિધ, વરપંડિત કહવાય. ૯૯ ક.
તાસ સીસ પંડિત મુગટમણિ, શ્રી **ગુણહર્ષ** સુસીસ,
**લબ્ધિવિજય** કવિ કહે કર જોડી, ઈમ હર્ષે નિસદીસ.
જિહાં થીર થઇ રહે શ્રી જિનશાસન, જિહાં તપે સુદિણુંદ
ગ્રહગણુમંડિત મેરૂ મહીધર જાં ધ્રુઅ તારા ચંદ. ૩૦૦
તિહાંતાઈ **ઉત્તમરાય**નો જાનો ઉત્તમ રાસ રસાલ,
ભણે ગુણે નિસુણે જે ભાવે, તિહાં ઘર મંગલમાલ. ૩૦૧
**તપ**ગચ્છમંડણુ **સંજમહર્ષ** સુશિષ્ય શ્રી **ગુણહર્ષ** સુસીસ
**લબ્ધિવિજય** કહે રાસ રસાલો, પ્રતપો જાં નિસદીસ. ૩૦૨ કરો.

(૧) સં.૧૭૯૩ લિ. પ્રે.ર.સં. ભાવ. (વે.નં.૨૪). (૨) મુનિશ્રી કસ્તુરિવિજય પંન્યાસજીકી સવાઇ શ્રી પં. અમરવિજય પંન્યાસજી વાચનાર્થં મુનિ પં. કેસરવિજયેન લિખિતા, ઉન્હાનગરે. પ.સં.૮૮-૧૫, માં.ભં.

**(૧૬૭૪) અજાપુત્રનો રાસ** ૭ ખંડ ૨૯ ઢાળ ૧૪૨૦ કડી ર.સં.૧૭૦૩ આસો શુ.૧૦ શુક્ર

**આદિ** – દૂહા.

વંદુ શ્રી જિનવર તણાં, ચરણુકમલ ઉલ્હાસ,
જે પ્રણમંતે પાંમીઈ, શિવસુખ બારે માસ. ૧
સિદ્ધ સાધ જિન ધર્મધુર, એ સવિ મંગલ મૂલ.
સંકટ હરજો સમરતાં, હોજયો મુઝ અનુકુલ. ૨
જેહથી જીસ જસ પામીએં સરે મનવંછિત કાંમ,
શ્રી **ગુણહર્ષ** ગુરૂજી તણાં, જગ જયવંતુ નાંમ. ૩
શ્રી **સરસતી** તુ સારદા, ગિરવાંણી ગુણ ગેલ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બ્રહ્માણી બ્રહ્માડવિ, મોહ્યો મોહનવેલિ. ૪
(સરસ્વતીની સ્તુતિ છે.)

**અંત** – ઓછું અધિકું રે આગમથી કહિઉં ઘટતા ઘટતું રે જે નવિ સદ્-વહિયું,
નવિ સદ્‌વહીઉં મેં અઘટ ઘટતું તે મિછાદુકડ દીઓ
મેં જીરણ પુસ્તક જોઇને એ રાસહ જોડી લીઓ
વળી અઘટ વયણ જિકો હોઇ તે સુગુણ ખમજ્યે માનવી
શ્રી **અજાપુત્ર** રાસ કેવલી વાત છે અતિ નવનવી. ૧૭
અંકે ગાહા રે દુહા ચઉપઇ, સવિ સરવાલે રે ચઉદહે સત થઇ,
સત થઈ ચઉદહ ચોપઈ તિમ ઢાલ ઉગણત્રીસ એ
શ્રવણે સુણતાં સુખ હોઈ હીયડુ હરષેં હીસે;
સંવત **સતર ત્રન** આસુ સુદમાં દસમી શુકેં સહી
શ્રી **અજાપુત્ર** કથા સકોમલ રાસ બંધે એમ કહી. ૧૮
જાં ધ્રુઅ તારા રે જાં રવિ ચંદ્રમા, જાં લવણોદધિ લોપે નવિ સિમા,
નવિ સિમા લોપે લક્ષણ જલનિધિ મેર પ્રમુખ મહીધરા,
જાં જૈનશાસન માહિ લીજેં જૈન નામ નિરંતરા,
તાં લગેં પ્રતપો શ્રી **અજાસુત** રાય રાસ સોહામણો
સાંભલેં સવિ સુખ સંપજેં ઘર હોઇ નિત વધામણાં. ૧૯
**તપગચ્છ** ગિરૂઓ રે ગુરૂ ગુણસાયરૂ, જે તપતેજે રે દેવ દિવાયરૂ,
દિવાયરૂ તપતેજથી શ્રી **વિજયદાન(દેવ)** સુરિસરૂ
તસ સીસ **સંજમહર્ષ** પંડિત શ્રી **ગુણહરષ** મુનિસરૂ
તસ સીસ લીલા **લબ્ધિવિજયા**ભિધ વિબુધ ભાવે ભણેં
**અજાપુત્ર** નરપતિ નિઘટ નિરૂપમ કીરતપટ હો રણઝણેં. ૨૦

(૧) અજાપુત્ર રાસસ્ય સપ્તખંડ સં. સર્વખંડ ૭ સર્વઢાલ ૨૯ છે. સર્વગાથા ૧૪૨૦ છે, સર્વસલોકસંખ્યા ૩૨૨૫ છઈ એ રાસનો અધિકાર જીરણ ગ્રંથ પ્રમુખ શાસ્ત્ર મધ્યે વષાંણ્યો છઈ તેહથી વિશેષ ધારવઉ સહી. સં.૧૮૮૨ વૈશાખ માસે શુકલ પક્ષે ૧૫ તિથૌ શ્રી રવિવાસરે લખિતં. શ્રી **પોરબંદિર** મધ્યે સા. **ખીમચંદ શિવરાજ** લખિતં સ્વઆત્માર્થે. પ.સં.૬૯-૧૫, માં.ભં. (૨) પં. **નિત્યવિજયગણિ** શિ. ભાવિ મુનિ **જીત-વિજયેન** લિ. સં.૧૭૪૫ કા.શુ.૭ **સમીનગરે**. પ.સં.૪૮-૧૩, વી.ઉ.ભં. દા.૧૯ પો.૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૬૭૫) મૌન એકાદશી સ્ત.**

**આદિ –** વસ્તુ છંદ.

**સરસતિ** (૨) પઢમ પણમેવિ.
પછિ નિઅ ગુરૂનઈ નમે, તાસ નામ નિઅ મનિ આણિઅ,
કહસ્યું મુનિ એકાદસી જૈન આગમ વષાણિઅ,
આરાહઉ એકાદશી આણી મન આણંદ,
સુખસંપદ સહજિ હોઈ જાં ધ્રુઅ તારા ચંદ. ૧
જિહાં તીરથ (૨) અચ્છિ **શેત્રુંજ**
શ્રી **ગિરનારિ અઝાર** તિમ **ચોરવાડિ ચંદ્રાક** જિણવર,
ને **સોરઠ** માંહિ **સબલ** અવર તીર્થ પ્રણમતિ નરવર,
નગરી મોટી **દ્વારકા** તિહાં **માધવ** નરરાય,
રાજ કરઈ સુરપતિ પરિ નરપતિ પ્રણમઈ પાય. ૨

**અંત –** શ્રી **વિજયદેવ** સૂરિદેવ સહગુરૂ લહે, શ્રી **ગુણહરખ** કવી સીસલેશિ,
મૌન એકાદસી દિવસ મહિમા કહ્યો, ગહગહી **લબ્ધિ** લીલાવિશેસિં. ૬૪

(૧) જુઓ કૃતિક્રમાંક ૧૬૭૭ની નીચે.

**(૧૬૭૬) સૌભાગ્યપંચમી** અથવા **જ્ઞાનપંચમી સ્ત.**

**આદિ – આદિ** જિણવર (૨) સયલ જગજંત
વંછિઅ સુહંકર પયકમલ નમવિ દેવ **સારદા** સમરિઅ,
તિમ નિઅ સહગુરૂ નમિનઇ મુઝ મન્નિ હજિ કરિઅ ભમરીઅ,
કહિસ્યું સોહગપંચમી નાણપંચમી તિમ્મ
આરાહતાંઈ દૂરિ હોઇ નાણાવરણી કમ્મ. ૧

**અંત –** જય (૨) શ્રી **સીમંધરસામી**, જય નિજર્જર ગજગામી રે,
શ્રી **ગુણહર્ષ** સેવાફલ પામી, **લબ્ધિ** કહિ સિરનામી રે.

(૧) જુઓ કૃતિક્રમાંક ૧૬૭૭ની નીચે.

**(૧૬૭૭) પંચકલ્યાણકાભિધ જિન સ્ત.**

**આદિ –** દૂહા.

ચોવીસઇ જિણવર નમી, નિઅ-ગુરૂ-ચરણ નમેવિ,
કલ્યાણક તિથિ જિન તણી, સુણિ ભવિઅણ સંખેવિ.

**અંત –** શ્રી **વિજયદેવ સૂરીંદ** સહગુરૂ સગુણ, શ્રી **ગુણહર્ષ** વરવિબુધ સીસો,
પંચકલ્યાણકાભિધ તવન જિન તણું, **લબ્ધિ** પભણઇ પ્રબલ જગિ

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જગીસો. ૩૬

(૧) પં. શ્રી લબ્ધિવિજય શિ. ભાવિ ગણિ આણંદવિજયેન લિ. સોઢીગ્રામે. ઉપરનાં ત્રણ એક સાથે પ.સં.૮-૧૭, વિ.ધ.ભં.

**(૧૬૭૮) ગુરુગુણ છત્રીશી સ.**

**આદિ** – શ્રી ગુરૂ ગુરે ગિરઆ નમુંજી, સદગુરૂ સમકીતમૂલ,
ત્રણ્ય તત્ત્વમાં મૂલગુંજી, સહગુરૂ તત્ત્વ અમૂલ રે,
આતમ તે સેવઉ ગુરૂરાય. ૧

**અંત** – ગુરૂગુણ છત્રીસઇં છત્રીસી, જોયો આગમઅબધિ,
શ્રી **ગુણહરષ** વિબુધ વર **સીસઇ**, લહીઇં લીલલબધિ. ૪૩

(૧) લિ. મુનિ વૃદ્ધિવિજય. પ.સં.૨-૧૩, હા.ભં. દા.૮૨ નં.૪૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૨ પૃ.૧૧૯-૨૪, ભા.૩ પૃ.૧૦૩૯-૪૧, ૧૦૮૮ તથા ૧૧૮૦. કવિને ૧૮મી સદીમાંથી ૧૭મી સદીમાં ફેરવ્યા છે. 'ગુરુગુણ છત્રીસી સ.' ગુણહર્ષશિષ્યને નામે મુકાયેલી, પણ કર્તા લબ્ધિવિજય હોવાનું જ છેલ્લા શબ્દ પરથી સૂચિત થાય છે. ગુણહર્ષના ગુરુ એક વખત અમીપાલ અને પછી સંયમહર્ષ કહ્યા છે તે કઈ રીતે છે તે સમજાતું નથી.]

## ૭૬૦. દેવચંદ (ત. સકલચંદ્ર–સૂરચંદ્ર–ભાનુચંદ્રશિ.)

અહિમ્મનગરના ઓસવાલ, અંબાઈયા ગોત્રજ, પિતા રિંડા શાહ, માતા વરબાઈ, જન્મનામ ગોપાલ. ૯ વર્ષની વયે પિતા સ્વર્ગસ્થ. વિજયસેનસૂરિનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય, પોતાના ભાઈ તથા માતા સાથે પં. રંગચંદ્ર પાસે દીક્ષા, સ્વનામ દેવચંદ્ર. અને ભાઈનું નામ વિવેકચંદ્ર. ભાનુચંદ્ર ઉપાધ્યાય પાસે વિદ્યાધ્યયન (અને તેમના શિષ્ય તરીકે પ્રસિદ્ધ થયા). સં.૧૬૬૫માં દેવલવાડામાં વિજયસેનસૂરિ પાસેથી પંડિતપદની પ્રાપ્તિ. પછી યાવજ્જીવ એકાશન અને ગંઠસી પ્રત્યાખ્યાનનો નિયમ લીધો. મારવાડ, માલવા, મેવાડ, સોરઠ, સવાલક્ષ, કુંકણ, લાટ, કાન્હડ, વાગડ, ગુજરાતાદિ દેશોમાં વિહાર કર્યો. સાત દ્રવ્યોનો પરિહાર કર્યો. મહિનામાં ૭ ઉપવાસ. સં.૧૬૯૭નાં સરોતરામાં ચોમાસું. ત્યાં ૫૩ વર્ષની વયે વૈ.શુ.૩ ને દિને અનશન કરી ૮ દિને પ્રભાતે સ્વર્ગવાસ. જુઓ તેમના બંધુ વિવેકચંદ્રકૃત દેવચંદ્ર રાસ, નાહટાજીનો ભંડાર નં.૨૫૭૨, તેનો સાર જૈન સત્યપ્રકાશ પુ.૨ અં.૧૧ પૃ.૧૨૭.

કવિના ગુરુ ભાનુચંદ્ર અકબરની ધર્મસભાના ૧૪૦મા નંબરના (પાંચમી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રેણીના) સભાસદ પ્રસિદ્ધ છે. તે અને તેમના શિષ્ય સિદ્ધિચંદ્ર બંને અકબર પાસે રહી પોતાની વિદ્વત્તાથી બાદશાહની પ્રીતિ સંપાદન કરી હતી. અને તે બંનેએ 'કાદંબરી' પર સુંદર સંસ્કૃત ટીકા રચી છે. બાદશાહ સૂર્યનાં હજાર નામો સાંભળતો હતો. તે માટે ભાનુચંદ્રે 'સૂર્યસહસ્રનામ' સ્તોત્ર રચ્યું હતું. ઈ.સ.૧૫૯૩[૨ ?]માં (સં.૧૬૪૮[૯ ?]) તેણે સમ્રાટ્ અકબર પાસેથી પાલીતાણાના શત્રુંજય તીર્થના યાત્રાળુઓ ઉપરથી કર ઉઠાવી લેવાનું ફર્માન જારી કરાવ્યું હતું અને એ પણ આજ્ઞા પ્રાપ્ત કરી હતી કે સર્વ જૈનોનાં પવિત્ર સ્થાનો હીરવિજયસૂરિને હવાલે કરી આપવા. સંભવતઃ ભાનુચંદ્ર તેના દરબારમાં બાદશાહના મૃત્યુ (ઈ.સ.૧૬૦૫) સુધી રહ્યા હતા.

સકલચંદ્ર ઉપાધ્યાય માટે આની અગાઉ જુઓ નં.૫૪૫.

વિજયસિંહસૂરિ – આચાર્ય સં.૧૬૮૪, સ્વર્ગવાસ સં.૧૭૦૯.

**(૧૬૭૯) નવતત્ત્વ ચોપાઈ** લ.સં.૧૬૯૨ પહેલાં

**અંત** – સુવિહિત સાધુ તણો શૃંગાર, શ્રી **વિજયદેવસૂરિ** ગણધાર,
તાસ પાટે પ્રગટ્યો સૂરિસિંહ, **વિજયસિંહસૂરિ** રાખી લીહ. ૩૩
ગુરૂ શ્રી **સકલચંદ** ઉવઝાય, **સૂરચંદ** પંડિત કવિરાય,
**ભાનુચંદ** વાચક જગચંદ, તાસ સીસ કહે **દેવચંદ**. ૩૪
એ ચોપઇ રચી કર જોડ, કવિતા કોઇ મ દેજો ખોડ,
અધિકો ઓછો સોધી જોડી, ભણતાં ગુણતાં સંપતિ કોડ. ૩૫

(૧) સં.૧૬૯૨ ચૈ.શુ.૭ શનિ, પ.સં.૧૨, જય. પો.૬૯. (૨) પ.સં.૬, જય. પો.૬૯. (૩) પ.સં.૪૬, તેમાં પ.સં.૧૩, જય. નં.૧૦૭૮. (૪) ભાવ.૨. (વે.નં.૩૨). (૫) પ.સં.૯–૧૭, ઝીં. પો.૪૧ નં.૨૧૭. (૬) સં.૧૭૪૦ વૈ.શુ.૮ જીર્ણદુર્ગે પં. **વિવેકકુશલગણિ** શિ. **આણંદકુશલ** લિ. પ.સં.૭–૧૫, જશ.સં. નં.૩૩૮. (૭) સંવત વૃષ જાયા પૂજા (૧૭૫૬) શાકે કલત્ર નેત્ર કલા (૧૬૨૧) માહ સિત પક્ષે અનુત્તર સંખ્યા તિથૌ ચંદ્રેજયવારે **સ્થંભતીર્થે** પં. કલ્યાણવર્દ્ધનગણિ શિ. પં. રંગવર્દ્ધનગણિ ભ્રાતૃ પં. **મેઘવર્દ્ધનગણિ** સેવક ગ. **જીતવર્દ્ધન** ગ. રત્નશેખર, ગ. **શુભ-સાગરેણ** લિ. બાઈ **વાલ્હબાઈ** પઠનાર્થં **ધીપટી** મધ્યે. પ.સં.૧૩–૧૧, વડા ચૌટા ઉ. પો.૧૫. (૭) સં.૧૮૪૮ માગસર વ.૧૩ ચેલા મયાચંદ લિ. આત્માર્થે **ગંદલી** નગરે શ્રી **ગિરૂઆ પાર્શ્વ**નાથ પ્રસાદાત્. પ.સં.૧૪–૧૧, ખેડા ભં.૩. (૮) સં.૧૯૧૬ ભા.સુ.૮ આદિતવાર લ. **નાયક લખમીચંદ તલસી પાલણપુર**. પ.સં.૧૩–૧૩, સંઘ ભં. પાલણપુર દા.૪૬ નં.૩૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૦, ૨૪૩, ૬૨૫.]

**(૧૬૮૦) + શત્રુંજય તીર્થ પરિપાટી** ર.સં.૧૬૯૫

આમાંથી સ્પષ્ટ છે કે કવિએ શત્રુંજયની યાત્રા સં.૧૬૯૫ના મહા વદિ ૧૪ ને ગુરુવારે કરી. ૧૬૯૫નું ચોમાસું ઈડરમાં કરીને યાત્રાર્થે નીકળી ફીચોટ (ફીચોદ), વલાસણ, વડનગર, વીસનગર, સિવાલા (સાઉલા), મહેસાણા, અમદાવાદ અને પાલીતાણા આવ્યા. પછી અમદાવાદ ગયા.

**આદિ** – સકલ સભારંજન કલા, દિઓ **સરસતિ** વરદાનોજી,

**શ્રી વિમલાચલ** સ્તવન ભણું, પામી શ્રી ગુરૂમાનોજી. ૧

આવો **શેત્રુંજય**ઈ, ચઢીય નવાણુ વારોજી

મનમાં ઉલટ અતિ ઘણો, હઈડે હર્ષ અપારોજી. આવો. ૨

ઉમાહો મન માહિ ઘણો, કરસ્યું ચૈત્ર પ્રવાડચોજી,

**શ્રી શેત્રુંજય** ભાવ સું, લાગી મનહરૂ હારોજી. આવો. ૩

સંવત **સોલ પંચાણુયે**, ઇડર રહી ચોમાસોજી

યાત્રા કરવા સંચર્યા, શુભ દિવસ શુભ માસોજી. આવો. ૪

**અંત** – **પાલીતાણા**થી ચાલીયા એ મા., કરતા પંથ પ્રયાણ,

કુશલે **રાજનગર** ગયા એ મા. કીધાં કોડિ કલ્યાણ. સુ. ૯

ભણે ગણે ને સાંભલે એ મા. એહ તવન જે જાંણ,

ઘરિ બેઠાં યાત્રા તણો એ મા. ફલ પાંમઇ સુવિહાણ. સુ. ૧૦

શ્રી **તપગચ્છ**પતિ ગુણનિલો એ મા. શ્રી **વિજયદેવ** સૂરીંદ,

જાંણે જગિં ઉદયો સહી એ મા. મૂરતિવંતો ચંદ. સુ. ૧૧

સાહ **થિરા** નંદનવરૂ એ મા. મોહનવલ્લીકંદ

જે સેવઈ ભાવઈ કરી એ મા. તસ ઘરિ નિત્ય આણંદ. સુ. ૧૨

શ્રી **વિજયદેવ**સૂરિ પાટિં ગયો એ મા. શ્રી **વિજયસિંહ** સૂરિરાય,

જેહને પ્રણમે નિત પ્રતિં એ મા. સુરનર ભૂપતિ પાય. સુ. ૧૩

સીસ વાચક **ભાનુચંદ**નો એ મા. માગઈ **દેવચંદ** દેવ,

વલી વલી મુઝને આલયો એ મા. **શેત્રુંજય** કેરી સેવ. સુ. ૧૪

કલસ.

ગુરૂશ્રી **હીરવિજય**સૂરિ પસાયે શ્રી **ભાનુચંદ** ઉવઝાયા

**કાસમીર અકબર** સા પાસઇ શેત્રુંજય દાણ છુરાયા

તાસ સીસ **દેવચંદ કહે** એ ગિર ગિરનો રાયા,



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભેટચો ભાવ ધરી એ તીરથ, મનવંછિત સુખદાયા
આજ મનવાંછિત સુખ પાયા. ૧૫

(૧) સંવત્ ૧૭૬૯ વર્ષે પં. **દાનચંદ્રેણ** લષિતં **પત્તનનગરે.** (૨) જય. નં.૧૦૭૮.

પ્રકાશિત : ૧. પ્રાચીન તીર્થમાળા સંગ્રહ ભા.૧ પૃ.૩૮–૪૭.

**(૧૬૮૧ ક) પૃથ્વીચંદકુમાર રાસ** ૧૭૪ કડી ૨.સં.૧૬૯૬ ફા.સુ.૧૧ **સાબલીમાં**

**આદિ** – સકલ પંડિતશિરોમણિ પંડિત શ્રીય શ્રી જિનચંદ્રગણિ ગુરૂભ્યો નમઃ
પ્રણમું ભગતિં ભગવતિ **ભારતી,** જે તૂઠી આપઈ શુભમતી,
જસ સેવઈ સુરનર ભૂપતી, જેહનિં નામઇ સુખસંપતી. ૧
**સારદ** શુભમતિ પૂરો આસ, આપો મુઝનિં વચનવિલાસ,
તું **સરસતિ** કવિજનની માય, સેવક ઉપરિ કરો પસાય. ૨
વલી સમરૂં મનિં મંત્ર નવકાર, ચઉદે પૂરવનુ જે સાર,
શ્રી ગુરૂ કેરૂ પામી માંન, બોલિસુ **પૃથ્વીચંદ આખ્યાન.** ૩
સીલવંત માંહિં અતિ ભલો, ચંદ્ર તણી પરિ જસ નિરમલો,
તાસ રાસ જન સાંભલો, સીલવંત કહીય ગુણનિલો. ૪

**અંત** – સીલવંત માંહિં જસ લીહ, સીલ પાલવા હૂયા સીહ,
તે તો **પૃથિવીચંદ** કુમાર, **ગુણસાગર** પણિ બીજો સાર. ૧૭૦
**સાવલી** નગરિ રહી ચોમાસિ, સંવત **સોલ છન્નુંઇં** ઉલાસિ,
ફાગુણ સુદિ એકાદશી ધારિ, વાર કહું તે હવઇ વિચારી. ૧૭૧
સાગરસુત ભગનીપતિ પુત્ર, વયરી સુત વાહન ભાખ્ય શત્રુ,
તેહની ગતિ જિહાં તેહનું રત્ન, તેહ વાર [?] જાણો કવિ રત. ૧૭૨
પુષ્ય નક્ષત્રિં કીધો રાસ, શીલવંતનો હું છું દાસ,
**તપગચ્છ**પતિ ગુરૂ **ગોયમ** સમાન, **વિજયદેવ**સૂરિ સુગહ પ્રધાન.
તાસ પાટિ પ્રગટચો જિમ ભાણ, **વિજયસિંહ**સૂરિ ગુણનો જાણ,
વાચક **ભાનુચંદ**નો સીસ, **દેવચંદ** પ્રણમે નિસદીસ. ૧૭૪

(૧) સં.૧૭૫૬ ચૈ.શુ.૧૦ ભોમવારે લિ. પં. **જિનચંદ્રગણિ** પં. **તેજચંદ્રગણિશિષ્ય** ગ. **જીવનચંદ્રેણ** લિ. **પત્તન** નગરે સુશ્રાવક વ.શા. **સામલદાસ** સુત વ.શા. **વેલજી** પઠનાર્થં. પ.સં.૧૨–૧૨, મો.મો. સાગર ઉ. પાટણ દા.૮ નં.૩૬. (૨) ગ્રં.૨૪૦ સં.૧૭૮૭ શ્રા. કૃષ્ણ ૧૩ શુક્રે લિ. **પાટણ** મધ્યે. પ.સં.૯–૧૩, ઈડર બાઈઓનો ભં. નં.૧૭૫. (૩) ખં.ભં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. (૪) રત્ન. ભં. (૫) જય. નં.૧૦૭૮. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૯, ૪૪૫).]

**(૧૬૮૧ખ) અન્ય કૃતિઓ** મહાવીર ૨૭ ભવ સ્ત. ગા.૮૯, પોસીનાપુર મંડન એકસુમલ (?) પાર્શ્વ સ્ત. ગા.૬૧, શંખેશ્વર સ્ત. ગા.૧૪, પોસીના પાર્શ્વ સ્ત. ગા.૧૧, નેમિ સ્ત. ગા.૯ અને ગા.૨૩, પાર્શ્વ સ્ત. ગા.૯, આદિનાથ સ્ત. ગા.૫.

(૧) પ.સં.૪૬, જય. નં.૧૦૭૮. (નવતત્ત્વ ચોપાઈ, પૃથ્વીચંદ્ર રાસ અને શત્રુંજય તીર્થ પરિપાટી સાથેની કર્તાની સર્વ કૃતિઓની પ્રત) [મહાવીર ૨૭ ભવ સ્ત. – મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૭૯–૮૧, ભા.૩ પૃ.૧૦૭૦–૭૨. ત્યાં 'સૌભાગ્યપંચમી સ્તુતિ' નોંધાયેલી તે વસ્તુતઃ સંસ્કૃત કૃતિ છે, ને 'સુકોશલ સઝાય' તે અન્ય દેવચંદ્ર (નં.૪૪૪)ની ઠરી છે.]

## ૭૬૧. કનકકીર્તિ વા. (ખ. જિનચંદ્રસૂરિ–નયનકમલ–જયમંદિરશિ.)

આ કવિએ સંસ્કૃતમાં 'મેઘદૂત' પર ટીકા રચી છે.

**(૧૬૮૨) નેમિનાથ રાસ** ૧૩ ઢાળ ર.સં.૧૬૯૨ માહ શુ.૫ વિકાનેરમાં

આદિ – ઢાલ.

સકલ જૈન ગુરૂ પ્રણમું પાયાં, શ્રુતદેવી પદપંકજ ધ્યાવું,
શ્રી ગુરૂચરણકમલ ચિત લાવું, **નેમકુમર જાદવ** ગુણ ગાવું, મનવંછિત સુખસંપતિ પાવું. ૧
**સોરઠ** દેસ સદા સુખઆગર, નારીપુરૂષતણો બહુ રાગર,
જિહાં **વિમલાચલ** તીર્થરાયા, **ઉજવલ** ગિરિ તીરથ મન ભાયા. ૨
**દ્વારવતી** નગરી નવરંગી, ધનદ નીપાઇ સુજન સુરંગી,
કંચણમણમઇ કોઠ વિરાજઇ, જિણિ દીઠાં અલકાપુરુ લાજઇ. ૩
રતનજડિત કોસીસા સોહઈ, તીન ભુવન જનતા મનમોહઇ,
**જાદવ**કુલ અરૂવિંદ દિનેસર, રાજ કરઇ તિહાં કૃષ્ણ નરેસર. ૪

અંત – ઢાલ ૧૩

*

કુણ રંક સુરગિરિ કર ધરઇ, કુણ ધરઈ જલનિધિ બાંહ,
કુણ ગગન લગ જાય પંખિયઉ, કુણ ઝાલઈ નિજ છાંહ. સા. ૨૭
કુણ નાગરાજમણી ગ્રહઈ, કુણ સિંઘ ઝાલઇ કાન,
કુણ સકલ વસુધા વસુ કરઈ, કુંણ તારા કરઇ માન. સા. ૨૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિમ **નેમ**જિન ગુણ કુંણ કરઈ, કહતાં ન પામઇ પાર,
તઉ પણ જિમ તિમ ગુણ ભણુઇ, તાસુ સફલ અવતાર. સા. ૨૯
**નેમનાથ**નાં ગુણ ગાવતાં, પામીયઈ પરમાણંદ,
અસુભ કરમ દૂરઇં ટલઇ, નાસઇ દુરગતિ દંદ. સા. ૩૦
ધનધન **રાજમતી** સતી, કર જોડ કરૂં પ્રણામ,
**રથનેમ** મારગ આણીયઉ, ન્યાય રહ્યો જગિ નામ. સા. ૩૧
સંવત **સોલહ બાણુવઈ**, સુદિ માહ પંચમ જાણ,
બડનગર **બીકાનેરમઇં**, રાસ ચઢયઉ પરમાણ. સા. ૩૨
દીપતઉ ગચ્છ **ખરતર** તણઉ, જિહાં નાંમ જાસ સુરિંદ,
**જિનદત્ત** જુગવર સારિષા, શ્રી **જિનકુસલ** સુણિંદ. સા. ૩૩
અનુક્રમઇં પાટપરંપરા, **જિનચંદસૂરિ** સુજાણ,
પદ દીયઉ જુગવર જેહનઇં, **અકબર** નૃપ સુરતાણ. સા. ૩૪
જિન ટેક રાખી જૈનરી, **જિનચંદ** સૂર દયાલ,
**જહાંગીર** ભૂપતિ રંજીયઉ, ષટ દરસન પ્રતિપાલ. સા. ૩૫
તસ પાટ પરગટ ગુણનિલઉ, **જિનસિંઘ**સૂર પ્રધાન,
જિણ કુમતિગજ ભંજિયા, સાયઉ સિંઘ સમાન. સા. ૩૬
તસુ પાટિ સૂરજ સારિષઉ, પાય નમઈ જસુ નરરાજ,
ગચ્છરાજ્ય માંહે દીપતઉ, ચિર જીવઉ **જિનરાજ**. સા. ૩૭
**જિનચંદ**સૂરિ સુરિંદજી, તસુ **નયનકમલ** સુસીસ,
તસુ સીસ **જયમંદિર** જયઉ, પૂરવઇ મનહ જગીસ. સા. ૩૮
તસુ સીસ પભણઈ ભાવસું, એ **નેમરાસ** રસાલ,
**કનકકીરતિ** વાચક કહઇ, ફલઈ મનોરથ માલ. સા. ૩૯
કલ્યાણકમલા સુખ લહઇ, મન તણી પૂરઇ આસ,
એ રાસ જે નર સાંભલઇ, પામઇ લીલવિલાસ. સા. ૪૦
ચઉવીસ જિનવર ધ્યાવતાં, થાયઈ સદા જયકાર,
**જિનરાજ**સૂરિ પ્રસાદથી, દિનદિન મંગલ ચાર. સા. ૪૧

(૧) સંવત્ ૧૭૧૪ વર્ષે લિષતં **પાંડે જાદૈ** લિષાવતં **આ. ગૌર્યા** શુભં. પ.સં.૧૨-૧૬, અનંત. ભં. (૨) માણેક. ભં. (૩) ચં.ભં. (૪) સં.૧૭૧૮, સેં.લા. વડોદરા. (૫) સં.૧૭૯૦ પો.શુ.પ શનિ **વાકરોડ મેવાડ** મધ્યે પં. **દુર્ગદાસ** શિ. જગરૂપ લિ. શિષ્ય પં. **થાનચંદ્ર** પઠનાર્થં. પ.સં. ૧૩, મહિમા. પો.૩૭.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

(૧૬૮૩) **દ્રૌપદી રાસ** ૩૯ ઢાળ ર.સં.૧૬૯૩ વૈ.શુ.૧૩ જેસલમેર
આદિ – દૂહા.

પુરિસાદાણી **પાસજિન**, ચરણકમલ ચિત લાય,
પ્રણમું ત્રિકરણ ભાવ સું, પાતક દૂરિ પુલાય. ૧
**શ્રુતદેવી** સાનિધિ કરે, કવિજન કેરી માત,
વચનવિલાસ સરસ દીયે, જાસુ પ્રગટ અવદાત. ૨
યુગપ્રધાન **જિનદત્ત** ગુરૂ, શ્રી **જિનકુશલ** સૂરીંદ,
શ્રી **જિનચંદ** સદગુરૂ નમું, પામું પરમાણંદ. ૩
શીલસુંરગી **દ્રુપદી**, નિરમલ પાલ્યઉ સીલ,
તાસુ ચરિત વૈખાણતાં, લહિયઇ અવિચલ લીલ. ૪
મૂલ થકી ઉતપતિ કહું, સુણિજ્યો બાલગુપાલ,
ચમત્કારણી ચઉપઇ, નવનવ ઢાલ રસાલ. ૫
છઠઉ **જ્ઞાતા** અંગ છે, તે માહે અધિકાર,
**મહાવીર** જિન ભાષીયો, ગણધર સભા મઝારિ. ૬
જિમ તિમ કરમ ન કીજીયઈ, કીજઇ હિયે વિચાર,
ધરમ કરો નિજ હિત ભણી, જિમ પામો ભવપાર. ૭

અંત – ઢાલ ૩૯ ધનધન આર્દ્રકુમાર વરસંતી આજને વધાવો
ગજપતિ મોતીએ—એ દેશી.

ધનધન શીલવતી સતી **દ્રૂપદી**, પાંચે **પાંડવ** નારિ,
શીલપ્રભાવે લહસ્યે સાસતા, શિવપુરસુખ અપાર. ૧ ધન.
સીલે હુઇ સુખ મંગલમાલિકા, સીલે અવિચલ લીલ,
**દ્રૂપદ**સુતા જિમ પાલજ્યો નવિ ખંડયો નિજ સીલ. ૨ ધન.
(સંવતઈ રસ રસ નયન નિધન શું) રસ સસિ,
સંવત **ઇસરનયન નિધાન સુરસ સસિ** વૈશાખ માસ, ૧૬૯૩
શુદ્દિ તેરસિ કીધી એ ચુઉપઇ, સુણતાં લીલવિલાસ. ૩ ધન.
શ્રી **ખરતર**ગચ્છ મોટો જાંણીઈ, ગચ્છ ચઉરાસી મૂલ,
કમલા માંહિ જિમ સુરભ ગુણે, સહસકમલદલફૂલ. ૪ ધન.
ગણધર **સુધરમ**સામી પરંપરા, **રાજ**ગચ્છ કહિવાય,
**અભયદેવ જિનવલ્લભ** સારિખા, થયા સૂરિ દિનરાય. ૫ ધન.
યુગપ્રધાન **જિનદત્ત** સુરીસરૂ, ચઉસઠિ યોગિણી જીત,
પાંચે પરવર દીધા જેહનઈ, ગુરૂ અવદાત વદીત. ૬ ધન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **જિનકુસલ** સૂરીસર દીપતા, સદગુરૂ સાંનિધકારિ,
સેવકજન સપરતા પૂરવૈં, ગુરૂ સુરતરૂ અવતાર. ૭ ધન.
અનુક્રમે શ્રી **જિનમાણિક** ગચ્છધણિ, હૂઆ સુગુરૂ ગણધાર,
તસુ પાટે **જિનચંદ** સૂરીસરૂ, બહુ વિધિ લબધિભંડાર. ૮ ધન.
તસૂ પટધારી સૂરિશિરોમણી, શ્રી **જિનસિંઘ**સૂરીંદ,
વિદ્યાવચન કલા સમતા ધણી, નમીઆ જાસુ નરિંદ. ૯ ધન.
કુલમંડણ તસુ પાટે દીપતો, સૂરરાજ **જિનરાજ**,
વિજયરાજ ગુરૂ સુરગુરૂ સારિખા, સકલસૂરિતાજ. ૧૦ ધન.
**રીહડ**વંશ-સરોરૂહ દિનમણિં, યુગપ્રધાન **જિનચંદ**,
સૂરિસોભાગી ભાગબલી સદા, મુનિજન સુરતરૂ કંદ. ૧૧ ધન.
**અકબ્બરશાહ** જિણે પ્રતિબોધીઓ, ઘણા કીધા અવદાત,
**જહાંગીર** જિણને આદરીઓ, રાખી જગિ અખિયાત. ૧૨ ધન.
તસુ સીસ સંવેગી સિરતલોં, **નયણકમલ**ગીણિં જાંણિ,
તાસુ સીસ **જયમંદિર**ગણિં જયો, સકલકલા ગુણજાણ. ૧૩ ધન.
તાસુ સીસ ઇમ ભાખે ચઉપઈ, **દ્રૂપદી**ની સસનેહ,
**કનકકીરતિ** વાચક મન રંગ સ્યોં, સીલ તણા ગુણ એહ. ૧૪ ધન.
નવ નવ રાગ સુરંગી ચઉપઇ, ઓગણચ્યાલીસેં ઢાલ,
સખર સાદ શું જો ગાઇઇં, તો લહીંઇ ગુણમાલ. ૧૫ ધન.
**જેસલમેર** નગર રલીઆમણો, જિહાં જિનવર ચઉસાલ,
**પાસ** જિણંદ તણો વલી દીપતો, સેવક જન સુરસાલ. ૧૬ ધન.
શ્રાવક જહાં દીધે ધન દીપતા, ધર્મ્મમર્મ્મના જાણ,
...સરસ વચન સહિનાણ. ૧૭ ધ.
જિનવચનેં રાતા જિમ ચોલ જ્યું, માને જિનવરઆણ. ૧૮ ધ.
સમકિતધારણ છે જિહાં શ્રાવકા, એક નમે જિનરાજ,
બીજા દેવ ન માને પાતરી, એક પંથ દો કાજ. ૧૯ ધ.
શ્રી **જિનરાજ** સૂરીશ્વર ગચ્છધણી સોમ નિજ રસહુ થોક,
તાસુ પસાઇ સરસી ચઉપઈ, થઇ વખાણી લોક. ૨૦ ધ.
વાંચ્યાં માંનનંદ ચઉપઇ, જાં લગે સાસનવીર,
**ખરતર**ગચ્છ જાં લગે દીપતોં, જાં લગે સુરગિરિ ધીર. ૨૧ ધ.
ઓછઉ અધિકો જે મેં ભાષીઉં, મિચ્છાદુક્કડ તેહ,
આગમ મિલતો તે સાચો, સહી, કવિજન વાણી એહ. ૨૨ ધ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભણસ્યે ગુણસ્યેં થુણસ્યેં ભાવ શું, જે નરનારી આંણુ,
દ્રુપદસુતારી એ છે ચઉપઈ, થાસ્યૈ તાસુ કલ્યાણ. ૨૩ ધ.
સુરનર કિન્નર તાસુ પ્રણમે સદા જે નર પાલે સીલ,
જસપરિમલ મહકેં ત્રિહું લોકમેં પામે શિવસુખલીલ. ૨૪ ધ.
એ સંબંધ કહ્યો જિમ સાંભલ્યો, ગુરૂમુખ મતિ અનુસાર,
શીલ તણાં ગુણ ગાવણ મનરૂલી, કનકકીરતિ સુખકાર. ૨૫ ધ.

(૧) સં.૧૬૯૮ વા. શ્રી કનકકીર્ત્તિગણીનાં પં. કલ્યાણકીર્ત્તિ પં. લક્ષ્મીચંદ્રેણ લેખિ શ્રા. જાદી ઉછરંગદે ગૂજરદે પઠનાર્થં. પ.સં.૪૩-૧૪, મો.સુરત પો.૧૨૭. (૨) સં.૧૭૧૧ ભા.શુ.૧૦ જાલુર મધ્યે મુ. મેરૂવિજય લિ. પ.સં.૫૦-૧૫, ના.ભં. (૩) સં.૧૭૦૩ માઘ વલક્ષ દ્વિતીયસ્યાં કુજવારે કલ્યાણકીર્ત્તિના. ગ્રંથમાન ૧૫૦૫, પ.સં.૪૬-૧૩, રત્ન. ભં. દા.૪૨ નં. ૩૧. (૪) સં.૧૭૦૭ ફા.સુ.૪ મુ. ભીમદૂ લષતું. લ. ઋ. કાકાજી શિ. મુનિ માંડણ પઠનાર્થં. પ.સં.૩૧-૧૭, રત્ન. ભં. દા.૪૨ નં.૩૨. (૫) સં.૧૭૦૭ શ્રા.શુ.૮ ભોમે. પ.સં.૨૩, નાહટા. સં. (૬) સં.૧૭૨૪ ખંભનયર મધ્યે ભા. વદિ ૧૧ સોમે ઋષિ જ્ઞાનકીર્ત્તિ લ. સુધર્મગછે બ્રહ્મપક્ષે. પ.સં.૩૨-૧૫, પ્રથમ બે પત્ર નથી, જશ.સં. નં.૨૦૫. (૭) સં. ૧૮૦૨ આશ્વિન શુ.૧૩ તૃતીય પ્રહરે જ્ઞાનવૃદ્ધયર્થં લિ. પં. સુમતિવિજયગણિ શિષ્ય ગૌતમવિજય. પ.સં.૪૧-૧૭, ઈડર ભં. નં.૧૫૧. (૮) સં.૧૭૧૩ આ.વ.૯ કનકનિધાન લિ. પુનપાલસર મધ્યે શિ. હીરાનંદયુતેન. પ.સં.૩૯, જિ.ચા. પો.૮૧ નં.૨૦૩૦. (૯) સં.૧૭૨૭ આસો શુદિ ૧૫ વાર શસી લ. સુમતિવિજય રાજનગર મધ્યે. પ.સં.૪૭-૧૩, ખેડા ભં.૩. (૧૦) પ.સં. ૪૬-૧૪, ઝીં. પો.૪૦ નં.૨૦૨. (બે પ્રત ભેગી) (૧૧) પ.સં.૪૦, કૃપા. પો.૪૬ નં.૮૬૦. (૧૨) સં.૧૭૨૮ કા.શુ.૬ મંદવાસરે દયાસાગરગણિ શિ. મુનિ નેમસાગરેણ રોલહા ગ્રામે. પ.સં.૪૯-૧૪, વિ.ને.ભં. નં.૪૫૩૪. (૧૩) પ.સં.૫૨-૧૩, વિ.ને.ભં. નં.૪૫૩૨. (૧૪) પ.સં.૨૫-૧૯, વિ.ને.ભં. નં.૪૫૩૩. (૧૫) સં.૧૮૦૦ આશ્વિન વદ ૩ તૃતીય પ્રહરે જ્ઞાનવૃદ્ધયર્થં પં. જિનવિજયગણિ શિ. પં. પ્રમોદવિજયગણિ શિ. પં. ઉદેવિજય લ. ભાઇ કલ્યાણવિજય પઠનાર્થં વાતમ ગ્રામે. પ.સં.૨૮, પ્ર.કા.ભં. નં.૧૬૫. (૧૬) સં.૧૮૩૯ કા. કૃષ્ણ ૧૦ ગુરૂ શ્રી ભગુ ગ્રામ મધ્યે લિ. ઉ. જયસૌભાગ્ય શિ. મુખ્ય પં. ચારિત્રોદય મુનિ લઘૂ ભ્રાતૃ પં. માંણકચોદય મુનિ લિ. શ્રી કીર્તિરત્નસૂરિ સાષાયં. પ.સં.૨૩-૨૧, અનંત. ભં.૨. (૧૭) સં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮૩૯ ફા.શુ.૫ શનિ અવરંગાબાદ મધ્યે લ.ઋ. કમલાજી. પ.સં.૫૬–૧૯, અશુદ્ધ પ્રત, ના.ભં. (૧૮) સં.૧૭૬૨ કા.વ.૧૧ મેવાડ દેશ કપાસણ ગ્રામે લી. પુજ્યઋષિ જીવરાજી–ઋ. રાઘવજી–કહાનજી ગચ્છ લુંકો લી. પ.સં.૨૮–૧૯, આ.ક.ભં. (૧૯) ડે.ભં. (૨૦) ગુ.વિ.ભં. (૨૧) અમ. [આલિસ્ટઑઇ ભા.૨, ડિકૅટલૉગભાઇ વૉ.૧૯ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૩, ૫૮૬).]

**(૧૬૮૪) + ભરતચક્રી સ.**

મનહીમેં વૈરાગી ભરતજી.

પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૫૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૬૮–૭૨, ભા.૩ પૃ.૧૦૫૬–૫૮. 'ભરતચક્રીની સઝાય'માં ગુરુપરંપરા નથી એટલે એના કર્તા ઉપર્યુક્ત કનકકીર્તિ જ છે એમ ન કહેવાય.]

## ૭૬૨. ધર્મસિંહ (લુંકાગચ્છ ઋષિ નાકર–દેવજીશિ.)

**(૧૬૮૫ ક) શિવજી આચાર્ય રાસ** (ઐ.) ૨૫ ઢાળ ર.સં.૧૬૯૨ શ્રા. શુ.૧૫ ઉદયપુર

પાટણમાં ધર્મસંગ–ધર્મસિંહકૃત 'શીળકુમાર [શિવકુમાર?] રાસ' અથવા 'મોહનવેલિ રાસ'ની પ્રતિ છે તે જ આ રાસ જણાય છે. તેમાં "નય નંદન રસ ચંદ સંવસરા" શ્રાવણસુદિ ૧૫ એ સંવત્સર રચ્યાનો આપ્યો છે ને રચ્યાસ્થાન ઉદેપુર જણાવેલું છે.

**આદિ –** રાગ કેદારો એકતાલી, આખ્યાનની દેશી.

આદિ પુરૂષ **આદિસરૂ**, મનવંછિત વર સુખકરૂ,
જિનવર ચરણકમલ નમો સદા એ. ૧
સદા નમો સહિગુરૂપદપંકજ, પ્રણમી પુરૂષ પ્રધાન,
શ્રી **શિવજી** ગચ્છપતિ ગુણ ગાઉં, સાંભલજ્યો સાવધાન. ૨
**વર્દ્ધમાન** વરનિ પાટિ, **સુધર્મ**સ્વામિ ગણધાર,
પાટ સતાવીસ તાસ પરંપર, પલુ સુદ્ધ આચાર. ૩
શ્રી **મહાવીર** મુગતિ ગયા પીછિ, વરસ દોઈ હજાર,
**રૂપિ** ઋષિ આચાર્ય પ્રગટ્યા, કરવા પરઉપગાર. ૪
સારસિદ્ધાંતપરૂપક ઉદયા, તસ પાટિ **જીવરાજ**,
તસ પાટિ **કુંઅરજી** ગણિવર, વરનીમંલ જસ લાજ. ૫
જનમનમોહન **શ્રીમલ**જી, તસ પાટિં **રતનઋ**ષિરાય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નારિ સહિત સંયમ જેણિ લીનો, મહીયલ જસ મહીમાય. ૬
મહિમાવંત તસ પાટિ અલંકૃત, **કેશવજી** ગુણવંત,
તસ પાટિ ઋષિરાય મહામુનિ, શ્રી **શિવજી** જયવંત. ૭
સુરતરૂ ચંદન કનક મોહન મણિ, એ પંચિ ગુણ ઋષિરાય,
વસ્તુ વાસ શોભા વૃદ્ધિ વંછિત ફલ સકલ સુખદાય. ૮
સુખદાયક **શિવજી** તણો ગાઉં, રાસ રસીક કરિ રંગ,
ઢાલ વિશાલ પ્રથમ આખ્યાંનિ, કહિં મુનિ **ધર્મસંઘ.**

**અંત –** ઢાલ ૨૫ રાગ ધન્યાસી જગત્રગુરૂ. એ દેશી

મહા મુનિશ્રી **શિવજી** ગણિધાર વંસવિભુષણ મહિમાસાગર
સંઘ સુવિહિતકાર મહા મુનિશ્રી **શિવજી** ગણિધાર એ આંકણી. ૧૮૩
દેશ **મેવાડા** માહિ અતિ સોભિ, **ઉદિપુર** સણુગાર,
સંઘ વીનતડી સહિગુરૂ આવ્યા, દિનદિન હરષ અપાર. મ. ૧૮૪
સેવા ભક્તિ કરિ સહુ રંગિ, વંછિત પૂજિ આસ,
વીનતી સંઘ તણી મનિ જાંણી, રચિઉ સુંદર રાસ. મ. ૧૮૫
ઋષિ **નાકર** શિષ્ય **દેવજી** મુનિવર, તસ શિષ્ય કહિ સુવિચાર,
**નયન નંદ રસ ચંદ** સંવછર, શ્રાવણ પૂન્ય શશિધાર. મ. ૧૮૬
ગછનાયકનો રાસ રસીક એ, ભણિ જેહ નરનારિ,
સાંભલિ તિ સંપતિ સવ પામિ, સફલ તસ અવતાર. મ. ૧૮૭
**પાર્શ્વદેવ** સદા પ્રભુ મુઝનિ, વંછિતફલદાતાર,
સુખકરણ પ્રભુ નમો નિરંતર, સદા જગ-આધાર. મ. ૧૮૮
**ધર્મસંઘ** મુનિ મનરંગિ, શ્રી ગુરૂગુણવિસ્તાર,
પંચવીસ ઢાલ એ રાગ ધન્યાસી, પ્રેમવચન શ્રીકાર. મ. ૧૮૯
એ આંકણી.

શ્રી સંઘનાયક વંછિતદાયક, શ્રી **શિવજી** ગણિધાર એ,
ઉપમ **જંબૂ**કુમાર રાજિ, પૂરણ ગુણભંડાર એ. ૧૯૦
જિનસાસન પ્રતપો **શિવ** આચારજ, રવિ શશિ મહિધાર એ,
દિનદિન અધિક આનંદ આપિ, સેવાઈ સુખકાર એ. ૧૯૧
સુરતરૂ સરખા સવિ ગુરૂ જાણી, આણી પ્રેમ અપાર એ.
રાસ સુંદર રૂચિર રાગિ, **ઉદિપુર** મઝાર એ. ૧૯૨
**દેવ** મુનિ શિષ્ય **ધરમસંઘ** મુનિ, વદિ ગુણવિસ્તાર એ,
વલ્લભ શ્રી જિનરાજ જિનવર, સેવકજન સુખકાર એ. ૧૯૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પ.સં.૯-૧૨, જશ.સં. (૨) આચાર્યશ્રી ૬. શિવજી શિષ્ય લ. ઋષિ ત્રિકમજી સ્વયં વાંચનાર્થં. પ.સં.૪-૨૩, મુનિ સુખસાગર. (૩) લી.૧૬૯૬ વર્ષે જ્યેષ્ઠ સુદિ. પા.ભં.

**(૧૬૮૫ ખ) + ૫૬ સાધુની સઝાય**

(૧) પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૧૯૯.

**(૧૬૮૫ ગ) + સામાયિક સઝાય**

(૧) પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૪૦૭.

**(૧૬૮૫ ઘ) + સઝાય [રત્નગુરુની જોડ]**

(૧) પ્રકાશિત : ૧. સ.મા.ભી. પૃ.૩૨૪.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૮૫-૮૬, ભા.૩ પૃ.૧૦૮૦-૮૧. '૫૬ સાધુની સઝાય' તથા 'સામાયિક સઝાય'માં ગુરુપરંપરા નથી, તેથી તે આ જ ધર્મસિંહની કૃતિઓ હોવાનું નિશ્ચિતપણે ન કહેવાય. 'રત્નગુરુની જોડ' 'શિવજી આચાર્ય રાસ'નો જ એક અંશ હોવાની શકયતા છે.]

**૭૬૩. રામદાસ ઋષિ** (ગુજરાતી લોંકાગચ્છ રૂપજી-જીવજી-વરસિંહ-લઘુવરસિંહ-જસવંત-રૂપસિંહ-કુંરપાલ-હાપા-ઉત્તમશિ.)

**(૧૬૮૬) પુણ્યપાલનો રાસ** ૪ ખંડ ૮૨૩ કડી ર.સં.૧૬૯૩ જેઠ વદિ ૧૩ ગુરુ સારંગપુર (માલવામાં)

**આદિ** - કેદાર રાગે દુહા.

શ્રી **શાંતિસર** સોલમા, સમરૂ **સરસતિ** માય,
મુરખને પંડિત કરે, પ્રણમું શ્રી ગુરૂપાય. ૧
દાન શીલ તપ ભાવના, ભવોદધિતારણ પોત,
અનંત સુખને અનુભવે, શિવપુર હોય ઉદ્યોત. ૨
દાને સંપતિ સંપજે, કીરતિ કરે કલ્લોલ,
અલિય વિઘન દુરે પુલે, પગિપગિ છાકમછોલ. ૩
જિનપતિ પદવી પામીયા, ચક્રવર્ત્તિ ઈંદ્રવિમાન,
સુખીયા જે જગ જાણીઇ, સઘલે દાન પ્રધાન. ૪
દાને સંપતિ પામીયો, **પુન્યપાલ** ભૂપાલ,
સાવધાન સહુ સાંભલો, જિમ જાયે દુઃખજંજાલ. ૫

**અંત** - ગછ **ગુજરાતી** નિર્મલો, **મહાવીર**કી લાર,
ગછનાયક ચડતી કલા, મહા **મંડણ** રે મુનિ શણગાર કિ. ૯
ઋષિ શ્રી **ભુંજા ભીદા** ભલા, **નાનુ** ઋષિ **ભીમ** મહંત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **જગમાલ** નિતિ જયકરૂ, મુનિ **સરવા** રે મહા ગુણવંત. ૧૦
શ્રી **રૂપ જીવજી** મુનીસરા, વડ લઘુ **વર-હરી** દોઈ,
શ્રી **જસવંત** જગિ જાણીઇ, તસુ સમવડિ રે નહિ બીજો કોઇ. ૧૧
તસુ પાટિ દિનકર ઉદયો, વદન પુનિમચંદ,
છત્રીસ ગુણ સવિ સંપદ દાપેં, શ્રી **રૂપસીહ** રે સહુ સાધુ મુનિંદ. ૧૨
તાસ સાસણિ અધિક ઉદયો, શ્રી **કુંરપાલ** સુનુર,
તસુ સીસ ઋષિ **હાપા** સુંદર, જ્ઞાન ક્રિયા રે સોભિત સુર. કિ. ૧૩
તસ સીસ વર્ત્તમાન વિચરે, સકલવિદ્યાભરતાર,
ધન જેમ ગર્જે અતિહિ જ્ઞાની, શ્રી **ઉત્તમજી** રે ઉત્તમ આચાર. ૧૪
જેહનો જગ જસ નિર્મલો, દિનદિન દીપે તેજ,
તસુ સીસ આદેસ ગુરૂને, ઋષિ **રામદાસ** રે પભણે સુહેજ. કિ. ૧૫
પંડિત માંહિ સરોમણી, વિચરે જિમ ગજેંદ,
શ્રી **ઉત્તમભાઇ** ભલા, થિવર ગુણિયણ રે **જસવંત** મુણિંદ કિ. ૧૬
કથા ગુરૂમુખિ જિમ સાંભલી, તિમ એ કીધી જોડિ,
વિતથ જે કાંઇ લખાતાં, મિચ્છાદુક્કડ દેતા રે નહિ કાંઈ ખોડિ. ૧૭
સંવત **સોલ ત્ર્યાણુવા** વર્ષે, **માલવ** દેસ મઝારિ,
**સારંગપુર** સુંદર નગરે, જેઠ વદિ તેરસ રે બૃહસ્પતિવાર કિ.
ધન. ૧૮

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**પુન્યપાલ** ચરિત સોહામણો, સાંભલે જે નર સુજાણ,
ઋદ્ધિ સમૃદ્ધ સુખ સંપદા, તે પગિપગિ પામે રે કોડિ કલ્યાણ. ૧૯

(૧) સર્વ ગાથા ૧૮૧. ચતુર્થ ખંડ. પ્ર.૧૫૮ દ્વિ.૨૪૪ તૃ.૨૪૦ ચ.૧૮૧ સર્વસંખ્યા ૮૨૩. લ. ઋ. શ્રી ૫ **કાકાજી** તત્ શિ. મુની **માંડણ** **વઢવાણ** મધ્યે આતમા અર્થે સં.૧૭૦૭ આસુ સુદિ ૧૪ શનૌ. પ.સં. ૩૬-૧૪, રત્ન.ભં. દા.૪૩ નં.૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૪૧-૪૨.]

## ૭૬૪. સૂરચંદ

**(૧૬૮૭) ચાતુર્માસિક વ્યાખ્યાન બાલા.** ર.સં.૧૬૯૪

(૧) પ.સં.૧૨, વાડી પાર્શ્વ. પાટણ ભં. દા.૧૨ નં.૫૬. [રાહસૂચી ભા.૧, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૯૦).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૬૦૩, ભા.૩ પૃ.૧૬૦૯. 'યુગપ્રધાન જિનચંદ્રસૂરિ' કવિને વીરચંદ્રશિષ્ય માને છે.]

**૭૬૫. લક્ષ્મીકુશલ** (ત. સોમવિમલસૂરિ–હેમસોમસૂરિ–વિમલસોમસૂરિ–વિશાલસોમસૂરિ–જિનકુશલશિ.)

**(૧૬૮૮) વૈદ્યકસાર રત્નપ્રકાશ ચોપાઈ** ૧૧ અધિકાર ર.સં.૧૬૯૪ ફા.શુ.૧૩ શુક્રવાર ઈડર પાસેના ઓડા ગામમાં

**આદિ** – **સરસતિ** સરસ વાંણી મુઝ આપિ, પાપપંક ટલિ તુઝ જાપિ,
તુઝ નામઈ સંકટ ઊપસમઈ, મનવંછિત તુઝ નામઇ જપઈ. ૧

**અંત** – ભૂલો અક્ષર વિસમુ જેહ, સો જાનિ સવિ કરજ્યો તેહ,
**તપ**ગચ્છ મૂલ લહુઢી પોસાલ, જાણિ જેહનિ બાલગોપાલ. ૪૯
**વીર**પાટિ પટોધર ઘણા, પાર ન પામું તેહ ગુણ તણા,
સતાવનમિ પાટિ સાર, શ્રી **સુમતિસાધુ**સૂરિ અણગાર. ૫૦
તાસ પાટિ **હેમવિમલ**સૂરિ, જેહ સમરિં પાપ જાઈ દૂરિ,
તાસ પાટિ **સૌભાગ્યહર્ષ** જાંણિ, તપસંયમ કેરી ગુણખાંણિ. ૫૧
તાસ પાટિ અતિ ગુણભંડાર, સકલસૂરિસિરોમણિ સાર,
શ્રી **સોમવિમલ**સૂરિ તે માંણિ, જસ નામિ સંપતિ શ્રેય આંણિ.૫૨
તેહ તણો પટોધર જેહ, **હેમસોમ**સૂરિ નાંમિ તેહ,
તાસ પાટિં **વિમલસોમ**સૂરિ, જસ નાંમિ દુરિત જાયે દૂરિ. ૫૩
તાસ પાટિ પટોધર ભલો, શ્રી **વિશાલસોમ**સૂરિ ગુણનિલો,
પ્રતિરૂપી તેજસ્વી સહી, છત્રીસઈ ગુણધાંણિ જ કહી. ૫૪
આચારજિના ગુણ જેતલા, શ્રી **વિશાલસોમ**સૂરિમાં તેતલા,
પ્રૌઢ પરિવાર તેહનો સાર, પંડિત તણો નવિ લાભઇ પાર. ૫૫
**જિનકુશલ** પંડિત તેહમાં જાંણુ, ગ્રહગણ માંહિ દીપઈ જિમ ભાંણુ,
**લક્ષ્મીકુશલ** તસુ કેરો સીસ, ગુરૂ પ્રસાદઇ હુઇ જગીસ. ૫૬
ગુરૂ વિણુ માઇ પ્રસન્ન ન હોઈ, ગુરૂ વિણુ જ્ઞાન ન પામઈ કોઇ,
ગુરૂપ્રસાદિ સર્વ સિદ્ધિ મિલઇ, અશીયવિઘન સવિ દૂરિં ટલિં. ૫૭
અડસઠિ તીરથ બોલ્યાં સાર, માત ગંગા નિ ગુરૂ કેદાર,
પિતા પુષ્કર જાણો સહી, શાસ્ત્રઈ એહવી વાત જ કહી. ૫૮
રાયદેસ જગ માંહિં પ્રસિદ્ધ, ઈડરનગર અછઇ સમૃદ્ધ,
તે પાસઈ છઇ **ઓડા** ગામ, ધર્મ તણાં જિહાં મોટાં ઠાંમ. ૫૯
જિનમંદિર **અભિનંદન** દેવ, **પ્રાગવંશ** સહું સારઈ સેવ,
ગુરૂ તણો આદેશ જ લહી, **લક્ષ્મીકુશલ** ચઉમાસું રહી. ૬૦
સંવત **સોલ ચુરાણું** જેહ, ફાગુણ સુદિ તેરસ વલી તેહ,

જૈન સાહિત્ય JAINSITE જૈન વાઙ્મયં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુક્રવાર સંયોગઈ સહી, **લક્ષ્મીકુશલઈ** એ ચઉપઈ કહી. ૬૧
દેવગુરૂ પ્રસાદિં કરી, **રત્નપ્રકાસ** એ ચઉપઇ ષરી,
આત્રેયનિદાંન **સુશ્રુત**નું સાર, અપર ગ્રંથ તણો ઉદ્ધાર. ૬૨
ગ્રહી નામ રતન તે જાંણિ, શાસ્ત્ર વિચારી બોલી વાંણી,
હિતકારિણી એ ચઉપઇ સાર, રચ્યા એકાદશ અધિકાર. ૬૩

(૧) સં.૧૭૧૮ વર્ષે ફા. વદિ ૨ સોમે શ્રી **સંઘપુર** ગ્રામે લિ. ઈડર બાઈઓનો ભં. (૨) સં.૧૭૨૧ આસો વદ ૩ ભોમે. પ.સં.૫૮–૧૫, વિમલગચ્છનો ભં. ઈડર દા.૩. (૩) પ.સં.૪૨, જય. નં.૭૮૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૭૨–૭૩, ભા.૩ પૃ.૧૦૫૮. ભા.૩ પૃ. ૧૦૫૮ પર કવિને જયકુશલના શિષ્ય કહ્યા હતા તેમાં સરતચૂક લાગે છે. જયકુશલ કવિની પછી પાટે આવેલા.]

## ૭૬૬. કલ્યાણસાગર (ગુણસાગરસૂરિશિ.)

**(૧૬૮૯) દાન શીલ તપ ભાવ તરંગિણી** (ભાષા) ર.સં.૧૬૯૪ આસાડ શુદ ૧૩ ઉદયપુર

(૧) લ.સં.૧૭૩૬, પ.ક.૩૫૧થી ૪૬૫, આદ્ય ૩૫૦મું પત્ર નથી, ઙે.ભં. નં.૨૫૬૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૧૦.]

## ૭૬૭. જ્ઞાનમૂર્તિ (અંચલગચ્છધર્મમૂર્તિસૂરિ–વિમલમૂર્તિ–ગુણમૂર્તિશિ.)

**(૧૬૯૦) રૂપસેન રાજર્ષિ ચરિત્ર ચોપાઈ** [અથવા **રાસ**] ૬ ખંડ ૫૮ ઢાળ ૧૨૯૬ કડી ર.સં.૧૬૯૪ આસો શુદ ૫

છએ ખંડમાં જુદીજુદી દેશી છે.

**આદિ** – દૂહા

તીર્થંકર ત્રેવીસમો, પુરિસાદાણી **પાસ**,
કામ કુંભ ચિંતામણી, વંછિત પૂરઈ આસ. ૧
મંગલકરણ મનોહરૂ, **પ્રભાવતી** ભરતાર,
ચરણ નમું હું તેહના, વિઘન-નિવારણહાર. ૨
**કાશમેરુ** મુખમંડણી, રૂપઇ ઝાકઝમાલ,
સુરનર પન્નગ રંજવઈ, વાહતી વેણિ રસાલ. ૩
હંસાસણિ સા **સરસતી**, પંડિત કહઇ તતકાલ,
પાય નમું હું તેહના, આપઇ વાણિ વિસાલ. ૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂરખનઈં પંડિત કરઈં, જગિ જીતાવઈં વાદિ,
રચું રાસ રલીયામણો, સા **સરસતિ** પરસાદિ. ૫
ગુરૂ દીવો ગુરૂ દેવતા, જ્ઞાનદષ્ટિદાતાર,
મુઝ મનિ ઇચ્છા તેહનો, સિદ્ધિ-ચઢાવણહાર. ૬
**રૂપસેન**કુમારનો, સુણજ્યો સાર અધિકાર,
સાંભલસ્યેં તે આવસ્યૈ, જિમ માલતિ મધુકાર. ૭
સરસ સુધારસ સારિખા, ભાવભેદભંડાર,
ષટ્ ખંડ જ છઐ સોહામણા, રસ કેરા અંબાર. ૮
શ્રોતાનઈં સંભલાવતાં, કવિતા સરસ સવાદ,
મૂરખ આગલિ માંડતાં, મહિષી આગલિ નાદ. ૯
પુણ્ય પ્રસાદઇં પાંમસ્યઇં, પગિપગિ પૂજા જાણિ,
રાજઋદ્ધિ લહસ્યૈ ઘણી, પુણ્ય તણુઇં પરમાણિ. ૧૦
અંત્યઇં ચારિત આદરી, લહસ્યૈ અમર વિમાન,
મુગતિપંથિં પણિ પહોચસ્યઇં, પાંમી પંચમ નાણ. ૧૧
કુણ દેસઈં તે ભૂપનો, કુણકુણ કરણી કીધ,
વિસ્તરપણુઇં તે હું કહું, જિમ હૂઉ પરસિદ્ધ. ૧૨
પ્રથમ ઢાલ ચઉપઈ તણી, ભાવભેદ ગુણગેહ,
ખંડ પ્રત્યેકઈં જાંણજ્યો, તિણિ કારણિ કહુ તેહ. ૧૩

*

પાલઈં રાજ પ્રચંડૂ એ, સમાએ તિ પ્રથમ ખંડૂ એ,
શ્રી **અંચલગચ્છ**-રાજીઉ એ, ગુણમહિમા કરિ ગાજીઉ એ.
શ્રી **ધર્મમૂરતિ** સૂરીસરૂ એ, તાસ ગુણમણિઆગર **શીસ** એ,
ઉવજ્ઝાય **વિમલમૂરતી** એ, તાસ સીસ વિદ્યાબલિ સરસતિ એ,
**ગુણમૂરતિ** વાચકવરુ એ, તાસ સીસ **જ્ઞાન** મુનીસરુ એ,
ઢાલ ભણી ઈગ્યારમી એ, મીઠી છઈ સાકરરસ સમી એ.

*

ખંડ બીજા પૂરો થયો, પામ્યો ઋદ્ધિ અપારો રે,
શ્રી **અંચલગચ્છ** રાજીઓ, ગુણમણીરયણ ભંડારો રે,
શ્રી **ધર્મમૂરતિ** સૂરીસરૂ, **વિમલમૂરતિ** તસ શીસો રે,
ઉપાધ્યાયપદવી-ધરુ, મહિમાવંત મુનીશો રે.
તાસ તણઈં પટિ સુંદરુ, **ગુણમૂરતિ** વાચક સારો રે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાસ શિષ્ય મુનિ **જ્ઞાન** પયંપઈ, દશમી ઢાલ ઉદારો રે.

**અંત –** છઠો ખંડ, ઢાલ ૮મી

ઢાલ ભણી રે સુંદરુ આઠમી રે, મીઠી છઈ અપાર,
**જ્ઞાનમૂરતિ** તે ઇમ ઉચ્ચરઇ રે, સાંભલતાં સંસાર. ૧૧

સર્વગાથા ૧૮૪.

દૂહા

**રૂપસેન** રલીયામણો, મુનિવર સુગુણ સુજાણ,
૭ ખંડઈં કરિ ગાઇઓ, પ્રતપો જાં લગિ ભાણ. ૧
પુણ્ય તણા પરતાપથી, પગિપગિ પામી ઋદ્ધિ,
અંતઇં ચારિત્ર આદરી, એકાંતરિ ભવિ સિદ્ધિ. ૨

*

રાગ ધન્યાસી, ફાગનો ભેલ. સયલ સુરાસુર સેવ કરઈ રે ઇંદ્રાણી ગુણ ગાઈ—એ દેશી.

પુણ્ય ઊપરિ મઇં એ કહિ રે, **રૂપસેન** ચરિત,
પુણ્ય કરો સંસારમાં રે, પુણ્યઈં જીવ પવિત્ત. ૧
મુનીસર **રૂપસેન** ગાઇઓ હો,
માતપિતાથી એકલો રે, પરદેશિં પામ્યો સુખ;
**કનકવતી** કામિની લહી રે, પુણ્યઈં જાઇ દુખ. મુનિ. ૨
ગાતાં મંગલ નીપજઇ રે, સંપદની હોઇ શ્રેણિ.
આધિવ્યાધિ દૂરઇ ટલઈ રે, લહીઈં વંછિત એણિ. મુ. ૩
સંવત **સોલ ચઉરાણુ** રે, આસો સુદિ ઉદાર,
પાંચમિ દિનિં પૂરો થયો રે, છઠો ખંડ શ્રીકાર. મુ. ૪
ઈગ્યાર ઢાલ પ્રથમ ભણી રે, બીજઈં દશદશ પન્ન,
શેષ નવનવ જાણીઇ રે, સર્વ થઈ અઠાવન્ન. મુ. ૫
સાંભલતાં સુખ સંપજઇ રે, દિનદિન લીલવિલાસ,
ભણઈ ગણઇ જે ભાવ સિઉં રે, તસ ઘરિ કમલાવાસ. મુ. ૬

(૧) સર્વગાથા ૨૦૧, શ્લોકસંખ્યા ૨૦૪ ષટ્ખંડગાથાસંખ્યા ૧૨૯૬ ષટ્ખંડ સર્વ ગ્રંથાગ્ર શ્લોકસંખ્યા ૧૮૫૬ ગ. નિત્યરુચિ વાચનાયેતિ શ્રેયઃ. પ.સં.૩૫–૧૬, મુક્તિ. નં.૨૩૭૫. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૪, ૬૧૫).]

**(૧૬૯૧) પ્રિયંકર ચોપાઈ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંત – (પહેલો ખંડ)

તાસ સીસ રતનાગરરોહણ, મોહનવેલિકંદો રે,
મુનિવરગણમાં મણિ તણી પરિ, **ગુણમુરતિ** વાચક સારો રે.
તાસ સીસ મુનિ **જ્ઞાન** પયંપઇ, આઠમી ઢાલ ઉદારો રે,
રાગ ધન્યાસી સુંદર, શ્રોતાનઇં સુખકારો રે. ૧૭
સર્વગાથા ૨૭૫, સર્વશ્લોકસંખ્યા ૨૬૦.

(બીજો ખંડ)

પક્ષ જયવાદ તણી એ જાંણુ, સાતમી ઢાલ સોભાગજી,
**જ્ઞાનમુરતિ** મુનિસર બોલઇ, સુંદર ગુડી રાગજી. ૧૦

*

૮ મી ઢાલ

ખંડ બીજુ પુરૂ થયુજી, પાટઇં **પૂન્યિમચંદ** હોજી,
તસુ સીસ કહિ ઢાલ આઠમીજી, નામ **જ્ઞાન** મુણિંદ હોજી. ૧૦
સર્વગાથા ૧૭૩ સર્વ શ્લોકસંખ્યા ૨૧૪.

(ત્રીજા ખંડની આદિમાં)

દૂહા.

અહનિસિ પ્રણમું અધિકતર, ગિરૂઓ ગુણભંડાર,
**યાદવવંસિ** વખાણીઇ, **ગિરનારિ** સિણગાર. ૧
નારી નવલયૌવના, જીવદયા મનિ આણી,
પરહરિનઇ પાછુ વલિઉ, તૃણ તણી પરિ જાણિ. ૨
ભાષા લિખિ સકલા કલા, **સરસતિ** સુદ્ધ પ્રવીણ,
છ રાગ છત્રીસઇ રાગિણી, તે શું રહઇ નિતિ લીન. ૩
ચરણિ મોતીવણ જેહનઇ, પ્રણમ્યું સાહુ દેવિ,
વિદ્યા લહઇ રિ **બ્રહ્મા** તણી, વરદાતા સુર સેવિ. ૪
મહિધરમાં જિમ મેરૂગિરિ, સાયર ખારસમુદ્ર,
ઇંદ્ર વડુ જિમ સુર સવે, અન્નમાં સાલિકમુદ. ૫
પ્રણમું ગ્રહમાં ગુરૂ વડુ જ્યોતિષીમાં જિમ ચંદ,
તિમ ગિરૂઉ ગચ્છનાયકઇં, **શ્રી કલ્યાણસાગર** સુરિંદ. ૬
પ્રવર પંડિત પંગતઇ, કોઇ ન જાણઇ જીપી,
પ્રણમું ગુરૂ **ગુણમૂરતિ**, એરાવણ જિમ દ્વીપિ. ૭

(૧) અધૂરી પ્રત, પ.સં.૧૪–૧૫, પ્રથમ પત્ર નથી, વિ.ને.ભં. નં.૪૪૮૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૬૯૨) બાવીસ પરિષહ ચોપાઈ** ૨.સં.૧૭૨૫ ચોમાસામાં નૂતનપુરી (નવાનગર)માં

**આદિ** – પ્રથમ જિનેશર પય નમું, પૂર્વ ચઉરાશી લાખ,
જીવિત ગવંકિત હેમ છવિ, ધનુ પંચશઇ તનુ શાખ. ૧
સિદ્ધિબુદ્ધિદાયક સદા, શિર પરિસહ ફણિંદ,
નીલવરણ નવ કર તનુ, પ્રણમું **પાસ** જિણિંદ. ૨
પ્રણમું **વીર** જિણેશરૂ, શાસનનાયક સાર,
આધિવ્યાધિ અલગી ટલઈ, ન હોઇ વિઘન લગાર. ૩
રાસ રચું રળીયામણો, શાંભલયો સહુ સંત,
પરીસહ બાવીસ વર્ણવું, ભાષિત જિમ ભગવંત. ૪
શ્રી જિનશાસનિ સાધુનઈ, પરીસહ છઇ બાવીસ,
યે આરાધઈ ઊપનઇં, તે કહીઇ, જગદીશ. ૫

**અંત** – રાગ ધન્યાસી પાસ જિણિંદ જૂહારીઈ એ દેશી
ભજઇ ગણઇ યે(જે) સંભલઇ, સાધ તણા ગુણ ગાવઇ રે.
ભાવન બાર ભલી પરિ ભાવઇ, ઉપશમ સંવર પાવઇ રે. ૧
ભણઇ ગણઇ જે સંભલઇ—આંકણી.
પિંડેસણ પાણેસણા, નવવિધ બ્રહ્મ વિચારઇ રે,
સુમતિગુપતિનઇં સાચવઇ, આવઈ સુદ્ધ આચારઈ રે. ભ. ૨
સમતારસમાં મન રહઈ, શત્રુ મિત્ર સમ જાણઇ રે.
વાંક પરૂપઈ ન પારકો, કરતા કમ્મ વખાણઇ રે. ભ. ૩
નવ નિધિ ચઉદ રયણ ઘરિ રાજઈ, સુરવર સેવા સારઈ રે,
મારગ સાધ તણો એ સુંદર, ભવસાયરમાં તારઇ રે. ભ. ૪
આધિવ્યાધિ અલગી એ ટાલઇ, દુખદાવાનલ વારઇ રે,
પગિપગિ સંપદ સુંદર પાવઇ, યે(જે) નરનારી ધારઇ રે. ભ. ૫
મંગલ શ્રી જિન સિદ્ધ સૂરીસર, મંગલ ધમ્મ ઉદારો રે,
નિમ્મલ ભાવઇ યે(જે) નર ભાવઇ, તસ હોઇ મંગલાં ચ્યારો રે. ભ. ૬
સંવત **સતર પંચવીશઇ** સુંદર, શ્રી **શાંતિનાથ** પ્રસન્નો રે,
**નૂતનપુરિ** ચઉમાસિ કરી તીહાં, રચ્યો રાસ રતન્નો રે. ભ. ૭
**અંચલગચ્છ** ઉદયાચલઇ, ઉદયો સૂર સરૂપો રે,



